॥ આરતી ॥

॥ આરતી રાધિકારમણકી ॥

॥ ભક્તિમાર્ગકા વિરહાત્મક સ્વરૂપ ॥



પુષ્ટિ સાહિત્ય પુસ્તકાલય
કાંદિવલી (વેસ્ટ)
C/o. સુરેન્દ્ર જમનાદાસ શાહ
M : 9833272383,
9320787642





શ્રીવલ્લભકુળ સમસ્ત પરિવારને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ...

|| શ્રી હરિ ||

|| આરતી રાધિકારમણકી ||

પ્રાચીનકાળથી ચાલી આવતી ''આરતી''નો ક્રમ, તેના ચિત્રજી અને ભાવ સહીત જે વલ્લભકુળ ગોસ્વામીનીજી (વહુજી-બેટીજી) જેઓએ ઉદારતા પૂર્વક પોતાના શ્રીહસ્તથી સિદ્ધ કરેલ આરતીના ચિત્રજી પધરાવેલ છે. આ મંગલ ઉદારકાર્યથી આપ સૌ સ્વરૂપોનું ગૌરવ વધે છે.



|| શ્રી ગોપીજનવલ્લભાય નમઃ ||

શ્રી પુષ્ટિકલા સાહિત્ય પ્રકાશન, ભરૂચ દ્વારા તૃતીય પુષ્પ

|| આરતી ||

|| આરતી રાધિકારમણકી ||

|| ભક્તિમાર્ગકા વિરહાત્મક સ્વરૂપ ||

श्री पुष्टिमार्गीय भावात्मक और सिद्धांतिक विवेचन

ગોપાલદાસ રૂવાલા (ભરૂચ)

લેખક - મૂલ વિચારક - સંકલન - ચિત્રકાર એવં સંપાદક

પંડિત રમેશ ઉપમન્યુ (જતિપુરા)

સમન્વયાત્મક - વિવેચક

:: **પ્રકાશક** ::

શ્રી પુષ્ટિકલા સાહિત્ય પ્રકાશન

ભરૂચ, ગુજરાત

All Rights Reserved - 2012
© Shri Pushtikala Sahitya Prakashan
Bharuch (Gujarat)

Aarti "Aarti Radhika Raman ki"

Edited by : Gopaldas Ruwala

લેખક-મૂળવિચારક
સંશોધન-સંકલન-સંપાદક
શ્રીગોપાલદાસ રૂવાલા

ચિત્રકાર - ફોટોગ્રાફી
શ્રી ગોપાલદાસ રૂવાલા

પ્રકાશન સ્થળ
શ્રી પુષ્ટિકલા સાહિત્ય પ્રકાશન
એ-૫, વૃંદાવન પાર્ક,
જ્યોતિનગરની બાજુમાં,
ઝાડેશ્વર રોડ, ભરૂચ - ૩૯૨ ૦૧૧
(ગુજરાત), ભારત.
મો. : ૦૯૩૭૭૫૫૪૦૨૮
E-mail : shripushtikala@yahoo.co.in

પ્રકાશક
શ્રી પુષ્ટિકલા સાહિત્ય પ્રકાશન
ભરૂચ, ગુજરાત.

પ્રથમ આવૃત્તિ
વલ્લભાબ્દ - ૫૩૫

સાભાર
મુખપૃષ્ઠ પરની આરતીનું ચિત્ર
ગોસ્વામી હવેલી, અમદાવદ.

પ્રાપ્તિસ્થાન

શ્રીમહાપ્રભુજી બેઠકજી
જિલ્લા પંચાયત કચેરી પાછળ, સ્ટેશન રોડ,
ભરૂચ-૩૯૨૦૦૧
ફોન : (૦૨૬૪૨) ૨૬૪૬૬૦

શ્રી વાક્પતિ ફાઉન્ડેશન
શ્રી બેઠક મંદિર, કેવડા બાગ,
વડોદરા - ૩૯૦ ૦૦૧
ફોન : (૦૨૬૫) ૨૪૩૪૯૫૫, ૨૪૩૫૫૪૩

શ્રી દિલીપભાઈ એ. પરીખ
૨, લાઠી વીલા, જેઠાભાઈ લેન
પટેલ ચોક, રેલ્વે સ્ટેશન પાસે,
જશવંતરાય પાર્ક સામે,
ઘાટકોપર (East), મુંબઈ.
મો.નં.: ૦૯૩૨૪૦૧૦૩૮૭

શ્રી સુરેન્દ્રભાઈ શાહ
ઈ-૫૦૩, પુષ્પા હેરીટેજ, મહારીર નગર,
કાંદીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૧.
ફોન : (૦૨૨) ૨૮૬૩૨૩૯૬, મો. ૯૮૩૩૨-૭૨૩૮૩

જગમોહન હરિપ્રિયાબેન અરોડા
હરિરાયજી વાચનાલય
શ્રી વિઠ્ઠલનાથજી મંદિર, નાથદ્વારા (રાજસ્થાન)



પ્રાત:સ્મરણીય તૃ.પી.નિ.લી. પૂ.પા. શ્રી શ્રી ૧૦૮ ગો.
શ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રી (કાંકરોલી)

દા.દા. રોહિતકુમાર જે. મસાણી ; દા.દા. કલાવતીબેન હરિવદનલાલ રૂવાલા
પરિવારના દંડવત્ પ્રણામ

પ્રાત:સ્મરણીય નિ.લી. પૂ.પા. શ્રી શ્રી ૧૦૮ ગો.
શ્રી વિઠ્ઠલનાથજી મહારાજશ્રી (કાંકરોલી-વડોદરા)

દા.દા. વિમળાબેન ચંપકલાલ ગાંધી પરિવારના દંડવત્ પ્રણામ

।। श्री हरिः ।।
।। श्री द्वारकेशो जयति ।।

गो. श्री व्रजेशकुमारजी महाराज
(शु.तृ. गृहाधिपति) **कांकरोली.**

स्थान : વડોદરા
दिनांक : ૦૨-૧૧-૨૦૧૧

પરમ ભગવદીય શ્રી ગોપાલભાઈ રુવાળા
ભરુચ

શુભાશીર્વાદ

તમારા દ્વારા **"આરતી"** વિષય પર સંપાદિત કરેલ ગ્રંથના પુર્વ પ્રારુપને જોઈ અત્યંત સંતોષ થાય છે. આ વિષય એટલો ગહન છે કે એમાં જેટલુ લખીયે કે સંકલન કરીએ તેટલુ ઓછું છે.

શ્રીમદ્ આચાર્ય ચરણોના સમયથી વર્તમાન શતાબ્દા સુધીના અનેક આચાર્યબાલકો, વહુજી, બેટીજીઓએ આ સંબંધમાં સંશોધનાત્મક પ્રયોગો કર્યા છે. જેના અનુસાર આરતીની ડીઝાઈનોમાં દક્ષીણ ભારતીય આગમ પરંપરા તથા લૌકિક પ્રકિયાની વિવિધ પ્રાન્તોની માંડણાની રીતો જેમ કે ઓરિસ્સા, બિહાર, ગુજરાત, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર વિગેરે વિવિધ સંસ્કૃતિઓની ઝલક લઈને આરતીની ડીઝાઈનોમાં અનેક પ્રયોગો થયા છે, આવા પ્રયોગોનું બધાજ પ્રકારનું સંકલન અને પ્રાચીન વહુજી-બેટીજીઓએ આલેખેલ આરતીઓનું સંકલન કરીને તેઓને બેનમુન પુસ્તક સચિત્ર તૈયાર કર્યુ છે, જે પુષ્ટિ માર્ગની આવતી પેઢીને બહુજ ઉપયોગી અને માર્ગદર્શક બની રહેશે.

આવા સુંદર અને રચનાત્મક અદ્વિતીય કાર્ય માટે અમારી શુભકામના પ્રેષિત કરી, શ્રી...પ્રભુ આવા અનેક વિધ બીજા પ્રકાશનના પ્રોજેક્ટો હાથ ધરવા તમોને પ્રેરણા આપે એ ભાવના સહ શુભાશીર્વાદ પ્રદાન કરીએ છીએ.

શુભાકાંક્ષી

તૃતિય પીઠાધીશ્વર ગોસ્વામી
શ્રી વ્રજેશકુમારજી મહારાજ
કાંકરોલી

पैलेस
श्री द्वारकाधीश मंदिर
कांकरोली-313 324
फोन : 02952-230001, 230256
फेक्स : 02952-231100

श्री राजाधिराज मंदिर
राजाधिराज मार्ग,
मथुरा - 281 001.
फोन : 0565-2406372

श्री बैठक मंदिर
द्वारकेशबाग,
बडौदा - 390 001
फोन : 0265-2431461

श्री द्वारकाधीश मंदिर
बउआकी पोल, रायपुर चकला,
अहमदाबाद - 380 001
फोन : 079-22141537

॥ श्री हरिः ॥

षष्ठपीठाधीश्वर
गोस्वामी श्री द्वारकेशलालजी महाराज
'षष्ठपीठ', श्री कल्याणरायजी मंदिर, बाजवाडा, शेठशेरी, मांडवी, बडौदा - 390 001. (गुजरात)
फोन : 0265-2423322, 2426942 Email : shreeyadunathji@yahoo.co.uk - info@shreekalyanpushti.org
website : www.shreekalyanpushti.org

પ.ભ.શ્રી ગોપાલદાસજી રૂવાલા
ભરૂચ

સસ્નેહ શુભાશીષ;

અવગત કરી અત્યન્ત પ્રસન્નતાની અનુભૂતિ થઈ કે પુષ્ટિ કલા સાહિત્ય પ્રકાશન દ્વારા **આરતી (આરતી રાધિકારમણકી)** નામાવિધાન પુસ્તકનું પ્રકાશન થઈ રહ્યું છે. એતદર્થ અંતરની અનંત શુભકામના સહ અભિનંદન.

આરતી એટલે શ્રીપ્રભુને પામવાની ઉત્કંઠા ભકિતમાર્ગમાં આરતીનું ઘણું મહત્વ છે. પુસ્તકમાં આપના દ્વારા ભક્તિમાર્ગના વિરહાત્મક સ્વરૂપનું વર્ણન કરેલ છે તે અદ્વિતીય છે તેથી પુષ્ટિજીવોની જ્ઞાન પિપાસાને પોષણ પ્રાપ્ત થશે. આપના જેવી સંસ્થા દ્વારા પુષ્ટિ સાહિત્યનું પ્રકાશન થતું રહે અને ભવિષ્યમાં તેનાથી પુષ્ટિજીવો લાભાંવિન્ત થતા રહે એ જ અમારી અંતઃકરણની લાગણી સહ આશીર્વાદ છે.

પુનઃ શુભકામના સહ,

ભવદીય,

षष्ठपीठाधीश
गो. श्री द्वारकेश लालजी
महाराज.

(ગો. શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી)

श्री महाप्रभुजी बेठक,
कृष्ण सिनेमा सामे, नरोडा,
अहमदाबाद - 382 325.
फोन : 079 - 22813444,

श्री कल्याण पुष्टि हवेली
वस्त्रापुर तलाव पासे,
वस्त्रापुर, अहमदाबाद.
फोन : 079 - 26301080

श्री कल्याणरायजी मंदिर
ढाल की पोल, आस्टोडिया दरवाजा,
अहमदाबाद, (गुजरात)
फोन : 079 - 2148570

श्री गोवर्धननाथजी मंदिर
मजीठ मंडी,
अमृतसर
(पंजाब)
फोन : 0183 - 2547607

श्री गोवर्धननाथजी मंदिर
श्री मदन मोहनजी मंदिर
स्वामी घाट, मथुरा,
(उत्तर प्रदेश)

श्री कल्याणरायजी मंदिर
सतधारा की गली,
गोकुलनाथजी मंदिर के पीछे,
श्रीमद् गोकुल,
(जिला-मथुरा), उत्तर प्रदेश

॥ શ્રી નટવરપ્રભુર્વિજયતે ॥

શ્રીમદ્ વલ્લભાચાર્યચરણ વંશાવતંસ શ્રીગોપીનાથજી જ્યોતિષ્પીઠાધિશ્વર
શ્રીમદ્ ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજનાથજી મહારાજ

તા. ૧૧-૧૧-૨૦૧૧

પ્રતિશ્રી
પ.ભ. શ્રી ગોપાલભાઈ રૂવાલા
શ્રી પુષ્ટિકલા સાહિત્ય પ્રકાશન

આરતીના પુસ્તકના પ્રકાશન પ્રસંગે આચાર્ય શ્રીમાનના શુભાશીર્વાદ.

પુષ્ટિમાર્ગ પ્રથમથી જ કળા અને પરંપરાઓનો અતિ વિશિષ્ટ માર્ગ છે. પુષ્ટિમાર્ગમાં આ પરંપરાઓનું આગવું સ્થાન રહેલું છે. આજના આ પ્રદર્શન પ્રધાન યુગમાં અનેક પ્રાચીન પરંપરાઓ પોષણના અભાવે લુપ્ત થતી જોવામાં આવી છે. આ પરંપરાઓનું રક્ષણ આપણું પરમ કર્તવ્ય છે. આ વિષયમાં આપનો આ પ્રયાસ એ ઉત્કૃષ્ટ પગલું છે. આ સુંદર પ્રકાશન માટે સમસ્ત વૈષ્ણવો આપને જે ધન્યવાદ આપે તે યોગ્ય જ છે.

આપનો આ અથાગ પ્રયત્ન વૈષ્ણવોને પોતાના માર્ગની ઉજ્જવળ પરંપરાઓ પ્રત્યે જાગૃત રાખે એવી શ્રી નટવરપ્રભુના ચરણ કમલોમાં અભ્યર્થના.

આચાર્યશ્રીમાનની આજ્ઞાથી
અંગત સચીવ

ગોસ્વામી હવેલી, ગોસાઈજી મહારાજની પોળ, દોશીવાડાની પોળ, કાલુપુર, અમદાવાદ ફોન : ૦૭૯ - ૨૫૩૫૬૨૭૦

॥ विजयते श्री बालकृष्णः प्रभुः ॥

गोस्वामी श्री कल्याणरायजी श्री गोविन्दरायजी महाराज

१०/१३७, मोटामंदिर,
चौटाबजार,
सुरत- ३९५ ००३.
फोन नं. : ७४३८६५४,
७४११०७८

" कल्याण सदन "
८११, रविवार पेठ,
शतरंजीवाला चौक,
पूणे- ४११ ००२
फोन नं. : (०२०) ४४५८०१९

श्री गोविन्द कुंज हवेली,
भादर कांठे
जेतपुर (०२८२३) २१२१८

श्री यदुनाथ भुवन हवेली,
नागवेकर, एपार्टमेन्ट,
बिल्डींग नं - २, आकुर्ली रोड,
कांदिवली (पूर्व)
मुंबइ - ४०० १०१
फोन नं. : ८८६६७३९

પ.ભ. ગોપાલદાસ રૂવાળા
શ્રી પુષ્ટિકલા સાહિત્ય પ્રકાશન
ભરૂચ.

આરતી વિષયક વિસ્તૃત માહિતીનું સંકલન ''આરતી (રાધિકારમણ કી)'' ગ્રંથ દ્વારા પ્રકાશિત થઈ રહ્યું છે, એ જાણી આનંદ થાય છે.

પુષ્ટિમાર્ગમાં આરતીઓના આલેખનમાં માહાત્મ્ય તેમજ ભગવલ્લીલાનું અનુસંધાન રહેલું છે. હસ્ત કલાનું પ્રભુને નિવેદન તો છે જ, અપિતુ ભાવાત્મક દષ્ટિએ, આરતી કરવાની પ્રક્રિયામાં ભક્ત હૃદયના પ્રભુ પ્રતિ હૃદયસ્થ ભાવોની પરોક્ષાભિવ્યક્તિ નિવેદન થાય છે. વળી, ભગવદ્ સ્વરૂપ દર્શનની તીવ્રાભિલાષા પ્રભુ પૂર્ણ કરે છે એ નિગૂઢ ભાવ છે.

શ્રી વિઠ્ઠલનાથજી (શ્રીગુસાંઈજી) વિરચિત ચાર આરતીઓ - મંગળા, રાજભોગ - સંધ્યાર્તિ - શયન સમયની - પુષ્ટિભક્ત હૃદયના ભાવોની, દ્યૌતક છે. પુષ્ટિ પ્રભુ રસાત્મક ''રસો વૈ સઃ'' શ્રી યશોદોત્સંલાલિત શ્રી બાલકૃષ્ણ પ્રભુ છે અને ભક્ત હૃદય આ રસાત્મક સ્વરૂપ સાથે રમણની યોગ્યતા પ્રાર્થે છે.

શાસ્ત્ર સંમત અને પુષ્ટિ સિદ્ધાંતોને અનુરૂપ પ્રસ્તુતિ આવશ્યક ગણવી, જેથી ગ્રન્થની સાર્થકતા ગણાશે.

આવા માહિતી સભર ગ્રન્થનું પ્રકાશન અભિનંદનીય છે.

ઈતિ શમ્. કલ્યાણરાયજી ગોવિન્દરાયજી
મહારાજ

સંવત ૨૦૬૭
શ્રાવણ સુદ-3
ઠકરાણી ત્રીજ
તા. ૨/૮/૨૦૧૧

II Shree Gopalprabhu Vijayate II
II Shree Mahaprabhuji Vijayate II

Shree Vallabhdham

Jagad Guru Shree Vallabhacharya Baithak Mandir
Shree Vallabhacharya Vishva Sanatan Trust
Reg. No. A-3411 (AHM GUJ IND 1996)
Goswami 108 Shree Rajeshkumarji Maharajshri (Shree Ghanshyamlalji)
Goswami 108 Shree Krishnakumarji Mahodayshri **Goswami 108 Shree Kunjeshkumarji Mahodayshri**

II શુભાશીર્વાદ II

આરતી ''આરતી રાધિકા રમણકી'' ગ્રંથ રૂપે જ્યાં પ્રકાશિત થવા પામ્યુ છે, તે મંગલ વધાઈના ખૂબ ખૂબ આશીર્વાદ. આમારા સ્નેહી પ.ભ. શ્રી ગોપાલદાસભાઈ રૂવાળા, ભરૂચ જેઓના સંકલન અને સંગ્રહ દ્વારા આ ત્રીજુ પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે.

'આરતી' આપણા શ્રીવલ્લભ સંપ્રદાય પુષ્ટિ ભક્તિમાર્ગમાં ખૂબ જ મહત્ત્વ છે. આના ઘણા બધા ભાવાર્થ અને અર્થો પ્રકટ થાય છે. વિશેષમાં શ્રીમત્ પ્રભુચરણ શ્રી વિઠ્ઠલનાથજી ગુંસાઈજી એ ચાર આરતી મંગલા, રાજભોગ, સંધ્યા અને શયન સમયે ના 'આર્યા' પ્રકટ કર્યા છે. જે પ્રાચિન કાલની અમારા શ્રીવલ્લભવંશજોને આરતી સમયે બોલવા અનિવાર્ય હોય છે.

ચારે બાજુથી 'રતિ' એટલે પ્રેમ અને નિર્ગુણ ભક્તિ પ્રકટ થાય તેવા આસય સાથે પ્રભુને કોઈની મીઠી નજર પણ ના લાગે તેવી વાતસલ્ય રસની આ ભાવ પરિપૂર્ણ છે. તેમાં નિત્યમાં આરતીમાં કેટલી જ્યોત આવે અને દરેક ઋતુમાં કેટલી જ્યોત આવે કેટલા આરતીના આંટા ઉતારવા પડે જેમાં મુખારવિંદથી ચરણારવિંદ સુધીની શોભાનો ક્રમ આવી જાય છે. ઉત્સવોમાં થાળીની આરતી આવે અમારા પ્રાચિન ઘરોમાં આજે પણ શ્રીગુસાંઈના સમયની વહુજીઓ એ સ્વયં રસ લઈ જે આરતી થાળીનું નિર્માણ કર્યું છે. તે આજે પણ સુંદર રીતે અમારા ગૃહોમાં સચવાય છે અને તેના સુંદર કલાત્મક ચિત્રોપણ આ ગ્રંથોમાં છે.

આ ગ્રંથમાં પ્રકાશિત સર્વે સાહિત્ય સામગ્રી પ્રમાણિત અને પ્રેરક છે અને મોટાઓ દ્વારા પુષ્ટ છે માટે આ ''આરતી'' સંબંધી ગ્રંથ માર્ગના સર્વેને એક અલગ અને સ્વતંત્ર આરતીનો ઈનસાક્લો પીડીયા સમો બની રહે છે. પુન: આ ગ્રંથના સંકલન સામગ્રીના શોધ પ્રબંધ માટે શ્રી ગોપાલદાસજીને આશિર્વાદ.

[illegible]
[illegible]
ગોસ્વામી રાજેશ કુમાર
કડી - અહમદાબાદ

: CONTACT PLACE :
Goswami 108 Shree Rajeshkumarji Maharajshri (Kadi-Ahmedabad)

"Shri Adel"
A-56, Giriwar Bunglows, Nr. Ramvadi bus stop,
Isanpur, Ahmedabad - 382 443 (Guj. India)

"Shri Vallabhdham"
3, Panchwati Society, Nr. Jayhind Char Rasta
Maninagar. Ahmedabad - 380 008. (Guj. India)

Ph : 25732020, Fax : 079-25731920, Mob.: 9825111377, 9825092498
Web site : www.shreevallabhdham.cjb.net
E-mail : goswami108k@gmail.com

II Shri Hari II
II Shri Dwarkesho Jayati II

Goswami Vagishkumar
Yuvraj - Trutiya Peeth



શ્રી ગોપાલભાઈ

''શુભાશીર્વાદ''

આપના દ્વારા પુષ્ટિ સંપ્રદાયના અલૌકિક અને સમાજોપયોગી કાર્યો અનેક વખત થતાં આવ્યા છે એમાં સાંઝી, ગાયનું મહત્વ, જેવા અનેક વિષયોને આવરી લઈ સંપ્રદાયને એક નવી પરંતુ પ્રાચીન પરંપરાના દર્શન કરાવ્યા છે. આપની અથાગ મહેનત અને આપના પર શ્રી વલ્લભની અતુલિત કૃપા એજ આવાં વિશેષ કાર્ય કરવાની ક્ષમતા પ્રદાન કરે છે. નવા કાર્યની અંદર આપના દ્વારા સંકલિત આરતીના પુસ્તકનો વિશેષ ગ્રંથ પ્રાચીન અને અર્વાચીન પ્રદ્ધતિનું સંકલન એ અભૂતપૂર્વ ગ્રંથના રૂપમાં પ્રસ્તુત થવા જાય છે ત્યારે મનમાં અતિ તીવ્ર ઈચ્છા હોવા છતાં પણ અતિ કાર્યવ્યસ્તતા અને વિશેષ આયોજનોના કારણે સંપૂર્ણ ગ્રંથનું અવલોકન કરી શકાયું નથી પરંતુ આ અદભુત ગ્રંથ જ્યારે પ્રેસમાં જવાના સમાચાર મળ્યા તો મન આનંદથી ગદગદિત થઈ ગયું. આ ગ્રંથનું પ્રભુની કૃપા વગર તૈયાર થવું અને છપાવવું એ શક્ય દેખાતું ન હતું પરંતુ બંનેવ કાર્યો પૂર્ણ થયા તે બતાવે છે કે આપના પર પ્રભુની પૂર્ણ કૃપા છે અને આગળ પણ આવા આયોજનો આપના દ્વારા થતાં રહે એવી શુભકામના અને મંગલ કામના સહ શુભાશીર્વાદ પાઠવું છું.

ભવદીય,
ગોસ્વામી વાગીશ કુમાર
(ડો. વાગીશકુમાર ગોસ્વામી)

Shri Bethak Mandir : Kevdabaug, Madanzampa Road, VADODARA - 390 001. Phone : 91-0265-2435543
Shri Dwarkadhish Mandir : Trutiya Pith Pranyas, Palace Mandir Marg, KANKROLI - 313 324. (Raj) Phone : 91-02952-230001, 230256
Shri Rajadhiraj Mandir : Rajadhiraj Marg, MATHURA - 281 001, Phone : 91-0565-2406372
URL: www.vallabhkankroli.org • www.vallabhvidyapeeth.org

"Shri Dwarkesho Jayati"

Ravi R. Goswami

ગોસ્વામી ૧૦૮ શ્રી રવિકુમારજી મહારાજશ્રી (કાંકરોલી, વડોદરા, ભરૂચ)

Ref. No. ....

Date 18/9/11

પ.ભ. વૈ. શ્રી ગોપાલભાઈ,

''હમારે આશિર્વાદ''

ખૂબ જ હર્ષ અને ઉત્સાહ, આનંદ થયો આ નવિન પુષ્પ જે આજનાં સમયને અનુલક્ષીને એક પ્રકારનું ''પારિજાત''નું પુષ્પ કહી શકાય - કારણ કે એવા પુષ્પ હવે દુર્લભ છે.

નવેસરથી પુન: લોક ભાવના, સેવા પ્રત્યેની જાગૃતિનો સંચાર કરે આ તમારા અને જે પણ બધા સહયોગીઓ છે એમનો આ અદભુદ, સ્તુત્ય પ્રયાસ જે ''આરતી''ઓનું સંકલન, સંસ્કરણ, મુદ્રણ, ચિત્રણ, પ્રસ્તરણ, વિવેચન આદિ કરાયું છે. ખરેખર એક અદ્વિતિય, સ્તુત્ય ફળ છે કારણ કે હવે એ પ્રયાસ, પરિશ્રમની હદ વટાવીને ફલ રૂપ ધારણ કરી ગયું છે અને એજ ''આરતી'' સાથે શ્રીમદ્ આચાર્ય ચરણો તથા શ્રી પ્રભુના યુગલ ચરણારવિન્દમાં અભ્યર્થના સહ વિનંતી કરી એ છીએ કે આ પ્રયાસ નિત્ય સેવામાં અભિરુચિ વધારનારો અને સુસંગતતા આનંદ, સેવાભ્યાસ, સુખ, શાંતિ આપનારો ફલીત થાય - હરિ, ગુરુ અને વૈષ્ણવોની ત્રિપુટીથી ત્રીવેણી સકલ સિદ્ધ થાય એજ શુભેચ્છા સહ...

''ઈતિ શુભમ્''

ગો. રવિ કુ. મહા
(કાંકરોલી, વડોદરા)

Shri Gopal Lal Ji Maharaj Mandir, Narsingh Ji Ki Pole Mandwi, Baroda (Gujarat) ☎ 2416911
Shri Shriji Mandir, Lallubhai Chakla, Bharuch (Gujarat) ☎ 261290
Shri Bihariji Mandir, Raja Bazar, Lucknow (U.P.)
Shri Mahaprabhuji Ki Baithakji, Kokilavan, Kosi Kalan (U.P.)
Krishnashray D-50, Kunj Society, Alkapuri, Baroda (Gujarat) - 390 007
Shri Govind ji Maharaj Ki Baithak, Sinor (Gujarat)

।। विजयते श्री बालकृष्णःप्रभुः ।।
।। श्री यदुनाथ महाप्रभुः प्रसीदतु तमाम् ।।

षष्ठपीठाधीश्वर गोस्वामी श्री गोपेशरायजी महाराज

“षष्ठपीठ”
१०/१३७, मोटा मंदिर,
चौटा बाजार, सुरत – 395 003.

दूर ध्वनि :
(0261) 2598654
(0261) 2591078

ता.

પ.ભ. ગોપાલદાસ રૂવાળા
શ્રી પુષ્ટિકલા સાહિત્ય પ્રકાશન
ભરૂચ.

પુષ્ટિજીવનું પ્રધાન કર્તવ્ય એ છે કે રસેશ્વર પ્રભુની સેવા કરવી અને તે પણ સેવાના પ્રત્યેક અંગોની જાણકારી મેળવીને ગુરુ આજ્ઞા પૂર્વક કરવી.

સેવા રસપ્રચુર છે અને સેવા રસ સાગર જેવો છે. સેવા પ્રણાલિમાં રહેલા રહસ્યોની જાણકારી, સેવાની ફલરૂપતા માટે અર્થાત્ પ્રભુની પ્રસન્નતા માટે, મેળવવી આવશ્યક છે.

આ સંદર્ભમાં, “આરતી (આરતી રાધિકારમણ કી)” પુસ્તકમાં આરતીઓ વિષે, સંશોધનાત્મક માહિતી પ્રસ્તુત કરાઈ છે તે પ્રશંસનીય છે.

શુભાશિષ.

ગો. ગોપેશરાયજી મહારાજ ।
સુરત

સંવત ૨૦૬૭
શ્રાવણ સુદ-૧૨ (પવિત્રા બારસ)
તા. ૧૦/૮/૨૦૧૧

॥ प्रभुः श्री विट्ठलेशो विजयतेतराम् ॥

गो. श्री श्री १०८ श्री हरिरायजी बावाश्री

(नाथद्वारा - ईन्दोर)

शुद्धादैत द्वितीय पीठ, श्रीविट्ठनाथजी मंदिर (नाथद्वारा-राजस्थान)

दिनांक : १५-१२-२०११

''नमामि विट्ठलेश्वरं सदात्युदारमानसम्
स्वभक्त रक्षणक्षर्म ब्रजेशभक्तिभावदम् ।।''

प.भ. श्री गोपालभाई रूवाला,
भरूच ।

सस्नेह शुभाशीर्वाद

यह जानकर बहुत प्रसन्नता हुई कि आपके द्वारा संपादित संकलित ग्रंथ ''आरती'' (आरती राधिका रमण की) का शुभ प्रकाशन पुष्टिभक्ति मार्गीय वैष्णवजनों के सेवा-भाव-ज्ञान अभिवृद्धर्थ प्रभु कृपा से किया जा रहा है ।

पुष्टिभक्ति मार्ग सेवा-भाव प्रधान मार्ग है भावात्मिका सेवा द्वारा प्रभु प्राप्त्यर्थ भक्त के हृदय 'आर्ती' का भी गूढभाव ईसमें निर्हित है ही ।

पुष्टिमार्ग में समस्त कलाओं का विनियोग प्रभु सेवार्थ ही हुआ है, अतः श्रीमद् वल्लभभाचार्य चरण के समय से आज पर्यन्त तक विविध प्रकार की कलात्मक थाल की आरती प्रभु सेवार्थ की जाती है ।

द्वितीय पीठ परम्परा में महाप्रभु श्री हरिराय जी के बहूजी श्री सुन्दरवंता बहूजी द्वारा एवं अनेक बहू-बेटियों द्वारा सिद्ध की गई आरतीयाँ भी उत्सव सेवा प्रणालिकाओं के नियम में है । ड्रांडे की आरती, थाल की आरती, दिवले की 'उष्ण' (भावात्मिका) आरती के साथ ही 'शंखोदक' की वैदिक परम्परा को आत्मसात करते हुऐ 'शितल भाव' युक्त आरती का भी प्रकार हमारे यहाँ प्राचीन समय से प्राप्त होता है । अस्तु ।

ऐसे सुन्दर ग्रंथ द्वारा पुष्टि सृष्टि प्रेरित होकर भगवद् सेवा में तत्पर हो ऐसी शुभकामना सह शुभाशीर्वाद है ।

गो. हरिराय:

– गो. हरिराय

द्वितीय पीठ, श्री विट्ठलनाथजी, मंदिर, श्रीनाथद्वारा

॥ કૃપા સૌભાગ્ય ॥

શ્રી ઠાકોરજીને ત્યાં સર્વસ્વ છે. ચોસઠ કળાઓમાંથી કોઈપણ રીતે કળાનાં ખજાનાની ખોટ નથી. સમસ્ત અપૂર્વ રસરૂપ રીતે ક્ષેમકુશળ છે. પરંતુ એને પ્રાપ્ત કરવું (મેળવવું) જીવોનાં માટે અવશ્ય દુર્લભ છે. પરંતુ પ્રભુની (હરિની) સેવા કરનારાઓ માટે, વૈષ્ણવ કે જેમણે આચાર્ય-બાળક અને ગુરુસેવામાં યત્‌કિંચિત્ પણ વિશ્વાસ કર્યો હોય તો, એ અલભ્ય-અખૂટ ભંડારની ચાવી મેળવવી ખૂબ જ સરળ છે. આ વાત મારા અનુભવમાં પ્રત્યક્ષ છે. જે સમયે આ આરતીની ગ્રંથાવલિ પ્રગટ (પ્રસ્તુત) કરવા માટે સંપૂર્ણ ભારતમાં હું ક્યાં ક્યાં ગયો ! પરંતુ પછીથી મારા મનમાં ઘણી જ મિઠાશ આવી કે આ બહાને આચાર્ય બાળક, પરમ ભગવદીયજનો, વિદ્વાનોનાં દર્શનનું સૌભાગ્ય મળ્યું, ભલે મને આમાંથી ઘણાંમાંથી મારો સંકલ્પ પરિપૂર્ણ ન થયો. પરંતુ એના દર્શનમાત્રથી, વાર્તાલાપ કરીને જે પુણ્ય-સૌભાગ્ય પ્રાપ્ત થયું, એના બળ ઉપર જે ગોસ્વામી બાળક મને દર્શનીય સ્વરૂપમાં મળ્યા ; એમણે ચક્રવાતમાં ફસાયેલી મારી સંકલ્પ નૌકા બરાબર એવી રીતે પાર લગાડી દીધી, જેવી રીતે વિવેકના ચક્રવાતમાં ફસાયેલા-અટવાલયેલા ઉદ્ધવને કૃષ્ણએ ગોપીઓ દ્વારા કિનારે લગાડ્યા. બરાબર એ જ પ્રમાણે શ્રી શુદ્ધાદ્વૈત શ્રી વલ્લભ સંપ્રદાય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવાચાર્ય પૂજ્યપાદ શ્રી - શ્રી ૧૦૮

ગો. શ્રી ડૉ. વાગીશકુમારજી મહોદયશ્રી (કાંકરોલી, વડોદરા)
ગો. શ્રી હરિરાયજી બાવાશ્રી (નાથદ્વારા - ઈન્દોર)
ગો. શ્રી રવિકુમારજી મહારજશ્રી (કાંકરોલી, વડોદરા, મથુરા, ભરૂચ)
ગો. શ્રી મધુસૂદનલાલજી મહોદયશ્રી (શ્રીતિલકબાવા) (અમદાવાદ)
ગો. શ્રી વ્રજાલંકારજી મહોદયશ્રી (નૈમીષકુમાર) (સુરત, ભરૂચ)
પ.પૂ. શ્રી જ્યોતિરાજાજી (બેટીજી) (શ્રી મોટામંદિર, ભૂલેશ્વર, મુંબઈ)
પ.પૂ. શ્રી મહાલક્ષ્મી વહુજી (શ્રીનાથદ્વારા)
પ.પૂ. શ્રી કાલીન્દી બેટીજી (અમદાવાદ)
પ.પૂ. શ્રી લલીતપ્રભા બેટીજી (વૃન્દાવન)
પ.પૂ. શ્રી વહુજી-બેટીજી (ગોસ્વામી હવેલી - અમદાવાદ)

સેવા શૃંગાર, સુરત (પ્રકાશન)

'ભગવદીય'

''શ્રીનાથાદ્વારા'' આરતી ઘરના મુખ્યાજી પ.ભ. શ્રી જાનકી વલ્લભ પાંડે
ગો. વા. મનુભાઈ લીમડી, સુરતનો પરિવાર
પ.ભ. શ્રી મોહનભાઈ ત્યાગરાજન સેટીયાર (વડોદરા) પ્રાચીન ચિત્રો પધરાવી આપ્યા.
(શ્રી શ્રી ૧૦૮ ગો. શ્રી પરાગકુમારજી મહારાજશ્રીના સેવક)
પ.ભ. શ્રી રવિ બર્મન (શ્રીશ્યામલેલાલ મંદિર - કોલકત્તા)
પ.ભ. શ્રી અતુલભાઈ (શ્યામ સ્ટુડીયો - કોલકત્તા)
પ.ભ. શ્રી વૈકુંઠભાઈ શંકરલાલ ભગત (ભરૂચ) (પ્રુફરીડીંગ)
પ.ભ. અ.સૌ. કામીનીબેન તોલાટ (કેનેડા)
પ.ભ. શ્રી સુભાષભાઈ પારેખ (મુંબઈ)
પ.ભ. શ્રી ચંદ્રહાસભાઈ દેસાઈ (વડોદરા)
શ્રી રાકેશકુમાર રોહિતભાઈ મસાણી (શ્રીજી ગ્રાફીક્સ, ભરૂચ)



જેમણે મારી સંકલ્પ નૈયાને કિનારે લાવીને ઊભી કરી. આટલાં વિકટ કાર્યને સફળતા મળવામાં મારા હાથ ઉપરાંત બાળકોનાં સ્વરૂપમાં શ્રી વલ્લભે જ મારો હાથ પકડ્યો હતો અથવા સાક્ષાત્ શ્રી હરિએ જ મારો હાથ પકડ્યો હતો. પરંતુ એમણે જ મને હાથ પકડીને જ કિનારે આણ્યો. ઉપરોક્ત બાળકો અને ભગવદીય માટે હું ભાવવિભોર થઈને મારું હૃદય અને પ્રેમભાવ જ એમનાં ચરણોમાં મૂકી શકું છું. સમર્પિત થઈ રહ્યો છું.

અંતે, એટલું જ કહીશ કે, 'હું કોઈપણ રીતે એમને લાયક નથી.' 卐

-વિનમ્ર

।। श्रीहरिः ।।

।। सर्वस के सिर धूर है - करि सर्वस बृज धूर ।। (नागरीदासजी)

हमारे प्रिय वैष्णव बन्धु सखा श्रीयुत गोपालभाई रुवाला (भरूच) की अपने उपर जितनी कृपा मानी जाय सो सब अगाध प्रेमासुधि है । अब की वेर आप वैष्णव जनन सों आरती भावना को प्रसंग लै कैं व्रज में पधारे और संग में आचार्य बालकन कौहू आशीर्वाद लाये कै आप प्रयास करो । प्रभु पार लगावेंगे, सो आरती प्रसंग पर लेखन कार्य कियो ।

अपने पुष्टि समप्रदाय में आरती रहस्याति रहस्य प्रसंग है । षोडषोपचार पूज़न में आर्ति या नीरांजन आदि सों यहाँ आरती बहुत कुछ प्रथम विचार है । सर्वत्र तो गौधृत युक्त बाती सों आरती होय है । हमारे यहाँ हू एसें ही होय है, फिर हू कछु फर्क है । जैसे मारग में कह्यो है कि श्रीठाकुरजी नें आज्ञा करी के आप के यहाँ सौ (१००) सोमयाग पूरे होयगे तो मैं जन्म लेउगो । यह श्रीप्रभुन की आज्ञा में जो स्नेह है सोई यहाँ धृत है, और सोमयाग अग्नि ही यहाँ दीप शिखा है । पुष्टि में जल्दी आयवे की प्रभुकी आरती ही यहाँ आरती है । या भाँति यहाँ को अन्यत्र सुं प्रथम विचार मानो है । कौन से दिना की आरती रचना कैसी है सो वा दिन की सेवा प्रणाली अनुसार जिन गोपीजनन की सेवा भावना है उनही के अनुसार आरती के भावरूप चित्र है । यद्यपि उन चित्रन में कोन कोन सी गोपी होय सकें उनके नाम और भाव को प्राकर हू स्पष्ट है सकै हे् । यामें हमारे पास अपूर्ण साधन हतो अतः हमने याकुं स्पर्श करने को प्रयास नांहि कियो जहां कछु सम्भव है सको है तहां प्रयास कियो ही है । इतनो माननो आवश्यक है कि जितनी नैया पार लगी है, वोह हमारे श्रीवल्लभकुल की वहूजी और बेटीजीन की ही कृपा रही है, और कितेकन हमारे कृपावलोकन पटु आचार्य स्वरूपन की महती कृपा रही है, कि जिननें आरती के चित्र कृपा कर के दियों । जासो वैष्णवन को भी परिचय होय के भूतल पै सहज कृपा करवें में समर्थ प्रभु आचार्य रूप में आज हू बिराजमान है। जो यहाँ स्पष्ट कियो है ताके दानदाता अपने दीक्षा गुरु श्रीप्रथमेशजी रणछोड़चार्यजी को आभार मानूं श्री चक्रधरजी गेंरोला की महान कृपा रही है। जिनने मारग की गुढ़तान को विश्वास अपनी विधाबल सों दान कियो । कोई तरह बात किनारे लगी, जेसौ जहां सों मोकू मिलो वैसौ ही प्रसंगन को स्पष्टीकरन है या में मेरो अपनों निजी कछुनांय तोहू भूल चूक को क्षमा प्रार्थी का ही अधिकारी हूं । वास्तविक्ता और गुणनधी कौ अधिकारी मारग रीत ही है । श्रीगोवर्धनधर की कृपासों ग्रंथ में लिखो भाव ताको विश्राम कियो । अपने प्रिय श्रीगोपालभाई को विशद आभार मानुं जिननें या काम में हमारो जीवन तन-मन लगाय कै सफल करवायो ।

आप भगवदीयों के कृपाभिलाषी,

पं. रमेश उपमन्यु 卐

।। श्रीहरिः ।।

।। जो मुख देख्यो, सो मुख छाप्यो ।।



જય શ્રીકૃષ્ણ,

શ્રીમહાપ્રભુજીના લાલન શ્રીગોપીનાથજી અને શ્રીગુસાંઈજી, અને તેમના લાલજી (બાળકો)ના શ્રીવહુજી તથા શ્રીબેટીજીઓ એ પોતાના શ્રીહસ્ત થી આરતીની સેવા સ્નેહપૂર્વક કરી છે. તો આ સેવા આપણા હાથથી કરીને પ્રભુની સેવામાં વિનિયોગ કરવી, જોવી (દર્શન કરવું) અને તેનું વાંચન કરવું. આરતીની સેવા ઘણા વર્ષોથી ગુપ્ત રીતે બિરાજમાન છે. શ્રીમહાપ્રભુજીની કૃપા કાનીથી આપણે સૌ વૈષ્ણવો માટે લીલા સામગ્રી સ્વરૂપે પ્રગટ થઈ છે.

શ્રીમહાપ્રભુજીની કૃપા સાથે પુષ્ટિ સેવા પ્રણાલીકાનું સંજોગ (સંયોગ) મિલન શ્રીવલ્લભગૃહના પ.પૂ. શ્રી ગોસ્વામી બાળકો, વહુજી, બેટીજીઓ અને સંપ્રદાયના ઉદાર ભાવવાળા પરમ ભગવદીયોનું એક રાગે સ્મૃતિ મિલન થયું, ત્યારે જ આવું આરતીનું સ્વરૂપ સિદ્ધ થઈ આપણને દર્શન આપે છે.

અમારૂ કાર્ય તો આ સ્મૃતિ મિલનની રાગરાગિણીને નિહાળીને તે દ્રષ્યો અને વાતો આપની સામે સામગ્રી સ્વરૂપે મુકવાનું, જે સામગ્રી આપણે સૌ વૈષ્ણવો આપણા શ્રીમહાપ્રભુજીના પરમ સુખ માટે શ્રીજીને સમર્પિત કરીએ.

- દાસાનુદાસ ગોપાલદાસ 卐

વ્હાલા વૈષ્ણવો,

પુષ્ટિ સંપ્રદાય સંશોધન કાર્યના ક્ષેત્રમાં કલા વિષયક કોઈએ વિચાર કર્યો નથી અને તેનો સ્પર્શ કરવા તરફ હાથ પણ વળ્યો નથી. આ ગ્રંથનો વિસ્તાર ઘણો મોટો થઈ ગયો છે, છતાં પણ સંતોષ છે કે, વ્રજસાહિત્ય, દર્શન, કલા, ધર્મ, ભક્તિ સેવાનો આ ગ્રંથ સંપ્રદાયની માટે એક નાનો એનસાઈક્લોપિડિયા બની ગયો છે. જેમાં સંપ્રદાયના વૈષ્ણવો-સેવકો, મુખ્યાજીઓને તો લાભ થશે જ સાથે પુષ્ટિકલા સંસ્કૃતિના અનેક શોધકર્તાઓને માટે પણ આ ગ્રંથ ઉપોયગી બની રહેશે.

- રોહિતકુમાર મસાણી

ટ્રસ્ટી (સાત સ્વરૂપ હવેલી ટ્રસ્ટ, ભરૂચ)

।। શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ।।

પુષ્ટિ પથ પ્રદર્શક રસકણિકા

સર્વદા સર્વભાવેન ભજનિયો વ્રજાધીપઃ
સ્વસ્યાય મેવ ધર્મોઽહિ નાન્યકવાપી કદાચન ।।

નાશ્રિતો વલ્લભાધીશો, ન ચ દૃષ્ટા સુબોધિની
નારાધિ રાધિકાનાથો, વૃથા તજ્જન્મ ભૂતલે ।।



ગો.વા. કૃષ્ણકાંત રતનલાલ દલાલ

આપનો પરિવાર
ગં.સ્વ. વિનોદિનીબેન કૃષ્ણકાંત દલાલ
કેતનભાઈ કૃષ્ણકાંત દલાલ
બાગેશ્રી કેતન દલાલ
ના **જય શ્રીકૃષ્ણ**

બાબુલાલ હિરાલાલ એન્ડ કુ.
શેર બ્રોકર
સુરત

।। શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ।।

ગો.વા. શ્રીમતી સ્મીતાબેન ચંદ્રહાસભાઈ દેસાઈ (વડોદરા)

પરિવારના

જય શ્રીકૃષ્ણ

ગો.વા. શ્રી હરિલાલ હરગોવનદાસ પારેખ

ગો.વા. શ્રીમતી જશોદાબેન હરિલાલ પારેખ

પારડી નિવાસી પ.ભ. શ્રી સુભાષભાઈ પારેખ
પરિવારના જય શ્રીકૃષ્ણ

પૂ. કૃષ્ણપ્રસાદ વિઠ્ઠલદાસ શાહ (મહુધા) ના સ્મરણમાં
અ.સૌ. સુભદ્રાબેન ઘનશ્યામભાઈ શાહ તથા
અ.સૌ. કુમુદબેન રજનિકાંત શાહ
ના સર્વે વૈષ્ણવોને જય શ્રીકૃષ્ણ

પ.ભ. શ્રી દીપકભાઈ દલાલ (ભરૂચ)
પરિવારના જય શ્રીકૃષ્ણ

પ.ભ. કુંજબિહારી મનુભાઈ લીમડી (મુંબઈ)
પરિવારના જય શ્રીકૃષ્ણ

બાપા
પ.ભ. ગોકળભાઈ વશરામભાઈ હુમ્મર
ગો.વા. સંવત ૨૦૨૬ મહાસુદ ૪ સોમવાર
તા. ૯-૨-૧૯૭૦ (મોટી પાનેલી)

મોટા બા
પ.ભ. રાણીબેન ગોકળભાઈ હુમ્મર
ગો.વા. સંવત ૨૦૫૦ જેઠસુદ ૧૫ ગુરૂવાર
તા.૨૩-૬-૧૯૯૪ (મોટી પાનેલી)

ગિરીરાજ એન્ટરપ્રાઈઝ-ભરૂચ.
૯૮૨૫૫ ૩૦૧૩૫

પ.ભ. મદનમોહનજી
પ.ભ. વિદ્યાબેન મદનમોહન રમણલાલ
પરિવારના જય શ્રી કૃષ્ણ

થર્મોટેક સિસ્ટમ્સ લી.
પરિવારના જય શ્રીકૃષ્ણ

પ.ભ. વિરમતીબેન ભગવાનદાસ કારાણી
પરિવારના
જય શ્રીકૃષ્ણ

ગો.વા. ગંગાબેન મૂળજીભાઈ પડીઆ
ગો.વા. મૂળજીભાઈ વલ્લભદાસ પડીઆ
જેતપૂર (કાઠીનું) પરિવારના
જય શ્રીકૃષ્ણ

શ્રી રતનશીભાઈ જીવનભાઈ રાજા (મુંબઈ)
પરિવારના જય શ્રીકૃષ્ણ

પૂ. પિતાશ્રી તથા પૂ. માતુશ્રી તથા ભાઈ વિનોદની પૂનિત યાદમાં
હંસાબેનના જય શ્રીકૃષ્ણ

પ.ભ. વિલાશભાઈ કે. નગરકર (અહમદનગર)
પરિવારના જય શ્રીકૃષ્ણ

પ.ભ. શ્રી દિલીપભાઈ પરીખ (મુંબઈ)
પરિવારના જય શ્રીકૃષ્ણ

પ.ભ. શશીકાંતભાઈ મનુભાઈ લીમડી (મુંબઈ)
અ.સૌ. શર્મિષ્ઠાબેન શશીકાંતભાઈ તથા ચિ. વિજયના જય શ્રીકૃષ્ણ

પ.ભ. ચંદુલાલ કારીયા તરફથી ગો.વા. પૂ. પિતાશ્રી મગનલાલ જીવનભાઈ કારીયા
તથા ગો.વા. પૂ. માતુશ્રી ગંગાબેન મગનલાલ કારીયા તથા કારીયા પરિવાર
સુરતના જય શ્રીકૃષ્ણ

પ.ભ. ડૉ. કૌશિક શાહ તથા ડૉ. વિશાખાબેન શાહ
પરિવારના જય શ્રીકૃષ્ણ

પ.ભ. ચંદ્રકાન્તભાઈ તથા અ.સૌ. ગીતાબેન પટવા
પરિવારના જય શ્રીકૃષ્ણ

પ.ભ. તરૂણિકાબેન કિલ્લાવાળા
પરિવારના જય શ્રીકૃષ્ણ

ડૉ. કમલનયન તથા અ.સૌ. નંદિની કમલનયન
તથા ગોવિંદદાસ-દેવયાની લીમડી પરિવારના જય શ્રીકૃષ્ણ

રવિરત્ન
મોટર્સ પ્રાઈવેટ લીમીટેડ

મારૂતિ ડિલર
ના
જય શ્રીકૃષ્ણ

વિજયભાઈ ઈશ્વરભાઈ પટેલના
જય શ્રીકૃષ્ણ

સ્વ. કંચનગૌરી બળદેવદાસ શાહ તથા
સ્વ. બળદેવદાસ પોપટલાલ શાહ
મુ. પો. ધંધુકા, તા. જી. અમદવાદના જય શ્રીકૃષ્ણ
હા. રાજેન બી. શાહ, ભરૂચ.
મો.: ૯૩૭૭૪૧૩૧૦૯

પ.ભ. રમીલાબેન જે. દત્તાણી, મુંબઈ ના જય શ્રીકૃષ્ણ

પ.ભ. અશોકભાઈ દેસાઈ, સુરત ના જય શ્રીકૃષ્ણ

પ.ભ. દિપેશભાઈ મણિલાલ શાહ (વડોદરા)
પરિવારના
જય શ્રીકૃષ્ણ

શ્રી કુશભાઈ કિનારીવાલા ના જય શ્રીકૃષ્ણ

ડૉ. ધનશ્યામભાઈ કૃષ્ણપ્રસાદ શાહના જય શ્રીકૃષ્ણ

અ.સૌ. અરૂણાબેન મુકુન્દભાઈ શાહના જય શ્રીકૃષ્ણ

અ.સૌ. વિજયાબેન કીર્તીકુમાર પટેલના જય શ્રીકૃષ્ણ

પ.ભ. ઈન્દુબેન ટન્નાના જય શ્રીકૃષ્ણ

પ.ભ. શ્રીમતી છાયાબેન બીપીનભાઈ શાહ - મુંબઈ

卐 વિષય - સુચિ 卐

પ્રાત: સ્મરણ • આશીર્વચન • કૃપાસૌભાગ્ય • આમુખ • પ્રાક્કથન

પહેલુ તરંગ • આરતીનો સાર • શ્રીવલ્લભાચાર્યજીનું સ્વરૂપ અને પ્રગટ આરતી • આરતી - સાક્ષાત સંયોગમાં વિરહરસ • શ્રીદ્વારકેશ પ્રભુની આરતી • આરતી - કૃપાવલોકન • શ્રીપુષ્ટિમાર્ગમાં આરતી જ મુખ્ય કારણ છે ? • આરતી - સેવા પ્રતિક્ષા • ઉત્કંઠા - આરતી • આરતી મંગલ સૂચક અને સૌભાગ્ય સૂચક • નિકુંજમાં આરતી • આરતી - ભાવસ્વરૂપ - પ્રણાલી • મંગળા આરતી • નિત્ય નૂતન - આરતી • સાધન-દીપીકા - સેવાવિધિ શ્લોક અને આરતી - શ્રીગોપીનાથજી • આરતી - શ્રીહરિરાય મહાપ્રભુજી વિરચિત સેવા ભાવના - સહસ્રી ભાવના • નિ.લી.પૂ. ગો. ૧૦૮ શ્રી રણછોડલાલજી મહારાજશ્રી રાજનગરવાળાનાં વચનામૃતો અને પ્રસંગો • આરતી - નિરાંજન • આરતી - શ્રીનાથજી કી • આરતી અને પ્રેમ • આરતી સમયે પ્રભુ વેણુ ધારણ કરે છે • વેણુનાદના પાંચ પ્રકાર • શ્રીઠાકોરજી અને શ્રીવલ્લભ પરિવારનો મનોયોગ • આર્યાનું સ્વરૂપ - સુદ્રઢ સ્નેહ • આરતે કાર્યા આર્યા

બીજુ તરંગ • આરતી પોષણલીલા શ્રીવલ્લભની • અગ્નિકુંડ • આરતી સમયે ભક્તની વિરહદશા • આરતી સમયે ભક્તનાં નેત્રો • વડવાગ્નિ • અગ્નિવર્ણ • અગ્નિ - સ્વરૂપ • ભગવદ્‌ભાવ અગ્નિસ્વરૂપ છે • આરતી સમયે કાર્યનિપુણતા • અગ્નિકુંજ • વિરહાશ્રુ • અગ્નિલીલા • આરતી અને અગ્નિ • ભાવાગ્નિ • અગ્નિજ્યોતિ • વિરહાગ્નિ • હાસ્યાગ્નિ • અગ્નિનામ • ભગવદ્ ભાવરૂપ અગ્નિ • વિરહ - તાપક્લેશ • આરત • આર્તિ - પ્રેમનાં અઢી અક્ષર • વિરહ • અલૌકિક અગ્નિ • આર્ત

ત્રીજુ તરંગ • અગ્નિનું પ્રાધાન્ય ઉત્સવમાં • દશેરા - તપ્તોદક સ્નાન • દીપમાલિકા - દીપાવલી હટડી દીપોત્સવ • મહાયજ્ઞ • હોળી ઉત્સવ • ભઠ્ઠી પૂજા • અગ્નિ પૂજા • અંગાખરી • અંગીઠી • આકાશી દીવો • દીપદાન • આરતી - ટોના - ટોટકા • મશાલ - લૂક્કા

ચોથુ તરંગ • હરિ જૂ કી આરતી બની • શ્રીકૃષ્ણ સેવાના ઉપયોગમાં આવતી આરતીનો રચના પ્રકાર • આરતીની બાતી (વાટ) સિદ્ધ કરવાની રીત • આરતીનું સ્વરૂપ • આરતી ખન્ડવાળી (નિત્યના પ્રકારમાં) • આરતી - થાળીનું સ્વરૂપ • આરતીની થાળી સિદ્ધ કરવાની રીત • આરતીનો દીવડો તૈયાર કરવાની રીત • બાતીમાં રૂ-કપાસ • બાતીમાં ‘ઘી’ - ઘૃત-સ્નેહ-‘નેહુ’ • બાતીમાં કપૂર • બાતીમાં કસ્તુરી • આરતીની સજાવટની પ્રેરણા આપણને ક્યાંથી મળે છે • શ્રીપુષ્ટિપ્રભુની મોતી મૂકેલી સુંદર આરતીની થાળી • આરતી આળેખન • આરતીની ભાવના • આરતીની રચનામાં બદલાતી ભાવના • આરતીમાં સંજ્ઞા-સંકેતની પરીભાષા • આરતી સુલતાન પાટની • સ્વસ્તિક - સ્વસ્તિકનું પ્રાગટ્ય, રંગ અને પ્રકાર

પાંચમુ તરંગ • આચાર્યોની આરતી • આરતી શ્રીઆચાર્યજીની • આરતી વિશ્રામઘાટની • આરતી શ્રીયમુનાજીની • આરતી શ્રી ગિરિરાજજીની • આરતી શ્રીમદ્ ભાગવત કી - શ્રી ભાગવતજીની આરતી • રાસ-મંડલીમાં રાસની આરતી • અખંડ-દીપ - પરંપરા - આરતીના છાપા • આરતી ‘‘શ્રીવલ્લભ વિલાસ’’ • શ્રી હસ્તની આરતી • પુષ્ટિકાયેન નિશ્ચય - શ્રી બહુજી-બેટીજીના શ્રીહસ્તની આરતી • ‘‘સેવા-શૃંગાર’’માંથી આરતી - શ્રાવણ સુદ-૮ જન્માષ્ટમીથી આખા વર્ષપર્યંતની

છઠ્ઠુ તરંગ • પુષ્પ વડે આરતી • દીપક પ્રકટાવવાની મુખ્ય રીત • રાજભોગનાં સમયે ધૂપ-દીપ • આરતી અને રેશ્મી વસ્ત્ર • આરતીનાં સમયે ધ્વનિ પ્રસારણ • આરતીનાં સમયે માથે પાઘડી • કીર્તનનું સ્વરૂપ • આરતીનાં સમયે કીર્તનની ચાલ • નાદ • આરતીમાં ઘંટનાદ - આરતીમાં ટકોરા • ટકોરા - ઘંટ કેવી રીતે બને છે ? • આરતી સમયે દીનતા • ઉત્સવની આરતી • આરતી ઉપર ફૂલોની વર્ષા • આરતીના સમયે જય ઘોષ • ઉત્સવના દિવસે માનનાં પદ નથી હોતા • આરતી ગાવામાં નથી આવતી • આરતી - મસ્તક ઉપરથી નહીં • આરતી લેવામાં નથી આવતી • આરતી કર્યા પછી હાથ ધોવા જરૂરી છે • આરતી - શીતલ નથી કરાતી • આરતીની થાળીને વડી કરવાની રીત • દેવતાઓનો હર્ષ - ધ્વનિ - આર્તિ • આરતી અને સનાતન ધર્મ

અનુગ્રહમાં હેતુ.....



॥ મંગલ આરતી ગોપાલકી માઈ ॥



॥ પ્રાક્ કથન ॥

શ્રી દયારામભાઈનો દષ્ટિકોણ એક જ હતો. હજારો વરસોથી વિખૂટાં પડેલાં દૈવી જીવોને રસાનંદ લેતા કરવા રસાભિમુખ કરવા. ભગવન્સન્મુખ કરવાં. શ્રી વલ્લભ શરણે રાચ્યા કરે એવા બનાવવા. આ દ્રષ્ટિકોણ સૈદ્ધાંતિક અને પ્રમેયાત્મક ગ્રંથોના વાચન પરથી સ્પષ્ટ છે.

શ્રીવલ્લભ તો કૃપાના સાગર છે. એ કૃપાના સાગરમાંથી સૌ પ્રસંગોપાત પ્રકટે છે. પ્રકટી શ્રીવલ્લભના આદેશ પ્રમાણે વર્તે છે. તેથી જ આ સારા સ્વરૂપો શ્રીવલ્લભનાં છે. આ સારી યે સૃષ્ટિ શ્રીવલ્લભની છે. 卐



॥ આરતીનો સાર ॥

સાર છે સાર છે સાર છે, કહોને ભાવાત્મક આરતી સાર છે,
ચિત્તનો દિવડો ઉત્તમ ઉજ્જવલ, શુદ્ધ પ્રેમ હૃદયનો થાલ છે...
બુદ્ધિની બાતી નિર્મલ દઢતર, નક્ષત્ર મહિ મુક્તા હાર છે
લાલરંગ અનુરાગ અધરનો, પીળો રંગ પ્રીતિ નિર્ધાર છે...
હરોરંગ રોમાવલી હરખીત, શ્યામ રંગ રસ શ્રૃંગાર છે
બાદલી રંગ અવકાશ આકાશનો, ચાવ ઉમંગ સુખ કાર છે...
વિરહજ્યોતિ અતિશય ઉદ્યોતિ, નાસે પ્રતિબંધ સહકાર છે
અસહી વિલંબ વિકલ અવિલાખી, તાપ રૂપ અગ્નિ અહંકાર છે
નિહેતુક દેહ ધૃત પરિપુરણ, ચાક ચિક્ષ ફેલ્યો દિશ ચાર છે...
કેશરી રંગ હિલગનો ઘેરો, તિલક કર્યો સુઢાર છે
વરમાલા બરવાને અર્થે, આરોપે કંઠે પુષ્પ હાર છે...
બિડા ઉરોજ દોઉ કરમાં આયે ગાયે, ચાલ ગતિ ઉચ્ચાર છે
અંતરાય આરતી હરવા, હાસ્યરસ ફેલ્યો અપાર છે...
નિર્વિકાર ધન એકત્ર કરીને, ઉમંગી ઉમંગી તે વાર છે
વાત્સલ્ય હેત સદા પરપુરણ, રાયલોણ ઉતાર છે...
ભેટ કરે અંગ સર્વ આપનો, નવલ રંગીલી નાર છે
દીન થઈને કરે વિનતી, લેઈ બલૈયા વારંવાર છે...
કર જોડીને નમન કરે ત્યારે, શ્રીજી કરે સત્કાર છે
યહાંતે જીન બાલ હું ન ખસીયો, શ્રી અંગ અતી સકુમાર છે...
કરુણાભરી દષ્ટિ અવલોકી, એણી પેરે કીધો અંગીકાર છે
દાસી આશીષ દેત ચિરંજીવો, નિજજન બલિ બલિહાર છે...

卐

ઉપરોક્ત પદ જે અમારા પરમ પૂજ્ય પરમ શ્રધ્ધેય શ્રી ગોકુલેશ ચરણાસક્ત શ્રી રમણપ્રભુજી (મથુરાવાળા)ના પદ સંગ્રહમાંથી તેમના અનન્ય ભગવદીઓ દ્વારા પ્રાપ્ત થયેલ, નામ અને સ્થળને ગુપ્ત રાખીને પણ એમનો આભાર અથવા એમની જે વૈષ્ણવી ભાવને અમો સ્વીકારી શ્રી જૈ જૈ શ્રી રમણપ્રભુના ચરણારવિંદમાં સદૈન્ય દંડવત્ પ્રણામ કરીએ છીએ.



॥ શ્રી વલ્લભાચાર્યજીનું સ્વરૂપ અને પ્રગટ આરતી ॥

આચાર્ય શ્રીમહાપ્રભુજી પુરુષોત્તમ સ્વરૂપ છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં બધા યોગથી ઉપર પુરુષોત્તમયોગ બતાવ્યો છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા પુરુષોત્તમ સ્વરૂપ છે. ગીતા કહેવાવાળા સ્વયં શ્રીકૃષ્ણ પુરુષોત્તમ છે. ત્યાં શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધમાં પુરુષોત્તમ ભાવથી શ્રીકૃષ્ણ એ કહ્યું છે, ‘‘આચાર્ય મામ્ વિજાનીયાત્’’ આચાર્ય મારું સ્વરૂપ સમજે. અહીં ગીતામાં વિશેષ વાક્ય છે, ‘‘अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रितः’’ હું વૈશ્વાનર નામનો અગ્નિ બનીને પ્રાણીઓના દેહમાં રહું છું. જો શ્રીકૃષ્ણ - પ્રાણીઓના દેહમાં વૈશ્વાનર બનીને બિરાજે છે, આ બિરાજવું (રહેવું) જ જીવનો બ્રહ્મથી સંબંધ છે. આવા સંબંધવાળા જીવ સેવામાં સન્મુખ થાય છે, એટલે શ્રીઠાકુરજી એને ઓળખે છે. આ વૈશ્વાનર અગ્નિ જીવના ક્રમશઃ ઉત્તરો-ઉત્તર ભાવોમાં બિરાજે છે.

બીજું પ્રકરણ આ છે, નિત્યલીલા શ્રીઠાકુરજીના સ્વરૂપમાં નિત્ય બિરાજમાન છે જેવી રીતે વ્રજગોપીઓ શ્રીઠાકુરજીના રોમરોમમાં જેમ છે તેવા જ સ્વરૂપથી બિરાજમાન છે. ઠીક આવી રીતે જે ભગવાન વૈશ્વાનર રૂપથી પ્રાણીઓમાં બિરાજમાન છે, એ પ્રાણી અથવા જીવ ચોર્યાસી - બસો બાવન, એના પછીના અથવા વર્તમાનના વિશુદ્ધ અને વિવાદીત જીવ પણ શ્રીઠાકુરજીના સ્વરૂપમાં જ બિરાજે છે. જેમના રાજસ, તામસ, સાત્ત્વિક અને નિર્ગુણ આદિ ભાવ છે એ બધા ભગવત્ સ્વરૂપમાં જ બિરાજે છે.

ભગવત્ સ્વરૂપમાં પધારવાના જીવના ચાર જ રસ્તા છે. શ્રી તિરુપતીબાલાજી, શ્રી જગન્નાથજી, શ્રીરણછોડરાયજી અને શ્રી ગોવર્ધન - ગિરિકંદરા. પૂર્વવર્તી જે - મહાનુભાવ આચાર્ય અને ભગવદીય આ રસ્તાઓથી શ્રીઠાકુજીની નિત્યલીલામાં પધાર્યા છે, એઓએ સ્વયં પધારીને આ ચાર માર્ગોને પ્રમાણિત કર્યા છે.

જ્યાં શ્રીગોકુલ ઠકુરાણીઘાટ પર બ્રહ્મસંબંધની આજ્ઞાના સમયે શ્રી ઠાકુરજીએ કહ્યું હતું કે, ‘‘આપના સોંપેલા જીવોનો હાથ નહીં છોડું. આપના નિત્ય ભગવત્ સંબંધવાળા એ જ જીવોને પ્રભુમાં

જોવાની આરતી શ્રીમહાપ્રભુજીમાં છે. એટલા માટે એ જીવોને, જે શ્રીઠાકોરજીના સ્વરૂપમાં છે, શ્રીમહાપ્રભુજી એમને દર્શન આપવાનું કેવી રીતે ભૂલી શકે ? એટલા માટે આરતીના સ્વરૂપમાં વૈશ્વાનર અગ્નિરૂપથી પ્રગટ થઈને મંગલા, રાજભોગ, સંધ્યા આરતી અને શયન આરતીમાં ચાર વખત નિત્ય શ્રીમહાપ્રભુજી દર્શન આપવા પધારે છે. તે જીવોના જે ભગવત્ સ્વરૂપમાં બિરાજમાન છે.

આરતીના પહેલા કીર્તનની તાલ મંગલા છોડીને રાજભોગ, સંધ્યા આરતી અને શયનમાં દોગુની (બેગણી) અને ચોગુની (ચારગણી) થઈ જાય છે. એનું કારણ ભગવત્ સ્વરૂપમાં બિરાજમાન જીવ, આરતીના સ્વરૂપમાં પધારેલા શ્રીવલ્લભનાં દિવ્ય-રૂપોને જોઈને પ્રસન્ન મુદ્રાથી આતુરતામાં આવે છે, એટલા માટે તેઓના તરફથી કીર્તનની લય, ઝાંઝ અને મૃદંગ દ્વારા દો-ગુની અને ચો-ગુની સંભળાઈ રહી છે. આ સ્વયસ્થ સ્વરૂપસ્થિત જીવોની ભાવ દશા છે, જે શ્રીમહાપ્રભુજીના કારણે આપણને લીલાની સ્વરૂપ સ્થિતિ મળી, આ શ્રીમહાપ્રભુજી આરતીના સ્વરૂપથી સ્વરૂપસ્થિત જીવોના માટે દર્શન આપવાને માટે પ્રગટયા છે. એટલા માટે આરતી રૂપ શ્રીમહાપ્રભુજીના આ ભાવમાં કોઈ બીજાનો (અન્યનો) અધિકાર નથી. એટલા માટે પુષ્ટિમાર્ગમાં આરતી લેવાનો નિયમ નથી, ફક્ત આરતી કરવાવાળા શ્રીઆચાર્ય બાલક અથવા મુખિયાજી આરતી થયા પછી માત્ર પોતાના હાથોની મુદ્રાથી ઓવારણા (બલિહારી) લે છે. આ બલિહારી એ શ્રીઠાકોરજીની છે. આપના સ્વયંના હોવા છતાં પણ, પોતાના સ્વરૂપમાં હોવા છતાં પણ શ્રીવલ્લભના (આરતી સ્વરૂપ) દર્શન કરાવીને એમને દરેક જન્મમાં નિત્ય સેવાને માટે યોગ્ય હોવાનો, કૃપા કટાક્ષ પ્રદાન કર્યો, ''હે, લાલન આપકી ઈસ લીલાકી, ઈસ કૃપા કી, ઈસ સ્વરૂપકી બલિહારી હૈ।'' આ આરતી સ્વયં શ્રીમહાપ્રભુજીનું સાક્ષાત્ વૈશ્વાનર સ્વરૂપ છે.

આરતીમાં નવ અથવા સાત ઘૂમાવ (ફેરવવાની) હોય છે. શ્રીમહાપ્રભુજી નવધા ભક્તિ સંપન્ન પોતાના સેવકોને પ્રભુના સ્વરૂપમાં જુએ છે. શ્રીમદ્ ભાગવતના પ્રમાણે ધર્મ અને ધર્મીની ભાવનાથી સાત વારના ગોળ ઘૂમાવમાં બાલકિશોર, પૌગંડલીલામાં આસક્ત ભક્તોને સાત આવૃત્તિના માધ્યમથી એ ભક્તોને જોઈ રહ્યા છે. કોઈપણ સમયે આરતીનું સમાપન ચરણારવિંદમાંજ થાય છે. સમાપનના સમયે મસ્તક શ્રીચરણોમાં આરતી સહિત ઝુકાવવામાં આવે છે. આ મસ્તકનું નમાવવું શ્રીમહાપ્રભુજીની તરફથી શ્રીઠાકુરજીને માટે છે, કે મારા આ જીવોને આપના ચરણાશિત રાખજો. એનાથી એ પ્રગટ થાય છે, બ્રહ્મસંબંધી જીવનો પ્રભુની સાથે નિત્ય સંયોગ શ્રીમહાપ્રભુજીના કૃપા બળથી છે. પોતાના કહેવા કરવાથી નહીં.

બધુ મળીને આરતી સ્વરૂપમાં અંગીકૃત લીલા છે. એ બહારની પ્રગટલીલાઓમાં મૂળરૂપે બીજભાવ છે. જન્માદિ લઈને અલભ્ય લાભ પ્રાપ્ત કરવો અહીંની કૃપાબળનો બીજભાવ છે. ભગવત્ સ્વરૂપમાં બિરાજમાન કોઈ જીવોને ભૂતલની લીલા જોવાની ઈચ્છા થાય છે ત્યારે એમને અહીંથી ક્યારેક શ્રીમહાપ્રભુજીની આજ્ઞા મળે છે, અને શ્રી ઠાકુરજી એમને ભૂતલ પર વૈષ્ણવ થવાની સ્વીકૃતી આપે છે.

આ આરતી વૈશ્વાનર અગ્નિના કારણે શ્રીમહાપ્રભુજીનું નિર્ગુણ સ્વરૂપ છે. નિ:ષેશ ગુણ જેનામાં વિદ્યમાન હોય તેને નિર્ગુણ કહેવામાં આવે છે. આરતીની બાતીમાં જે ધૃત (ઘી) હોય છે, તે સ્નેહનું સૂચક છે. ગોરસ હોવાને કારણે દિવ્યતાનું સૂચક છે. ગોરસ શબ્દ હોવાના કારણે વૈદિક પ્રણાલિકા સૂચક છે. આવી ત્રિગુણમય જેવી દિવ્યતાથી જે અગ્નિ સ્વરૂપ આરતીમાં પ્રગટ થાય છે, તે સાક્ષાત્ દિવ્ય તેજોમય શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ છે. (ગો-વેદવાણી, રસ-ભક્તિમય રસધારા) વેદની રસમય ધારા ભક્તિ જ હોય છે.

જેમ શ્રીમદ્ ભાગવત્નાં પાંચમા સ્કંધ અનુસાર પ્રિયવતના રથના પૈંડાથી ભૂમંડલના નવખંડ થઈ ગયા અને એ નવખંડોમાં ભગવાન નારાયણ પોતે જુદાં જુદાં સ્વરૂપોથી આરાધ્ય દેવ થયા, એવી જ રીતે શ્રીમહાપ્રભુજીનાં કમલ નયનોથી વેદને વારંવાર જોવાથી વેદમાંથી ભક્તિની નવરસ ધારાઓ પ્રગટ થઈ. એ નવરસ ધારાઓમાં આરાધ્ય પુષ્ટિ મર્યાદા પ્રણાલીથી ભગવાન નારાયણ જ નવધા ભક્તિ સંપન્ન શ્રીહરિ આરાધ્ય થયા.

''नीके राखि यशोदा मैया नारायण ब्रज आयो, यह धन धर्म ही ते पायो ।'"

।। આરતી – સાક્ષાત સંયોગમાં વિરહરસ ।।

શ્રીગુસાંઈજીના બીજા લાલજી શ્રીગોવિંદરાયજીના જ વંશમાં એક બાલક શ્રીવિઠ્ઠલરાયજી પ્રકટ થયા છે. આ શ્રીવિઠ્ઠલરાયજી શ્રીનાથદ્વારમાં બિરાજતા અને શ્રીવિઠ્ઠલનાથજીની (શ્રીઠાકુરજીની) સેવા કરતા. શ્રીવિઠ્ઠલરાયજી મહારાજ સેવાના અનોસરમાં સંધ્યા જપ આદિ નિત્યનિયમ કરતા. નિત્યનિયમ વખતે લૌકિક દષ્ટિએ એક તદ્દન વિપરીત અને આશ્ચર્યકારક ઘટના થતી હતી. એક મુસલમાન સ્ત્રી હતી તે નિત્યનિયમ સમયે શ્રીવિઠ્ઠલરાયજીની સામે બેસતી હતી. વળી મહારાજશ્રી પણ તેની આંખો સામે જપ કરતાં કરતાં એકીટશે જોયા કરતા હતા. આનો ભેદ કોઈને પણ મળ્યો ન હતો. કેટલાક અંતરંગ કૃપાપાત્ર વૈષ્ણવોને તો આનું રહસ્ય મળી ગયું હતું. એટલે તેમને મહારાજશ્રીની આ અદ્‌ભુત લીલાથી મોહ થયો ન હતો. આ લીલાનો ભેદ ગુરુકૃપાથી આપણે પણ જાણી લઈએ વસ્તુત: પેલી સ્ત્રી કોઈ દૈવી વિરહી પ્રભુભક્ત હતી. એની બન્ને આંખોમાં શ્રીશ્યાસુંદરની છબી સ્પષ્ટ દેખાતી હતી. એ બડભાગી બાઈ એ શ્રીનટવર-યુગલ નયનોમાં સમાવી દીધી હતી. આ દર્શન શ્રીવિઠ્ઠલરાયજીને સ્પષ્ટ રીતે થતા હતાં, તેથી તેઓશ્રી લોકલાજ કે કુલમર્યાદાની પરવા કર્યા વિના એ બાઈને માત્ર જપપાઠવેળાએ સામે બેસવા દેતા હતા. સામાન્ય દુન્યવી માણસ આ સુંદર ભેદ ક્યાંથી ઉકેલી શકે ? સામાન્ય લોકો તો આ વાતની ખૂબ ચર્ચા કરવા લાગ્યા. એ રીતે લોકચર્ચાએ ગંભીર સ્વરૂપ પકડયું, અને પોતાની સત્તા શ્રીગોસ્વામી બાળકોની જ્ઞાતિ ઉપર પણ સ્થાપી દીધી. બધા સજાતીય-ખાસ કરી ભટ્ટ સમૂહો તો ખૂબ ખળભળી ઊઠયા શ્રીવિઠ્ઠલરાયજીને આ વ્યવહાર તાકીદે બંધ કરી દેવા ઘણીવાર ચેતવી ગયા, પણ તેઓશ્રી તો પોતાની ટેકમાં અડગ જ રહ્યા તેથી છેવટે તેઓશ્રીને જાતિથી બહાર કરવાનો ઠરાવ કરવામાં આવ્યો. એક દિવસે શ્રીનાથજીનો છેલ્લો શૃંગાર તેઓશ્રીને આપવામાં આવ્યો. શ્રીવિઠ્ઠલરાયજીએ તે દિવસે દુહેરા મલ્લકાછનો શૃંગાર શ્રીને ધરાવ્યો. શૃંગાર ધરી રહ્યા પછી આપે સાક્ષાત્ સંયોગમાં વિરહરસ અનુભવવા માંડયો. આપશ્રીને સ્મરણ થયું કે, આજે મારા છેલ્લા શૃંગાર છે અને હવેથી શ્રીનાથજી મારા હાથના શૃંગાર નહિ ધરે. આ વાતની યાદ આવતાંની સાથે જ હૃદય રુંધાઈ ગયું. સંયોગરસની સત્તા વિરહરસે ખૂંચવી લીધી. એકદમ નેત્રમાંથી અશ્રુનો પ્રવાહ વહેવા લાગ્યો. આપશ્રીએ તુરત જ શ્રીનાથજીનાં ચરણકમલ પર બન્ને શ્રીહસ્ત સ્થાપી દીધા નેત્રોમાંનો અશ્રુપ્રવાહ તો ચાલુ જ હતો. એ અશ્રુપ્રવાહથી શ્રી...નાં ચરણકમલ પાસેની ગાદી આખી તરબોળ થઈ ગઈ. શ્રીજી તો દયાના સાગર, તે આવો ઉત્કટ વિપ્રયોગ સંન્નિધાનમાં કેમ સહી શકે ? એકદમ પોતાનો જમણો શ્રીહસ્ત કેડ પરથી ઉઠાવીને શ્રીવિઠ્ઠલરાયજીના શ્રીમસ્તક પર સ્થાપી દીધો ને આજ્ઞા કરી કે ભલે આખી જાતિ તમારાથી વિરુદ્ધ હોય, પણ હું તો તમારા જ પક્ષમાં જ છું. આ શીતલ વચનોથી શ્રીવિઠ્ઠલરાયજીનો વિરહાગ્નિ શાંત થયો. હવે આ તરફ શું થયું હતું કે, શૃંગારમાં વિલંબ થવાથી શ્રીનાથજીના તિલકાયત તથા અન્ય શ્રીગોસ્વામીબાળકો પણ ભીતર પધાર્યા હતા અને આ લીલાનો સાક્ષાત્કાર કર્યો હતો. તેથી શૃંગારભોગ ધરીને શ્રીવિઠ્ઠલનારાયજી બહાર પધાર્યા ત્યારે બધા સ્વજાતિઓએ એઓશ્રીનાં ચરણમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને જાતિનો પ્રતિબંધ દૂર કર્યો. 卐

(સાભાર : વચનામૃતો અને પ્રસંગો, મૂલસંપાદક : પ. ભ. નાગરદાસ કાશીરામ બાંભણીઆ, પ્રકાશક : શ્રી વલ્લભ ગ્રંથ પ્રકાશન, સુરત)



॥ यह घन धर्म ही ते पायो ॥

શ્રી બેઠક મંદિર, કેવડાબાગ, વડોદરા

॥ શ્રીદ્વારકેશપ્રભુની આરતી ॥

સ્થળ : કાંકરોલી, રાજગઢ - મંદિર, કારતક સુદ ચોથ, મંગળવાર તા. ૬.૧૧.૧૯૫૬. લગભગ સાંજના ૫।। (સાડા પાંચ) વાગ્યાનો સમય શ્રી દ્વારકેશપ્રભુ અને શ્રીસ્વામિનીજીને છપ્પનભોગ મનોરથમાં ગંગાજમનાના ભવ્ય બંગલામાં બિરાજ્યા ત્યારનું અલૌકિક દર્શન. રાતના ૮ વાગ્યા પછી આરતીની તૈયારી માટે ટકોરો થયો ને પૂજ્યપાદ મહારાજશ્રીએ શ્રી શ્રી ૧૦૮ તિલકાયત શ્રી ગોવિદલાલજી મહારાજને આરતી ઉતારવા કહ્યું, એટલે ખૂબ જ લાક્ષણિકતાથી તેઓશ્રીએ શ્રીની (છપ્પનભોગ સમયે) આરતી ઉતારી હતી. તે સમયના સુખનું વર્ણન થઈ શકે તેવું નથી, છતાં એટલું બોલી જવાય કે : ''આપ સેવા કરી શીખવે શ્રીહરિ, ભક્તિ પક્ષ વૈભવ સુદઢ કીધો.''

આરતી સમયે સ્થિર ઊભા રહી શ્રીને મોરછલ કરતા - તૃતીયઘર તિલકાયત શ્રી શ્રી ૧૦૮ ગો. શ્રી વ્રજભૂષણલાલજીને નીરખતાં તેઓ શ્રીમાનની ચારે બાજુ તેજના વર્તુલમાં નિર્ભયતા, હિમ્મત, સલામતીની બેતમા, સુખચેનની અલોલુપતા, દ્રઢતા ને સેવા પરાયણતાનાં અપૂર્વ લક્ષણો ઉભરાતાં હતા. તેઓની સામે ઊભેલા શ્રી શ્રી ૧૦૮ શ્રી વિઠ્ઠલનાથજી મહારાજના સ્વરૂપની વિશિષ્ટતા પણ સર્વથા ન્યારી લાગતી હતી અને એક બીજી છટાદાર છબી, તે શ્રી શ્રી ૧૦૮ ગો. શ્રી વ્રજેશકુમારની, તેઓશ્રીનું યૌવન વિવિધ સ્વરૂપે આવિર્ભાવ પામતું જાય છે. યુવાન સદા વર્તમાનથી અસંતુષ્ટ જ હોય છે, એવી રીતે **રાજકુમાર વ્રજેશકુમારની દષ્ટિ અનિમેષ કોઈ ભવ્ય ભાવના ચિત્ર પર ચોંટેલી હોય તેવું મુખમુદ્રા પરથી લાગતું હતું. ઉપરાંત એ ભાવનાચિત્રને પોતે અવશ્ય વાસ્તવિક્તામાં પરિણત કરી શકશે એવી અઢળક આશા ને આદર્શોને મૂર્ત કરવા અવિશ્રાંત પણે મિથ્યા કરતા ન હોય ?** આત્મશ્રદ્ધા, સ્વમાન ને નિ:સ્પૃહતા એ (યુવાન હૃદયના) વિશિષ્ટ લક્ષણો રાજકુંવરના સ્વરૂપમાં જ્યાં જુઓ ત્યાં નજરે પડે છે.

(આ બધું છે તેવું જ હૃદયના ઊંડાણમાંથી લખાયું છે, આમાં અમારા ગુરુઘરની વડાઈ ખાતર લખાયું તેવું કંઈ જ નથી અને ધારો કે કદાચ કોઈને મોટાઈ જેવું લાગે તો તેના જવાબમાં એટલું જ કહેવું બસ થશે કે : ''સ્વધર્મે નિધનં શ્રેય: પરધર્મો ભયાવહ:''





શ્રી બેઠક મંદિર, કેવડાબાગ, વડોદરા

અવતો યુગ કલા ને સૌંદર્યનો છે. આપણો સંપ્રદાય એ યુગને વધારે સત્કારી શકશે, કારણ કે કલા, કારીગરી તેમજ અનેક વિવિધતા શ્રીવલ્લભના કૃપા માર્ગમાં ભરેલી છે, કલા કારીગીરીને સંસ્કારીક્તાના બીજોને ઉત્તેજવાં ને પોષવાં જરૂરી છે. એને માટે વારંવાર વિવિધ મનોરથો યોજી શ્રીજીને વિનિયોગ કરાવી, કલાનું સાચું સ્વરૂપ સમજાવવું અત્યારે ખાસ જરૂરનું છે.)

(સાભાર : ''વેણુધર'' - માર્ચ ૧૯૫૭ - લેખિકા : સૌ. ઈલાબહેન આર. મહેતા)







(ચિત્ર - શ્રી બેઠક મંદિર, કેવડાબાગ, વડોદરા)



શ્રી શ્રી ૧૦૮ ગો. શ્રી રવિકુમાર મહારાજશ્રીની આજ્ઞાથી પ.પૂ. ગો. શ્રી શ્રી ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી, આપશ્રીને વિનંતી કરી અને આપની આજ્ઞાથી વડોદરા સ્થિત કેવડાબાગમાં આપશ્રીએ સિદ્ધ કરાવેલ નવા બેઠક મંદિરનું ચિત્રાંકન (ફોટોગ્રાફી) કર્યું. જેમાં સ્થાપત્ય કલામાં કલાત્મક રીતે આરતી આલેખનનો ભાવાત્મક સમન્વય પ્રગટ થયો છે.

આશરે ૫૩ વર્ષ પહેલા કાંકરોલી છપ્પનભોગ મનોરથમાં પ. ભ. સૌ. ઈલાબહેન આર. મહેતાને થયેલ અલૌકિક આરતી દર્શનાનુભવ અને વર્ણવેલ ભાવભરી ભાવનાની પ્રબળ ભક્તેચ્છા આપશ્રી પ.પૂ. શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રીએ પૂર્ણ કરી છે. આપનાં સ્વરૂપમાં આપના ભક્તને પ્રમેયનું દર્શન કરાવી, વલ્લભીય સૃષ્ટિ ઉપર કૃપા કરવા પ્રમાણ સ્વરૂપ કલાસ્થાપત્યનું આલેખન કરી આરતી વધારી, વણમાંગી કૃપાનો વરસાદ વરસવ્યો છે. 卐







માગશર સુદ ૭, સંવત ૨૦૫૪, સ્થળ : શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની (૫૪) બેઠક, ભરૂચ. શ્રીગોકુલનાથજીનો ઉત્સવના દિને આપશ્રી ગોસ્વામી શ્રી શ્રી ૧૦૮ શ્રી યોગેશ્વરજી મહોદય (સુરત-વડોદરા) બેઠકમાં સંધ્યા આરતી માટે પધાર્યા હતા, તે શુભ-મંગલ સમયે આપશ્રીનું રેખાચિત્ર સેવક શ્રીવદનભાઈ રૂવાલા (ગોપાલદાસના પિતાશ્રી)એ આપશ્રીની આજ્ઞાથી સિદ્ધ કરેલ, અને આપશ્રીએ શ્રીહસ્તથી શુભાશીર્વાદ લખી આપ્યા હતા તે ચિત્રજી.... 卐

॥ આરતી - કૃપાવલોકન ॥

ભાદવા સુદ ૬ (છઠ), બુધવાર સંવત ૨૦૫૨, સ્થળ : ''પુષ્ટિ સદન'', હરણીરોડ, વડોદરા. ગોસ્વામી શ્રી શ્રી ૧૦૮ શ્રી યોગેશ્વરજી મહોદય (સુરત-વડોદરા) આપશ્રીનો પ્રાગટય ઉત્સવ, આ આનંદ મંગલ દિવસને ફરી વ્યક્ત કરી એટલું જ ફરી ફરી યાદ કરું છુ, ''આનંદ રસ ભરી ડોલત વ્રજબાલા, આનંદ ભરીએ.''

આપશ્રી તો કૃપાના સાગર છો, એ કૃપાના સાગરમાંથી સૌ પ્રસંગોપાત પ્રગટે છે, પ્રકટી આપશ્રીના આદેશ પ્રમાણે વર્તે છે. આપશ્રી અમારા હૃદયમાં નિત્ય બિરાજીને શ્રીઠાકુરજીની અગણીત કલાઓનું લીલાદર્શનનો પ્રત્યક્ષ સાનુભાવ કરાવો છો અને એ આપશ્રીની કૃપા-પ્રેરણાનું બળ અમોને આ કાર્ય માટે પ્રેરીત કરે છે. આપશ્રી એ ઉપરોક્ત મંગલ દિને કૃપા આશીર્વાદ સ્વરૂપે ''શ્રીજી કે માલાધર પદક'' આપના શ્રીહસ્તથી સિદ્ધ કરેલ ચિત્રજી અમોને પધરાવી આપ્યા હતા. આપશ્રીની કૃપાથી પ્રગટ થઈ રહેલ ''આરતી''ના ગ્રંથમાં આપના આશીર્વાદ સ્વરૂપે, તેમાંનું ''બીનપદક'' આરતી સ્વરૂપે થાળમાં સિદ્ધ કરી શ્રીજી સન્મુખ પધરાવેલ. શ્રીજીની પ્રસન્નતા અને આપશ્રીની કૃપાથી સૌ વૈષ્ણવો માટે અત્રે ગ્રંથમાં પ્રગટ કરેલ છે. 卐



श्रीजी के मालाकार पदक
श्री [illegible]


1
कमल
मुखी
पदक.
कोयरी
पीक.


2.
कमल
चक्रिका पदक


3.
कमल
पत्र पदक



॥ श्री हरिः ॥
॥ प्रणम्य श्री [illegible] ॥
॥ श्री मद्गोकुलनाथ [illegible] ॥
॥ श्री [illegible] ॥

भाद्रपद शुक्ला 4 पंचमी
बुधवार. सं. 2042
[illegible]










૯.
ચકલાઈ પદક.


કેરી પદક. 10.


11.
ઢેલડી પદક


12.
ડબ્બી પદક.


૧૩.
[illegible] પદક.


૧૬.
ઘુઘરી પદક.


15.
તબલી પદક.


14.
તાનપુરી પદક.



॥ શ્રી પુષ્ટિમાર્ગમાં આરતી જ મુખ્ય કારણ છે ॥

આપણે ત્યાં જ્યારે આરતીનાં દર્શન કરવામાં આવે છે તો એમાં બે વાતોનું મનન થાય છે. જેમ કે, આરતીમાં પ્રગટ જ્યોતિ કોઈક વિરહભાવનાનો પ્રકાશ છે, તો પોતાનો વિરહ ન્યોચ્છાવર કરવાની કોઈક પદ્ધતિ છે. હવે ચાહે એ શ્રી યશોદાજીનો હોય અથવા અન્ય ગોપીજનોંનો, તાત્પર્ય એ જ છે કે જ્યારે ક્યાંય પણ જે પ્રણાલીથી આરતી કરવામાં આવે છે તો એનો પ્રારંભ ચરણારવિંદથી થાય છે અને એમાં જેટલા પણ ઘુમાવ (આંટા) સંપ્રદાય સંમત, આર્યા છંદ સહિત પૂર્ણ કરવામાં આવે છે. એનું સમાપન પણ ચરણારવિંદમાં થાય છે. અસલમાં તો ભક્તિનાં બે દળ છે (૧) સંયોગાત્મક (૨) વિપ્રયોગાત્મક. દરરોજની સેવાના ક્રમમાં સેવાની જે કાંઈ પણ ઔપચારિકતા પૂર્ણ કરવામાં આવે છે. એમાં ઝારીજી જ્યાં સુધી ભરવામાં આવે છે. ત્યાં સુધી સંયોગાત્મક દળ (ભક્તિભાવનો) તદુપરાંત નાની મોટી અન્ય પ્રકારની સેવાવાળી રીત નિર્વાહ પછી આરતી જે કરવામાં આવે છે. એ ભક્તિમાર્ગનું વિપ્રયોગાત્મક દળ છે. આ રીતે પ્રતિદિનની સેવામાં ચાર આરતીના દળ બન્યાં. (મંગલા, રાજભોગ, સંધ્યા, શયન આરતી)

ધૂપ, દીપ, સામગ્રીની ભઠ્ઠી, શીતકાળની અંગીઠી, આચાર્ય બાળકના યજ્ઞની અગ્નિ, આ વિપ્રયોગનાં અષ્ટદલ છે. આ વિપ્રયોગનાં અષ્ટદલનાં આધારે શ્રી મહાપ્રભુજીએ, ''वदभिरेव सततं, श्री कृष्णः शरणं मम।'' અષ્ટાક્ષરનો અવિરત જાપની આજ્ઞા કરી છે. જો અવિરત જાપ નહીં થાય તો આ વિપ્રયોગની આઠ અગ્નિઓમાંથી અનુભવ થયા પછી, અથવા સંબંધ થયા પછી, એક ક્ષણ પણ જીવિત રહેવું મુશ્કેલ થઈ જશે. આ જપના વિપ્રયોગ ભાવાગ્નિથી બચાવીને સંયોગ - દળની નિત્ય સેવામાં મોકલાય છે. આ વિપ્રયોગમાં તપેલા જીવ, જે સેવામાં સદેહ રહે છે. એ જ સાનુભાવના લઇને પરત ફરે છે. ભગવાન શ્રીકૃષ્ણનાં મથુરાગમન બાદ વ્રજગોપીઓનો વિપ્રયોગ થયો. એનો શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધમાં વ્રજગોપી અને ઉદ્ધવજીનાં સંવાદોથી સ્પષ્ટ થાય છે. અને શ્રી સુબોધનીજીની થી વધુ સ્પષ્ટ છે. શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ - ૪૦,૫/૬ શ્લોકમાં સ્વયં ભગવાનને સંદેહ છે કે તે વિપ્રયોગ સંબંધવાળાં ગોપીજન, જેમ તેમ પ્રાણોને ધારણ કરેલ છે અને તેઓનાં પોતાના પ્રાણની સંભાળ રાખવામાં પણ ઘણું જ કષ્ટ પડી રહ્યું છે આનું તાત્પર્ય એ છે કે શરણાગતિ, મંત્ર, અષ્ટાક્ષરનાં સહારે તે જીવંત છે.

અહીં જો દ્વારકાલીલા પર વિચાર કરીએ તો ભગવાન શ્રીકૃષ્ણએ જ્યારે પ્રભાસ ક્ષેત્રમાં જઇને જે આસુરવ્યામોહ લીલા કરી હતી એનો દ્વારકાની સ્ત્રીઓએ અનુભવ કર્યો. વિરહાનુભવ કર્યો. એમાંથી એક પણ જીવંત ન રહી. કારણકે દ્વારકામાં ભગવાન પ્રત્યે વિશ્વાસ હતો. સેવાનો મૂળ હેતુ શરણાગતિ છે એનાથી દ્વારકાવાસિની અભણ હતી. એટલા માટે જ વિરહ થતાં જ દેહ હાથમાંથી (દ્વારકાવાસિનીનાં હાથમાંથી) નીકળી ગયો. એમાં વધુ કાંઈ નથી પ્રભુ સંબંધ મળ્યાં પછી આ દેહ સેવોપયોગી હોય છે. બહું મળીને આ દેહ શ્રી કૃષ્ણના અનંત સુખનાં સાધનોમાંથી આ પણ એક સાધન છે, જે નાનું છે. એને પણ દ્વારકાવાસિની સમજદાર હોવા છતાં ગુમાવી બેઠી. અને આ દેહ કોઈના પણ કામમાં ન આવ્યો. ભલે મથુરાગમન પછી વ્રજગોપીઓનું સ્વરૂપ સાક્ષાત્ અનુભૂતિમાં શ્રીકૃષ્ણના કામ ન આવ્યું, પરંતુ સૌથી મોટો પરોપકાર ગોપીઓનાં શ્રી અંગથી શ્રી ઉદ્ધવને કામ આવ્યો. જે ઉદ્ધવે શ્રીકૃષ્ણને નજીક રહેવા છતાં ન ઓળખ્યા, પરંતુ એમનાથી દૂર ગોકુળમાં રહીને ઓળખ્યું. આ ઓળખવાની કલામાં વ્રજગોપીયોંની વિપ્રયોગાત્મક આરતી જ પરમફળ હતી. જે આરતીનાં અમે અષ્ટદળ બતાવ્યાં હતાં.



અમે મહાનુભાવ આચાર્ય વંશજો પાસેથી સાંભળ્યું છે, કે શ્રી ઠાકોરજી વર્ષમાં એક દિવસ છોડીને (જ્યેષ્ઠાભિષેકનાં દિવસને) બારે મહિના ઉષ્ણોદક જળ (ગરમજળ)થી સ્નાન કરે છે. એવો પ્રસંગ થયો, કોઈક વ્રજગોપી શ્રી યશોદાજીની પાસે સેવા માંગવા માટે આવી. શ્રી યશોદાજીએ કહ્યું કે, ''તમે યમુનાજળ લઈ આવો.'' જમુનાજળ લઈ આવ્યા પછી એ ઘડાને હાથમાં લઈને ગોપીએ પૂછ્યું, ''આ જળનું આપ શું કરશો?'' ત્યારે શ્રી યશોદાજીએ સમજાવ્યું, ''હું લાલાને સ્નાન કરાવીશ.'' ગોપીએ પૂછ્યું, ''પછી શું થશે?'' ત્યારે એમણે કહ્યું, ''શૃંગાર કરાવીશ.'' ગોપીએ પૂછ્યું, ''પછી શું થશે?'' યશોદાજીએ કહ્યું, ''શૃંગાર ધરાવીશ.'' ગોપીએ પૂછ્યું, ''પછી શું થશે?'' યશોદાજીએ કહ્યું, ''રાજભોગ આરોગશે.'' ગોપીએ પૂછ્યું, ''પછી શું થશે?'' યશોદાજીએ કહ્યું, ''તેઓ વનમાં જઇને સાંજે ઘર પાછા ફરશે.'' એવામાં ગોપીએ વિચાર્યું કે, વનમાં ચાલ્યા જશે અને સાંજે ઘરે પાછા ફરશે. ત્યાં સુધી અમારાથી દૂર રહેશે. આ ચિંતન માત્રથી જ ગોપીઓને વિપ્રયોગનો તાપ થયો. એ તાપથી જળ ભરેલો ઘડો ગરમ થયો અને એ ગરમ ઘડાથી જળ ગરમ થયું. એ ગરમ જળથી શરણાગતિની ભાવનાનો જન્મ થયો. જેવી રીતે પુષ્ટિમાર્ગમાં સેવ્ય સ્વરૂપને બિરાજવા માટે સિંહાસન હોય છે, ઠીક એ જ પ્રકારે શરણાગતિની ભાવના, તાપની ભાવનાને કારણે સિંહાસન ઉપર બિરાજે છે. આ કારણે જ સંપ્રદાયમાં ખંડપાટ - સિંહાસન - ચોકી - કળશનાં પાયા (નીચેની પડઘી (પાયો)) ચાંદીનાં બનેલાં હોય છે, કારણ કે આ ચાંદી તાપ સહન કરવા માટે સક્ષમ હોય છે. આ સહાયક સેવાઓની વચ્ચે ક્યારેક ભાવનાના હિસાબથી શરણાગતિનાં બિરાજવાનું સિંહાસન છે. જે સિંહાસનમાં અષ્ટાક્ષર શોભે છે. એમાં આરતી જ મુખ્ય કારણ છે.

વ્રજગોપીઓમાં હૃદયનું મૂળ આરતી છે તે જ મંદિરની અંદર દૂધઘર, અનસખડી અને સખડીની સામગ્રી, મનોરથ, ઉત્સવ, અન્નકૂટ, કુનવાડા, છપ્પાનભોગ, બડા મનોરથ અથવા છાકની સામગ્રી જ્યાં સિદ્ધ થાય છે. તે આ વ્રજગોપીઓના તાપાગ્નિમાં જ સિદ્ધ થાય છે. અન્યથા દાળ - રોટલી - શાકભાજી - કઢી - લાડુ - પૂરી - મઠડી - ખરમંડા - ખીર એની કોઈ

બડાઈ નથી કરતું. વર્તમાનમાં પણ ધર્મની જેટલી રૂઢિ અને ભોગ આરોગવાવાળા ઇશ્વર છે, એનામાં કોઈના પણ ભોગ સામગ્રીની પ્રશંસા નથી. જેટલી વ્રજગોપી અને શ્રી યશોદાજી એક એક સામગ્રીની બડાઈ કરે છે. શ્રી ઠાકોરજીને આરોગાવવાની પાછળની બડાઈનું મૂળ કારણ છે અપ્રત્યક્ષમાં વ્રજગોપીઓના તાપ ભાવથી ઉત્પન્ન જે અગ્નિ, જેમાં સામગ્રી સિદ્ધ થાય છે. સિદ્ધ એને જ માનવામાં આવે છે. જેમણે વિરહાગ્નિનો સંયોગ પ્રાપ્ત કર્યો છે એટલા માટે જ સામગ્રીની બડાઈ કરવામાં આવે છે. આ ગોપીઓનાં વિપ્રયોગ દળનો અગ્નિ છે. એમાં જ્યાં સામગ્રી સિદ્ધ થાય છે. ત્યાં સુનિશ્ચિત ભાવથી પૂર્ણ વ્યક્તિઓનો પ્રવેશ છે. અન્ય કોઈ વ્યક્તિના માટે પ્રવેશ વર્જિત છે.



સંપ્રદાયમાં આ ભાવનાથી સામગ્રી સિદ્ધ કરીને જે શ્રી ઠાકોરજીને આરોગાવે છે, એને અમંત્ર યજ્ઞ કહેવાય છે.

જો આ આરતી ના હોત, તો પ્રભુની તૃપ્તિના હેતુરસ સિદ્ધ સામગ્રીઓ ના હોત. આવા તાપાગ્નિ ઉપર જે સામગ્રીઓ સિદ્ધ થઈ છે. આ કારણથી આ સામગ્રીઓના ભાવ - સ્વરૂપ, શ્રીગુસાંઈજી, શ્રી ગોકુળનાથજી, શ્રી હરિરાયજી, શ્રી દ્વારકેશજી શા માટે કરતા? એટલા માટે એમણે ભાવનાત્મક સ્વરૂપો બતાવ્યાં છે.

શ્રી હરિરાયજીના આ તાપ ભાવથી કીર્તનોનું પ્રાગટ્ય છે. શ્રીમદ્ ભાગવતમાં શ્રી શુકદેવજીએ કહ્યું છે, ''આ ભાગવત એટલે ભક્તિમાર્ગીય તાપાત્મક ભક્તોનું જીવન ચરિત્ર સમજવાની કેટલાય જન્મોની સિદ્ધિ છે. જેને પણ આ તાપાત્મક સિદ્ધિ પ્રાપ્ત થઈ ગઈ (કૃપા સાધ્ય વિષય છે.) એમનાં મુખેથી શબ્દકીર્તન આપમેળે જ થઈ જાય છે. જેને નિકુંજમાં નિવાસ કરનારી રાગ - રાગિણી ગ્રહણ કરે છે. એનાં માધ્યમથી (રાગ-રાગિણી) પ્રભુ સાંભળીને ભાવમુગ્ધ થઈ જાય છે. એવા એ ભાવમુગ્ધ સાગરની ગહેરાઈ મેઘવર્ણી છે, એમાં ડૂબકી લગાવતા - લગાવતા શ્રી ઠાકોરજી શ્યામ મેઘવર્ણના થઈ ગયા. એટલા માટે સંપ્રદાયમાં, આ શ્યામવર્ણથી અતિરિક્ત કોઈ અન્ય ભગવત સ્વરૂપ વર્ણનાં રંગની માન્યતા નથી. કારણ કે અન્ય રંગોથી કામના ઉત્પન્ન થાય છે અને આ શ્યામ મેઘવર્ણમાં ચાહના ઉત્પન્ન થાય છે. કામનાનું સુખ માત્ર એક જ ઇન્દ્રિયથી સમજાય છે. ચાહનાનો રસ રોમ-રોમથી પાન થાય છે. આ બધું રહસ્ય આરતી વગર શક્ય નથી.

આપણે ઉપર પહેલાં જ કહી ચૂક્યા છીએ કે, આર્યા બોલતા - બોલતા ભગવદ્ અંગનાં દર્શન કરતાં કરતાં ચરણારવિંદમાં આરતીનો વિશ્રામ છે. શ્રીમદ્ ભાગવતમાં શ્રીકૃષ્ણને અવતારી નહીં, સ્વયં પધારેલા બતાવ્યા (દર્શાવ્યા) છે એટલા માટે જ ભાગવતના બીજા સ્કંધમાં શ્રીકૃષ્ણનાં એક-એક અંગમાં ચૌદ લોકની ભાવના દર્શાવવામાં આવી છે. વેદ-છંદ અને રસ, યજ્ઞની પદ્ધતિ વિવિધ કર્માનુષ્ઠાનના નિયમ ભગવાનનાં સ્વરૂપમાં સ્થિત છે. ચોવીસ અવતાર એમનામાં બિરાજમાન છે. કાળનો નિવાસ પણ એમની અંદર જ છે. સૃષ્ટિનાં લય અને ઉદ્ભવનું કારણ એમનામાં છે. જેને આપણે લીલા પ્રવેશ કહીએ છીએ. સેવાપરાયણ ભક્તોનો લીલા પ્રવેશ એના સ્વરૂપમાં છે. જ્યારે શ્રી ઠાકોરજી સ્વયં પોતાના લીલા સ્વરૂપને લઇને પધારે છે અને લીલા કરે છે. તો જે ભક્તો એમનાં સ્વરૂપમાં સ્થિત છે, તેઓ ત્યાં સ્થિર રહીને લીલા દર્શન કરે છે. આ જ લીલા પ્રવેશ છે. આ આશયને શ્રી આચાર્યજીએ કહ્યો છે.)

શ્રીમદ્ ભાગવતમાં (સ્કંધ - ૧૧ અધ્યાય - ૧૬) ભગવાને વિભૂતિ યોગનું વર્ણન કર્યું છે. ગીતામાં પણ વિભૂતિ યોગનું વર્ણન છે અર્જુનને વિરાટ સ્વરૂપનાં દર્શન કરાવ્યાં છે. યશોદાજીને વિશ્વરૂપ બતાવ્યું છે. બ્રહ્માજી દ્વારા વત્સહરણ પછી બધાં બાળકોને પુનઃ સ્વરૂપ પ્રગટ કરીને, ''ભક્તિમાર્ગીય સૃષ્ટિનો હું નિયંતા છું.'' એમ બતાવ્યું છે. સનકાદિક ઋષિઓએ એમને શ્રુતિમય જોયાં છે. શ્રી ભગવદ્ ધર્મની દશવિધ લીલામાં શ્રી ધર્મનું સ્વરૂપ ભાગવતજી, આ સમસ્ત રહસ્યો શ્રીકૃષ્ણમાં છુપાયેલાં છે. અને સુરક્ષિત છે.

પુષ્ટિમાર્ગમાં પોતાના સેવ્ય નિધિમાં આ તમામ વિશેષતાઓનું દર્શન કરવાને માટે આપણો વ્રજગોપીઓની આરતીથી ઉત્પન્ન જે જ્યોતિ, એના પ્રકાશમાં નિહાળવી સંભવ છે. જેમ કે જો આજે વામન જયંતી છે. અને રાજા બલિનું સમર્પણ સ્વીકાર્ય માન્યું છે. તો શ્રી ઠાકોરજી સર્વસ્વ સ્વીકાર કરવા માટે ત્રિવિક્રમ થયા. આ ત્રિવિક્રમ સ્વરૂપ શાસ્ત્રોમાં કહેવાના અને સાંભળવા માટે પૂરતાં છે. નિહાળવા માટે તો યથા સમય તિલક બાદ જે આરતી થાય છે, એના પ્રકાશમાં જ આ લીલા જોવામાં આવે છે. આ કારણથી એ દિવસે જે વસ્ત્ર અને આભરણ ધારણ કરવામાં આવે છે તે સ્વતંત્ર પ્રકારનાં (વિશિષ્ટ) હોય છે. જેવી રીતે આપણે આ લીલાની સ્પષ્ટતા કરી છે એમ બધી લીલાઓનું માહાત્મ્ય સહિત શ્રી કૃષ્ણનાં લીલા પુરુષોત્તમ હોવાનું દર્શન આરતીના પ્રકાશનાં માધ્યમથી જ સંભવ છે.

મંગળાની આરતી દરવાજો ખોલવાની ચાવી છે. જે આરતી રૂપ ચાવી ઘુમાવવાથી શ્રી પુરુષોત્તમ લીલાનો દરવાજો ખૂલી જાય છે. શયનની આરતી રૂપ ચાવી ઘૂમાવવાથી શ્રી પુરુષોત્તમ લીલાનો દરવાજો બંધ થઈ જાય છે. 卐



॥ આરતી - સેવા પ્રતીક્ષા ॥

શ્રી વલ્લભાચાર્યજીએ જે માર્ગની સેવા પ્રારંભ કરાવી છે તે પૃથક્શરણ માર્ગ છે. અને આપણે ત્યાં સમજાવવા છતાં પણ કાંઇને કાંઈ બીજાથી પૃથક્ છે. વિપરીત નથી. શરણમાર્ગ બે છે. એક મર્યાદામાં પણ શરણમાર્ગ છે. જેનો આર્વિભાવ જગદ્ગુરુ વિશિષ્ટાદ્વૈત પ્રર્વતક શ્રી (શ્રીમદ્ રામાનુજાચાર્યજી) એ કર્યો છે. એ જ પરંપરાઓ રામાનંદ આદિ કેટલાય મેળવવા સંપ્રદાયમાં છે. ત્યાં જીવ પોતાના ઇષ્ટની સન્મુખ પ્રપન્ન છે, આ પ્રપન્ન શબ્દ શરણાગતિનો છે અને તેનું તે પ્રામાણિક સ્વરૂપ છે. આ પ્રપન્નતાની પદ્ધતિથી જે પૃથક્ સ્વરૂપ પ્રગટ કર્યું છે. એને શરણાગતીનો પુષ્ટિમાર્ગ કહેવામાં આવે છે એટલા માટે શ્રી ગુસાંઈજીએ આચાર્યને, 'पृथक् शरणमार्गोपदेष्टा' કહ્યા છે. આપણે ત્યાંની જેટલી પણ સેવામાં સ્વરૂપ ભાવના છે એમાં સેવાનું સ્વયં પોતાનું આગવું સ્વરૂપ છે. એ સ્વરૂપની ભાવના શ્રી ઠાકોરજીના સમકક્ષ છે. એનો પણ આદર્શ ગોપીજનોની સમાન છે. સંપ્રદાય ભાવનાથી સેવાનો જન્મ પહેલાં થયો છે. વ્રજસીમંતિની એના પછી પ્રગટી છે. શ્રી કૃષ્ણ એનાં પછી જન્મ્યા છે. અગર સેવા ન હોત તો ગોકુળધામ પ્રગટ થઈને ક્યાં રહેતું, આ ગોકુળગામ અને સમસ્ત વ્રજ સેવીકી ગોદમાં છે. અહીંયાંથી આપણે સમજી શકીએ છીએ કે એક સેવા પછી બીજી સેવા પ્રતીક્ષા રત છે. એનો વિલંબ અસહ્ય છે.

અતઃ આપણે ત્યાં સેવા માત્ર નામ નથી. એનું સ્વરૂપ છે. એની સેવા સ્વરૂપ ભાવનાની રખેવાળી કરવાની જવાબદારીવાળા મહાપુરુષ આચાર્ય કહેવાય છે. આ આચાર્યોને બિરાજવાની આચાર્યગાદી હોય છે. આ ગાદી સેવા સ્વરૂપ સંભાળવા માટે અને રક્ષણ (બચાવવા) માટેની એક અધિકૃત ગાદી છે. વિસ્તાર ભયથી અમે વધુ નહીં કહી શકીએ. જેવી રીતે રાજભોગની સેવા ચાલી રહી છે તો એના પછી અનોસરની સેવા પ્રતીક્ષારત છે. આ જ કારણ છે કે રાજભોગની આરતી પછી ટેરો આવી જશે. એમાં વિલંબ ના થાય, એની સાવધાની રાખવી જરૂરી છે. કારણ કે પાછળ જે અનોસરની સેવા તત્પર છે એના અસહ્ય વિરહને ધ્યાનમાં રાખીને રાજભોગની સેવાની પહોંચ લે છે અને અનોસરની સેવાની ભાવના પોતાનો અધિકાર ગ્રહણ કરી લે છે. આ રીતે શયન સંબંધી સેવા ચાલ્યા કરે છે અને આરતી પછી તરત જ ટેરો આવે છે કારણ કે એની આગલી સેવા પ્રતીક્ષારત ઊભી જ હોય છે એટલા માટે એનો વિરહ ધ્યાનમાં રાખીને સેવામાં તત્પરતા શબ્દનો પ્રયોગ છે. આટલા શબ્દ કહેવાનો આશય માત્ર એટલો જ કે ગોપીજનો અને શ્રી મહાપ્રભુજી અને શ્રી ગુસાંઇજી પણ પરમ સ્વતંત્ર હોવા છતાં સેવાને આધીન છે. જે સેવાને આધીન છે, શ્રી ઠાકોરજી એમને આધીન છે.

આપણી વૈષ્ણવ વાર્તાઓમાં જ્યાં પણ કોઈક ભાવથી પ્રભાવિત પ્રસંગ આવે છે ત્યાં સેવાની આધીનતા છે. પુષ્ટિમાર્ગમાં

જેને વિપ્રયોગ, વિરહાવસ્થા અથવા દશમ દશાનો અનુભવ જેને મળે છે. કહેવાવાળા કાંઈ પણ કહે, તે શ્રી કૃષ્ણથી નથી મળતું, નથી શ્રી કૃષ્ણ એનું દાન કરતા. આ સમસ્ત ભાવ દશા એ ભાગ્યશાળીને જ પ્રાપ્ત થાય છે જેનું ઇષ્ટ સેવા છે. જેવી રીતે સંપ્રદાયમાં શ્રીકૃષ્ણનું સ્વરૂપ છે. એ જ પ્રમાણે સેવાનું પણ સ્વરૂપ છે. ગુરુઘરમાં જઇને જે શ્રી ઠાકોરજીનાં દર્શન માટે જાય છે. એમાં જે સમજો તે વિચારો, બાકી સેવાનાં જ દર્શન છે. શ્રી ઠાકોરજીતો આપણા ઘેર પણ છે. આ સેવાની ભાવના અથવા સ્વરૂપનાં દર્શન જ્યારે કરવામાં આવે છે. ત્યારે આ સેવા આપણને શ્રી વલ્લભગૃહ અને શ્રી નંદરાયજીનાં ઘરની રીત છે અને એનું દર્શન દાન કરે છે. રસ આમાં છે. શ્રી ઠાકોરજી તો માત્ર પોતાનાપણાનું દાન કરે છે. એટલા માટે સેવા પણ પોતાની અંદર એક નિજી વિશિષ્ટ સ્વરૂપ છે. ઘણું સમજી વિચારીને શ્રી હરિરાયજી મહાપ્રભુજીએ પોતાના વિચાર પ્રગટ કર્યા, એમણે પોતાના ગ્રંથનું નામ 'सहस्त्र श्लोकी श्रीकृष्ण भावना' નથી રાખ્યું. એમણે ''સહસ્ર શ્લોકી'' સેવા ભાવના રાખ્યું. પુષ્ટિમાર્ગમાં જેટલો પણ પ્રગટ અને અપ્રગટ વિસ્તાર છે તે સેવાને કારણે છે. શ્રી કૃષ્ણે તો કહી દીધું કે, ''पत्रं, पुष्यं, फलं, तोयं यो मे भक्तया। प्रयच्छति।'' એટલામાં જ સંતુષ્ટ છે. પરંતુ સેવાસ્વરૂપ ઘણું બધું કરવાં છતાં પણ સંતુષ્ટ નથી. સ્વામી જેટલું પણ ઇચ્છે, સેવક એનાથી વધુ કરે. અને એને અલ્પ માને, ત્યારે જ સેવા આગળ વધશે. આ જ સેવોપયોગી ક્રમ છે. જે લોકો આશ્રય માંગે છે એ આશ્રયનો આધાર પણ આ પદ્ધતિથી છે.

◆



(સાભાર : શ્રી દાઊજી મંદિર, કલક્તા)

॥ ઉત્કંઠા - આરતી ॥

ભારતનાં મનિષીઓએ કયારે પણ ધર્મને અથવા ધર્માચરણને વિજ્ઞાન સાથે નથી જોડ્યું. અને ન તો વિરોધ કર્યો છે. કારણ વિજ્ઞાન બધું મળીને પ્રાકૃતિક પારદર્શકતાનું સૂચક છે. છતાં પણ ધર્મ એનાથી કોઈ અલગ વાત છે. એને સમજવા માટે આધ્યાત્મિક આંખોની જરૂર છે. એનાં (અધ્યાત્મમાં) પોતાની દૃષ્ટિથી અપ્રાકૃત અંતરવાળી વસ્તુઓને જોઇ શકો છો. અથવા એ નજરમાં રસવિશેષ અને આકર્ષણનું ચુંબક જ્યારે પ્રખર (મજબૂત) થાય છે તો એ જ અલૌકિક દૂરસ્થિત વસ્તુ તમારી (ભક્તોની) નજરની સામે મૂર્તિમાન બનીને ઉપસ્થિત થઈ જાય છે એ આધારે પુષ્ટિમાર્ગમાં બિરાજીત યાવન માત્ર સેવ્ય સ્વરૂપ નિત્ય સેવા અથવા વર્ષોત્સવમાં દર્શન દેનાર સેવ્ય નિધિ એ જ સ્વરૂપ છે. જે આપની દૃષ્ટિનાં આકર્ષણથી અપ્રાકૃત જગતને પીઠ દઇને આપનાં આ પ્રાકૃત જગતમાં પધાર્યાં. આ દૃષ્ટિને દર્શન કહેવામાં આવે છે.

આ દૃષ્ટિ પ્રાપ્ત થવાથી પ્રાકૃતિક રસ, ભક્તની ઇન્દ્રિયોથી વિરત થઈ જાય છે. ઉપરોક્ત કથનથી વિજ્ઞાન અને ધર્મમાં સૈદ્ધાંતિક દૂરી છે. કયારેક કયારેક ધર્મને અથવા ધર્માચરણને વિજ્ઞાનથી પ્રમાણિત કરવું એ અધ્યાત્મની સ્વીકૃતિ નથી. આવી શૈલીથી બચીને રહીએ તો, સારું છે.

પુષ્ટિધર્મનાં પથ પ્રદર્શક આદિ આચાર્યશ્રી વિષ્ણુ સ્વામિની પાસે પુષ્ટિમાર્ગ અદૃશ્ય થઈને લોકવ્યવહારથી ઓઝલ (અદૃશ્ય) થઈ ગયો હતો. તો આ જગતમાં વૈકુંઠ લીલાના વિસ્તાર ક્રમને આ જગતની ઉપર પોતાનું આધિપત્ય પ્રગટ કર્યું. અને ભારતીય સંસ્કૃતિ એવમ્ સંસ્કાર લાખોં વર્ષ એનાથી પોષિત થતા રહ્યા. આ બધા ક્રમનો ઉદ્‌ગમ સ્રોત રમા વૈકુંઠ રહ્યો હતો. જેને મર્યાદામાર્ગ, વેદમાર્ગ અને શ્રુતિમાર્ગ કહેવામાં આવે છે. અને એનાથી નિવૃત્તિની પ્રાપ્તિ થાય છે. આ માર્ગનું પ્રમુખ સ્વરૂપ ચાહે



વૈદિક માર્ગીય દેવનું પ્રાગટ્ય થાય તે દેવનું તેજોમય સ્વરૂપ હોય છે. એ જ તેજ-પુંજ જેનાં બધા દેવોની (રમા વૈકુંઠ અધિકારી છે અને નિવૃતમાર્ગના દાતા છે.) આધ્યાત્મિકતા અગ્નિસ્વરૂપ હોય છે. સૃષ્ટિનાં આદિકાળમાં આ અગ્નિ આરાધ્ય બની, એની આરાધનાનો ક્રમ યજ્ઞ થયો. આ યજ્ઞના અગ્નિનું સ્વરૂપ પોતાનામાં લૌકિક પારલૌકિક તમામ પ્રકારનાં મનવાંછિત ફળોનાં દાતાનાં સ્વરૂપમાં થયો. પ્રાચીન કાળમાં ભારતીય તપસ્વીઓની મનોકામનાઓ આ અગ્નિથી જ પરિપૂર્ણ થઈ. ભારતના ઋષિઓએ આ અગ્નિનાં માધ્યમથી કેટલાય પ્રકારના મંત્રોનું સ્વરૂપતઃ દર્શન કર્યું. આપણા જૂના ગ્રંથોમાં (પ્રાચીન) તે મંત્રો આજે પણ મોજુદ છે અને આપણે આજે પણ એ મંત્રોની સરાહના કરીએ છીએ. આ મંત્ર પણ અગ્નિ રૂપ છે. આ જ કારણ છે કે, આ મંત્રોની સાધના કરનાર વ્યક્તિ કોઇને કોઇ અગ્નિનો સહારો લે છે. ચાહે તે અગ્નિ યજ્ઞની હોય અથવા દીપક હોય (દીવો) ધૂપ-બત્તી હોય અથવા અગરબત્તી - ધૂપસળી માત્ર ઇશારો મંત્ર જાપ અને આરાધનામાં આ અગ્નિની સહાયતા માંગવાનો છે.

વર્ણાશ્રમ પદ્ધતિમાં ગાયત્રીથી દીક્ષિત વર્ણવાળાને આ અગ્નિની આરાધના નિત્ય હવનનાં રૂપથી કરવામાં આવી રહી છે. બ્રાહ્મણવર્ણ માટે આ અગ્નિ નિત્ય હવન માટે, તદુપરાંત આઠ પ્રકારના યજ્ઞ કરવા માટે પ્રેરિત કરે છે. (અગ્નિ હોત્ર, દર્શ, પૂર્ણમાસ, ચાતુર્માસ, પશુ, અગ્નિષ્ટોમ, બાજપેય, ઓમ) એનો અર્થ (નિષ્કર્ષ) એ થાય છે કે એક યજ્ઞથી અર્જિત પુણ્ય ફળ આગલા યજ્ઞની અગ્નિમાં સમાહીત કરવામાં આવે છે. સાતમા યજ્ઞ સુધી પાછલા છ યજ્ઞોની પુણ્યર્જિના અંતિમ યજ્ઞમાં સોંપવામાં આવે છે. આ સોમયજ્ઞમાં પુણ્યોને તૃપ્ત કરવા માટે અલૌકિક રસાયણ સોમવલ્લી પ્રગટ થાય છે. જે પોતાના મનસ્ચંદ્ર રસથી આ પુણ્યોને સંચિત કરીને અક્ષય (કદી સંપૂર્ણ ન થવાવાળી) બનાવે છે. આ પુણ્ય વૈકુંઠધામમાં અલૌકિક દીપ - મણિનાં રૂપમાં દર્શન આપે છે. આ પુણ્યોમાં કદીયે સમાપન ન થાય તેવી ભાવના છે. આ યજ્ઞોનું સોગણું પુણ્ય શ્રી પુરુષોત્તમ પ્રભુને ભૂતળ પર પોતાની સમસ્ત કળાઓની સાથેનું સુખ ભોગવવાનો વાયદો કરે છે - વચન અર્પે છે. આ પુણ્ય પુંજ વ્રજલીલા છે. ચાહે એને બરસાના કહો કે ગોકુળનું નંદાલય અથવા આચાર્ય શ્રી વલ્લભજીનું ઘર. અહીંયા સુધી મર્યાદામાર્ગનાં સ્થિત ધર્મ સમજ્યા, અને કેવી રીતે પુણ્ય પુંજ ભોગવવા માટે શ્રી પુરુષોત્તમ પ્રભુ ગૌલોકથી ભૂતળ પર પધાર્યા. કુલ મળીને અહીંયાં સુધી પ્રભુનો પ્રાદુર્ભાવ થવા સુધી, ગૌલોક લઇને ભૂતળ પર આવવાના પ્રભુનો સુંદર પ્રયાસ કોઈ ઇચ્છાબળથી પૂર્ણ નથી થયો. કોઈ તપોબળથી પણ પૂર્ણ ના થયો, પરંતુ આ યજ્ઞાદીપોનાં સ્વરૂપમાં બિરાજિત રામ અવતારનાં ઋષિમુનિ, એમાં પહેલાં ક્યારેય ઋષિ મુનિ એનાં સંચિત સુખોમાં રમણ કરવા માટે પ્રભુનું જે આગમન છે, ભગવાનના માટે ભક્તનાં ઘેર આવવામાં ભક્તની આરતી જ પ્રમુખ



કારણ છે. પોતાનાં ઘેર આરતીનાં માર્ગથી પધારીને બિરાજનાર પ્રભુને આ ભક્તોએ કૃપા માર્ગ બતાવ્યો છે. એ જ તો પુષ્ટિમાર્ગ છે. આ પુષ્ટિમાર્ગમાં આપના ઘેર આવવામાં પ્રભુનાં તરફથી આપની પ્રતિ (વૈષ્ણવોનાં પ્રતિ) એમની આરતી જ મુખ્ય કારણ છે. ભક્તોનાં ઘેર આવવા માટે પ્રભુનો ઉત્સાહ જ પુષ્ટિ કહેવાય છે.

યજ્ઞ યાગાદીનાં રસ્તેથી નિષ્ઠાવાન થઇને પ્રભુની તરફ સન્મુખ થવું, યજ્ઞ જેવા સાધનોને આધીન થવું, ભક્તનો પ્રયાસ મર્યાદા કહેવાય છે. મર્યાદામાર્ગમાં યજ્ઞની જે જ્યોતિ છે એ જ પ્રમુખ આરતી છે. પુષ્ટિમાર્ગમાં આપને મળવા માટે પ્રભુની આતુરતાભરી આરતી, એ જ પુષ્ટિમાર્ગ છે. અતઃ પુષ્ટિમાર્ગની સેવાઓમાં એની વિશિષ્ટતાઓમાં યજ્ઞની આરતી, વ્રજમાં 'આરતી' બનીને આવે છે. જ્યારે એમાં વ્રજગોપીઓનું અંગ રંગ રસ સત્સંગના રૂપે મળે છે, તો આ જ આરતી પોતાના પુરુષોત્તમ સમક્ષ વિવિધ સ્વરૂપ અને આકૃતિ લઇને શ્રી સન્મુખ પ્રગટ થાય છે. ગોપીજન આ આરતીને હાથમાં લઇને એ જ સુખને તોલીને હૃદયમાં રાખે છે. ગોપીજન જાણે છે કે, કૃષ્ણ સેવામાં જ સાચું સુખ છે.

ઉત્કંઠા : જેવી રીતે કોઈ મનુષ્યની સામે અદૃશ્ય રહસ્ય છે. ભલે એ આપણાને નજરે ના ચઢે, પરંતુ જે રહસ્ય છે તે તો નિશ્ચિત છે. એ જ પ્રમાણે રસગ્રંથમાં નાયક - નાયિકાભેદમાં જેટલી નાયિકા છે. જેમાં આ અદૃશ્ય નાયિકા 'ઉત્કંઠા' છે. એ નજરે નથી ચઢતી, પણ અનુભવમાં જરૂર આવે છે. એ શબ્દનો અર્થ છે 'ઉત્કર્ષ' (વિશેષતા), કંઠ શબ્દનો અર્થ છે ભાવાત્મકતા (ભાવાત્મક કંઠની વિશેષતા) - (લૌકિક ચર્ચાઓથી રહિત કંઠ), ઉત્કંઠાનો અર્થ થાય છે. આ વિશેષતાનું તાત્પર્ય કીર્તનથી છે. અષ્ટછાપ કવિઓએ જ્યારે કીર્તન ગાયાં હતાં. અને એમની ગાયકી ઉપર જ્યારે શ્રી ઠાકોરજી રીઝયા હતાં એ સમયે એ ગાયકોનાં કંઠ - સ્વર, ઉત્કંઠા નાયિકાનાં સ્વરૂપમાં હતાં. ત્યારે તો ગોવિંદસ્વામીનાં ફાલ્ગુન (ફાગણ) માસમાં ધમાર ગાતા ગાતા વચ્ચે રોકાઈ જવાથી - અટકી જવાથી, શ્રી ગુસાંઇજીએ પૂછ્યું - કે, ''ગોવિંદ ગાઓ'', તો એમણે કહ્યું કે, ''કહા ગાઉ, ધમાર ભાજ ગઈ!'' જેમ કે ધોંધી જ્યારે, કીર્તન કરી રહ્યા હતા ત્યારે શ્રી નવનીતપ્રિયાજી કર કમળોથી તાલ દેવા માંડ્યા.

ઉપરોક્ત બંને ઉદાહરણોમાં કંઠની ગાયકીનું રહસ્ય નથી. આ તો અદૃશ્ય અને ઉપસ્થિત રસભેદની માલિક ઉત્કંઠાની નાયિકાનો રસ છે. આ રસ આપણા ઘેર સેવ્ય સ્વરૂપ બનીને બિરાજમાન છે. જેમાં આ કીર્તનકારોએ પૂછ્યું છે, એ કયું કારણ છે? કયો રસ છે અને કયું રહસ્ય છે, એ બતાવો.

પ્રશ્ન :''કૌન રસ ગોપીન લીનો ઘૂંટ, જીન ગોપાલ કિયે બસ અપને, પ્રેમ કામકી લૂંટ.''

ત્યારે શ્રી નવનીતપ્રિયાજીને પોતાની ગાયકીમાં તાલ દેવા માટે વશમાં કરવાનો જ ઉત્કંઠા રસ હતો. એવો રસ કૃષ્ણ ગુણગાન માટે, ગોપિયોના કંઠમાંથી પળેપળે પ્રગટ થતો રહ્યો છે. આ રસને કારણે, ''જીન ગોપાળ કિયે વસ, અપને પ્રેમ કામકી લૂંટ.'' અહીંયાં જ્યારે પ્રેમની લૂંટ થઈ તો નંદાલયની, વ્રજની ગલીઓની, વનની લીલાઓ પ્રગટ થઈ અને જ્યારે કામની લૂંટ થઈ ત્યારે, રાસ રસ અને નિકુંજની લીલા પ્રગટ થઈ. એમાં આરતીની જ ઉત્કંઠા પ્રધાન રહસ્ય છે.

આપણે ત્યાં બ્રહ્મસંબંધ મંત્રમાં આ કહેવાયું છે કે, ''હું હજારો વર્ષોથી વિખૂટો પડ્યો છું.'' જ્યારે ભગવાને ગીતામાં કહ્યું છે કે, ''**ममैवांशो जीवलोके जीवभूतः सनातनः**''(૧૫/૭) આ જીવ મારું જ સ્વરૂપ છે. તો કેવી રીતે મનાય, કે હજારો વર્ષથી વિખૂટો પડેલો છું. બીજી તરફ બ્રહ્મ સર્વ વ્યાપક છે. અને એક જ છે. જ્યારે તે બ્રહ્મ સર્વત્ર અને સર્વવ્યાપક છે તો જીવ એનાથી અલગ ક્યાં રહી ગયો? જીવ અને બ્રહ્મ સદૈવ સાથે જ છે, પરંતુ જ્યારે આપણે કહીએ છીએ કે, હજારો વર્ષોથી હું વિખૂટો પડેલો છું. આ એ જ જીવ, જેણે પહેલા જન્મોમાં યજ્ઞસંબંધી દૈવી સ્વભાવથી કર્મ કર્યા અને અગ્નિરૂપ તેજ પુંજમાં કૃષ્ણાર્પણ કર્યા. એવા સોમયજ્ઞ સામાન્ય જીવથી હજારો વર્ષોમાં પૂર્ણ થયાં. ત્યારે પ્રભુ આ જીવોને ત્યાં સેવા સ્વીકાર કરવા માટે પધાર્યા. આ પ્રભુની ઉત્કંઠાવાળી ક્ષણ જોઇને જીવે કહ્યું, અહી મારો હાથ પકડવા માટે એવા કૃપામય ઉત્કંઠીત સ્વરૂપથી હજારો વર્ષોથી વિખૂટો પડેલો છું.

બ્રહ્મ તો સર્વત્ર છે. આ આશયને છોડીને ઉત્કંઠીત આરતી યુક્ત, સેવ્ય શ્રી કૃષ્ણનું સ્વરૂપ, વ્રજગોપીઓ પાસેથી ઉદ્ધવજી જ્યારે સમજ્યા ત્યારે એમણે બ્રહ્મનો આગ્રહ છોડ્યો અને ચરણરજ શિરોધાર્ય કરીને વ્રજવાસની ભાવના ઉદ્ધવે સ્વીકારી. કારણ કે જન્મોજન્મ આપણી સેવા સ્વીકાર કરવા માટે આરતી પ્રધાન છે. બ્રહ્મભાવ પ્રધાન નથી. 卐



॥ આરતી મંગલ સૂચક અને સૌભાગ્ય સૂચક ॥



આપણા માર્ગમાં જે આરતી કરવામાં આવે છે તે આરતી બે રીતથી વિચાર કરવા યોગ્ય છે. એક સૌભાગ્ય સૂચક અને એક મંગલ સૂચક. વ્રજમાં સેવા કરવાવાળી ગોપીઓની વિચારધારા બે પ્રકારની છે. જે શાસ્ત્રકારોએ સેવામાં ઉપયુક્ત (ખરી) માની છે. એક માતૃભાવની સેવા અને એક સ્વામિનીભાવની સેવા. માતૃભાવની સેવામાં આરતી મંગલ સૂચક છે અને સ્વામિનીભાવમાં આરતી સૌભાગ્ય સૂચક છે. આ મંગલ સૂચક આરતી નંદાલયની નિત્યની રીતમાં છે. સૌભાગ્ય સૂચક આરતી મનોરથોમાં આવે છે. ઉત્સવોમાં બંનેનું પ્રમાણ મળે છે. કેટલાક મનોરથોમાં બંનેનાં પ્રમાણ મળે છે. આમ તો કુનવાડા, છપ્પનભોગ વગેરેમાં બે આરતી થાય છે જ્યાં બંને ભાવ હોય છે. શ્રીસ્વામિનીજી ભાવની આરતીમાં ત્રણ વિચારધારા છે. કોઈ સમયે આરતી શ્રીસ્વામિનીજીના ભાવથી થાય છે. ક્યારેક આરતી શ્રીસ્વામિનીજી સ્વરૂપ શ્રીમહાપ્રભુજીના ભાવથી થાય છે, કોઈ જગ્યાએ આરતી શ્રીસ્વામિનીજી સ્વરૂપ ચંદ્રાવલીજીના ભાવથી થાય છે.

નંદમહોત્સાવની આરતી ગોપીજનોના ભાવની છે. કારણ કે યશોદાજી તો સુવાવડમાં છે, એટલા માટે જે બધું કાંઈપણ થયું છે તે ગોપીજનોનું છે. આ લીલા બહાર જગતમાં શ્રીમહાપ્રભુજીએ પ્રગટ કરી છે, એટલા માટે બીજી આરતી શ્રીસ્વામિનીજી સ્વરૂપ શ્રીમહાપ્રભુજીની છે. કારણ કે મુખ્ય સ્વામિનીજીને મળવાનું તો ત્યાર પછીથી થશે. એટલા માટે સેવામાં આખા વર્ષની અંદર કેટલાક ઉત્ત્સવ શ્રીગુસાંઈજીની આજ્ઞાથી પ્રારંભ થાય છે. કુનવાડા, છાક, અધિકી સામગ્રી, વગેરે આ ઉત્સવોના સમયની આરતી ચંદ્રાવલીજી સ્વરૂપ શ્રીગુસાંઈજીની છે. વિસ્તાર ભેદના કારણે કંઈ કહેવાની જરૂરત નથી, શ્રીગુસાંઈજીના સાત બાલક પણ ચંદ્રાવલીજીની સાથેની અન્ય સાત ગોપીજન છે એમના જ ભાવ સ્વરૂપ સાત બાળક છે. એટલા માટે શ્રીગુસાંઈજી એ પ્રગટ સાત સ્વરૂપની સેવા પોતાના પુત્રોને આપી, તે નિકુંજાધિકાર માનીને નિકુંજનાયક સાત સ્વરૂપ પધરાવ્યા. હવે સાત ઘરોમાં ઘણા બધા ઉત્સવોની અલગ અલગ પ્રણાલીકા છે. એ દિવસની આરતી શ્રીગુસાંઈજીના સાત પુત્ર જે શ્રીચંદ્રાવલીજીથી અતિરિક્ત સાત ગોપીઓના ભાવરૂપ છે, તે આરતી આ ગોપીજનોની છે. આ વાત ઘર ઘરની ઉત્સવ પ્રણાલીકાથી સમજમાં આવી શકે છે. 卐

ભાવ નિર્દેશન : શ્રી શ્રી ૧૦૮ ગો. શ્રી શરદકુમાર મહારાજશ્રી, મથુરા

॥ નિકુંજમાં આરતી ॥

નિકુંજમાં આરતી થતી નથી, કારણ કે ત્યાં નિત્ય સંયોગ છે. આરતીની જરૂરત (વિધાન) ત્યાં જ હોય છે જ્યાં સેવક અને પ્રભુના સંબંધમાં કયારેક કોઈ અંતરાય આવ્યો હોય, ત્યાં આરતી આવે છે. નિકુંજમાં અંતરાય નથી, ત્યાં નિત્ય સંબંધ છે. નિકુંજ નાયિકાઓ દ્વારા કયારેક નિકુંજનાં સુખોનું વર્ણન, નિકુંજમાંથી બહારની સખીઓને સાંભળવા મળે છે, અને તેઓએ સાંભળેલાં વર્ણન અનુસાર નિકુંજના મનોરથ કરે છે. જે આ સખીઓએ નિકુંજ નાયિકાઓ પાસેથી, નિકુંજના વિષયમાં નિકુંજની બહાર સાંભળી છે. તો તેની વિયોગજન્ય દશાને વશીભૂત થઇને મનોરથની આરતી કરે છે.

મનોરથની આરતી બે વાર થાય છે - પહેલી આરતી સમયાનુકૂલ સેવાની દૃષ્ટિએ થાય છે. બીજી આરતી નિકુંજના મનોરથની થાય છે. તે આરતી જે બીજી થાય છે. તે શ્રી ઠાકુરજીની ન હોય મનોરથની હોય છે. કારણ કે મનોરથમાં અને શ્રી ઠાકુરજીમાં અંતર નથી હોતું. મનોરથની સામગ્રીનાં દર્શન થાય છે, પરંતુ સામગ્રી સરાવીને દર્શન ખોલવાનો નિયમ છે. અને મનોરથમાં કોઈ એકાદ મનોરથ છોડીને સામગ્રીયુક્ત શ્રીનાં દર્શન થાય છે. કારણ કે સામગ્રી પણ ભગવત્ સ્વરૂપ છે. જે રસ શ્રી ઠાકુરજીમાં બિરાજમાન છે તે જ રસ શ્રી ઠાકુરજીએ સામગ્રીમાં સ્થાપિત કર્યો છે. આ રસની પ્રધાનતાના કારણે સામગ્રી રસરૂપ છે અને રસરૂપ પ્રભુનું સ્વરૂપ છે. આ જ કારણ છે કે રસાત્મક આ પુરુષોત્તમનું સ્વરૂપ અને એમનો મનોરથ કરવાના અધિકારી પુષ્ટિમાર્ગીય શ્રીવલ્લભકુલ આચાર્ય જ હોય છે. વૈષ્ણવોને નિકુંજના મનોરથો પોતાને ઘરે કરવાનો અધિકાર નથી. જ્યારે શ્રીઠાકુરજીની આરતી થાય છે, ત્યારે કોઈ ખાસ મનોરથને છોડીને સમયાનુકૂલ મનોરથમાં પહેલી આરતીમાં આર્યા બોલવામાં આવે છે. બીજા મનોરથની આરતીમાં જે સામગ્રીની આરતી થાય છે તેમાં આર્યા બોલવામાં આવતા નથી. નિકુંજના મનોરથોમાં સામગ્રી સહિત જ્યારે શ્રી ઠાકુરજી દર્શન આપે છે તે સમયે શ્રીઠાકુરજી રસો વૈ સઃ હોય છે. અને તે સમગ્રી ''રસમલધ્વાહી ભી એવાનંદી ભવતી'' કૃષ્ણરુપ રસને પ્રાપ્ત કરીને સામગ્રી આનંદયુક્ત થાય છે. એટલા માટે સામગ્રીની ઉપર સોના અને ચાંદીના વરખ ધરાવવામાં આવે છે, આ સામગ્રી આનંદરૂપ છે. અને આ સામગ્રીરૂપ મનોરથની આરતી કરવામાં આવે છે, ત્યારે ન્યોછાવર થાય છે. આનો અર્થ થાય છે કે આ શોભા ઉપર લક્ષ્મી ન્યોછાવર થાય છે.

આના સિવાય મંગલા - રાજભોગ - સંઘ્યા આરતી અને શયનમાં જે સહજ આરતી થાય છે તે યશોદાજી અને રોહિણીજી



દ્વારા નંદાલયની અધિકૃત સેવાની આરતી છે. આ અધિકૃત આરતીમાં વ્રજગોપીઓ ઘંટાનાદ અને ટકોરાનો ધ્વની પ્રગટ કરે છે. આ નાદ દ્વારા આ સહાયક સેવિકાઓ પોતાનાં અન્ય ગોપીજનોને આ સુખ તેમના ઘરે પહોંચાડે છે. ઘંટનાદ અને ટકોરાના ધ્વની દ્વારા, જે ગોપીઓ પોતાના ઘરમાં કૃષ્ણ ચિંતન કરતી કરતી પોતાની સુધબુધ ભૂલી ગઈ છે. અંતરયામી સ્વરૂપ આપણા શ્રીઠાકુરજી આ ગોપોઓનો તાપ ક્લેશને દૂર કરવાને માટે શબ્દ બ્રહ્મ બનીને ઘંટાનાદ અને ટકોરાના શબ્દના બહાને તેમનાં હૃદયમાં પ્રવેશ કરે છે. અને આ ધ્વનિને સાંભળીને જ ગોપીઓ પોતાની મૂર્છાથી, તાપક્લેશથી નિવૃત્ત થઈને સેવાપરાયણ અને સાવધાન થાય છે.

આ ગોપીઓની આ મૂર્છાને દુર કરવાને માટે આરતીની આર્યા રસમંત્ર છે. જેવી રીતે કોઈ રોગીને રસાયણ (દવા) આપે છે. અને તેમનો રોગ દૂર કરે છે. ઠીક આવી જ રીતે આરતીમાં બોલવામાં આવતી આર્યા રસાયણનું કામ કરે છે. અને અસમર્થ ગોપીઓને સેવા અને અવસર પ્રદાન કરાવે છે.

ક્યારેક ક્યારેક આરતી આ જ નિધિ ઘરોમાં ભીતરમાં થાય છે. એનાં બહાર દર્શન નથી કરાવવામાં આવતા, કારણ કે વનમાં દિવસ આખો રમીને, ગાયોની પાછળ ચાલીને શ્રીઠાકુરજી થાકેલા હોવાને કારણે માતા યશોદાજીની ગોદીમાં દૂધ પીતા પીતા સૂઈ જાય છે. અને જે ગોપીઓ દર્શન કરવા માટે આવે છે, યશોદાજી એઓને દર્શનની આજ્ઞા આપતા નથી. અને યશોદાજી ચૂપચાપ ભીતરમાં નિત્યની રીતની અનુસાર આરતી કરીને પોઢાવી દે છે. આ શ્રમ ભરી નિદ્રાને કારણે, શયન સેવાના કોઈ એક ક્રમમાં મૃદંગ વગાડવાની રીત નથી અને ઝાંઝ પણ વગાડવામાં આવતા નથી.

નિજ મંદિરમાં નંદાલયના ભાવથી જ્યારે આરતી કરવામાં આવે છે. એ આરતીના પ્રકાશમાં ચરણારવિંદથી મુખારવિંદ પર્યંત પ્રભુની એકે એક આભાનાં દર્શન થાય છે, પરંતુ નિકુંજમાં આ આભાનાં દર્શન થતાં નથી. કારણ કે...

न त द्भासयते सूर्या न शशां को न पावकः।।
यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम ।। (गीता-१५-१६)

આ નિકુંજ પ્રભુને પોતાના નિજધામ માત્ર સ્વયં પોતાને જ રહેવાનું સ્થાન છે. અહીં પ્રભુ સ્વયં પ્રકાશમાન છે. અતઃ સ્વરૂપ ક્રાંતિથી જ નિકુંજમાં પ્રકાશ કરે છે, ન કે સૂર્ય - ચંદ્ર અથવા અગ્નિથી. જેને જગતથી અને માયાથી અલગ કહીએ છીએ તે ભગવાન આ નિકુંજમાં છે. અને જગત તથા માયાનાં સાધનોથી દૂર સર્વતંત્ર - સ્વતંત્ર પ્રભુ પણ આ જ છે.



શ્રીવલ્લભાચાર્યજીના શદ્ધ અદ્વૈત સિદ્ધાંતપોષક પ્રભુ પણ આ જ છે. નંદાલયના કૃષ્ણ, પૂતના પય:પાન કરે છે. જે પૂતના અવિદ્યા છે. એની સાથે સંબંધ રાખે છે. એટલા માટે ભગવાન અધીત (ભણેલા ગણેલા) વ્યક્તિઓને માટે સેવ્ય સ્વરૂપ ન બનીને શાસ્ત્રાર્થનો વિષય બની જાય છે. આ વિવાદથી દૂર તો ફક્ત આ નિકુંજનાયક જ છે. જેને આપણે નિકુંજ નાયક કહીએ છે, તે નિકુંજ ગણત્રીમાં (સંખ્યામાં) ફક્ત બાર (૧૨)ની જ છે. એક એક નિકુંજમાં નવ-નવ સખી છે, અને ત્રણ નિકુંજો ઉપર અધિકાર રાખીને તામસ - રાજસ - સાત્વિક ભાવનો માર્ગ છે. અહીં ત્રણ ગોપીજન અલગ છે. ભીતરની નવ (૯) ગોપીજન નિર્ગુણ છે. બારને નવથી ગુણાકાર કરવાથી કુલ ૧૦૮ 'શ્રી' થાય છે. અહીં 'શ્રી' શબ્દ અંતરંગ ગોપીજનોના ભાવરૂપ છે. અને બારની તામસ - રાજસ - સાત્વિક ભાવની ત્રણ 'શ્રી' રૂપ ગોપીજન મેળવીને કુલ ૧૧૧ 'શ્રી' થાય છે. નિત્ય રીતની સેવા પછી અનવસરમાં પુષ્ટિમાર્ગીય આચાર્ય બાલક આ જ ૧૧૧ ભાવરુપ 'શ્રી'થી જોડાયેલા રહે છે. એટલા માટે આપને 'શ્રી શ્રી ૧૦૮ શ્રી' કહીએ છીએ. કેટલાક 'શ્રી શ્રી ૧૦૦૮ શ્રી' કહે છે, તો તે તેમની બોલવાની પોતાની અંગત અનધિકૃત સ્વતંત્રતા છે. અને આ સંપ્રદાય સંમત નથી.

૧૧૧ 'શ્રી'માં ૧ નો આંકડો ત્રણવાર આવે છે અને આરતીના ત્રણ ખંડ હોય છે. આ ત્રણે ખંડ આ ૧ (એક)ના અંક્નું સ્વરૂપ છે. પહેલો ૧ (એક) વાળો આંકડો (અંક) ''કૃષ્ણાવતાર''નું સ્વરૂપ છે. જેમાં એક્લા ''શ્રી વાસુદેવની બધી લીલા છે. બીજો ૧ (એક) વાળો આંકડો ''રામાવતાર''નું સ્વરૂપ છે, જેમાં એકલા મર્યાદા સંમત બધી લીલા છે. ત્રીજા ૧ (એક) વાળો આંકડો ''વામન અવતાર''થી સંબંધિત છે. જેમાં એક્લી શ્રીવામન ભગવાનની જીવોને પોતાના તરફથી પહોંચાડવાની બધી લીલા છે.

એટલા માટે પુષ્ટિમાર્ગના આચાર્ય ૧૧૧ 'શ્રી' સહિત (યુક્ત) છે.

શ્રી + શ્રી = ૨ + ૧૦૮ = ૧૧૦ + ૧ શ્રી = ૧૧૧

''શ્રી શ્રી ૧૦૮ શ્રી'' = ૧૧૧ નિકુંજની 'શ્રી'

* * *



॥ આરતી - ભાવસ્વરૂપ - પ્રણાલી ॥

શ્રીવલ્લભ કુલમાં જે સેવા છે તેમાં શ્રીમહાપ્રભુજીના સમયની સેવા પરિકરની જે ખાસ જાણકારી છે તે શ્રીવલ્લભકુળની પાસે જ છે. તે જાણકારીને પ્રગટ કરવી અથવા ના કરવી તે તેઓના સંકલ્પ ઉપર નિર્ભર છે, પરંતુ શ્રી ગુસાંઇજીના સમયની જે કાંઈ પણ છે તેની જાણકારી શ્રીવલ્લભકુળના ઉદાર ચિત્તથી તેને બાંટી છે. શ્રીગુસાંઇજીના સમયમાં, હવેલીમાં સેવક અને ટહેલવા હતા. કારણ કે સેવાના મુખ્ય અધિષ્ઠાતા શ્રીગુસાંઇજી સદા સેવામાં તત્પર રહેતા હતા અને યદા - કદા જીવો ઉપર કૃપા કરવા માટે પ્રવાસ કરતા હતા. ત્યાર પછી સમયનો દોષ જગતની ઉપર વધારે પ્રભાવશાળી થયો તેની સાથે જીવોમાં દોષની વૃદ્ધિ થઈ. તેવા જીવો ઉપર કૃપા કરવાને માટે ગોસ્વામી બાલક વધારે પ્રવાસમાં પધારવા લાગ્યા. બાલકોના આ પ્રવાસને આપણે બધા, બાલકોની કોઈ અર્થ લાભથી જોડીએ છીએ. આ બુદ્ધિમાનોની પણ આપણી ભૂલ છે - વાસ્તવમાં તો આપણે બધા જીવો ઉપર કૃપા કરવાને માટે જ આપ પધારે છે. જેવી રીતે વૈષ્ણવોના મતાનુસાર - વિચારધારા છે કે શ્રી ગોપીનાથજીના સમયમાં સંપ્રદાયને વ્યાવહારિક જ્ઞાનનાં પુસ્તકો (ગ્રંથો) લુપ્ત થઈ ગયા, ઠીક આવી જ રીતે ગોસ્વામી બાલકોનું આપણા નગરમાં (શહેરમાં) પધારવું અને આ વાતને ધનાગમની સાથે જોડવું, આ જોડવાવાળાઓનું વિલુપ્ત (ભૂલાઈ ગયેલું) (ખોવાઈ ગયેલું) જ્ઞાન છે.

એક વાર્તા છે, પ્રમાણ નથી છતાં વાત સાચી છે. ઘણા બધા વિખૂટા પડી ગયેલા જીવોની યાદ શ્રી ઠાકુરજીને આવી, ત્યારે શ્રી ઠાકુરજીએ વિચાર્યું કે આ જીવોની ઉપર કેવી રીતે કૃપા કરી શકીએ, ત્યારે આપની સેવામાં પધારેલા બાલકોને આજ્ઞા કરી, અમુક અમુક ગામમાં અમુક અમુક જગ્યાઓ પર, આવા આવા અને આટલા જીવો છે. આપ ત્યાં જાઓ (પધારો) અને તેઓને અહીંયા લઈને આવો. ત્યાં ઉપસ્થિત ગોસ્વામી બાલકોએ શ્રી ઠાકુરજીને ફરીથી વિનંતી કરી, ''જો રાજ, આ સંભવ નથી, અમો આપની સેવા છોડવા માટે અસમર્થ છીએ, અતઃ આપ ક્ષમા કરો.'' યથા સમયે શ્રી ઠાકુરજીએ એક ઉપાય જતાવ્યો (બતાવ્યો), ''આપ, અમારી સેવામાં આપના જેવા પ્રતિનિધિ રાખીને, તે દૈવી જીવોની શોધ કરીને કૃપા કરો, ત્યારે જ અમારો વિરહતાપ (દુઃખ) દૂર થશે.'' ત્યારે ગોસ્વામી બાલકોએ તે બધા જીવોની શોધ માટે પોતાના સેવકોને મોકલ્યા અને યથા સમયે તેઓની

પાછળ પાછળ પોતે પણ પધાર્યા.'' શ્રી ઠાકુરજીની આજ્ઞા લઈને ગોસ્વામી બાલક શ્રીઠાકુરજીને સમજાવીને ગયા કે અમારી પાછળ આપની સેવામાં આ અમુક મુખ્યયાજી છે, મુખ્યયાજીથી બન્યા મુખિયાજી, યાજી કહેવાય છે યજ્ઞ કરવાવાળાને.

શ્રીવલ્લભકુળમાં જે અગ્નિ હોય છે તેમનામાંથી કોઈ સજાતી જ યજ્ઞ કરી શકે છે. અન્ય જ્ઞાતા અથવા વિદ્વાન પણ નથી કરી શકતો. જ્યારે અમો આપની સેવામાં હોઇએ છીએ ત્યારે યથા સમય યજ્ઞ નથી કરી શકતા, ત્યારે અમારે ત્યાં આ જ મુખ્યયજ્ઞ કરે છે. આજ મુખ્ય યાજી જે યજ્ઞ કરે છે, તેઓ હવેથી અમારા પ્રવાસના દિવસોમાં આપની સેવા કરશે.

હવેથી ગોસ્વામી બાલક ભૂલા - ભટકેલા જીવોની ઉપર કૃપા કરવાને માટે શ્રી ઠાકુરજીની આજ્ઞાથી પ્રવાસમાં પધારે છે. આપની આ કૃપાકોરની કયાં સુધી સરાહના કરી શકીએ. જો આ કથાનકમાં (વાર્તામાં) યત્કિંચિત પણ મન લાગી જાય તો એ શ્રીહરિરાયજી મહાપ્રભુજીનો વિલુપ્ત (ભુલાઈ ગયેલો) પ્રસંગ છે. જેમાં આપશ્રીએ શ્રીગોવર્ધનનાથજીની સેવા છોડી, ચાચા હરિવંશજીને આગળ મોકલ્યા, દૂર દૂરનો પ્રવાસ કર્યો, બ્રહ્મસંબંધ દીધા, વૈષ્ણવોને મળ્યા, 'બલિહારી ઇન વલ્લભીયનકી', પદને યાદ કરો. અમે જે આ વાત કહી તે, શ્રીઠાકુરજીએ આજ્ઞા કરી કે, ''ભટકે હુએ જીવ દુઃખી હૈ, ઉન પર કૃપા કરો.''

વૈષ્ણવ મંડલીમાં ક્યાંક દૂર અવૈષ્ણવ બેઠેલા હતા, ત્યાં અગાડી આ વૈષ્ણવોનો, ભગવદ્મંડલીનો આનંદ જોઇને, અવૈષ્ણવ આ આનંદથી વંચિત રહેવાનું દુઃખ ભોગવી રહ્યા હતા. ત્યારે તુરંત શ્રીઠાકુરજી આપ સ્વયં, તે ભગવદ્ મંડલીમાં વહેંચતી વખતે નીચે પડેલા પ્રસાદની કણિકાઓને શ્રીઠાકુરજી વીણીવીણીને તે અવૈષ્ણવોની તરફ ફેંકી રહ્યા હતા. આ લીલા પ્રત્યક્ષ શ્રીહરિરાયજીએ પોતાની આંખોથી જોઈ અને કહ્યું, ''બલિહારી ઈન વલ્લભીયન પર, અપને તનકો કરો બિછોના, શિશધરોં ઇન કે પાયન તર.'' કદાચ અહીંથી, આપના સમયથી મુખિયાજી અને ભીતરિયાજીનો સ્થાયી ભાવથી રાખવાની પ્રણાલી શરૂ થઈ.

મુખિયાજીની સમાનતા શ્રીવલ્લભકુળના બાલકથી થવા નથી પામી, કારણ કે પ્રમુખ યજ્ઞ કર્તાને સેવામાં નિયુક્ત કર્યા, યજ્ઞ કરનાર ક્રિયાપ્રધાન હોય છે. સેવામાં પણ આ મુખિયાજીની પાસે કોઈપણ વિષયનું ક્રિયાજ્ઞાન વધુ હોય છે. ભાવસ્વરૂપ તો બાલકો પર છે.

શ્રીઠાકુરજીની આરતી કરવાના સમયે ગોસ્વામી બાલક નિજ મંદિરની મધ્યમાં ઊભા રહીને શ્રીઠાકુરજીની સામે આરતી કરે છે, કારણ કે જો શ્રીવલ્લભ બાલક છે. તે શ્રી યશોદાજીનું જ સ્વરૂપ છે. એટલા માટે પોતાના બાલકની આંખોમાં આંખ મેળવી શકે છે (પરોવી શકે છે) અને જે મુખિયાજી છે તે ગોપીઓનું સ્વરૂપ છે. તો તેઓ થોડા આડા (ત્રાંસા શ્રીજીની જમણી તરફ ઊભા રહીને) થઈને આરતી કરે છે. ગોપીભાવ છે એટલા માટે ત્રાંસી (તીરછી) નજરે જુએ છે. ગોસ્વામી બાલકોનો માતૃભાવ છે એટલા માટે સીધી નજર મેળવે છે. ગોસ્વામી બાલક અથવા મુખિયાજી, જે પણ આરતી કરશે તે સ્ત્રી ભાવાપન્ન થઈને આરતી કરશે અને સાથોસાથ છપાયેલી - ચિત્રિત કરેલી કિનારીવાળા ઉપરણા ઓઢીને આરતી કરશે અને ગોસ્વામી બાળકો શ્રીહસ્તમાં કંગન પહેરીને, ધારણ કરીને આરતી કરે છે. મુખિયાજી ઉપરણો ઓઢે છે, કંગન ધારણ કરતા નથી, પરંતુ એ કંગનોની આજ્ઞા લે છે અથવા ચરણસ્પર્શ (કંગનના) કરીને આરતી કરે છે. આ બધો મુખિયાજીનો પ્રકાર, આરતી કરવાનો નંદાલયની સેવા સુધી જ છે. નિકુંજની પ્રણાલીમાં ગોસ્વામી બાલકોનો જ સેવા અધિકાર છે, અન્ય કોઈને આરતી પ્રાપ્ત થતી નથી. 卐

॥ મંગળા આરતી ॥



પૂર્વાનુમાન (પૂર્વ પીઠકા) શાસ્ત્રોમાં કહ્યું છે, જ્યારે ભગવાન શયન કરે છે. ત્યારે પોતાની તમામ શક્તિઓને સમેટી લે છે. શક્તિઓને સમેટવાથી જગતમાં જડ-ચેતન બધાંનો પ્રલય થાય છે. અત્યાર સુધી જે ભક્તોએ જે પણ સેવા-પૂજા કરી, એમાં પૂજાવાળા ભક્તો આગલી સૃષ્ટિમાં જન્મ લેશે, અને પૂજા કરશે. તેઓ પ્રલયકાળમાં ભગવદ્ ઇચ્છાનાં અધિકારી છે.

પુષ્ટિમાર્ગમાં શ્રી ઠાકોરજી નિજ્જન પાલક છે. અહીંયા પુષ્ટિ સેવકોના (શયાના સહ: શક્તિભી)નાં અનુસાર પ્રલય નથી થતો આખી દુનિયાનો પ્રલય થવા છતાં પણ શ્રી ઠાકોરજીને પુષ્ટિસેવક મંદિરવસ્ત્ર ઉપરાંત જગાડે છે અને એજ સેવકો માત્ર પ્રલયથી બચીને કૃષ્ણસેવા કરે છે. આ મંગળકાર્ય થવાથી પુષ્ટિમાર્ગમાં કૃષ્ણ સેવાનાં શ્રી ઠાકોરજીને જાગવાનાં સમયે થતી સેવાનું નામ મંગળા છે. અન્યથા એનું નામ જાગવાના કારણે જાગરણ સેવા હોવું જોઇએ. સંપ્રદાયના આચાર્યોએ મંદિરવસ્ત્રનાં સમયે ''અંતઃકરણ પ્રબોધ''નું ધ્યાન અથવા પાઠ બતાવ્યાં છે. અંતઃકરણનો પ્રબોધનું રહસ્ય છે, ''कृष्णात् परं नास्ति दैवं वस्तुतो दोषवर्जितम्'' તો ''कृष्णात् परं नास्तिदैवं'' આ અટલ વિશ્વાસ શ્રી કૃષ્ણની મંગળાની સેવામાં અધિકાર આપવાવાળો છે. એ અર્થમાં મંગળા છે.

મંગળાના સમયે શ્રીકૃષ્ણ પરક અને શ્રી રાધા પરક સંબંધી તમામ ગોપીઓ પ્રાયઃ પ્રાયઃ આવે છે. શ્રી ગુસાંઇજીએ પરમાનંદજી દ્વારા આરતીનાં પદ ગવડાવ્યાં, શ્રી ગુસાંઈજી એ આ પદ પહેલા સ્વયં ગાયા છે. અને અષ્ટછાપ વાળા પાસે ગવડાવ્યાં છે. જેવી રીતે વેદવ્યાસજીએ શ્રીમદ્ ભાગવત્‌નો શ્રુતિસાર શ્રી શુકદેવજીનાં હૃદયમાં સ્થાપિત કર્યો. એજ પ્રમાણે મંગળાનો આ શ્રુતિસાર શ્રી ગુસાંઇજીએ પરમાનંદદાસજીનાં હૃદયમાં સ્થાપિત કર્યો. આ પદમાં ખાસ વાત એ છે કે શ્રીકૃષ્ણનાં બાર અંગમાંથી પ્રગટ બાર વ્રજગોપીઓ અને શ્રી રાધાનાં અંગથી પ્રગટેલ બાર વ્રજગોપીઓ, કુલ ચોવીસ ગોપીઓ, શ્રી ઠાકોરજીનાં જાગતાની સાથે જ દર્શનાર્થે આતુરતાથી ઉમટી પડી છે. આ કારણે આ પદમાં ચોવીસ વાર મંગળા શબ્દનો પ્રયોગ છે. જે પદ ''मंगल माधो नाम ओ चार'' આ ચોવીસ ગોપીઓ શ્રીકૃષ્ણની સેવામાં બાર વન અને ઉપવનમાં વિવિધ પ્રકારનું ધ્યાન રાખે છે. ગ્રીષ્મ અને સાવનમાં (વરસાદ) પ્રાયઃ મંગળા આરતી જલ્દી નથી થતી, પરંતુ શિતકાળમાં મંગળા આરતી કાંઈક વહેલી (જલ્દી) થાય છે, કારણ કે શિતકાળમાં શ્રી ઠાકોરજી રતિરસ ક્રિડામાં આલિંગન આદી ભાવોનાં ચિહ્નોથી ચિન્હીત થઈ જાય છે. આ વાત શિતકાળનાં કિર્તનોથી સ્પષ્ટ છે. તો વ્રજગોપીઓ જે ચિહ્નોનાં દર્શન કરવા માટે શ્રી ઠાકોરજીને ત્યાં જલદી



આવે છે. શ્રી ઠાકોરજી પણ પોતાની આ રહસ્ય ભાવનાને છુપાવવા માટે ગદ્દલ ઓઢીને દર્શન આપે છે. સામાન્ય રીતે આ ગદ્દલ ઠંડીથી બચવા માટેના સેવા ક્રમમાં સાધન છે.

મંગળાની આરતીમાં શ્રી યશોદાજીનાં ઘરની પ્રધાનતા છે. એમાં ચાર પ્રકારની વ્રજગોપીઓની તત્પરતા છે. એટલા માટે એ દિવસોમાં મંગળા આરતીની બાટ ચાર હોય છે આરતીની બાટ સિદ્ધ કરવામાં વેણુજીની માફક બાટનું હૃદય પણ પૂર્ણ રીતે ખાલી હોય છે. અને એ ખાલી હૃદયમાં તપ્ત સ્નેહ (તપાવેલું 'ઘી') પણ પૂર્ણતાથી ભરાઈ જાય છે. એ જ આ વ્રજગોપીઓનો તપ્ત સ્નેહથી પરીપૂર્ણ હૃદય છે. જે શ્રી સન્મુખ સ્વત: જ્યોતિમાં થઇને (પરીવર્તિત) પ્રગટી જાય છે.

મંગળામાં શ્રી ઠાકોરજી વ્રજગોપીઓનાં આ હૃદયનું જ અવલોકન કરે છે. અને વ્રજમાં રમણ કરવાની ઇચ્છા વાળા હોય છે. દર્શન કરનારા અન્ય વ્રજભક્તોને આ જ્યોતિનાં સહારે શ્રીકૃષ્ણ દર્શન થાય છે. મંગળાની આ આરતીમાં માત્ર સીધાપણું છે. કોઈ ચતુરાઈ નથી. અત: મંગળાની આરતીમાં કોઈ પણ પ્રકારની સજાવટ અથવા કોઈ પ્રકારનું વિધાન નથી. (આ વાત નિત્ય સેવા માટે છે. ઉત્સવ માટે નથી) 卐

॥ મંગલાકી આરતી ઉતારી, શોભા દેખ રહી વ્રજનારી ॥ (સેવા - ભાવના)





॥ નિત્ય નૂતન - આરતી ॥

"नित्य लीला नित्य नूतन, श्रुतिन पामे पार।"

ભગવલ્લલીલામાં જે નિત્યનો પ્રકાર છે, એને નિત્ય નૂતન બતાવવામાં આવ્યો છે. આચાર્ય શ્રી વલ્લભ અને શ્રીપ્રભુ ચરણના મૂલ વિચાર સઘન પ્રકારે વિચારવો પડસે, નિત્ય લીલા શબ્દના સંસ્થાપક આચાર્ય શ્રી વલ્લભ છે. "લીલાપદવાચી" શબ્દથી રાસાદિ સમજવું જોઇએ, આ લીલામાંથી જ નિત્યલીલા આવે છે. નિત્યસેવાનો ઉપસંહાર ભ્રમરગીત છે અને નિત્ય લીલાનો ઉપસંહાર ભ્રમરગીત છે. ભ્રમરગીતમાં નિત્યસેવા સ્વધર્મનું રૂપ ધારણ કરી લે છે. નિત્યલીલા આત્મચિંતનનું રૂપ ધારણ કરી લે છે. આ ઉપરોક્ત ક્રમમાં નિત્ય લીલાને શ્રીમદ્ પ્રભુ ચરણોએ નિત્ય નૂતન રૂપમાં આગળ વધારી છે, જેવી રીતે ઘરમાં લાગેલા સુંદર (જોવાલાયક) નાના નાના છોડ, જે માત્ર શોભાના કામમાં આવે છે, એ બધા છોડ પોતાના જન્મ જાત રૂપમાં ફૂલ, પાંદડા અને ડાળીના આકારમાં હંમેશા એક જેવા જ રહે છે. છતાં પણ એમાં દરરોજ નિત્ય-નૂતન (નવા) કોમળ પાંદડા અને ફૂલની કળી પ્રગટ થાય છે. એને જોવાથી જોવાવાળાના મનમાં અલગ જ અનુભવ થાય છે. ઠીક આવી જ રીતે સેવા કલ્પદ્રુમમાં નિત્ય નવી કોમળ પાંદડીઓ અને કળીઓ પ્રગટ થાય છે. આ શોભા શ્રી ગુસાંઇજી એ પ્રગટ કરીને સેવામાં બતાવી છે. એટલા માટે નિત્ય નૂતન શબ્દ શ્રી ગુસાંઇજીના પ્રભાવનો સૂચક છે. નિત્યલીલા - નિત્યનૂતન પિતા - પુત્રથી જોડાયેલી વાત છે.

જે સેવા ક્રમ શયનના અનવસર પર્યંત કાલે ગયેલા દિવસમાં જે પૂરો થયો, તે આજે પ્રારંભ (શરૂ) થઈ રહ્યો છે. જે કાલની વાત આજે થઈ રહી છે એ તો નિત્ય લીલા થઈ, પરંતુ સેવા કરવાવાળા સેવકના જીવન વૃક્ષમાં શરિરરૂપી પાંદડા અને મનરૂપી કળી આજે નવી પ્રગટી છે. આ દૃષ્ટિકોણથી અતિશય જૂની, પ્રાચીનલીલા આજે નવી દેખાય છે, માલૂમ પડે છે. એટલા માટે નિત્ય - નૂતન શબ્દનો સ્વીકાર કર્યો છે. અગર સેવામાં સેવકના મનમાં ઉત્સાહ હોય, હૃદયમાં આનંદ હોય, સ્મરણમાં રોમાંચ હોય, ચરણચિંતનમાં આંખોની પલક ભીની થઈ હોય, વાણી ગદ્ ગદ્ હોય, એવા સેવકને માટે આજની લીલા નિત્ય નૂતન છે. આ દશાને "શ્રુતિ ન પામે પાર", શ્રુતિઓ પાર પામી શકતી નથી.



બ્રહ્માંડ કેટલું લાંબું, પહોળુંછે અને કેટલું જૂનું છે, આ વાત શ્રીમદ્ ભાગવતના પાંચમાં સ્કંધથી પાર પામેલી વાત છે. નવ કરોડ એકાવન લાખ યોજનવાળું વિશ્વ બ્રહ્માંડ છે. સાત સમુદ્ર છે અને તે કેવા કેવા રસનો છે. એની આજુબાજુ કેટલી નદી અને પર્વત છે, એના પાણીનો કેવો સ્વાદ અને કયા પર્વતમાં કેવા રત્ન પેદા થાય છે, આ બધુ પાર પામેલું છે, જાણીતું છે અને પૃથ્વીના ગર્ભમાં પાતાળલોકમાં શેષજી એ પણ પાર પામેલુ છે, કે જે શેષજી નિરંતર શ્રીમદ્ ભાગવત લીલાનું ગાન કર્યા કરે છે. આ રીતે ગંભીર ચિંતનથી પાર પામેલુ છે.

પરંતુ શ્રી ગોકુલ, મથુરા, વૃન્દાવન, યમુનાજીના કિનારા ઉપર જે શ્રીકૃષ્ણની નિત્યલીલા થાય છે અને તે લીલા શ્રીયમુનાજીના સ્વરૂપમાં બિરાજે છે. આ શ્રીયમુનાજીના કિનારા પર જલથી ભીની થયેલી આર્દ્ર, જલથી ભીની થયેલી વાલુકા અથવા રજકણ,ના જાણે કયારથી શ્રીકૃષ્ણલીલા રસ શ્રી યમુનાજીનાં માધ્યમથી પાન કરી રહી છે, એનો ''ન પામે પાર'',નો અર્થ થાય છે, શ્રુતિઓ આનો હિસાબ નથી લગાવી શકી.

સૃષ્ટિક્રમમાં જે સિદ્ધાંત છે એનો નિષ્કર્ષ છે કે યોગ્ય સમય પછી જૂની સૃષ્ટિ (જેનો પ્રલય થઈ ચૂક્યો છે) જે ફરી પ્રગટ થાય છે. એટલા માટે નૂતન શબ્દનો પ્રયોગ છે. 'નૂ' શબ્દનો અર્થ છે નવો અને 'તન'નો અર્થ છે વિસ્તાર. જૂની રીત પ્રમાણે જ આ નવીન સૃષ્ટિનો વિસ્તાર થયો છે. આ અર્થમાં શ્રીકૃષ્ણ સેવા નિત્ય નૂતન છે, આના ભાવરૂપ ચાર શ્રુતિઓની એક દિવસમાં ચાર આરતી થાય છે, કારણ કે શ્રીયશોદાજીના હૃદયમાં ચાર શ્રુતિઓ યથાક્રમ બિરાજેલી છે. એ એ શ્રુતિઓના ક્રમને અનુસાર (૧) મંગલા આરતી (૨) ગ્વાલ - શ્રૃંગાર - રાજભોગ આરતી (ઉત્થાપન સ્વતંત્ર છે) (૩) ભોગ - સંધ્યા આરતી (૪) શયન આરતી. આ ચાર ક્રમનીસેવા શ્રીયશોદાજીને આધીન છે. જ્યારે શ્રીયશોદાજીએ સેવા કરી હતી ત્યારે શ્રીયશોદાજીએ પોતાના લાલનનાં દર્શન કરી લીધાં હતાં. છતાં પણ શ્રીયશોદાજી ખુલે દર્શનમાં પોતાના પુત્રની સન્મુખ ઊભી છે. એનો ભાવ એ છે કે શ્રીયશોદાજીના હૃદયમાં બિરાજમાન થઈને યથાક્રમથી, એક એક શ્રુતિ લાવણ્ય ધામ (શ્રી યશોદાજીનું હૃદય)માં બેસીને રસ પાન કરી રહી છે. પોતાના હૃદયમાં બિરાજમાન શ્રુતિઓને શ્રીયશોદાજી આરતીના પ્રકાશમાં પોતાના પુત્રના અંગે અંગની કાંતિને નિહાળવા ને માટે અવસર આપી રહી છે. જ્યારે આ શ્રુતિઓ શ્રીયશોદાજીના હૃદયની બહાર પોતાને જ્યાં જવાનુ છે ત્યાં જાય છે, ત્યારે એવું કહેતી - કહેતી જાય છે કે 'રાની જૂ તિહારો ઘર સુબસ બસો.'

આમાં પહેલી શ્રુતિનો વેદમાં આશય 'भद्रं करणेभिः श्रेणुयाम।' થી છે. એના નિમિત્તે ''मंगल मंगलं,'' કીર્તન ગાવામાં આવે છે. ભક્તિમાર્ગીય સૃષ્ટિ સ્વયંથી હોય છે. સ્વયં પ્રભુએ જે શ્રૃંગાર ધારણ કરેલા છે, એ શ્રૃંગારમાંથી જ ભક્તિમાર્ગીય સૃષ્ટિનો જન્મ થાય છે. આ સૃષ્ટિમાં જ રસ હોય છે, આ રસોમાં સેવકના હૃદયનું જે રાજ હોય છે, તે રાજ ને ગીતામાં રાજયોગ કહેવાય છે. આ યોગનો ભગવાન જ્યારે આનંદ લે છે, તો એને સેવામાં રાજભોગ કહીએ છીએ. આ રાજભોગની શ્રુતિઓ ચારે વેદોના ચાર પુરુષસૂક્ત છે. એટલા માટે ચાર પ્રકારની સામગ્રી આરોગે છે. આરોગવા માટેની ચોકી પણ ચોરસ હોય છે. આ કારણે



''क्रीडार्थ आत्मन निदम जगत।'', ને કારણે શ્રૃંગારને માટે, ક્રીડાના પદ રાજભોગને માટે, આરોગવાના પદ ગાવામાં આવે છે.

સંધ્યા આરતીની લીલામાં શ્રુતિઓ, પુલિન્દીઓના હૃદયમાં બેસીને લીલાનો આનંદ લે છે. વૈદિક ધર્મ અનુસાર શ્રુતિઓનો પુલિન્દીઓના હૃદયમાં પ્રવેશ શક્ય નથી. પરંતુ અહીં પ્રવેશ છે, કારણ કે આ અદ્વિતીય ધર્મ છે. એ કારણે ઉત્થાપનમાં જેવી રીતે થવા જોઇએ એવી રીતે કીર્તન કરવામાં આવતા નથી. ભોગ - સંધ્યા આરતી અને શયનમાં ''एदग्वंगहवी ही प्रजननंभे'' જેમ શ્રુતિઓનું સ્વરૂપ છે. આ કારણે શયનભોગ આદિની સાથે ડબરા આરોગવાના કીર્તન ગાવામાં આવે છે. આ બધું જાણીને અત્યાર સુધીની લીલા પરક શ્રી પુરુષોત્તમજી માટે, શ્રુતિઓ કાંઈપણ કહેવા માટે મૌન હતી, મોઢું ખોલતી ન હતી. હવે આ જ શ્રુતિઓને શ્રી યશોદાજીના હૃદયમાં જગ્યા મળવાના કારણે તેમનો મૌન ધર્મ સમાપ્ત, પૂરો થયો. અને બોલવાને માટે, કાંઈ કહેવાને માટે કીર્તન રૂપ વાણી પ્રગટ થઈ. એટલા માટે પુષ્ટિમાર્ગમાં શ્રી ગોકુલેન્દ્ર પ્રભુને માટે જે કાંઈ કહેવામાં આવ્યુ છે, તે શ્રુતિ પ્રમાણ છે. અહીંથી ભક્તોને પોતાના પ્રભુને પ્રમાણિત કરવા માટેનો અધિકાર મળ્યો, એટલા માટે પુષ્ટિભક્તિ માર્ગમાં શ્રુતિરૂપા ગોપીજન, ચોર્યાસી, બસોબાવન, ભક્તોથી આ ભક્તિમાર્ગ પ્રમાણિત થયો. એનાથી પહેલા અનાદિકાળમાં ભગવદ્ લીલામાં સ્વયં ભગવાન પ્રમાણ હતા. જેવી રીતે વામન અવતારમાં ત્રણ પગલાંથી ત્રણે લોક માપી લીધાં, આ ક્રિયામાં સ્વયં ભગવાન પ્રમાણ છે. શ્રીમદ્ ભાગવત શ્રીનાથજીનું સ્વરૂપ છે, જે ભગવદ્ સ્વરૂપ હોવાના કારણે સ્વયં પ્રમાણ છે. એને સમજવાને માટે સમાધિ ભાષા એક રસ્તો છે. ભગવાનના સ્વરૂપમાં લીલાના હેતુ, ભક્તોનો નિવાસ હોય છે. તે ભક્ત ભગવાનમાં નામ અને ચરિત્રથી બિરાજે છે. એટલા માટે શ્રીમદ્ ભાગવતમાં ભક્તોનાં નામ અને ચરિત્રનું ગુણગાન છે. આ બધું શ્રીમદ્ ભાગવતની પરમત ભાષાથી (ઋષિ પ્રમાણ) સમજમાં આવશે.

સમસ્ત લોક - પરલોક પ્રભુમાં બિરાજમાન છે. આ લોક - પરલોકને શ્રી ઠાકુરજી બ્રહ્માજીને આજ્ઞા આપીને સૃષ્ટિ પુનઃ પ્રગટ કરાવે છે. આ કારણે શ્રીમદ્ ભાગવતમાં લૌકિક ગુણાનુવાદ છે. એને સમજવાને માટે લૌકિક ભાષા (પોતાનો અંગત



વિચાર) જે કોઈ દેવ આરાધનાથી પ્રગટ્યા છે. આ ભગવદ્ ધર્મ લીલા આનંદ કંદ શ્રીકૃષ્ણ રસરૂપ શ્રીમદ્ ભાગવત બંને એક બીજાના સ્વરૂપ છે. એક બીજાના પ્રમાણિત છે, સ્વયં પ્રમાણ પણ છે. આ લીલા પ્રલયકાલની પછી ભગવત સ્વરૂપ અને ભક્ત ચરિત્ર સહિત શેષજીના હૃદયમાં શયન કરે છે. જે કાલ સમાપ્ત થયેથી પુનઃપ્રગટ થાય છે, અને નવા - નૂતન સ્વરૂપે પ્રારંભ થાય છે. ઘણા જૂના સમય (કાલના)ના વિયોગની પછી આ લીલા આનંદ દાયક અને નવી-નવીન જોવામાં આવે છે. આ આપણા ભક્તિમાર્ગની પુનરાવૃત્તિ છે. વ્રજગોપીઓને ત્યાં એક પળ જેટલી વારમાં પડે છે અને ઊઠે છે, આ સમયના અતિ સૂક્ષ્મકાલને ત્રુટિ કહે છે. શ્રીકૃષ્ણને જોયા વગર એક ત્રુટિનો સમય એક યુગના સમાન વિરહ આપવાવાળો હોય છે. એક યુગમાં કરોડો વર્ષ હોય છે, એક ત્રુટિ બરાબર કરોડો વર્ષ, તો ગણત્રી ગણીએ કે કાલે જે શયન દર્શન કેટલા વાગે થયા, એના પછી આજે જે મંગળા થયા છે, એ અંતરાલમાં એક ત્રુટિ સમયના અનુમાનથી કેટલા યુગ વીતી ગયા. આટલા વિલંબથી પ્રાપ્ત શ્રી હરિની લીલા સૃષ્ટિની પુનરાવૃત્તિના આધાર પર નિત્ય-નૂતન છે.

આ અતિશય વિયોગના કારણે આજની સેવામાં નિત્ય - નૂતનનો અનુભવ છે. જેવી રીતે તમોએ તમારા પોષણને માટે કોઈ પ્રકારનું ભોજન કર્યું છે, ભોજનમાં તે આપની પ્રિય વસ્તુ ઘણા દિવસો સુધી ન મળે, અને તમારામાં તેને મેળવવાની લાલસા હોય. પછી તે ભોજન જે દિવસે મળશે, આજે એ ભોજનમાં એ જ પહેલાનો સ્વાદ નવા જેવો લાગશે, આ રસ-ભાવ ક્રમ સેવામાં સમજવો જેઈએ.

ઉપરોક્ત આશયને આરતીના અર્થમાં સમજવું જોઇએ, આરતી શબ્દનો અર્થ 'અ' સમંતાત્ એટલે ચારે બાજુએથી ભેગી થઈને આવેલી 'રતિ' (કૃષ્ણચરણ રતિ), ચારે બાજુએથી આવેલીનો અર્થ થાય છે. પુષ્ટિમાર્ગની દશ પ્રકારની ભક્તિ. આ દશે ભક્તિઓનો પ્રેમ જે શ્રીકૃષ્ણચરણના નખ કાંતિઓમાંથી મળે છે તે આરતીમાં જોવા મળે છે. પુષ્ટિમાર્ગમાં સેવાના ક્રમમાં નિત્યની ૪ (ચાર) આરતી થાય છે. જે ગઈકાલનો રસ હતો, તે આજના રસથી અલગ છે. નિત્ય લીલા - નિત્ય નૂતન ક્રમથી વર્ષ પર્યંતની આખા વર્ષની પ્રતિદિનની આરતી નૂતન હોય છે. 卐



॥ સાધન દીપિકા - સેવા વિધિ શ્લોકો અને આરતી ॥

શ્રી ગોપીનાથજી .... ''શ્રુતિ - સ્મૃતિ - શિરોરત્ન - નિરાજિત - પદાંબુજમ્। યશોદોત્સંગ લાલિતં વંદે શ્રીનંદનંદનમ્ ॥''

શ્રી પુષ્ટિ ભક્તિમાર્ગની સેવા પ્રણાલિમાં સાહિત્ય સંગીત અને કળાનો અદ્‌ભુત સુભગ સંગમ છે. આ સેવા પ્રકારની શરૂઆત તો શ્રીમહાપ્રભુજીના સમયથી થઈ જે કીર્તન સાહિત્યમાં પ્રતિબિંતબિત થાય છે. અને શ્રી મહાપ્રભુજીના પ્રથમ લાલજી શ્રી ગોપીનાથજીએ જ, શ્રીમહાપ્રભુજીએ ઉપદિષ્ટ સેવા પ્રકારનો, કે જેમાં ભગવત્સેવામાં ગીત, ગાયન, વાદ્ય, નર્તન, ભોગનો વિનિયોગ છે -, સાધન દીપિકા તેમજ નિત્ય સેવાવિધિ શ્લોક અને વર્ષોત્સવના ઉત્સવ - ક્રમના શ્લોકોમાં 'સર્વપ્રથમ' પ્રકટ કર્યો છે. એમની સેવાવિધિ શ્લોક શૃંખલામાં તો શ્રી ગોપેશ્વરજી પોતાની વ્યાખ્યામાં જણાવે છે. કે આ રચનામાં નવ શ્લોક અને શ્રી યમુનાજીની સ્તુતિના બે શ્લોકોનો શ્રીપિતૃચરણ શ્રી મહાપ્રભુજીની કૃતિ છે. અલબત્ત શ્રી ગુસાંઈજીએ - શ્રી વિઠ્ઠલનાથ પ્રભુ ચરણે આ સેવા પ્રકારનો સવિશેષ વિસ્તાર કર્યો છે.

શ્રી ગોપીનાથજી રચિત ઉપર જણાવેલ સાહિત્યમાં એમણે 'સેવાના ક્રમ'માં, 'આરતી' કરવાનો સેવા ક્રમાંતર્ગત 'સમય' પણ સુસ્પષ્ટ દર્શાવ્યો છે અને જ્યેષ્ઠ પુત્ર હોવાને નાતે પણ શ્રી મહાપ્રભુજી 'સાથેનો' 'અંતરંગતમ્' 'સેવા પ્રકાર' એમની કૃતિમાં આદ્યોપાન્ત્ય પ્રતિબિંબિત થાય એમાં શંકાને સ્થાન ન હોઈ શકે.

સાધન દીપિકા ગ્રંથમાં શ્રી ગોપીનાથજી જણાવે છે :

''હૈયંગવીન પક્વાન્નૈ: તાંબૂલૈ: સુજલૈર્યજેત્'' અને ''તતો નીરાજનં કાર્યં મંગલં ગીતવાદ્યકૈ:''.

મંગળ ભોગમાં માખણ, પક્વાન, સુંદર જળ આરોગાવીને, ભોગ સરાવીને પાનબીડાં સમર્પીને મંગળાના ગીત (કીર્તન) અને તે પણ વાદન સહિત ગાવાં અને મંગળ આરતી કરવી.

આ પછી પ્રભુને શૃંગાર ધરાવવા. રંગીન વસ્ત્ર નવાં નવાં આભરણો, મોરમુગટ, બંસી - છડી, માળા વગેરે અંગીકાર કરાવવા. ઉજ્જવલ ચંદરવા, બિછાના, પીછવાઈ અને જલક્રીડાની ચીજો સજાવવી. અને તે પછી ''તૌર્યત્રિકેન'' - નૃત્ય - ગાયન (કીર્તન) અને વાદન સહિત ધૂપ-દીપ-આરતી કરવી. ''તૌર્યત્રિકેન તત્રાપિ ધૂપદીપાદિનાર્તિકમ્.''

ત્યાર પછી ભોગ સમર્પણ આદિ પ્રકાર દર્શાવી રાજભોગ આરતી અને અનવસરની રીત કહે છે.

''તતો રાજ વિભૂતીનામ્ આદર્શૈ: ચામરૈ ર્ભજેત્ । ગીતાદ્યુત્સવતો હયેનં નીરાજ્ય ચ પ્રણમ્ય ચ ॥''

''તે પછી રાજાધિરાજ પ્રભુને દર્પણ દેખાડવું. ચામર કરવી, પ્રભુનાં સાન્નિધ્યમાં નૃત્ય - વાદ્ય સહિત કીર્તન કરવાં અને મધ્યાહન આરતી કરી પ્રભુને પ્રણામ કરી ભાવનાથી પ્રભુને હૃદયમાં પધરાવી નિજમંદિરનાં દ્વારો મંગળ કરીને બહાર આવવું. છી ઉત્થાપનના સમયે ફળફળાદિ, દૂધ, દહીં વગેરે સમર્પી, માળા અંગીકાર કરાવવી. ઝારીજી ભરવાં અને

''ગાયેદ્ ભક્તકૃતૈ: પદ્યૈ: હૃદ્યૈર્લીલા રહસ્યકૈ:। તતો નીરાજયેન્ નાથમ્ આયાંતં વ્રજ મંડલે॥''

મૃદંગ વગેરે વાજિંત્રોથી પ્રભુને પ્રસન્ન કરવા અને હૃદયના ભાવથી લીલા રહસ્યના કીર્તનોનું ગાન કરી, વ્રજમંડલમા પાછા પધારી રહેલા પ્રભુની આરતી કરવી.

ત્યાર બાદ શયન ભોગ, શયનાર્તિ કરવાનો ક્રમ કહે છે :

''સાયંકાલેડપિ નૈવેંદ્યં યથા - વિભવ - વિસ્તરઃ। નીરાજનં ચ શયનં યથાયોગ્યં વિભાવયેત્ ॥''

સાંજના સમયે પણ શક્તિ અનુસાર વિસ્તારથી ભોગ આદિ ધરવા આરતી કરવી અને પ્રભુને શયન કરાવવાં છેવટે શ્રી ગોપીનાથજી પ્રસન્ન થતાં સ્વભક્તોને કહે છે :

''ઇત્યેવં યસ્ય દિવસા યાન્તિ ભક્તસ્ય ભૂતલે। સ એવ કૃતકૃત્યોડસ્તિ હરિસ્તમનુ શ્લિષ્યતિ ॥''

આ પ્રકારે ભૂતલ પર જે ભક્ત પોતાના દિવસો પસાર કરે છે સર્વથા કૃતકૃત્ય બને છે, શ્રી હરિ તેનો સપ્રેમ અંગીકાર કરે છે. અને અંતના શ્લોકમાં ભક્તોને ચેતવણી આપે છે કે :

''ઇત્યેવં ભક્તિશાસ્ત્રેષુ યદાચારો નિરૂપિતઃ। તદાચારં ભજેદત્ર નાન્યથા ગતિરિષ્યતે ॥''

આ પ્રકારે ભક્તિશાસ્ત્રમાં જે આચારનું નિરૂપણ કરવામાં આવ્યું છે તેનું પાલન કરવું. અન્યથા આચરણ ઇષ્ટ સિધ્ધ આપી શકે નહીં.

શ્રી ગોપીનાથજીના નિત્ય સેવા અને ઉત્સવસેવાના શ્લોકોમાં પણ (જેના પર શ્રીગોપેશ્વર ચરણની વ્યાખ્યા ઉપલબ્ધ છે) આપશ્રીએ 'આરતી'નો પ્રકાર જણાવ્યો છે :

''તતઃ આરાત્રિકં કૃત્વા શૃંગારાર્થ વિજ્ઞાપ્ય સ્નાનાદિક કારયેત્''

(મંગળ ભોગ સરાવ્યા બાદ) મંગળાની આર્તિ ઉતારવી અને શૃંગાર ધરવાની વિજ્ઞપ્તિ કરવી. શૃંગારાદિ સેવા સંપન્ન થયાં પછી શ્રીને સામગ્રી આરોગાવી, આચમન મુખવસ્ત્રાદિ પછી 'આરતી' ઉતારવી.

''તતઃ પુનઃ આચમનં કારયિત્વા તાંબૂલમ્ અર્પયિત્વા 'આરાત્રિકં' કુર્યાત્ ॥''

આ સમયે પોતે પ્રાર્થના કરે છે :

''અમંગલ નિવૃત્ત્યર્થં મંગલાવાપ્તયે તથા । કૃતમ્ આરાત્રિકં તેન પ્રસીદ પુરુષોત્તમ !''

પછી પલનામાં પ્રભુને વિરાજાવવાં, ખિલૌનાથી પ્રભુને રમાડવાં અને રાજભોગ સમર્પીને, ભોગ સરાવીને આરતી કરવી અને વિજ્ઞપ્તિ પણ કરવી.

''ભક્તાર્થાવિર્ભૂત રૂપ કૃષ્ણ ! તે ચરણાબ્જયોઃ। સર્વાશુભ વિનાશાર્થ ન્યસ્તઃ પુષ્પાંજલિઃ શુભઃ॥''

''અમંડાલ નિવૃત્યર્થં મંગલાવાપ્તયે તથા। કૃતં આરાર્તિક તેન પ્રસીદ પુરુષોત્તમ॥''

રાજભોગ આર્તિ પછીનો મધ્યાહન ક્રમ, આગળ ઉત્થાપન, પછી સંધ્યાર્તિની સેવાવિધિનો પ્રકાર સર્વવિદિત છે. સંધ્યાર્તિ પછી શયનભોગ સમર્પતા પહેલાં પ્રાર્થે છે.

''રાધિકાશ્લેષાન્તરાય - ભૂષણોત્તારણાત્ પ્રભો। નિશિ તત્કૃત શૃંગારાંગીકારાર્થં પ્રસીદ મે॥''

''વ્રજે સ્વાનંદતો દોહં બલેન સહ ગોપકૈઃ। કૃત્વા પીતં પયઃફેનં તથા ષિબ વ્રજાધિપ॥''

શયન ભોગ સરાવીને આરતી કર્યા પછી પોઢાડવા કહે છે :

''તતઃ તાંબૂલા ચમનાદિ કં વિધાય, આરાત્રિકં। કૃત્વા શયનાર્થ વિજ્ઞાપ્ય શયનં કારયેદ્॥''

આપશ્રી ગોપીનાથજીએ સાધનદીપિકા તેમજ 'નિત્યોત્સવ' સેવા શ્લોકો પ્રકટ કર્યા જે ખરેખર પુષ્ટિભક્તિને અનુસરનાર નિઃસાધન જનોનું 'પરમધન' છે.

અંતમાં, શ્રી હરિધન ચરણ - શ્રી હરિરાય મહાપ્રભુના શબ્દોમાં શ્રી મહાપ્રભુજીને પ્રાર્થીએ :

''નિઃસાધનધનં કૃષ્ણ સ્તસ્યાપ્યાસ્યં પરંધનમ્। ધનેન તેન સધનં માં કરોતુ કૃપાધનઃ ॥

卐

સૌજન્ય - શશિકાંત મનુભાઈ લીમડી



॥ આરતી - શ્રીહરિરાય મહાપ્રભુજી વિરચિત સેવા ભાવના - સહસ્રી ભાવના ॥

ભોજન (મંગળભોગ) સમયે પ્રભુની ચંચલ સ્થિતિ અને ભોજન કર્યા પછી મુખ-પ્રક્ષાલન પ્રોંચ્છન કરીને બીડી આરોગે છે, પછી મંગલાઆરતી થાય છે, તેનું વર્ણન પાંચ શ્લોકથી કરે છે.

માતૃચરણ જે વાર્તા કહે છે, તે કાન દઈ સાંભળે છે, લોચન ચકિત છે, જરા-જરામાં ઊંચી ડોક કરીને જુએ છે, ક્ષણે ક્ષણે ઊભા થાય છે. (૧૬) કોઈ પણ પ્રકારે શ્રીયશોદાજીના પટાવવાથી, સમજાવવાથી, છેતરવાથી, ભોજન કરે છે, પછી શ્રી નંદરાયજીના ભોગ્ય, સ્વમાતૃચરણના સખીઓ જલનું પાત્ર લાવી આપે છે.(૧૭)

પ્રભુને આચમન કરાવે છે, પ્રભુનું મુખકમલ લૂછી નાંખે છે, તેઓએ આપેલા બે પાનનાં બીડાં આરોગતાં આનંદ આપે છે. (૧૮) અધર ઉપર તાંબૂલનો રસ બહુજ સ્રવે છે, તેથી પોતે શોભી રહે છે, એટલામાં સખીઓનું યૂથ આરતી કરે છે, તેથી પોતે બહુજ શોભે છે.(૧૯) પ્રભુ સર્વને દર્શનનો આનંદ સારી રીતે આપે છે, આરતીના દીવાઓને જોઈને પ્રભુનું મુખકમલ હાસ્યયુક્ત થાય છે, આ પ્રમાણે નિત્ય મંગલા આરતી સુધીની ભાવના કરવી.(૨૦)

પોતાના પ્રાણનાથ જાગ્યા ત્યારે સર્વ વ્રજભક્તોએ આવીને દીનતાયુક્ત નેત્રથી પ્રભુના વદનરૂપ અમૃતનું પાન કર્યું, અને પોતાના પ્રિય પ્રભુના ચિત્તનું હરણ કર્યું, અને પ્રભુના વિયોગની આર્તિના તાપનો એક ક્ષણમાં ત્યાગ કર્યો.(૬૪)

પોતાના પ્રિયના સંગમથી તે વ્રજભક્તોને જે જે સુખનો અનુભવ થયો તે અમે (શ્રી હરિરાયજી) કહી શકતા નથી, કેમ કે અમારા મન અને વાણીને તે અગમ્ય છે.(૬૫)

કોઇક વ્રજભક્ત જે વિયોગથી બહુ આર્ત થયેલા, તેમણે જલદી સન્મુખ આવીને ગોવિંદને આલિંગન કરીને હર્ષથી પોતાની ગોદમાં પધરાવ્યા.(૬૬)



આ પ્રકારે માતાની પ્રાર્થનાથી ભગવાન આરોગ્યા. પછી આચમન મુખવસ્ત્ર લઇને, બીડી લઇને, માતાની ગોદમાં બિરાજીને મંગલાઆરતિ કરાવી, તેનું ત્રણ શ્લોકથી વર્ણન કરે છે.

અનેક પ્રકારની કથાઓ કહેતી અચ્યુત ભગવાનને પંખા કરતી સખીઓની સાથે કમલનયન શ્રીકૃષ્ણ ભોજન કરતા હતા. (૧૧૪) પછી આચમન કરીને મુખપ્રક્ષાલન કરીને બંને હાથમાં તાંબૂલ લઇને મુખચંદ્ર ઉપર આવેલા વાળથી શોભતા શ્રીકૃષ્ણ માતાની ગોદમાં બેઠા. (૧૧૫) માતાની સખીઓની પાસે અખિલ વિશ્વના ઈશ્વર હરિએ આરતિ ઉતરાવી ત્યારે આપનું મુખારવિંદ અત્યંત શોભવા લાગ્યું. (૧૧૬)

માતાની પ્રાર્થનાથી નંદાલયમાં રાજભોગ આરોગ્યા, અને શ્રી અંગ ધોઈ આચમન બીડી લીધા પછી રાજભોગ આરતી થાય શ્રીનંદરાયજી અને માતૃચરણ બહુ પ્રકારની વાર્તા કરી પ્રભુને લાડ લડાવે છે. (૨૩૧) પોતાની ગોદમાં પધરાવીને શ્રીયશોદાજી ગોપીજનની પાસે આરતી ઉતરાવે છે. દીવાના અજવાળાના પ્રકાશથી શ્રીઅંગમાં સર્વ મણિ વગેરે શોભી રહે છે. (૨૩૨)

સખીઓસહિત શ્રીયશોદાજી સર્વ દુઃખ હર્તા પોતાના બાલકને જોઇને આનંદ પામી, બહુ હર્ષવાળા થયાં. આખા શ્રીઅંગમાં પરસેવો, રોમાંચ. કંપ, થવાથી સ્તંભિત થઈ ગયાં. (૭૭૭) કપૂર, કસ્તૂરી, ઘી, એકઠાં કરીને તેમાં બોળેલી નીચી રાખેલી વાટની સુંદર આરતી પોતાના પુત્ર ઉપર ઉતારી. (૭૭૮)

તેનું વર્ણન દશ શ્લોકથી કરે છે. પછી પુત્રના ઉપર રાઇમીઠાં ઉતાર્યા, અને દર્શન કરવા આવેલા બહારના માણસોને પોતપોતાને ઘેર વિદાય કરીને (૭૭૯) અંતરંગ સખીઓની સાથે આભૂષણ વડાં કરવા લાગ્યાં.

પ્રભુના વિચિત્ર દર્શનથી ચિત્ત હરાઈ જવાથી કેટલાંક ચિત્રમાં લખ્યાં જેવાં સ્થિર થયાં. અને પોતામાં રહેલો રસનો સમૂહ અર્પણ કરવામાં પરાયણ થયાં (૯૦૭)

આ પ્રમાણે વિકલ થયેલા વ્રજભક્તો શ્રીદાંમા સખાને પોતાના મનોરથ કહે છે, અને તે પૂર્ણ કરવાને પ્રભુની પ્રાર્થના કરવાની વિનંતિ કરે છે, તેનું વર્ણન સાડી ઓગણીસ શ્લોકથી કરે છે.

પોતાના પ્રેષ્ઠ ભગવાનના વિવિધ સમ્બન્ધીની ભાવના કરવામાં ચતુર કેટલાક વ્રજભક્તો શ્રીગોકુલેશના અન્તરંગ સખા શ્રીદામાને બોલાવીને (૯૧૦) પોતાના હૃદયના મનોરથોને કહેવા લાગ્યા કે શ્રીદામા, તું અમારો છે, અમારા શ્રીસ્વામીનો પ્રિય સેવક છે. (૯૧૧) તેથી અમે તને કાંઇ પ્રાર્થના કરીએ છીએ, તે ગોપીઓના પ્રિય શ્રીકૃષ્ણની આગળ કહેજે કે અમે દિવસના વિયોગથી પીડિત થયેલા તમારા મુખની ભાવના કરીએ છીએ. (૯૧૨)

સન્ધ્યાકાલપર્યન્તનો દુઃખ દેનારો કાલ હે પ્રભુ, કેવી રીતે ગાળીએ ? એવો કોઇ કાલ આવશે કે જેની અન્દર અમે અમારા પતિના ચરણકમલને (૯૧૩) અમારા ખોળામાં લઇને તેને સારી રીતે દાબવાની સેવા કરીશું? અમે ક્યારે વ્રજપતિને પાસે બોલાવીને એમના બે બાહુને (૯૧૪) પકડીને ગાઢ આલિંગન કરીને અન્તઃકરણમાં સુખી થઇશું ? (૯૧૪ ૧/૨) ગોકુલેશ્વર નવનીતથી પણ અત્યન્ત કોમલ એવા પોતાના ગાત્રનો સ્પર્શ વગેરે કરાવીને હૃદયનો સન્તાપ ક્યારે નિવૃત કરશે? (૯૧૫ ૧/૨) અમારા હૃદયમાં રહેલા કૃષ્ણના પરમાનન્દના સારરૂપ મુખના લાવણ્યનું દૃષ્ટિરૂપ ભ્રમરથી ક્યારે પાન કરીશું ? (૯૧૬ ૧/૨)

અતિ કોમલ પ્રફુલ્લિત રસવાળા શ્રીહરિના બન્ને કપોલને કામભાવથી વિવશ થયેલા અમે ક્યારે ચુમ્બન કરીશું? (૯૧૭ ૧/૨) અમારા હૃદયના પ્રિય શ્રીકૃષ્ણને અમે ક્યારે અમારા હૃદયમાં સ્થાપન કરીશું ? (૯૧૮) જેમ ભ્રમર કમલોથી વિંટલાઇ જાય છે, તેમ અમે અમારા હાથથી પ્રભુને ક્યારે વેષ્ટિત કરીશું? પ્રભુની સાથે રસસમ્બન્ધી વાર્તા અમે ક્યારે કરીશું? (૯૧૯) પ્રભુના શ્રીકણ્ઠને ગ્રહણ કરીને તેમની સાથે તેમના ગુણ અમે ક્યારે ગાઇશું? અમે એકાન્તમાં અમારી રુચિને અનુસાર પ્રભુને શૃંગાર ક્યારે કરીશું ? (૯૨૦) વિવિધ રમણદ્વારા સન્તોષ પામી અમે પ્રસન્ન મનવાળા ક્યારે થઇશું? ક્યારે હસીશું? અને પરસ્પર ક્રીડા કરીશું ? (૯૨૧) અમે આનન્દ પ્રાપ્ત કરીને પ્રિયની સાથે અન્યમનોરથ ક્યારે પૂર્ણ કરીશું ? અમે અમારા પ્રભુના એકલા સ્વરૂપ માત્રને જ ક્યારે જોઇશું? (૯૨૨)



આ પ્રમાણે પોતાના મનમાં રહેલા વિવધ પ્રકારનાં વાક્યોના સમૂહથી શ્રીદામાને આનન્દ આપીને ફરીથી એ પ્રિયાઓ પ્રિય શ્રીદામાને કાંઇક કહેવા લાગ્યા. (૯૨૩) ગોપીશ પ્રભુ જે પ્રકારથી મળે એવો સંકેત કર. હે સખા, અમને અહીંયાંથી ગોકુલેશ પ્રભુ પાસે લઇ ચાલ. (૯૨૪) અમે સર્વે અન્તઃકરણમાં કામથી બહુ પીડિત થઈ ગયા છીએ, તેની શાન્તિ કૃષ્ણચંદ્ર જે કુમુદનો બન્ધુ છે, તેના સર્વાંગદર્શનથી થશે. (૯૨૫) પ્રભુને આલિંગન કરવાને અમારા બાહુ નિરન્તર તપી રહ્યા છે. અમારું અતિકોમલ હૃદય વિરહથી લગભગ ફાટી જવા જેવું થયું છે. (૯૨૬) અમારી વાણી વિનોદનાં વાક્યો કહેવાને સદા અતિ ઉત્કણ્ઠિત રહે છે. અમારા કાન પોતાના સ્વામીનાં વચન શ્રવણ કરવાને દીન થઈ રહ્યા છે. (૯૨૭) અમારું મન વિનોદ સહિત હરિ સાથે રમણ કરવા ઇચ્છે છે. આ પ્રમાણે અમારો સંદેશો તારે કૃષ્ણના કાનમાં તદ્દન એકાંતમાં ગોપાલભોગસમયે પ્રયત્ન કરીને કહેવો. (૯૨૮ ૧/૨)

પ્રભુ ગોદોહન કરીને ઊઠે છે, ત્યારે સર્વે ગોપ તેમને વિંટલાઇ વળે છે, અને ધૈયા આરોગવાની પ્રાર્થના કરે છે, અને તેની સાથે શ્રીસ્વામિનીજીની આડીથી પણ પ્રાર્થના કરે છે, તે સાંભળીને તેનો વિચાર કરતા ધૈયા અને દૂધ આરોગીને તેની ઉત્તમતા પોતાની સરાહના કરે છે, તે પંદર શ્લોકથી કહે છે.

પછી ગોકુલપ્રભુ ગોદોહન કરીને ઊઠ્યા. (૯૨૯) સર્વે ગોપો આવીને પોતાના નાયકને વિંટલાઇ વળ્યા. આનંદથી કૃષ્ણને પોતે માંહોમાંહે વિચાર કરીને મનમાં નક્કી કર્યું હતું કે કહેવા લાગ્યા, (૯૩૦) ‘હે કૃષ્ણ, તારી પાસે રહીને અમે દૂધનું મંથન કરીશું, તેનું ફીણ તું સુવર્ણના પાત્રોમાં ભોજન કરજે. (૯૩૧) મનની ઉત્કંઠા વધારતી વિવિધ પ્રકારની ગોષ્ઠીઓ તું કરજે. હે કૃષ્ણ, પયઃપેન (ધૈયા)નું ભોજન રુચિકર અને બલ આપનારું છે. (૯૩૨) હે કૃપાનિધે, તે આરોગવાથી અમારા હાથની સાર્થકતા થશે. અમે સર્વે તમારા સખા છીએ. હે સર્વના અધિપતિ, તેમનો મનોરથ, હે વ્રજના ફલરૂપ, તમારે પૂર્ણ કરવો જોઇએ. (૯૩૩ ૧/૨) અમે તમારી દાસીઓ (વ્રજભક્તો)ના પણ દાસ છીએ, એમાં સંશય નથી. હે કૃષ્ણ તેમનો (દાસીઓનો) મનોરથ આપે આપના સંબંધથી પૂર્ણ કરવો જોઇએ’ (૯૩૪ ૧/૨)



આવા તેમના ભાવને પ્રકટ કરનાર ગોપાલોનાં વાક્યો સાંભળીને વ્રજપતિએ પોતાની દયાથી તે તે પ્રમાણે કર્યું. (૯૩૫૧/૨) ખિરકમાં રહેલા ગોપબાલોની સાથે મથન કરેલું દૂધ, ફીણ સહિત ગાઢું, રૂના ઢગલા જેવું, મિશ્રીયુક્ત (૯૩૬૧/૨) પોતાના અંતરંગોની સાથે વિવિધ લીલાઓનો વિચાર કરતા, (૯૩૭૧/૨) ગોપીજને એકાંતમાં કરાવેલી વિજ્ઞપ્તિ એટલે શ્રીદામાનું કહેવું શ્રવણ કરતાં, સુખોથી રસના સીત્કારનો અભ્યાસ કરતા, આંખો મીંચીને, (૯૩૮) શ્રીગોપીજનની સાથેની પરમાનંદદાયક રતિનું ચિંતન કરતાં, અને વિશેષ કરીને સંકેતસ્થલ કયાં કરાવવું તેનો વિચાર કરતાં, (૯૩૯)

જે જે વ્રજભક્તોએ ખિરકમાં સંકેત કર્યો હતો, તે તે વ્રજભક્તની સખીઓ શય્યા મંદિરમાં આવીને પ્રભુને પધારવાની પ્રાર્થના કરે છે, તેમાં પ્રથમ સોળ શ્લોકથી શય્યા વગેરે સિદ્ધ કર્યાં છે એમ કહીને, શ્રીસ્વામિનીની વિરહાવસ્થાની સ્થિતિ અને પ્રલાપનું વર્ણન નવ શ્લોકથી કરે છે.

અહીં હવે જે સખીના યૂથે સંકેત કર્યો હતો તે પ્રભુને પોતાની સ્વામિનીના સમાચાર કહેવાને આવ્યાં, ને કહ્યું કે હે, કૃપાનિધે, (૧૦૬૧) હે સ્વામિ, શ્રીસ્વામિનીઓ પોતપોતાના ઘરમાં બેસીને આપની વાટ જુએ છે. હે હરિ, સ્થલને ઠીક કરીને રુચિર શય્યા બિછાવી રાખી છે. (૧૦૬૨) ઝીણા વસ્ત્ર વડે વિવિધ પ્રકારનાં નવીન પુષ્પોવડે બિછાવીને હે હરિ, કીડાની સર્વ સામગ્રી પાસે ધરી છે. (૧૦૬૩)

હે પ્રિય, સુવર્ણના પાત્રોમાં શીતલ જલ ધર્યું છે. બરાસની કટોરી સહિત બીડાં ભરીને તબકડી ધરી છે. (૧૦૬૪) જાયફલના કટકા સંપૂર્ણ ભરીને કટોરીઓ ધરી છે. અદ્‌ભુત અંગરાગ ઘસીને કટોરામાં ભરીને સુવર્ણના કટોરાની પાસે ધર્યો છે. (૧૦૬૫) પ્રવાલનો બનાવેલો અદ્‌ભુત કટોરો, કસ્તૂરી, અગરુ, બરાસ, અને કેસર એ ચાર સુગંધીથી ભરેલો ધર્યો છે. હીરા અને રત્નથી જડેલો કટોરો, કસ્તૂરીથી સંપૂર્ણ ભરીને ધર્યો છે. (૧૦૬૬)



કૃષ્ણાગરુનો રસ કાળા વસ્ત્રના ઉપર લગાડવાને સારૂ ધર્યો છે. કેસર ઘોળીને, સુંદર રસ બનાવીને ધર્યો છે. (૧૦૬૭) અને વળી સુગંધી ચૂર્ણ, સર્વ અંગમાં ચિત્ર ચિતરવાને માટે ધર્યું છે. અને વિવિધ પ્રકારની સર્વે માલા શ્રીસ્વામિનીજીએ પોતાના શ્રીહસ્તથી બનાવીને ધરી છે. (૧૦૬૮) ચમેલી, માલતી, રાયવેલ, માધવી, મોગરા, જૂઈ, પીળી જૂઈ, કણેર, (૧૦૬૯) કુંદ, કુમુદ, કમલ, પીળી ચમેલી, ચંપો, કેતકી, પારિજાતક (૧૦૭૦)

કુંકુમના રંગના જેવાં લાલ પુષ્પો તથા બીજાં પણ સુંદર પુષ્પો ગૂંથેલાં અને નહીં ગૂંથેલાં પાસે ધર્યાં છે. (૧૦૭૧) સમગ્ર રસ્તો આ અત્યંત કોમલ પુષ્પથી પાથરી દીધો છે, અને વસ્ત્ર, પાઘ, તનિયા સુથન, વાગા, (૧૦૭૨) પટકા, વગેરે વસ્ત્ર તથા આભૂષણ ઠીક કરીને હે પ્રભુ, શય્યાની પાસે ધર્યાં છે. (૧૦૭૩)

પાસા ખેલવાને ઉપયોગી સોગઠાં પાસે ધર્યાં છે. વિવિધ પ્રકારના કાચ, લોહ, વગેરેના બનાવેલા દર્પણો પણ ધર્યાં છે. (૧૦૭૪) સુંદર ચંદરવાની શય્યામંદિર શોભી રહ્યું છે. રત્નના દીપક અને પ્રકટાવેલા દીપો ગોખલાઓમાં ધર્યાં છે. (૧૦૭૫) સ્ત્રીપુરુષના સંબધવાળાં ચિત્રો ભીંતો પર ચિત્રેલાં છે તથા ત્યાં રૂપાની બનાવેલી પીકદાની યથાયોગ્ય સ્થાનમાં ધરી છે. (૧૦૭૬)

ત્યાં બેઠેલાં અમારાં સ્વામિનીઓ આપની વાટ જુએ છે, અને પોતાના હસ્તથી સુંદર થાકવાળી માલાઓ ગૂંથે છે. (૧૦૭૭) મનમાં મનોરથ કરે છે કે કૃપાનિધિ પ્રભુ ક્યારે પધારશે અને સુરતમાં પ્રેમવાળાં તે પ્રિયાઓ પોતે અનુભવેલા આપના ચરિત્રનું ગાન કરી રહ્યાં છે.

વારંવાર ડોક ઊંચી કરીને જુએ છે, વળી ચકિત નેત્રવાળાં થઈ જાય છે; રાસલીલાનું સ્મરણ થવાથી વિરહમાં ઉષ્ણ નિઃશ્વાસ કાઢે છે. (૧૦૭૯) અને મસ્તકને ઊંચું કરીને દેહલીના દ્વારનો આશ્રય લઇને ઊભા રહ્યાં છે; હાથ ઉપર કપોલ ધરીને ચિત્તમાં વિચાર કર્યા કરે છે. (૧૦૮૦) ચિંતાના સરોવરમાં ડૂબી ગયાં છે. શું થશે એવા ભયથી આતુર થઈ ગયાં છે, પોતે જે



અનુભવ કર્યો છે એવા સંબંધના ભાવમાં જ જાણે કે એમનું મન લાગી રહ્યું છે. (૧૦૮૧) શય્યાને જોઇને ઉત્પન્ન થતી વિરહની ઉત્કંઠાથી વ્યાકુલ થઇ ગયાં છે. વિરહથી નીચે પ્રમાણે બોલે છે, અને ફરી ફરીને મૂર્છિત થઇ જાય છે.

હા કૃષ્ણ, ગોપિકાનાથ, ગોપીજનના હૃદયનાં ભૂષણ, હા, હા, હે હરિ, મારા વિરહમાં મને દર્શન આપો. (૧૦૮૩) હા રાધિકેશ, હા સ્વામિ, હા નિજજનના અંતરાયને દૂર કરનાર, હા સ્વકીય આંધળાની લાકડી સમાન, હા કુલસ્ત્રીનો નિરોધ કરનાર, (૧૦૮૪) આ પ્રમાણે વિવિધ પ્રકારના વાક્યોથી, હે દયાના સાગર, તેઓ વિલાપ કરી રહ્યાં છે. માટે હે દીનને સહજ આનંદદાયક, હવે જલદી ચાલવું જોઇએ. (૧૦૮૫)

એની પ્રાર્થનાથી પ્રભુ પોતે પણ ભાવથી વિકલ થઇને સખીની સાથે જાય છે. પ્રત્યેક ભક્તની આગળ જુદું જુદું રૂપ ધરીને સર્વને ઘેર પધારીને સર્વના મનોરથ પૂર્ણ કરે છે, તેનું વર્ણન અગિયાર શ્લોકથી કરીને ગ્રંથ સમાપ્ત કરે છે.

પ્રણામ પુરઃસર રસોપયોગી વચનોથી સ્તુતિ કરાયેલા કૃપાના સારરૂપ પ્રભુ, (૧૦૮૬) પરમાનંદથી હર્ષિત થયેલા હૃદયવાળા, સુંદર સ્મિતવાળા, ઘુમરાયેલા નયનવાળા, શયનમાંથી એકદમ ઊઠ્યા. (૧૦૮૭) સેંકડો સખીઓથી વિંટલાયલા, પોતાની પ્રિયાના સંગમની આતુરતાવાળા, તે સખીઓએ જેમના ચરણ ગ્રહણ કર્યાં છે એવા, વિલક્ષણતાથી સખીઓના હાથ પકડીને, (૧૦૮૮) કોટિકંદર્પલાવણ્યવાળા પ્રભુ, મદનથી અધિક સુંદર, સખીઓએ બતાવેલા માર્ગથી મંદ મંદ ગતિથી ચાલવા લાગ્યા.

બંને ચરણના અંત સુધી શોભતી વનમાલાથી વિરાજતા હતા, મુરલીનો મધુરનાદ કરતા હતા, અધરામૃતને મુરલીમાં પૂરતા હતા. (૧૦૯૦) ભ્રમરીઓનાં યૂથથી વિંટલાયલા, હાથમાં કમલને ફેરવતા, રસનાં સ્મરણથી ઉત્પન્ન થયેલા ભાવને વશ મનવાળા, (૧૦૯૧) રસથી વિક્ષિપ્ત થયેલા હૃદયવાળા, સખીનાં ટોળાંઓએ પ્રવેશ કરાવેલા, ત્યાં પ્રત્યેક ભવનમાં પધારીને ભગવાન્ એવું કરવા લાગ્યા કે જેથી એ સ્વામિનીઓના સર્વ મનોરથ (૧૦૯૨) પૂર્ણ થઇ જાય, એ પ્રકારે વાત્સ્યાયન ઋષિ અને ભરત મુનિએ કરેલાં શાસ્ત્ર સાર્થક કર્યાં. (૧૦૯૩)



રસરૂપ ભગવાને આ પ્રમાણે પોતાના પૂર્ણ રૂપનું દાન કર્યું, મનોરથ સંપૂર્ણ થાય એવા પ્રભુના આનન્દનું દાન તેમને થયું. (૧૦૯૪) ભાવરૂપ વ્રજભક્તોએ ભાવનાથી ક્રીડાના જ સાધન વડે ભાવાત્મક પરમાત્મા હરિને ભાવના આનન્દ વડે ભાવનાના અંતર્ભાવો સહિત પ્રાપ્ત કર્યા. (૧૦૯૫)

હવે શ્રી હરિરાયજી ગ્રન્થ સંપૂર્ણ કરી ઉપસંહાર કરે છે.

હું જે શ્રી વલ્લભાચાર્યજીના દાસનો દાસ છું, તેણે નિજજનના ઉપર કૃપા કરીને તેમની પ્રસન્નતાને માટે પ્રાતઃકાલથી આરમ્ભ કરીને આ ભાવના કહી છે. (૧૦૯૭) જો કે હૃદયમાં રહેલો આ ભાવ પ્રકટ કર્યો છે એ ઉચિત નથી કર્યું, તો પણ અમારા કુલદેવ શ્રી કૃષ્ણ પ્રસન્ન થાઓ. (શ્લોક - ૧૦૯૯-૧૧૦૦) 卐

(સાભાર : સત્સંગ - સહસ્ત્રીભાવના)

॥ નિ.લી. પૂજ્યપાદ ગો. શ્રી ૧૦૮ શ્રી રણછોડલાલજી મહારાજશ્રી રાજનગરવાળાનાં વચનામૃતો અને પ્રસંગો ॥

॥ સેવામાં આર્તિભાવ મુખ્ય છે ॥

(૩૬૮) શ્રીમહાપ્રભુજીએ ત્યાગ પક્ષનો સ્વીકાર કર્યો પરંતુ તેથી શ્રી ઠાકુરજીને પરિશ્રમ પડવા લાગ્યો એટલે આપશ્રીએ શ્રીગુસાંઇજી સ્વરૂપે રાગપક્ષનો સ્વીકાર કર્યો પરંતુ ત્યાગપક્ષ કે રાગપક્ષમાં આર્તિભાવ એટલે તાપક્લેશ મુખ્ય છે.

(૩૬૯) શ્રી ગુસાંઇજી પોતાના સેવકોને ઘેર જવા આજ્ઞા પ્રસન્નતાપૂર્વક આપતા. એનું કારણ એ કે તેથી તેમની આર્તિ વધે

(૩૭૦) અંતર્યામીનું કાંઇ અજાણ્યું નથી ભક્તની આર્તિ જાણી પ્રભુ સ્વતઃ કૃપા કરી દર્શન આપે એ વાત સાચી, પરંતુ પારખું લેવા કોઇ કાંઇ સાધન કરતો હોય તો તો પ્રભુનાં દર્શન સર્વથા દુર્લભ છે. બ્રહ્માનાં સો વર્ષ સુધી પણ કોઇ સાધન કરે તો યે કાંઇ ન મળે.

(૩૭૧) એક વખત શ્રી ગુસાંઇજીને કોઇ વૈષ્ણવે વિનંતી કરી કે આપ શ્રીનાથજી અને શ્રીનવનીતપ્રિયજીને સાથે કેમ નથી પધરાવતા? ત્યારે આપશ્રીએ આજ્ઞા કરી કે તેમ કરીએ તો શ્રીનાથજીના સાન્નિધ્યમાં શ્રીનવનીતલાલ માટે આર્તિ અને શ્રીનવનીતલાલના સાન્નિધ્યમાં શ્રીનાથજીને માટે આર્તિ કેમ રહે?

(૩૭૨) અત્યારે આપણે ત્યાં જે સેવા થઇ રહી છે તે અંતર્ધાનલીલા વખતે શ્રુતિરૂપાઓએ કરેલી લીલાના ભાવથી છે.

''गोपिकावद् विप्रयोगे कालक्षेपाय सर्वथा। कृष्णमूर्ति प्रियां कृत्वा भजेत् तत्तच्च भावतः ॥''

નહીંતર બધી સેવા સાધનરૂપ અને કૃતિમ બને, તેની ફલરૂપતા નષ્ટ થઇ જાય. જેમ અન્તર્ધાનલીલા પછી શ્રુતિરૂપાઓનો તાપ બહુ વધી ગયો અને શ્રીઠાકુરજી પ્રકટ થયા તેમ અહીં પણ તાપ બહુ વધી જાય ત્યારે કૃપા કરી શ્રીઠાકુરજી પ્રકટ થાય.

વહુ-બેટીઓનું પણ લૌકિક દૃષ્ટિએ જે વૈધવ્ય છે, અલૌકિક દૃષ્ટિએ એ વિપ્રયોગ છે. તે વખતે જે સેવામાં અધિકારી બને છે તે પણ અંતર્ધાનલીલાના ભાવથી.

(૧૫૩) વહુ-બેટીજીઓ એ અગ્નિકુમારિકાઓ છે. તેઓને અંગીકાર નિત્યસિદ્ધા શ્રીસ્વામિનીજીના યૂથ સાથે છે. એઓને લૌકિક ભાવ છે તેમ પતિભાવ છે. એઓએ શહેરો ધર્યો છે. અન્તર્ધાનલીલા પણ એઓની સાથે છે. એઓની નિત્યપરીક્ષા લેવાયા કરે છે. એઓને શ્રીઠાકુરજીનો વિયોગ અને સંયોગ થયા કરે છે. વહુબેટીજીઓને વૈધવ્ય પ્રાપ્ત થાય છે તે આ ભાવથી. દ્વારકાલીલાની પટરાણીઓ તેમ સોળ હજાર નાયિકાઓ પણ અગ્નિકુમારિકાઓના યૂથમાં મળી ગઈ છે. શ્રીઠાકુરજીએ પ્રાકૃત લીલા કરી ત્યારે અર્જુન સાથે બધી પટરાણીઓ તેમ સોળ હજાર નાયિકાઓ તીર્થયાત્રા કરવા નીકળી. ત્યારે શ્રીયમુનાજીનાં દર્શન સર્વ સૌભાગ્યચિહ્નો સાથે થયાં અને ત્યારે શ્રીયમુનાજીએ કહ્યું કે શ્રીઠાકુરજી તો વ્રજમાં નિત્ય બિરાજે છે. તે વખતે તે પટરાણીઓના તેમ નાયિકાઓના પ્રાકૃત દેહો છૂટી ગયા અને બધી લીલામાં ગઈ.

॥ આરતીના ભાવ અને પ્રકાર ॥

(૪૫૨) ચુનની આરતી આવે તે વખતે જે ચાર મૂઠિયાં આવે છે તે ચાર મુક્તિના ભાવથી આવે છે. શ્રી ઠાકુરજી ઉપરથી વારીને તે ફગાવી દેવામાં આવે છે અને એનો ભાવ એ છે કે ભક્તિ આગળ ચાર મુક્તિ તો વારીને ફેંકી દેવાની વસ્તુ છે.

(૪૫૩) સાત ઘરની સાત આરતી અને આઠમી કાકા વલ્લભજીની. શ્રી ગુસાંઇજીની પછી, તેનો જે વિસ્તાર શ્રી કાકા વલ્લભજીનો હતો. વેરાવળવાળા શ્રીમગનલાલજી મહારાજ એઓશ્રીના વંશમાં છે. હવે શ્રીટિકેત બિરાજતા હોય ત્યારે સાતે સ્વરૂપોની આરતી શ્રીટિકેત જ કરે.

(૪૫૪) આરતીના બે પ્રકાર - એક નાની અને બીજી મોટી. નાની આરતીમાં ત્રણ આંટા સમગ્ર શ્રીઅંગને, ત્રણ મુખારવિન્દને અને પછી એક સમગ્ર શ્રીઅંગને, ત્રણ મુખારવિન્દને અને પછી એક સમગ્ર શ્રીઅંગને. મોટી આરતીમાં સાત સમગ્ર શ્રીઅંગને, સાત મુખારવિન્દને અને એક સમગ્ર શ્રીઅંગને.

આરતીનો ભાવ એ કે સ્નેહ જયારે પ્રજ્વલિત થાય ત્યારે રૂપનો પ્રકાશ થાય. વાટ સ્નેહયુક્ત હોય અને બળે તે લાંબા વખત સુધી તે પ્રકાશિત રહે અને સ્નેહ પુરાયા કરે તો તે પ્રકાશ લાંબા વખત સુધી રહે, પરંતુ એમને એમ લૂખી બળે તો પ્રકાશ પણ ન થાય. અત્યારે લોકોનાં આયુષ્ય ટૂંકાં થઈ ગયાં છે. તેમાં પણ તે જ કારણ છે. સ્નેહ નથી એટલે જલદી જિન્દગી ખતમ થઈ જાય છે.

(૪૫૫) આરતી વખતે કડાં પહેરવાનો ભાવ એ છે કે કડાં દ્વારા અમને અમારા મૂળ રૂપનું ભાન થાય છે અને ભાન થતાં આર્તિ વધે પડે. અમારું મૂળ રૂપ શું છે અને આજે અમારી શી દશા છે! આ મૂળ રૂપનું અનુસંધાન પણ અમને નથી રહ્યું! આ પ્રકારની આરતીથી પ્રભુના સ્વરૂપનો પ્રકાશ થાય.

(૪૫૬) વૈષ્ણવોને ત્યાં સંધ્યા - આરતી ન હોય પરંતુ શ્રીગુસાંઇજીના ઘરની ક્રિયામાં - માનસીમાં સંધ્યા આરતી હોય.

(૪૫૭) હવે વીજળી થઈ. પહેલાં તો આરતી ઊંચી ધરે અને આરતી બતાવે. હવે વીજળીએ આપણી આંખ અંજાઈ અને આપણી દૃષ્ટિ તિમિરભરી બની. નહીંતર આરતીનો ભાવ એ છે કે પ્રજ્વલિત સ્નેહથી પ્રભુના સ્વરૂપનો પ્રકાશ છે.

(૭૯૮) વૈષ્ણવોને ઘેર ધૂપ ઊતરે પરંતુ દીપ ન ઊતરે અને ઘંટા ન વાગે આનો ઇતિહાસ આ પ્રમાણે છે.

સંવત ૧૯૬૦ની સાલમાં શ્રી ગોપાલલાલજી મથુરાવાળા અને શ્રીરણછોડલાલજી રાજનગરવાળા ગોકુળ પધારેલા. ત્યાં શ્રીગોકુળનાથજીના રાજભોગનાં દર્શન કરવા પધારેલા, ત્યારે જરા દર્શનની અવેર હતી. એટલે ત્યાં બિરાજતા શ્રીચંદ્રાવલી વહુજીને શ્રીગોપાલલાલજીએ પ્રશ્ન કર્યો કે આપના ઘરમાં ઘંટા કેમ નથી વાગતા? અને દીપ કેમ નથી ઊતરતો? ત્યારે તે વૃદ્ધ વહુજી મહારાજે આજ્ઞા કરી કે અમારા ઘરમાં શ્રીવ્રજપતિ નામના ટિકેત થઈ ગયા. તેઓશ્રી દીપના ઉપદ્રવમાં લીલામાં પધાર્યા ત્યાર પછી અમારા ઘરમાં અને અમારી સૃષ્ટિમાં તો શું પણ સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિમાં એવો હાહાકાર થઈ ગયો કે ત્યાં બધે ઘંટા અને દીપ બંધ થઈ ગયાં. અને 'બાબા આવે નહીં ઔર ઘંટા બજે નહીં' એ કહેવત પણ ત્યાંથી પ્રચલિત થઈ છે આ પ્રસંગ બની ગયા પહેલાં વૈષ્ણવોને ઘેર ઘંટા ખરા, પરંતુ દીપ નહીં. કારણ કે એક દીપ શાસ્ત્રમાં નિષિદ્ધ છે, તે તો કેવળ પિતૃકાર્યમાં જ હોય અને બે દીપ પ્રગટાવવાથી શ્રીગુસાંઇજીના ઘરની બરોબરી થાય.

(૯૨૮) પુષ્ટિમાર્ગમાં ગરુડજી ઘંટા ઉપર બિરાજે છે.

(૯૨૯) શંખો બે પ્રકારના છે. સછિદ્ર અને અછિદ્ર સછિદ્ર શંખથી ધ્વનિ થાય છે અને અછિદ્ર શંખથી જલનું શોષણ કરાય.

(૯૩૯) આપણે ત્યાં હનુમાનજી, ગુરુડજી વગેરે ભક્તોના દાસ-ભાવભર્યા નાનાં સ્વરૂપો સ્વીકારાયાં છે, વિકરાલ સ્વરૂપો નહીં. તે તો બીજાઓને માહાત્મ્ય બતાવવા માટે છે.

(૪૦૧) સેવા તો પ્રેમની છે. દેખાદેખીમાં મઝા નથી.

(૪૦૨) આપણે કરીએ તે સેવા નહીં, પરંતુ પ્રભુ માને તે સેવા.

(૪૦૩) શ્રીનાથજી અને કાંકરોલી એ સેવામાર્ગ શીખવા માટેની નિશાળ છે. 卐

(સાભાર : વચનામૃતો અને પ્રસંગો, મૂલસંપાદક : પ. ભ. નાગરદાસ કાશીરામ બાંભણીઆ, પ્રકાશક : શ્રી વલ્લભ ગ્રંથ પ્રકાશન, સુરત)

॥ આરતી - નિરાંજન ॥

શ્રી ઠાકોરજીના સ્વરૂપ પ્રત્યે વિરહાગ્નિ જ્યોત પ્રગટ કરી ભક્ત તન્મયતા ભાવ હૃદયમાં લાવે છે, તે ભાવથી આરતી થાય છે. વ્રજભક્તોના જેવી વિરહાગ્નિ - જ્યોત જ્યારે હૃદયમાં પ્રગટ થશે ત્યારે જ પ્રભુલીલારસ પ્રાપ્ત થશે. એ મિષથી આરતી છે.

મંગલ ભોગ પછી રાતના ભગવાન નિદ્રામાં સૂતા હોય. માટે મારા લાલને કોઈ ખોટાં સ્વપ્નાં આવ્યાં હોય એથી ભય પામ્યા હોય માટે તે બધાં વિઘ્નોથી નિવૃત્ત કરવા ઘીમાં બોળેલી વાટો જોડી ભગવાન ઉપર વારી દે છે અને ભઠ્ઠીમાં નાખી દે છે. આવી ભાવનાથી મંગળા આરતી કરી ભગવાનની નજર ઉતારે છે.

રાજભોગ પછી શ્રીકૃષ્ણ વનમાં ગાયો ચરાવવા ગયા હતા. માટે કોઈની નજર લાગી હશે એમ જાણી ઘીમાં બોળેલી વાટો જોડી ભગવાન ઉપર બીજીવાર રાજભોગ સમયે રાજભોગની આરતીની ભાવનાથી આરતી ઉતારે છે.

સંધ્યા આરતી ભોગ વખતે લાલો નિદ્રામાં સૂતો હતો તે વખતે ખોટાં સ્વપ્નાં આવ્યાં હશે. માટે તેની નજર ઉતારવા ફરી કાકડાઓથી આરતી ઉતારે છે. તેનું નામ સંધ્યા આરતી છે.

શયનભોગ આરોગતાં આરોગતાં ભગવાનની આંખમાં ઊઘનાં ઝોકાં આવે ત્યારે શ્રી યશોદાજી મારા લાલને વનમાં કોઈ પણ સ્ત્રીઓ ફરતી હોય તેની નજર લાગી હોય માટે પ્રેમથી ફરી આરતીના કાકડા ભગવાન ઉપર વાળી શયન આરતી કરે છે.

મર્યાદા માર્ગમાં જે આરતી થાય છે તેનો ભાવ એ છે કે -

આપણા આત્મામાં પ્રભુના નામની જે જ્યોતિ છે જેનાથી આ પ્રકાશ પામી રહ્યો છે તે જીવાત્મા ભગવાન ઉપર દિવસમાં ચાર વખત આ જ્યોતિની ભાવના આત્માને ન્યોચ્છાવર કરીએ છીએ.

આ ભાવના પુષ્ટિમાર્ગમાં પણ રાખીને આરતી કરવામાં આવે તો પણ વાંધો નથી. કેમકે પ્રભુ ઉપર પોતાનો ચૈતન્ય આત્મા છે એ ન્યોચ્છાવર કરવો એ તો ખરો આત્માનો સ્નેહ છે. માટે બન્ને ભાવનાઓથી આરતી થાય છે.

મર્યાદા અને પુષ્ટિમાર્ગમાં આરતી કરીએ તેમાં ફેરફાર હોય છે. પુષ્ટિમાર્ગમાં આરતી વખતે શ્રી ગુસાંઇજીની સંસ્કૃતમાં ચાર આરતીઓ છે, તેને આર્યા નામથી કહે છે તે બોલાય છે, તેમાં દરેક આરતીમાં જુદી જુદી આર્યા છે તે પુષ્ટિમાર્ગીય બૃહત્સ્તોત્રમાં શ્રી ગુસાંઇજીનાં સ્તોત્રોમાં છાપેલી મળે છે, અને મર્યાદામાં જે આરતી થાય છે તે કેવી રીતે કરવી એનું વર્ણન શાસ્ત્રોમાં નીચે મુજબ છે.

॥ ચતુષ્ટયં પાદતલં નિરાજનં દ્વૌનાભિદેશે મુખમંડલૈકં સર્વાંગ દેશેશ્રુત સપ્તવાર આરાર્તિકં ભક્તજનાઃ પ્રકુર્યુઃ ॥

ભગવાનને આરતી કરતી વખતે આરતીના ચાર આંટા તો ભગવાનના ચરણાર્વિંદ ઉપર વાળવા અને ભગવાનની નાભિ ઉપર બે આંટા વાળવા અને મુખારવિંદ ઉપર એક આંટો વાળવો. પછી આખા સ્વરૂપ ઉપર સાત આંટા વાળવા. એવી રીતે ચૌદ આંટાથી આરતી પૂરી કરવી. તેમાં ચૌદ લોકની પ્રદક્ષિણા કરી હોય અને ચૌદે લોકમાં પ્રભુની આરતી કરી હોય તેટલું ફળ પ્રાપ્ત થાય છે.

ચૂનની આરતી આવે તે વખતે જે ચાર મૂઠિયાં આવે છે તે ચાર મુક્તિના ભાવથી આવે છે. શ્રી ઠાકોરજી ઉપરથી વારીને તે ફગાવી દેવામાં આવે છે. અને એનો ભાવ એ છે કે ભક્તિ આગળ ચાર મુક્તિ તો વારીને ફેંકી દેવાની વસ્તુ છે.

સાત ઘરની સાત આરતી અને આઠમી કાકા વલ્લભજીની શ્રી ગુસાંઇજીની પછી. તેનો જે વિસ્તાર શ્રી કાકા વલ્લભજીનો હતો. હવે શ્રી ટિકેત બિરાજતા હોય ત્યારે સાતે સ્વરૂપોની આરતી શ્રી ટિકેત જ કરે.

આરતીના બે પ્રકાર છે. એક નાની અને બીજી મોટી, નાની આરતીમાં ત્રણ આંટા સમગ્ર શ્રી અંગને, ત્રણ મુખારવિંદને અને પછી એક સમગ્ર શ્રી અંગને. મોટી આરતીમાં સાત આંટા સમગ્ર શ્રી અંગને સાત આંટા મુખારવિંદને અને એક આંટો સમગ્ર શ્રી અંગને.

આરતીનો ભાવ એ કે સ્નેહ જ્યારે પ્રજ્વલિત થાય ત્યારે રૂપનો પ્રકાશ થાય. વાટ સ્નેહયુક્ત હોય અને બળે તો લાંબા વખત સુધી તે પ્રકાશિત રહે અને સ્નેહ પુરાયા કરે તો તે પ્રકાશ લાંબા વખત સુધી રહે, પરંતુ એમ ને એમ લૂખી બળે તો પ્રકાશ પણ ન થાય. અત્યારે લોકોનાં આયુષ્ય ટૂંકાં થઈ ગયાં છે. તેમાં પણ તે જ કારણ છે. સ્નેહ નથી એટલે જલદી જિંદગી ખતમ થઈ જાય છે.

ગોસ્વામી બાલકો આરતી વખતે કડાં પહેરે છે તે કડાં પહેરવાનો ભાવ એ છે કે, કડાં દ્વારા તેમને તેમના મૂલ રૂપનું ભાન થાય છે અને ભાન થતાં આરતી વધી પડે. તેમનું મૂળ રૂપ શું છે અને તેમની શી દશા છે! આ મૂલ રૂપનું અનુસંધાન પણ અમને નથી રહ્યું. આ પ્રકારની આરતીથી પ્રભુના સ્વરૂપનો પ્રકાશ થાય.

વૈષ્ણવોને ત્યાં સંધ્યા આરતી ન હોય, પરંતુ શ્રી ગુસાંઇજીના ઘરની ક્રિયામાં - માનસીમાં સંધ્યા આરતી હોય.

હવે વીજળી થઈ. પહેલાં તો આરતી ઊંચે ધરે અને આરતી બતાવે. હવે વીજળીએ આપણી આંખ અંજાઈ અને આપણી દૃષ્ટિ તિમિરભરી બની. નહિતર આરતીનો ભાવ એ છે કે, પ્રજ્વલિત સ્નેહથી પ્રભુના સ્વરૂપનો પ્રકાશ છે. 卐

સાભાર : ''વ્રતોત્સવાવલી''પ. ભ. શ્રીરવજભાઈ પ. પટેલ, રાજકોટ. હસ્તે : શ્રી ભગવતભાઈ)

॥ आरती - श्रीनाथजीकी ॥



॥ मंगला आरती ॥

अमंगलनिवृत्यर्थ मंगल प्राप्त्यर्थ मंगला की सेवा राखी। श्रीगुसाँईजी श्रीविठ्ठलनाथजी ने दशम की पूर्वार्द्धकी रसलीला की षट्पदी निर्मित करी और वह मंगल शब्द सों सारी भागवत अध्याय की रसलीला निहित करी वह यह है -

॥ मंगलं मंगलं ब्रज भुवि मंगलम् । मंगलमिह श्री नन्द जसोदा नाम सुकीर्तनमेतद् रुचिरोत्सगं सुलालित पालित रुपम् श्री श्री कृष्ण इति श्रुति सारं नाम स्वार्त जनाशय। तापापहमिति मंगल रावम् । ब्रजसुन्दरी वयस्य सुरभि वृन्द मृगी गण निरुपम भावा मंगल सिन्धु चया। मंगलमीषत्स्मित युत वीक्षण भाषणमुन्नत नासापुट गत मुक्ता फल चलनम् । कोमल चलदंगुलदलं संगत वेणु निनाद विमोहित वृन्दावन भुवि जाता। मंगलमखिलं गोपीशितुरिति मंथर गति विभ्रम मोहित रास स्थित गानम्। त्वं जय सततं श्री गोवर्द्धनधर पालय निज दासान् ॥

मंगल - मंगला - मंगल

प्रातः काल उठत ही मंगल कामना मानवमात्र करत है। तासों दिन भर आनन्दमय बीते। निर्विघ्नता रुप मंगलमुख निरखि दैनिक कार्य आरम्भ करत है।

ग्रन्थारम्भ में हूँ पूर्व में मंगलाचरण करत है। तासों ग्रन्थ निर्विघ्न सम्पन्न होय। यासों ही याको नाम मंगला राख्यौ।

आभरण - कर्णफूल, श्री मस्तक की लड़, श्री हस्त में मोती की पोंची एवं कड़ा, चरणन में नूपुर धरे, कंठी एक रहे। कभी-कभी शीशफूल भी धरे। मंगला में फूल माला तथा फूल वगेरह नहीं आवें तथा वेणुजी भी न दरावें न बीड़ी अरोगावें। ताको आशय यह है - श्रृंगार - पुष्पमाला आदि ब्रज भक्तन के भाव सों होय। ब्रज भक्त दर्शन करें और सेवा करें तासों अंग पे न धरे। पिछवाई नहीं आवे, तकिया - गादी एवं खण्ड पाट रहे। वेणु पास में राखे श्री हस्त में न धरे। कारण - यदि बजावें तो सब मोहित होय जाय। तासों सेवा में विघ्न पड़े। यह मंगला मातृ युक्त है, पास लेके जसोदाजी बैठे। ब्रज ललना दर्शन करें।

शैया मन्दिर की सेवा सिद्ध भये बाद अथवा घड़ी एक बाद मंगल भोग सरवे की खबर झापटिया करवे जाय। बाल भोग सरवे लगे मंगला आरती की खबरजाय। मंगल भोग किवाड बन्द में सरे। बाहर में सरे। बाहर बीन बन्द होय जाय तथा कीर्तनियान को मुखिया एवं बीनकार ही 'मंगल-मंगल' अष्टपदी गावे। तथा ऋतु अनुसार पद गावे। आचमन मुख वस्त्र होय बीड़ा पास धरे। झारी स्वामिनीजी के भाव सों पड़गी पे शय्या मन्दिर तरफ आवे। बीड़ा कांच मन्दिर आड़ी आवे। दर्शन खुले पे सन्मुख उपरोक्त दो ही जने गावे। ऋतु अनुसार पद एक गावे एक झेले। मंगला आरती होय।

आरती प्रकार तथा स्वरूप भावना पद्धति - नित्य सेवा में आरती चार होय। दो आरती मातृभाव भक्ति दो सहचरीन द्वारा

कांता भावयुक्त। मंगला एवं संध्यार्ति – ये दो आरती माँ जसोदा करे। राजभोग एवं शयनार्ति युगल छवि की सहचरी करे।

ये आरती दो प्रकार की होय –

(1) थाली की – जामें मोतीन के द्वारा काँसी की थाली, अथवा चाँदी की थालीन में उत्सव प्रकार की रंग–बिरंगे कलात्मक ढंग पे दिवला धरि के चार बाती, आठ बाती, सोलह बाती की।

(2) खण्ड वारी – ये खण्ड ऊपर नींचे तीन होय। जामे ऊपर चार बाती। अक्षय तृतीया सो अषाढ सुदी 15 तक चार बाती की आरती होय है। गर्मी आदिक होय तो राजभोग एवं संध्यार्ति मणिकोठा सो होय। शयन बन्द जब से होय, तब लेकर विजयादशमी तक दो खण्ड की आरती होय। ऊपर की चार और नीचे की सात बाती होय। विजयादशमी सों शयन बन्द होवे तक तीन खण्ड अर्थात् 4–7–9 की आरती होय।

आरती क्यों तथा काहे कों कहें –

‘‘अमंगलं निवृत्यर्थ मंगलावाप्तये तथा,
कृतमारातिंकं तेन प्रसीद पुरुषोत्तम ॥1 ॥’’

ये आरती चार प्रहर की चार आरती होय। आरती बार–बार, उतारें दोष परिहार रात्रि के दोष निशाचरन की दृष्टि – निवारणार्थ मंगला आरती, वन वन में कन्हैया घूमें, ठौर – कुठौर पाँव परे तासाँ संध्या घर पधारवे पर द्वार पर माता जसोदा संध्या आरती करे।

राजभोग में निकुञ्ज में दोनों स्वरुपन को मध्याह्न की आरती ब्रजललना करें तथा शयन में ब्रजललना शय्यामन्दिरमें बैठाय के आरती करवे के बाद सों शयनार्ति होवें।

बातीन के प्रकार – ‘‘वर्तिका सप्तवा पंच वा कृत्वा दीपवर्तिका’’ पशु – पक्षी दोष परिहारार्थ, देव मनुज दोय परिहारार्थ करे है।

प्रथम खण्ड में चार बाती –

निवृत्ति – प्रमाण, प्रमेय, साधन, फल। उद्वेग – प्रतिबन्ध – लोकिक उपभोग निवृत्ति।

(1) मन की अनन्यता पर उद्वेग । (2) तन–मन की अनन्यता पर प्रतिबन्ध (3) इन्द्रियन की अनन्यता पर लौकिक (4) फल प्राप्ति सेवोपयोगी।

निवृत्ति ये चारखण्ड की चार बाती ऊपर।

दूसरे खण्ड में सात बाती – प्रमेय – भक्ति – आसक्ति – आवेश – व्यसन – फल – प्रणय

तीसरे खण्ड में नौ बाती – नवधा भक्ति के भाव सौ – श्रवण – कीर्तन – स्मरण – पाद सेवन – अर्चन – वन्दन – दास्य – सख्य – आत्मनिवेदन।

उतारवे को प्रकार (कितने आँटा उतारने)

“आदौ चतु: पाद तले च विष्णो: द्वौ नाभिदेशे मुखबिम्बमेकम्,
पर्वेषुचाङ्गषुच सप्तवारमारर्तिकं भक्तजनैस्तु कुर्यात्।”
(विष्णु धर्म)

“रतिर्देवादि विषया भाव इत्यभिधीयते” (हरि भक्त विलास)

सवाँग में तथा आँखन में भक्त लोग आरती लगावें ताको आशय-

“निराजनं च पश्येद् य: देव देवस्य चक्रिण:
सप्त जन्मनि विप्रस्य लभते च परमं पदम्।”

प्रश्न : महाराज लोग प्रभु सन्मुख आरती करें, तथा मुखियाजी जेमने हस्त काँच मन्दिर की आडी आरती करें ऐसो क्यों ?

उत्तर : मुखियाजी चन्द्रावलीजी की आड़ी सों आरती करें। वो स्थान जेमने तरफ चन्द्रावली जी को है तासों। और महाराज स्वयं चन्द्रावलीजी एवं स्वामिनी जी होवे सो सन्मुख दृष्टि मिलाय आरती करें। वे मातृ भाव में हूँ है। मंगला आरती उतरे बाद मन्दिर वस्त्र होय के सन्मुख आवे। फूलधरिया माला की पूछे वो संकेत भाषा में कहे। टेरा आवे। भीतर सेवा होय, बाहर कीर्तनिया गली में कीर्तन होय। डोल तिवारी में बीन बजे। जो पद भीतर गवें वो होय। शृंगार होय जब तक बीन बजती रहे। चोखला गवें। ऋतु अनुसार पद गवें। कीर्तनिया गली में अष्ट सखी के भाव सों कीर्तन होय।

ग्वाल के दर्शन की सेवा भावना :

ग्वाल के दर्शन में सन्मुख कीर्तन न होय। कारण – बालगोपालन के साथ भोजन करवे पधारे और धैया बाबा नन्दरायजी के साथ अरोगें। तासों ये दर्शन खेलकूद के हैं। तासों ही ग्वाल कहे। यामें तकियाँ नहीं आवे, यामें झारी तबकड़ी में शैयामन्दिर की आड़ी आवे। दर्शन खुलवे पे प्रभु के चरणन में तुलसी समर्पण होय। या दर्शन में ही काय कों ? दूसरे में क्यों नहीं – या दर्शन में जीव प्रभु शरणागत होय अर्थात् ब्रह्म सम्बन्ध लेय। यामें ही समस्त बालक बहू-बेटी चरण स्पर्श करें। यामें माला नहीं धरें, वेणु पास रहे, धरे नहीं। फेर चोकी पाटिया आवें तामें खाखरा की पातल बिछें। फेर धूप-दीप होय। सो एक ही धन्टा बजानो, धूप तथा दीप करे। वह शैयामन्दिर आड़ी होय के करे। दूसरी सखी झिलावे।

माला नहीं धरवे को आशय -

माला ब्रजभक्तन के भाव सों धरत है सो सब ब्रजभक्त संग कैसे अरोगें। तथा बाबा नन्द के साथ अरोगवे पर या बालगोपाल खेल में ग्वालबालन के संग खेले, तासों ग्वाल समे माला नहीं धरें। और समय धूप-दीप न होय के केवल राजभोग के एवं शयन भोग के पूर्व ही क्यों होय तथा धूप-दीप है कहा ? याको आशय बतावें हैं -

बाबा नन्द राजा है, तासो राजसी ठाठ के भोग, विविध प्रकार के व्यंजन जामें आठ प्रकार के मीठा, बारह प्रकार के शाक, मूंग,

दाल, रोटी, बाटी, लीटी, भुजेना, दही, बासोंदी आदि अनेक प्रकार की सामग्री, सखड़ी, अनसखडी, दूध-धर, शाक-धर आदि की आवें और सखड़ी बनावें। वे अनेक होय तथा और सामग्रीन में ब्रज भक्त सेवा सिद्ध करें तो उनकी दृष्टि परे ताके निवारणार्थ धूप होय। वह धूप चन्दन के बुरादे की होय। ताके सोरभ सो अन्य दोष दूर होय जाय, वह स्थान शुद्ध होय जाय। दीप बालक की अग्नि (क्षुधा) वृद्धि हेतु करी जाय। दीप दीवला बाँती की आरती के दो बाती की होय। घंटी एक ही होय।

"धूप दीपो महार्हाणि दद्यान्मे श्रद्धयार्चक:"
(श्रीमद् भागवत 11-27-33)
"गुड़ पायस सर्पींषि शष्कुल्या पूपमोदकान्,
संयावदधि सूपाश्च नैवेद्यं सति कल्पयेत्तत्"
(श्रीमद् भागवत 11-27-34)

तासो विविध व्यंजन आवे तब धूप-दीप होय अथवा नन्द बावा राजा है। जब अरोगे तब सब वस्तु आवे। उनके दोष परिहार होय।



॥ राजभोग आरती ॥

समय भये भोग सरवे की खबर जाय (समय भये के) बाद माला बोले माला बोलते ही नगाड़े बजें।

माला बोलवें को आशय - श्रीनाथजी के फूलधर चन्द्र सरोवर में हुतो तासों माला लायवे की सूचना दई जाय। तासों माला बोले हैं। वामें आवाज हूँ ये ही दें "माला वेगी लैयो।"

नगारा बजवें को आशय - बाबा नन्द राजा हैं। वे धर पधार के अरोगवे बैठे, तब द्वार पर नगारा बजें। बड़े-बड़े लम्बरदार गोपगण पधारें। राजकाज करें।

माला बोलवे पे भोगसरे, फेर मन्दिर धुवे। राजस्व साज जमें। जेमनी तरफ झारी - बंटा की तृष्टि आवै। बीड़ी अरोगे, माल धरे, दो फूल गुच्छा, छड़ी, कमल आदि ॠतु अनुसार धरें। दर्शन खुले वेणु वेत्र धरें, आरसी बतावें, फेर आरती होय। आरती होय पीछे पुन: आरसी बताय के वेणु वेत्र वड़े करे। बाद में खेल - खिलौना के साज आवे। दर्शन खुलत ही सारे समाज संग सन्मुख कीर्तन होय। पहले मुखिया कीर्तन प्रारम्भ करें फेर सब झेले।

वेत्र छोटे श्रृंगार में एक, तथा भारी श्रृंगार में दो धरें। ताको अशय छोटे श्रृंगार में एक स्वामिनीजी के भाव सों एक वेत्र धरें अरु भारी श्रृंगार में उभय स्वामिनीजी के भाव सों वेत्र धरें।

राजभोग में आरसी जेमनी दिशि सों दिखावें। कारण - राजभोग की सेवा चन्द्रावलीजी की आड़ीसो होय है। प्रिया - प्रितम निकुञ्ज में बिराजें। ता समय चन्द्रावलीजी प्रभृति सब सखी सेवा करें। तासों झारी - बंटा, तृष्टि आदि सब जेमने दिश आवें तथा तिलकायत साथ श्रृंगारी गेंद चोगान पधरावे। चोपड़ वगैरह भीतर की सेवा होय। सेवा के पश्चात् दूसरो मुखिया माला गली में माला पधरावे। पहले मुखिया, तिलकायत, श्रृंगारी अथवा जितने बालक बिराजतें होय, उनको माला - बीड़ा झिलावे। प्रभु सन्निधि में माला

नहीं धरावें। केवल जन्मदिन एवं विदा होय तब। शृंगारीको शयन की माला पहरावे, बीड़ी हाथ में देय। औरन को और माला तथा बीड़ा देय। बालक नहीं बिराजते होय तो गादीजी में बड़े मुखियाजी पधरावें। छड़ीदार, पोलिया, भण्डारी संग जाय आवाज देय।



॥ संध्या आरती ॥

टेरा आये बाद भोग आवे है यामें हूँ फूल के शृंगार वगैरह के भोग आवे है।

भावना – वन सो आवत ही समस्त ग्वाल – बालन के संग छाक सो बच्यो कछु अल्पाहार प्रभु करें। फल – फूल के पश्चात् कछु भोजन करनो चाहिये तासों भोंग आवे। जब तक भोग आवे तब तक बीन में जो सन्मुख पद भयो होय वह निकसे। फेर आरती की खबर जाय पीछे दर्शन खुलें। भोग सरे पीछे दर्शन खुलें।

यह संध्यार्ति मातृभाव सों हैं। अनेक वनन में प्रभु धूमें। कहूँ ठौर कुठोर में पाँव परे तासों घर आवत ही द्वार पर आरती (वारणा या उतारा) करें। यामें वेणु – वेत्र धरावें और फेर आरती करें। संध्या त्रिकाल समै को वारणा–उतारा ही संध्यार्ति कही गई है। यामें सामूहिक कीर्तन ऋतु अनुसार होय (सब साजसों) फेर टेरा आयके शृंगार बड़े होय। फेर श्रम निवारणार्थ दूध रसवर्दक, बलवर्धक होवे सो धैया अरोगें।

दिन भर प्रभु वन – बिहार करें तथा कुंज – निकुंज लीला करें तब ब्रज ललना वियोगानुभव सो आर्त होवें तब आप पधार कर दर्सन दें। ता समय ब्रज ललनान के ध्यानं करें। तासों या समय को नाम संध्या आरती राखयौ। सम्पयसमुदाय में माता जसोदा वारनो – आरती (उतारो) करें। तासों या समय को नाम संध्या आरती राख्यौ। सम्पक् प्रकार की आरती अथवा अच्छे प्रकार सो 'वारनो' करनो.

"तं गोरजश्छुरित कुस्तल बद्ध बर्ह वन्य प्रसून रुचिरेक्षण चारुहासम् ।
तत्संस्कृति समधिगम्य विवेश गोष्ठं सब्रीड हासविनयं यदपांग मोक्षम् ॥"
(श्रीमद्भागवत 10–15–42–43)

॥ शयन आरती ॥

'शयन' शद्ब कों आचार्य महाप्रभु वल्लभ अपनी सुबोधिनी में बताये है। शक्ति – चयन – संग्रह ही 'शयन' है। तासों दिन भर की रस लीलानुभव को संग्रह (चयन) ही शयन है। तासों या समय को नाम 'शयन' राख्यौ।

"'**'निकोझ – आनुष' मात्मना सहशक्तिभिः**"

अतः 'निरोध' के जो लक्षण बताये हैं – अपनी शक्ति को निरन्तर साथ स्थित करनो ही शयन है। प्रभु लीलाहति गोपालदास जी वल्लभाख्यान में कहे हैं:

"सकल ब्रज मा पौढ़िया ह्वालो करे विविध रमण सुखदान"

॥ शयन प्रकार ॥



धैया अरोगवे में तानपूरा सों एक व्यक्ति कीर्तन करतो जाय। जो उत्थापन भोग में भये होंय – वो, अथवा गौ दोहन आदि के पद होय। ये सब पद तानपूरा ही सों होय।

फेर शयन भोग आवें धूप – दीप शयन भोग में होय। नन्दबाबा के संग अरोगवे के भाव सो पूर्ववत है। जामें सखड़ी, अनसखड़ी, दूधधर की सामग्री यथा ऋतु यथाक्रम आवें।

या समय कीर्तन व्यारू के होंय। उत्सव बधाई आदि में बधाई वगैरह के होंय। तथा एक ही व्यक्ति तानपूरासो करे। फेर बीच में दूध आरोगवे को प्रकार होय। बाहर दूध आरोगवे के पद होय। या समे तुलसी नहीं समर्पे, शंखोदक नहीं होय। ताको आशय – अपोशनादि शास्त्र में एक ही बेर उचित है तासों बाबा नन्द प्रात: ही करें।

राजभोग पश्चात् छाछ अरोगनो आवश्यक है तासों बारह ही महीना छाछ अरोगें। शयन में दूध अरोगनो आवश्यक है तासों शयन भोग अरोगते बीच में दूध अरोगें।

शयन : चैत्र शुक्ला 1 या नवमी सो आश्विन शुक्ला 9 तक शयन के दर्शन बन्द रहें। तथा आश्विन शुक्ला दशमी (दशहरा) को खुलें सो मार्गशीर्ष शुक्ला 6तक खुलें। मार्गशीर्ष शुक्ला 7 सो माध शुक्ला 4 तक भीतर होय। बाद माध शुक्ला 5 (बसन्त) सो नव वर्ष या रामनवमी तक बाहर खुलें।

चैत्र शुक्ला 1 या 9 सो आश्विन शुक्ला 9 तक शयन के दर्शन नहीं खुलें। ये छ: मास शृंगार सेवा भीतर ही होय। यामें तनिया, पाग पे फूलन के जोड़ शयन भोग सरे बाद धरें।

लोकोक्ति – छ: मास प्रभु ब्रज में शयन के दर्शन देवें पधारें। छ: मास मेवाड़ में।

शृंगार – जब घेरदार या चमकदार बागा धरें तब मध्य को शृंगार छोटो होय जाय। फाल्गुन में एक कण्ठी ही धरें। बाजू पहूँची धरी रहे। कर्णफूल धरे रहे। फेंटा, पाग, टिपारा, कुल्हे यों ही रहे। तापै कछु नहीं धरे तथा ऊपर को साज बड़ो होय जाय। गोपाष्टमी पे मुकुट धरें तासों शयन में उत्सवाङ्ग कुल्हे धरें। तथा कार्तिक शुक्ला 14 को टीकेतन ने मोर चन्द्रिका एवं केशरी पाग को शयन में शृंगार कियो। तासो शयन में चन्द्रिका एक ही दिन धरें। कुल्हे जड़ाऊआवे तो पाग धरें। ऊपर न धरें तब शयन बन्द होय। यदि होय तो पाग ही आवे। तो पाग पे लूमतुर्रा हू धरें। आभरण छोटे तथा मध्य के शृंगार हूँ होय जैसे शरद् में।

शयन में लूम-तुर्रा कायकौं धरें? ताको आशय-

प्रभु प्रतिदिन दूल्हे बनिकै? नागर में पधारें।

''दिन दुल्हे मेरो कुंवर कन्हैया।''

शयन भोग सरवे की खबर जाय और रसाईया बोले। रसोईया बोलवे को आशय यह है कि भोग सरायवे रसोईयाजी आवें। रसोईया बोलते ही नगारा बजन लगे ताको आशय – पूर्ववत् नन्दबाबा राजा है। राज-काज को घर पधारे बाबा बिराज रहे हैं। द्वार पर नगारा बजे। फेर भोग सरे बाद सन्मुख बीरी अरोगे। मन्दिर धुवे बाद दर्शन खुले (ये दर्शन बाहर खुले तब)। फेर वेणु धराय आरती

होय। या समें पे वेणु मात्र ही धरें। तब सब सखी निकुंज में प्रिया – प्रितम के दर्शन करे। शयन बाहर होय तब तानपूरा सों ही ऋतु अनुसार कीर्तन होय। मंगला के समान ही एक गावे और दूसरो झेले। आरती उतर चुके तब वेणु बड़ी करि, माला, गेन्दुवा, वेणुजी शय्या मन्दिर में पधारें।

तब मुखिया कीर्तनिया की तरफ देखे अर्थात् प्रभु निकुंज में प्रियाजी सहित पधारें। कीर्तन बन्द करिके दर्शन बन्द होवे। पद मान के तथा पोढ़वे के कीर्तन होय। पौन घण्टे बाद बीन बजे।

ताला मंगल भये बाद बीन बजे। मालाजी पधारें अथवा गो. बालक धराय के पधारे। ये माला राजभोग समय की होय है जो धरावें। सब सेवक अपनी – अपनी सेवा पहुँच वीनती कर दण्डवत् करि धर जाँय। या प्रकार नित्योत्सव अथवा नित्य सेवा होय।

(साभार : श्रीनाथ सेवा रसोदधि)

卐







॥ આરતી અને પ્રેમ ॥

આરતી અને પ્રેમ એક જ સિક્કાની બે બાજુ છે. જે કોઈને પણ પ્રેમ મળી જાય, અને એને પોષણની પદ્ધતિ ન મળે તો તે આરતી કહેવાય છે. અને જેની આરતી પૂરી થઈ જાય, પછી જે સમજાય છે તેને પ્રેમ કહેવાય છે. આરતીમાં વેદના હોય છે, અને પ્રેમમાં દર્દ હોય છે. દર્દનો ઉપાય છે, વેદના ભૂલવા છતાં નથી ભૂલાતી. 卐



॥ આરતી સમયે પ્રભુ વેણુ ધારણ કરે છે ॥

આરતી સમયે અધર ઉપર વેણુ ધારણ કરી વ્રજભક્તોની આશક્તિ વધારી, (વ્રજ ભક્તોને શ્રી ઠાકુરજીમાં પોતાપણું દેખાયું.) પ્રેમ કોઇને પણ થાય - આશક્તિ કોઇ એકમાં જ હોય. વેણુ મુખારવિંદ પર હોય ત્યારે શ્રીજીની ઇચ્છા છે કે, હું આપને (મારામાં આશક્ત જીવોને) દર્શન આપવા માંગુ છું. જેથી આરતી સમયે ભક્તો દોડીને પ્રભુ સન્મુખ થાય છે. શ્રી ઠાકુરજીની આરતીના દર્શન કરવા માટે વૈષ્ણવો મોટી સંખ્યામાં ઉમટી પડે, પણ શ્રી ઠાકુરજી આશક્તિ તો દૈવી જીવોમાં જ મુકે.

'અચ્છાઈ' = દર્પણ જોવું, દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અન્ત:કરણ, તેના ધર્મો, સ્ત્રી, ઘર, પુત્ર, કુટુંબ, ધન, આલોક, પરલોક અને આત્માથી આ જીવને કાંઈ ગમતુ હોય તો તે અચ્છાઈ છે. અચ્છાઈ એટલે ઉપરોક્ત બધા જ સંસારના વિષયોમાં પોતાને શ્રેષ્ઠ સમજવો, જેને 'હું' પણ કહી શકાય. અચ્છાઈ એટલે સંસારના વિષયોને થોડીવાર બાજુએ મૂકીને, અચ્છાઈ છોડીને, પ્રભુ પાસે આવવું એજ પ્રભુ સેવા છે.

ચોર્યાસી વૈષ્ણવની વાર્તા પ્રસંગ - ૮૪ શ્રી આચાર્યજી મહાપ્રભુજીના સેવક, કૃષ્ણદાસ અધિકારી જેમણે 'અચ્છાઇ' છોડીને પ્રભુ પાસે આવ્યા એ પ્રસંગ ફરીથી યાદ કરીએ.



કૃષ્ણદાસ પોતાના મનમાં વિચારે કે હું પણ વ્રજમાં જઈને બધા તીરથ કરું. પછી શ્રી મથુરાજી આવીને વિશ્રાંતઘાટે સ્નાન કરીને વ્રજમાં જવા નીકળ્યા, ત્યાં ફરતા ફરતા શ્રી ગોવર્ધન આવ્યા. જ્યાં તેમણે સાંભળ્યું કે દેવદમનનું મંદિર બન્યુ છે. કૃષ્ણદાસ પોતાના મનમાં વિચારે કે હું પણ દેવદમનનાં દર્શન કરું. ત્યારે આવીને કૃષ્ણદાસે દેવદમનનાં દર્શન કર્યા. શ્રી આચાર્યજીએ પોતે રાજભોગ આરતી કરી, ત્યારે દર્શન કરતાં જ કૃષ્ણદાસનું મન શ્રી ગોવર્ધનનાથજીએ હરી લીધું. કૃષ્ણદાસની તરફ શ્રી ગોવર્ધનનાથજી જોઈ રહ્યા. પછી શ્રી ગોવર્ધનનાથજી શ્રી આચાર્યજી મહાપ્રભુને કહે કે, ''આ કૃષ્ણદાસ આવ્યો છે. બહુ દિવસથી વિખૂટો પડ્યો છે, તેથી હું એને જોઉં છું.'' ત્યારે કૃષ્ણદાસ પાસે આવીને શ્રી આચાર્યજીએ કહ્યું કે, ''કૃષ્ણદાસ! તુ આવ્યો?'' ત્યારે કૃષ્ણદાસે દંડવત્ પ્રણામ કરીને વિનંતી કરી કે, ''મહારાજ! આપની કૃપાથી આવ્યો છું, તેથી હવે મને શરણે રાખો.'' ત્યારે શ્રી આચાર્યજી કહે કે, ''જા, જલદી ન્હાઈ આવ, તારા સામે શ્રી ગોવર્ધનનાથજી જોઈ રહ્યા છે. તેથી જલદી આવી જજે.'' ત્યારે કૃષ્ણદાસ દોડીને રુદ્ર કુંડમાં ન્હાઈ આવ્યા, પછી કૃષ્ણદાસ શ્રી આચાર્યજીની પાસે મંદિરમાં આવ્યા. ત્યારે શ્રી આચાર્યજીએ પોતે કૃષ્ણદાસને શ્રી ગોવર્ધનનાથજીની સાન્નિધાન બેસાડીને નામ સમર્પણ કરાવ્યું. એ કૃષ્ણદાસ દૈવીજીવ છે તેથી તત્કાલ સઘળી લીલાનો અનુભવ થયો. તે જ સમયે કૃષ્ણદાસે રાગ-સારંગમાં આ કીર્તન ગાયુ. તે પદ: ''વલ્લભ પતિત-ઉદ્ધારન જાનૌ!''

ઉપરોક્ત વાર્તા પ્રસંગમાં, રાજભોગ આરતી સમયે શ્રી ગોવર્ધનનાથજીએ વેણુ ધારણ કરેલી છે. આપ દૈવી જીવોની આશક્તિ વધારી, પોતાના કરવા માટે તત્પર છે.

રાસમાં શ્રી ગોકુલનાથજી વેણુ બજાવીને ગોપીજનોને બોલાવવાવાળા પ્રભુ છે. ગોપીજનો પ્રભુની પાસે હારવા માટે આવી છે. (માટે રાગ : મલ્હાર છે.) વેણુનાદના સ્વરમાં ગોપીઓનાં નામ પ્રગટે છે.

''દૃષ્ટિ'' એ ગુરુ છે અને શ્રીકૃષ્ણના મનનો શૃંગાર શ્રી વેણુજીએ સૌથી પહેલાં પોતાની દૃષ્ટિથી જોયો છે. શ્રી ઠાકુરજીનો શૃંગાર, શ્રી સ્વામિનીજી છે, વ્રજમાં સ્ત્રી શૃંગાર છે. પુરુષ માત્ર એક શ્રી ઠાકુરજી, બાકી બધી સ્ત્રી - વ્રજભક્તો. આરતી સમયે શ્રી ઠાકુરજી વેણુ ધારણ કરી નાદના સ્વરમાં વેણુ દ્વારા પોતાના ભક્તોને નામ દઈને બોલાવે છે. શ્રી ગોકુલનાથજીએ પોતાની ટીકામાં લખ્યું છે કે, ''શ્રી મહાપ્રભુજીનો વાણીરૂપી વેણુનાદ જેના હૃદયમાં પ્રવેશ્યો છે. તે વૈષ્ણવ થાય છે.''

ગૃહ સેવામાં બંસીનાદ (વેણુનાદ) સાવધાન કરવા માટે છે. આગળ વિચાર્યું તેમ અચ્છાઈ છોડીને તુ મારી પાસે (પ્રભુ પાસે) આવ્યો છે. સ્વરૂપ ભાવલીલા પ્રગટ કરવા માટે ''સાવધાન'' ઉચ્ચાર શબ્દ ''નાદ'' આપણા સેવ્ય સ્વરૂપ પોતે વેણુનાદ કરીને ઉચ્ચરે છે, સાવધાન કરે છે. જીવની પ્રભુ મિલનની ઇચ્છા હોવા છતાં પણ જ્યાં સુધી પ્રભુ તે ભક્તને મળવાની ઇચ્છા પ્રગટ નથી કરતા ત્યાં સુધી તેનું વરણ ફલિત થતું નથી.



'ભાંગ્યુ ભાંગ્યુ તોયે ભરૂચ' નામના પુસ્તકમાં ભરૂચના ઇતિહાસની ૧૦૦ વર્ષ જૂની પુષ્ટિ સંપ્રદાયની નોંધ લખી છે કે, ''શ્રીજી મંદિરમાં રાજભોગ આરતીનો ટકોરો થાય ત્યારે સ્ત્રીજનો પોતાની કંચુકીની દોરી રસ્તા ઉપર દોડતી દોડતી બાંધતી દર્શને જતી હતી.'' ઉતાવળ હતી, આરતી સમયે પ્રભુ સન્મુખ થવાની. લીલા દાનનો અવસર ક્યાંક ચૂકી ના જઈએ.

શ્રી હરિરાયજી મહાપ્રભુએ કહ્યું છે કે, 'ભરૂચી એટલે ભરરુચિ, અને ભરૂચી ક્યારે પણ પોતાના આત્માનો અવાજ બહારના કાઢે. માટે જ 'ભરૂચીનો જોટો ના મળે.'

ભરૂચમાં નર્મદા નદીના કિનારે શ્રી મહાપ્રભુજી પધાર્યા અને શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું. જ્યાં આપ નિત્ય બેઠકજી સ્વરૂપે બિરાજમાન છો. આપશ્રીના પગલે શ્રી ગુસાંઇજી પણ પધાર્યા, શ્રી ગોકુલનાથજી પણ પોતાના અનન્ય સેવક મોહનભાઈજીને મળવા પધાર્યા, જે મોહનભાઈજીનું પ્રાગટ્ય પણ ભરૂચમાં થયું અને જેમના થકી ભરૂચના વૈષ્ણવો ભરૂચી કહેવાયા. શ્રી ગોકુલનાથજીના ૭૮ વૈષ્ણવો પૈકીના ૨૪ વૈષ્ણવો તો ફક્ત ભરૂચ જિલ્લામાં જ પ્રગટ્યા હતા. પ. ભક્ત કવિ શ્રી દયારામભાઈ ભરૂચમાં પોતાના મામાને ઘરે છ મહિના રહ્યા હતા. પુષ્ટિ સંપ્રદાયની સમૃદ્ધિનો અમૂલ્ય વારસો આપનાર પ. ભ. શ્રી મગ્નલાલ શાસ્ત્રીજી, શ્રી મૂળશંકર શાસ્ત્રીજી, શ્રી ગોવિંદભાઈ ભટ્ટ, શ્રી મૂળચંદભાઈ તેલીવાળા અને શ્રી સુંદરલાલ વકીલ જેવા કૃપાપાત્ર વૈષ્ણવો પણ ભરૂચમાં પ્રગટ્યા. શ્રી વામનજી એ કરેલી પુષ્ટિ લીલા કાર્યનું સ્થળ પણ ભરૂચના નર્મદા કિનારે છે. શ્રીજીના હૃદય ઉપર ભૃગુચરણ બિરાજે છે તે ભૃગુઋષિ કે જેમના નામ ઉપરથી આજે ભરૂચ ઓળખાય છે.

ઉપરોક્ત કથન લખવા પાછળનો હેતુ એટલો જ છે કે, ''વલ્લભ સુધા રસ માધુરી', એટલે વેણુનાદની આસક્તિવાળા મહાનુભાવોનો આટલો મોટો સાગર સમૂહની સરાહના કરવા માટે જીવ લોભી બન્યો.

''પ્રભુ વેણુ ધારણ કરી, વેણુનાદ દ્વારા દૈવી જીવોની આશક્તિ વધારી, એ આરતી પ્રકારાન્તે સમાપન યજ્ઞ છે.'' 卐



॥ વેણુનાદના પાંચ પ્રકાર ॥

શ્રી મહાપ્રભુજીએ વેણુનાદના પાંચ પ્રકાર બતાવ્યા છે.

૧. ડાબાં કર્ણને ડાબા ખભા ઉપર ઝુકાવીને વેણુનાદ કરે ત્યારે સ્ત્રીઓનું આકર્ષણ છે.
૨. જમણા કર્ણને જમણા ખભા તરફ ઝુકાવીને વેણુનાદ કરે ત્યારે પુરુષોનું આકર્ષણ છે.
૩. સ્થિર - સમાન એટલે સીધા ઊભા રહીને વેણુનાદ કરે ત્યારે સ્ત્રી-પુરુષ બંનેનું આકર્ષણ થાય છે.
૪. ડાબી તરફના ગાલને ડાબા ખભા પર ઝુકાવીને, જમણું નેત્ર ઊંચુ કરી વેણુનાદ કરે છે ત્યારે દેવાંગનાનું આકર્ષણ (થાય) છે.
૫. જમણા ગાલને જમણા ખભા પર ઝુકાવીને ડાબા નેત્રને નીચે કરીને વેણુનાદ કરે ત્યારે પાતાલ કન્યાઓનું આકર્ષણ થાય છે.

આ રીતનું વર્ણન શ્રીઆચાર્યજી કરે છે. જ્યારે અન્ય ટીકાકારોએ આવું વર્ણન નથી કર્યું. 卐

(સાભાર : શ્રી પુષ્ટિ-પથ-દર્શન એવું રસેશ કૃષ્ણ.)

શ્રીઠાકુરજી વેણુજીને શ્રીસ્વામિનીજીના ભાવથી પોતાના શ્રીહસ્તમાં ધારણ કરે છે.

શ્રીઠાકુરજી વેણુજીને શ્રીચંદ્રાવલીજીના ભાવથી પોતાની કટીમાં રાખે છે.

શ્રીઠાકુરજી વેણુજીને શ્રીકુમારકાજીના ભાવથી અધર પર ધારણ કરે છે.



(સૌજન્ય : શ્રીકુંજવિહારીજી લીમડી)

॥ શ્રી ઠાકોરજી અને શ્રીવલ્લભ પરિવારનો મનોયોગ ॥

આરતી કરવાનાં સમયે શ્રી વલ્લભ પરિવાર દ્વારા મનોમન ગવાતી આર્યા-ગીતિ શ્રી ઠાકોરજી અને શ્રી વલ્લભ પરિવારના મનોયોગનું લક્ષણ છે. એમાં એકમેકનો સુદૃઢ સ્નેહભાવ હોય છે. કોઈ કોઈકના માટે કાંઈ પણ કર્તવ્ય માનીને કરે તો એમાં શાસ્ત્રોક્ત ફળ મળે છે, પરંતુ આર્યાનાં માધ્યમથી સુદૃઢ સ્નેહપૂર્વક પ્રભુનાં સન્મુખ, ઉપસ્થિત થઈને, જે ભાવની ગરિમા નિભાવવામાં આવે છે એને શ્રી ઠાકોરજી પોતાપણું આપે છે. આ જ કારણથી રાજભોગની આરતીમાં બાળકોને ત્યાં બીડાં પધરાવવાની રીત છે અને શયન આરતીમાં શયન પછી માળા - બીડાં એક સુસજ્જિત ટોપલીમાં મૂકીને નિજમંદિરના ઝુમખાજી સહિત પધરાવવાની પદ્ધતિ છે. આ મંદિરની જે ચાવી છે તે માળા - બીડાની સાથે મલમલની વસ્ત્રાવલીમાં સુરક્ષિત મૂકીને આપવામાં આવી છે. આ કોઈ માલિકી હક્કની ચાવી નથી. આ તો ઝૂમખાજીનાં નામથી પ્રસિદ્ધ છે. ઝૂમખાજીનું, વાસ્તવિક મોહિની સ્વરૂપ ગોપીજનોની સમજણમાં આવે છે. સમજો અને વાંચો "अहो लाल, लड़ेती को झूमका।"

આ જે ટોપલી છે. કે જેમાં માળા - બીડું પધરાવવામાં આવ્યું છે. આજની સેવા ભાવનામાં જે પ્રમુખ ગોપી છે. એના પાલવની ઝોળીનું સ્વરૂપ છે. આ માળા બીડાનાં માધ્યમથી અંતરંગ વ્રજગોપીઓએ શ્રી વલ્લભકુળની પાસે પોતાપણાનું દાન મોકલ્યું અને આ મંદિરની ચાવી નથી. આ તો સેવાની ચાવી છે. જે અમે આપને સોંપી રહ્યાં છીએ. હવે અમે આપને આધીન છીએ. એટલા માટે આ વિધિના આગમનની સૂચના સાંભળીને ઊભા થઈને લે છે અને હૃદયારૂઢ કરે છે. 卐



॥ આર્યાનું સ્વરૂપ - સદૃઢ સ્નેહ ॥

૧. આર્યા : છંદ વૈદિક નામ છે.

૨. આર્યા : ગીતિ કાવ્યનું અંગ છે.

૩. આર્યા : આર્યામાં સ્વરૂપ સૌંદર્યની સાથે, સ્વભાવ સૌંદર્ય પણ કહેવામાં આવ્યું છે.

૪. આર્યા : આર્યામાં જે સ્વભાવની સુંદરતા છે. તે આરતી કરવાનાં સમયે શ્રી ઠાકોરજીને ચંચળતાથી દૂર કરીને સ્થિરતામાં લાવવાનો પ્રયાસ છે.

૫. 'આર્યા'નું પુરાતન નામ 'આરતે કાર્યા' છે.

૬. 'આર્યા' સંકેતની ભાષા છે.

૭. 'આર્યા' શ્રી વલ્લભકુળનાં હૃદયમાંથી નીકળીને શ્રીજીનાં નિજ મંદિરમાં રહે છે.

૮. પ્રાચીન ગ્રંથ 'બૃહત્સ્તોત્રસરિત્સાગરઃ'માં સંપ્રદાયનાં તમામ સ્તોત્ર અને ગ્રંથ ક્રમબદ્ધ કરવામાં આવ્યા છે. એમાં ક્રમ સંકલનનાં હિસાબે એ પણ જણાવ્યુ છે કે કોના કયા કયા ગ્રંથ છે આ 'આર્યા' શ્રી ગુસાંઇજી કૃત માનવામાં આવી છે.

૯. આ બધી 'આર્યા' સંસ્કૃત ભાષામાં લખવામાં આવી છે.

૧૦. એની સંખ્યા '૫' (પાંચ) છે અને એને આરતી કરવાનાં સમયે મૂળ પાઠની જેમ મનોમન ઉચ્ચારણ કરવાની રીત છે.

૧૧. આમ તો આ 'આર્યા' મધુરાષ્ટકની જેમ અપ્રગટ અને ગુપ્ત ગોપનીય રાખવી, એવું વિધાન છે.

૧૨. મંગળાની 'આર્યા' પરમાનંદાસજીનાં પ્રકરણથી વૈષ્ણવ હક્કમાં પ્રગટ થઈ છે. (વાર્તા જોઇએ) બાકી ગુપ્ત ગોપનીય છે.

卐

|| મંગલારાર્તિકાર્યા ||

મંગલ - મંગલં વ્રજભુવિ મંગલમ્
મંગલમિહ શ્રીનન્દ-યશોદા
નામ-સુકીર્તનમેતદ્રુચિરો -
ત્સંગ-સુલાલિત-પાલિત - રૂપમ્ ||૧||

શ્રી-શ્રીકૃષ્ણ ઈતિ શ્રુતિ-સારં નામ સ્વાર્ત-
જનાશય-તાપાપહમિતિ મંગલ-રાવમ્ |
વ્રજ - સુન્દરી - વયસ્ય - સુરભિ-વૃન્દ - મૃગીગણ-
નિરુપમ - ભાવા મંગલ - સિન્ધુ - ચયાઃ ||૨||

મંગલમીષત્સ્મિત-યુત-વીક્ષણ-ભાષણ-
મુન્નત-નાસા-પુટ-ગત-મુક્તા-ફલ-ચલનમ્ |
કોમલ-ચલદંગુલી-દલ-સંયુત-વેણુ-નિનાદ-
વિમોહિત-વૃન્દાવન-ભુવિ-જાતાઃ ||૩||

મંગલમખિલં ગોપીશિતુરિતિ મંથર-ગતિ-
વિભ્રમ-રાસ-સ્થિત-ગાનમ્ |
ત્વં જય સતતં શ્રીગોવર્ધનધર
પાલય નિજ-દાસાન્ ||૪||

ભક્તની દિનચર્યાનો આરંભ ''જાગીયે ગોપાલલાલ દેખો મુખ તેરો, પાછે ગૃહકાજ કરો નિત્ય નેમ મેરો'' એવા ભાવથી થાય છે. પ્રભુનું સ્વરૂપ, ગુણ, લીલા તથા પ્રભુનું નામસંકીર્તન મંગલ છે. ભક્તોના સંતાપને દૂર કરનાર છે. ગોપીજનોનું ગાન (જે ત્રિભુવનને પવિત્ર કરનાર છે) તે મંગલ છે. આમ, હૃદયના ભાવોની અભિવ્યક્તિ કરી, નિજજનોની રક્ષા તથા પ્રભુમાં ભાવોત્પાદન કરવા વિનતિ છે.

પ્રભુનું નામસંકીર્તન તથા પ્રભુનું સુલાલિત સ્વરૂપ મંગલ છે એનું નિરૂપણ છે. શ્રીકૃષ્ણનો મહિમા વેદનો સાર છે, ભક્તોનાં સંતાપને દૂર કરનાર છે તથા શ્રીગોપીજનો, સખાઓ, ગાયો વિગેરેના હૃદયના મંગલભાવોની અભિવ્યક્તિ છે. ભગવાનનું હાસ્ય તથા આપનું બોલવું, જોવું મંગલ છે. શ્રીમધુરાષ્ટક સ્તોત્રના ગૂઢ ભાવોનો નિર્દેશ છે. વેણુનાદથી વિમોહિત, વૃંદાવનના પ્રાણીમાત્ર મંગલરૂપ છે. પ્રભુની નિરોધલીલાના તામસ સાધન પ્રકરણની લીલાઓનો નિર્દેશ છે. મધુરાધિપતિ શ્રીગોપીજનવલ્લભનું સર્વકાંઇ મંગલ છે. ગોપીજનોનું ગાન (પંચગીત) અતિ મંગલ છે. પ્રભુની જયઘોષ કરતાં પોતાનાં દાસોની રક્ષા તથા ભાવોત્પાદન કરવા પ્રભુને વિનતી કરી છે.

◆

|| રાજભોગારાર્તિકાર્યા ||

વ્રજરાજ-વિરાજિત-ઘોષ-વરે વરણીય-મનોહર-રૂપ-ધરે ।
ધરણી-રમણી-રમણૈકપરે પરમાર્તિ-હર-સ્મિત-વિભ્રમકે ।।૧।।

મકરાકૃતિ-કુંડલ-શોભિ-મુખે મુખરી-કૃત-નૂપુર-હૃદ્ય-ગતૌ ।
ગતિ-સંગત-ભૂતલ-તાપ-હરે હર-શક્ર-વિમોહન-ગાન-પરે ।।૨।।

પરમ-પ્રિય-ગોપવધૂ - હૃદયે દયયા દિન-તાપ-હરે સુહૃદામ્ ।
હૃદય-સ્થિત-ગોકુલ-વાસિ-જને જન-હૃદ્ય-વિહાર-પરે સતતમ્ ।।૩।।

તત-વેણુ-નિનાદ-વિનોદ-પરે પર-ચિત્ત-હર-સ્મિત-માત્ર-કથે ।
કથનીય-ગુણાકર-પાદ-યુગે યુગલે યુગલે સુદશાં સુરતૌ રતિરસ્તુ
મમ વ્રજરાજસુતે ।।૪।।

પુષ્ટિ ભક્ત ઉત્કૃષ્ટ ઉષ્ણભાવ યુક્ત છે. હૃદયની આતુરતા - આર્તિ - આરતી રૂપે અભિવ્યક્ત થાય છે. તેમાં પ્રભુમાં રતિ-ગતિ-મતિ રહે એવી ઝંખના રહેલી છે.

ચારે ય શ્લોકોમાં પ્રભુની વિવિધ લીલાઓથી ભક્તોનાં ચિત્તને હરનાર, નટવર સ્વરૂપથી માધુર્યનો સંચાર કરતા ગોપીજનો તથા સખાનાં હૃદયનાં સંતાપને હરનારા, વેણુનાદ દ્વારા ગોપીઓનાં ચિત્તને આકર્ષિત કરતા, ગુણનિધિ એવા શ્રીકૃષ્ણમાં રતિ માટે પ્રાર્થના છે.

|| સંધ્યારાર્તિકાર્યા ||

હરિ-ભક્તિ-સુધોદધિ-વૃદ્ધિ-કરે કર-વર્મિત-કૃષ્ણ-કથાગ્ર-રસે ।
રસિકાગમ-વાગમૃતોક્તિ-પરે પરમાદરણીયતમાબ્જ-પદે ।।૧।।

પદ-વંદિત-પાવન-પાપ-જને જનની-જઠરાગમ-તાપ-હરે ।
હર-નીત-વિદારણ-નામ-કથે કથનીય-ગુણાકર-દાસ-વરે ।।૨।।

વર-વારણ-માન-હરાગમને રમણીય-મહોદધિ-રાસ-રસે ।
રસ-પટ્ટ-દગંચલ-શોભિ-મુખે મુખરી-કૃત-વેણુ-નિનાદ-રાતે ।।૩।।

રતિનાથ-વિમોહન-વેષ-ધરે ધરણી-ધર-ધારણ-ભાર-ભરે ।
ભરતાગમ-શિક્ષિત-લાસ્ય-કરે કર-કૃષ્ટ-ગિરીંદ્રપદાબ્જ-રતે
રતિરસ્તુ સદા વલ્લભ-તનયે ।।૪।।

વનમાંથી સાયંકાલે પધારતા પ્રભુ ''મોહન દેખ સિરાને નયના... ગ્વાલ મંડલી મધ્ય વિરાજત સુંદરતા કો એના'' શ્રીયશોદાજી તથા શ્રીગોપીજનોનાં વિરહને દૂર કરતા મનમોહક આગમનવાળા રાસરસિક ગોવિંદપ્રભુમાં રતિની પ્રાર્થના છે. હરિ-ગુરૂમાં સમાન ભાવનો નિર્દેશ પણ ગણી શકાય. યશોદોત્સંગલાલિત પ્રભુની તામસફલ પ્રકરણ પર્યંતની લીલાઓને ભક્તહૃદયમાં ઉજાગર કરનાર હરિ-ગુરૂ (ઉભયભાવે)ને એવી કૃપા કરવા નિવેદન છે.

* * *

|| શયનારાર્તિકાર્યા ||

શરણાગત-ભીતિ-નિવૃત્તિ-પરં પર-પક્ષ-તમો - નિકરાંશુ-નિધિમ્ ।
નિધિ-સેવિત-પાદ-સરોજ-યુગં યુગ-ધર્મ-નિવર્તિત-કાલ-કરમ્ ।।૧।।

કરજોલ્લિખિત-પ્રમદૌઘ-કુચં કુચ-કુંકમલિપ્ત-વિશાલ-હૃદમ્ ।
હૃદય-સ્થિત-ગોકુલ-વાસિ-જનં જન-સંચિત-પુણ્ય-ચયૈક-ફલમ્ ।।૨।।

ફલ-દાન-પરાતિસમર્થ-ભુજં ભુજ-દંડ-ગૃહીત-કુચાગ્ર-મણિમ્ ।
મણિ-શોભિત-હસ્ત-ધૃતાદ્રિ-વરં વર-ગોપ-વધૂ-ચય-સંવલિતમ્ ।।૩।।

વલિત-પ્રમદા-યુત-રાસકરં કર-પદ્મ-યુગાહિત-વેણુ-વરમ્ ।
વર-ભક્ત-શિરઃસ્થિત-પદ્મ-કરં કર-મર્દિત-યાદવ-યૂથ-રિપુમ્ ।।૪।।

રિપુ-યૂથ-ભુજંગમ-દર્પ-હરં હર-પૂજિત-રમ્ય-સરોજ-પદમ્ ।
પદ-પદ્મ-યુગાર્ચન-દત્ત-પદં પદ-પદ્મ-નખ-સ્થિત-ભક્તિ-રસમ્ ।।૫।।

રસ-પૂરિત-ગોપ-વધૂ-શરણં શરણાગત-ઘોષ-જનાભયદમ્ ।
ભયદૌઘ-શિરોહર-ખડ્ગ-ધરં ધરણી-કૃત-પુણ્ય-ચયૈક-ફલમ્ ।।૬।।

ફલ-હેતુ-વિમર્દિત-દુષ્ટ-ખલં ખર-મુક્તિદ-પાદ-સરોજ-વરમ્ ।
વર-બર્હિ-શિખંડક-યુક્ત-કચં કચ-કોશ-નિવેશિત-પુષ્પ-ચયમ્ ।
ઘોષાધિપતિં કમલાધિપતિં વંદે તમહં મથુરાધીશમ્ ।।૭।।

શરણાગતોનાં ભયનો દૂર કરનારા, ગોકુલવાસીઓનાં હૃદયમાં વિરાજનારા, ભક્તોનાં સચિત પુણ્યપુંજના ફલરૂપ, રાસરસિક, વેણુધર, ચરણકમલમાં ભક્તિરસયુક્ત, વ્રજના અધિપતિ એવા પ્રભુને વંદન. નિજજનો માટે શૃંગાર રસાત્મક - નિર્દોષ અને પવિત્ર એવી પ્રભુની માધુર્યલીલા વિશિષ્ટ પ્રભુને વંદન.

* * *

(પૂ.પા.ગો. શ્રી વલ્લભકુલના બાલકો તથા વૈષ્ણવોના અતિ આગ્રહને વશ થઈ અહીં આર્યા છાપ્યા છે. જેવી પ્રભુની ઈચ્છા.)



॥ આરતી પોષણલીલા શ્રી વલ્લભની ॥

વિશ્વાસ તો દીવા જેવો છે. તે માર્ગને ઉજાળે છે. તે ગયો એટલે બધું અંધારું. બાકી બાળકોની તો પોષણલીલા છે. વિશ્વાસ રાખનારાઓના વિશ્વાસનું પોષણ કરે છે, અને અવિશ્વાસ રાખનારાના અવિશ્વાસનું પોષણ કરે છે.

વિશ્વાસ તો પુષ્ટિમાર્ગનું પહેલું પગથિયું છે. તે વગર બધું ખોટું છે. ગુરુદેવ પ્રત્યે પુરુષોત્તમભાવ રાખી તેમને માટે વિરહાર્તિ રહે તો શ્રી ઠાકુરજી અવશ્ય સાનુભાવ જતાવે.

('વચનામૃત' નિ. લી. પૂ. ગો. શ્રી ૧૦૮ શ્રી રણછોડલાલજી મહારાજશ્રી) 卐







॥ અગ્નિકુંડ ॥

ચૈત્ર સુદ એકાદશી - કામદા એકાદશી - તેની વિગતમાં કહેવાય છે કે, લક્ષ્મણ ભટ્ટજીએ પાંચ સોમયજ્ઞ કર્યા, એ રીતે તેમના કુટુંબમાં સો સોમયજ્ઞ પૂરા થયા, એટલે અગ્નિકુંડમાંથી શ્રીમદનમોહનજી સ્વરૂપે પ્રગટ થઇ પ્રભુએ વરદાન આપ્યું કે સો સોમયજ્ઞ પૂરા થયા હોવાથી હું પુત્ર રૂપે તમારે ત્યાં પ્રગટ થઇશ. બાદ બધાના દેખતા તેજ રૂપે ''અગ્નિકુંડ''માં સ્વરૂપ તિરોહિત થયું.

સો સોમયજ્ઞના અનુસંધાનમાં જણાવ્યું છે કે જગતમાં નવ નારાયણો છે. તેમાં યજ્ઞનારાયણ, ભટ્ટજીના કુટુંબના મૂળ પુરુષ છે. તેમણે સો સોમયજ્ઞ કરવાની ઇચ્છા કરી હોવાથી તેમણે ૩૨ સોમયજ્ઞ કર્યો. બાદ તેમના પુત્ર 'ગંગાધર' નામે હતા. તેમણે ૨૮ સોમયજ્ઞ કર્યા અને ત્યારથી તેઓને સોમયાજી પણ કહેવાય છે. તેમના કેશમાંથી જલધારા નીકળી હોવાથી શિવજીનો તેઓ અવતાર મનાતા હતા. તેમને ગણપતિ નામના પુત્ર હતા. તેમણે ૩૦ સોમયજ્ઞ કર્યા. તેમણે કાશીના વિદ્વાનોની સભામાં સારી કીર્તિ મેળવીને ગણપતિરૂપે દર્શન દીધાં, ત્યારથી સભાઓમાં તેમનું પ્રથમ પૂજન થતું હતું. તેમના પુત્ર બાલભટ્ટ નામથી થયા. તેમણે પાંચ સોમયજ્ઞ કર્યા. તે સૂર્યની જેમ સંધ્યા સમયે લોકોને દર્શન આપતા, તેથી સૂર્યના અવતાર મનાતા હતા. તેમને બે પુત્રો થયા તેમાં લક્ષ્મણ ભટ્ટે પાંચ સોમયજ્ઞ કર્યા. એ પ્રકારે સો સોમયજ્ઞ પૂરા થયા. એટલે ચૈત્ર સુદ એકાદશીએ, પ્રભુએ પ્રગટ થઈ, પુત્ર પ્રાપ્તિનું વરદાન આપ્યું હતું.

ચૈત્ર વદ એકાદશીને વરુથિની એકાદશી કહેવાય છે, કારણ કે વરુથિનીનો શબ્દાર્થ વરદાન આપનાર છે. એટલે દૈવી જીવોને પુષ્ટિપુરુષોત્તમની લીલાની પ્રાપ્તિ કરાવવા વરદાન આપનાર એ એકાદશી છે.

'એકાદશી' મહીનાની અગિયારમી તિથિ છે. એટલે શરીરની દસ ઇન્દ્રિયો અને અગિયારમી મનરૂપી ઇન્દ્રિયને વશ કરી શ્રી આચાર્યજીનું સ્વરૂપ જાણવા પ્રયત્ન કરે તો જીવને પ્રભુની પ્રાપ્તિનો માર્ગ મળી શકે. ચૈત્ર વદ એટલે અંધારિયામાં એટલા માટે જ 'અગ્નિકુંડ'માં પ્રગટ થયા કે જે માયાના ઘોર અંધકારમાં પડેલા દૈવી જીવોનાં હૃદયમાં જ્યોતિના પ્રકાશથી અજવાળું થાય. 卐



॥ આરતી સમયે ભક્તની વિરહદશા ॥

ભક્તની વિરહદશાનું વર્ણન કરતા, ભક્તની સખી અથવા દૂતી - પ્રિયતમ પ્રભુને કહી રહી છે કે ''હે પ્રભુ, હે હરિ, આપના પ્રિય ભક્તની વિરહ દશાનું હું શું વર્ણન કરું, અર્થાત તેની વિરહ - દશા અવર્ણનીય છે. આપ તો પ્રાણોના સ્વામી છો. (એટલા માટે આપની સમક્ષ તેની વિરહ-દશાનું વર્ણન શું કરું.) હું તો જ્યારે તેને વિરહની અગ્નિમાં બળતી જોઉ છું, ત્યારે મને એવું પ્રતીત થાય છે કે મરણ જ એને માટે આશીર્વાદ થઈ ગયું છે. કહેવાનો આશય એ છે કે જીવતા જીવત વિરહની અગ્નિમાં ધીરે ધીરે રહીને બળવાથી તો એ સારું, કે મરી જવું કારણ કે મરી જવાથી તો આ કાયોને કષ્ટથી નિશ્ચય મુક્તિ તો મળી જશે.''

વિરહી દશાવાળા ભક્તને માટે કહ્યું છે કે, તેઓની સ્થિતિ એવી થઈ ગઈ છે કે મરણ (મૃત્યુ) એમના માટે આશીર્વાદરૂપ છે. કારણ કે વ્યાવહારિક જગતમાં પણ આપણે જોઈએ છીએ કે જ્યારે કોઈ રોગી વર્ષો સુધી ઉપચાર કરીને પણ નીરોગી નથી થઈ શકતો અને અત્યંત કઠોર શારીરિક યાતના સહન કરતો રહે છે, તો આવી સ્થિતિમાં તેમના પરિજન એવી પ્રાર્થના (કામના) કરે છે કે, ''આટલું શારીરિક દુ:ખ સહન કરવાથી વધુ સારું તો એ છે કે ઈશ્વર તેને મૃત્યુ આપી દે.''

વિરહી ભક્તની સખી તેના પ્રિયતમને સમ્બોધન કરતા કહી રહી છે કે, ''હે લાલ, નિરન્તર, આપની મિલનની કામના કરીને તે પોતાના બધા જ સુખોની આહુતિ આપતી રહી છે. હે લાલ, એને તો કેવળ આપની જ કામના છે અને આપના સમક્ષ તે કોઈપણ પ્રકારના સુખનું બલિદાન કરી સકે છે. ભક્ત પ્રેમ રૂપી અગ્નિની જ્વાલાની નિરન્તરતાને જોઇને સ્વયં જ્વાલામુખીની જેમ બળતી રહે છે.''

ભારતીય ધાર્મિક વ્યવસ્થામાં યજ્ઞ - હવન આદિની અનંતકાળની પરંપરા રહી છે, યજ્ઞમાં આહુતિ આપવા માટે ભક્તજન શ્રેષ્ઠ વસ્તુઓ (સામગ્રી)નો ઉપયોગ કરે છે.

આ વિયોગ શૃંગારના અન્તર્ગત વર્ણવેલ દશ દશાઓમાંથી 'અભિલાષા' નામક પ્રથમ દશાનું વર્ણન છે. 卐



॥ આરતી સમયે ભક્તનાં નેત્રો ॥

ભક્ત જ્યારે પોતાના પ્રિયતમને (પ્રભુને) જોઈ (નિહાળી) રહ્યા છે ત્યારે તેની સખી તેને સમજાવે છે કે, ''આ પ્રકારે એક ધારું કોઈની સામે જોવું એક લજ્જાપૂર્ણ કામ છે.'' છતાં પણ ભક્ત પોતાના પ્રિયતમ (પ્રભુ)ની ઉપર એટલી બધી આસક્ત છે, કે સખીના સમજાવવા છતાં પ્રિયતમને જોવાનું બંધ નથી કરતી.

ભક્ત પોતાની અંતરંગ સખીને પોતાની વિવશતાનું વર્ણન કરતા રહે છે કે, ''હે સખી! હું શું કરું ? મારા આ નેત્ર જરા પણ નથી માનતા.'' મેં તેને કેટલું પણ સમજાવ્યુ છે, કહ્યું છે, પરંતુ એના ઉપર કોઈ પ્રભાવ નથી પડતો અને તે નિરન્તર તે જ પ્રિયતમની છબી નિહાળ્યા કરે છે. ''આ નેત્રોને શું કહું? તન અને મન હારી ગયું છતાં તે હસતાં રહે છે. એના પર ભલા, મારું શું ''બસ'' ચાલી શકે, એટલે કે આ નેત્ર મારા વશમાં જ નથી.

''ભક્તની પૂર્વાનુરાગિણી પરકીયા - મનોદશાનું આ વર્ણન છે.'' 卐



॥ વડવાગ્નિ ॥

ચિંતાપારાવારે પતિતસ્યાત્રૈવ મગ્નસ્ય ।
એતંજલવડવાગ્નિ: શરણં શ્રીવલ્લભાચાર્યા: ॥૨૩॥ (શિક્ષાપત્ર-૨૮)

શબ્દાર્થ : ચિંતારૂપી સમુદ્રમાં પડેલો અને તેમાંજ ડુબેલો એવો જે હું તેનું, તે જળનું શોષણ કરનાર વડવાનલ રૂપ શ્રીમહાપ્રભુજીજ શરણ છે.

વિવેચન : ભગવદીયના સંગ વગર મારા હૃદયમાં એવી ચિંતા છે કે જેનો પાર નથી. હું ચિંતારૂપી સમુદ્રમાં ડુબી ગયો છું. અહીં દષ્ટાંત કહે છે કે જેમ અતી ગહેરા પાણીના સમુદ્રમાં જે ડુબેલો હોય તેને એક વડવાનળ અગ્નિ જ સહાય કરનાર છે, કારણ એક ક્ષણમાં સઘળું પાણી તે શોષી લે છે. તેવી જ રીતે હું આ સંસારરૂપી ભવ સાગરમાં ચિંતારૂપી સમુદ્રમાં પડ્યો છું, તેમાં એક શ્રીવલ્લભાચાર્યજીજ શરણ છે, એ જ ઉપાય છે. શ્રીમહાપ્રભુજી અલૌકિક અગ્નિરૂપ છે, તે એક ક્ષણમાં સઘળી ચિંતા તથા સંસારના બધા દુ:ખનો નાશ કરશે, આજ ઉપાય છે. (૨૩) 卐



॥ અગ્નિવર્ણ ॥

અગ્નિનો વર્ણ દેખાવમાં પીળો છે, પરંતુ પરિણામે શ્યામ છે. (સપ્તરંગી - બારીક નિરીક્ષણે) શ્રીમહાપ્રભુજી શુદ્ધાદ્વૈત પુષ્ટિ અગ્નિ સ્વરૂપ છે, એટલે શ્રી મહાપ્રભુજીનું શ્રીઅંગ શ્યામ છે, અને શ્રી મહાપ્રભુજી વિપ્રયોગનું સ્વરૂપ છે, જેના કારણે આપનુ શ્રીઅંગ શ્યામ છે. ઉપરાંત શૃંગારરસનો વર્ણ પણ શ્યામ છે, એટલે શ્રીનાથજી અને શ્રીમહાપ્રભુજીનો વર્ણ શ્યામ છે.

જેને શ્રીપુરુષોત્તમ સ્વરૂપે દર્શન થયાં છે, તેને શ્રીગુસાંઇજીએ શ્યામ સ્વરૂપે દર્શન આપ્યાં છે, અને જેને આચાર્ય સ્વરૂપે દર્શન થયાં છે, તેને શ્રી ગુસાંઇજીએ ગૌર સ્વરૂપે દર્શન આપ્યા છે. ''નવઘન શ્યામ તમાલ.'' એટલે નૂતન મેઘના સરખા અને તમાલપત્રના જેવા શ્યામ શ્રીઅંગવાળા, એ શ્રીગુસાંઇજીનું મૂલ સ્વરૂપ, પરંતુ આપનું અહીં જે પ્રાકટ્ય છે એ ત્રિદલાત્મક શ્રીચંદ્રાવલીજીનું છે અને શ્રીચંદ્રાવલીજી ગૌર છે, માટે આપ ગૌર. અને શ્રીગુસાઇજી સંયોગનું સ્વરૂપ માટે ગૌર.

શ્રી ગોપીનાથજી પુષ્ટ બલદેવજીનું પ્રાકટ્ય માટે શ્યામ, જે આવેશ સ્વરૂપે રાસ કર્યો તે શ્રીબલદેવજી. ''શ્રીમહાપ્રભુજી અને આપના વંશમાં, મૂળ અગ્નિ સ્વરૂપે બિરાજો છો, અતઃ ભીતર વા બહાર અગ્નિ વર્ણ ધારણ કર્યો છે. જેના દ્વારા આપશ્રી આપના સેવકોને વિપ્રયોગનું દાન કરે છે.''

જ્યારે ગોપીજનો રસમય બની, ભગવાન શ્રીકૃષ્ણને મીઠો પ્રેમમય ઠપકો આપે છે કે, ''હે પ્રભુ! તમારા કુળમાં તો બધાય ગોરા અને રૂપાળા છે. તેમાં તમો આવા શ્યામ કેમ?''

''ગોરે શ્રી નંદરાયજુ, હો ગોરી જશુમતી માય, તુમ યાહીતે શામલે લાલ, એસે લક્ષણ પાય.''

ગોપીજનોના મર્મ વેધક રસપ્રચૂર શબ્દો - સાંભળી, રસાત્મક પુરુષોત્તમ ભગવાન ગોપીજનોને જવાબ આપી રસરેલ વહેવડાવે છે કે, ''હે ગોપીજનો! તમે તમારાં નયન રૂપી ડાબલીમાં કાજલ આંજેલ છે, અને એ કાજલની કોટડીમાં હું બિરાજી રહ્યો છું, એટલે મારું અંગ શ્યામલ બન્યું છે.''

''મન મેરો તારન બસે, હો ઔર અંજનકી રેખ, ચોખી પ્રિત હીયે બસે, યાતે સાંવલ ભેખ.''

卐

॥ અગ્નિ - સ્વરૂપ ॥

શ્રી વલ્લભ પ્રભુ શુદ્ધાદ્વૈત પુષ્ટિ અગ્નિ સ્વરૂપ છે. શુદ્ધાદ્વૈત સમગ્ર પુષ્ટિ અગ્નિ સ્વરૂપ શ્રી વલ્લભ અને તેનો સર્વ લીલા પરિકર, સામગ્રી, દેશ આદિ સર્વ શુદ્ધાદ્વૈત અગ્નિરૂપ જ છે. મૂળલીલા, અવતારલીલા સર્વ અગ્નિરૂપ જ છે.

આપણા મૂળ સ્વરૂપમાં અગ્નિરૂપ એક, અનેક, અનંત, આગાર રૂપ આનંદો છે. તેને જ આપણા સર્વાત્મભાવ, લીલાભાવ, સ્વરૂપ ભાવ, ભાવભાવના રૂપ અગ્નિ વૈભવોથી સ્વતંત્ર ધર્મિગૂઢ, આગાર, અભાવ ભાવાગ્નિને લાડ લડાવવાના છે. તે સર્વની આત્મ પ્રસન્નતા રૂપ અગ્નિ જ્યોતિ પણ શુદ્ધાદ્વૈત અગ્નિ સ્વરૂપ, સ્વભાવ, સ્વાદરૂપથી આપણા ૯૩ કરોડ સ્વરૂપોમાં વરેલી છે. 卐

॥ ભગવદ્ભાવ અગ્નિસ્વરૂપ છે ॥

ટીપ્પણી : જેવા આચાર તેવા વિચાર, આ બધાનું મૂળ કારણ સત્સંગ છે. સત્સંગ હોય તો ઉતરવાનો પ્રસંગ ન આવે. દુ:સંગ મહાન બાધક છે. **ભગવદ્ભાવ અગ્નિરૂપ છે,** અને સત્સંગ કાષ્ઠ રૂપ છે. તે ભાવનું પોષણ કરે છે. હવે દુ:સંગ જલ રૂપ છે. તે ભાવનો નાશ કરે છે. સત્સંગ પાત્રરૂપ છે. પાત્રમાં જલ હોય અને તેને અગ્નિ ઉપર મૂકવામાં આવે તો તે જલ અગ્નિને બાધ નથી કરતું. એટલે કે જ્યાં સુધી સત્સંગ છે. ત્યાં સુધી દુ:સંગ બાધ નથી કરતો. ત્રીજા શિક્ષાપત્રમાં શ્રી હરિરાયજી આ જ આજ્ઞા કરે છે. 卐

(''વચનામૃત'' નિ. લી. પૂ. ગો. શ્રી ૧૦૮ શ્રી રણછોડલાલજી મહારાજશ્રી રાજનગરવાળા)



॥ આરતી સમયે કાર્યનિપુણતા ॥

જ્યારે ભક્ત અથવા પ્રિયતમપ્રભુ પોતાના ભાવને એટલી કુશળતા અને સહજતાથી વ્યક્ત કરે છે કે એ બન્ને જ સમજી શકે ત્યારે કાર્યની આ કુશળતાને કાર્યનિપુણતા (क्रियाविदग्धता) કહે છે. જ્યારે ભક્તે પોતાના પ્રિયતમ પ્રભુને જોયા, ત્યારે તે આનંદિત થઈ ઊઠ્યા, પરંતુ તે સમયે પ્રિયતમ પ્રભુની સાથે કેટલાક અપરિચિત લોકોને જોયા, ત્યારે તે મુખથી કાંઈપણ બોલી નહીં. અને નેત્ર - પલ્લવી રચીને પોતાના કોમળ હાથ ઉરમધ્યે ધરી દીધા. અને ભક્ત પોતાની આ પ્રક્રિયાથી પાંચ અર્થોની ભાવના પ્રગટ કરે છે.

(૧) હે પ્રભુ, તમે મારા હૃદયમાં રહો છો, અને જ્યારે આપે મને મળવા માટે કહ્યું, જે આપનો એ આદેશ (આજ્ઞા) મારા માટે આવશ્યક છે.

(૨) હે પ્રભુ, હું સૌગન્દ ખાઈને કહું છું કે, મધ્ય રાત્રિએ અવશ્ય આપને મળવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરીશ.

(૩) હે પ્રભુ, બન્ને પર્વતોની વચ્ચે પડતી કુંજમાં હું કૃષ્ણપક્ષની બીજે આપને મળીશ.

(૪) હે પ્રભુ, હું યમુનાતટ ઉપર આપની અનુભૂતિ કરીશ.

(૫) હે પ્રભુ, મને આપને મળવાની પ્રતિજ્ઞાનું સ્મરણ છે અને સૂર્યાસ્ત સમયે અભિસારિકા બનીને આપની સમક્ષ અવશ્ય ઉપસ્થિત રહીશ.

◆





॥ અગ્નિકુંજ ॥

શ્રી મહાપ્રભુજી વગર જીવન અંધકારમય લાગે છે. તેનો વિયોગ આત્મજીવન અશ્રુમય થવું જોઇએ, જાગતાં - જાગતાં, ખાતાં - પીતાં, તનમન અશ્રુની કુંજ છે. અશ્રુ વિના શ્રીમહાપ્રભુજી માટે કોઈ સાધન નથી. તેમ ભજન, સ્મરણ, ગાન તે અશ્રુ જ, તન - મન, બુધ્ધિ, ચિત્ત, હૃદય અને આત્મવૃત્તિ જ હોવું જોઇએ. ભૂતલથી નિકુંજ સુધી અશ્રૃ નથી તો કંઈ જ નથી, સત્સંગમાં અશ્રુ નથી તો કાંઈ જ નથી. સેવા, સ્મરણ, શૃંગાર અને ભજન તે શ્રીમહાપ્રભુજીનું ફક્ત આશ્રુ જ અગ્નિ સ્વરૂપ ''શ્રી મહાપ્રભુજી.'' તેનું સાધન અગ્નિકુંજમાં આશ્રુ મહાસાગરથી સ્નાન કરવું. આશ્રુ તેજ શ્રીકૃષ્ણ, તે જ વિરહ, તે જ શ્રી મહાપ્રભુજી, તેજ આશ્રુનો મહાસાગર, અશ્રુમાં અજળો (અનંત) સુખના, પ્રભુના સુખના મહાસાગર છે. પ્રભુને પ્રિય કરતા, સાધન કરી થાકી ગયા, પછી અશ્રુ - દૈન્ય કરીને તે વિયોગી પ્રેમી ભક્તો આપણા માટે આશ્રુનો મારગ ખુલ્લો કરી ગયા છે. (અશ્રુ - વિરહાશ્રુ)

વ્રજભક્તોના નયનના વિરહાશ્રુ, અગ્નિકુંજમાં અગ્નિસ્વરૂપ કાજળ બનીને નયનોમાં અંજાયેલી રહે છે. શ્રી પુષ્ટિપ્રભુ પોતાના સ્વરૂપનું દર્શન કરવા, ભક્તને ત્યાં પધારીને અગ્નિકુંજમાં (આંખોમાં) પ્રવેશ કરીને દાનમાં શ્યામલરંગ માંગીને લઈ જાય છે. 卐



॥ વિરહાશ્રુ ॥

વિરહ અલૌકિક વિદ્યુત છે. ભક્તના વિરહાશ્રુ એ તો પ્રભુની પૂંજી છે, પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરવાનું સાધન છે. વિરહીના વિરહાશ્રુ કદી ખુટતા જ નથી. પરમ ભાગ્ય વિના વિરહાગ્નિની પ્રાપ્તિ નથી, અને તે શ્રીવલ્લભની કૃપા વિના પ્રાપ્ત થતી નથી. આવા વ્રજભક્તોને ત્યાં પ્રભુ પધારે છે, અને દ્વાર ખોલવાનું કહે છે. ભક્ત પુછે છે કે, ''તમે કોણ છો?'' શ્રી ઠાકુરજી બોલે છે,

''દીન ઠાડો હૈ દ્વાર પે, દીઓ દાન કછુક, દૃગ ઝોરીમેં ડારી એ, દર્શન ભિક્ષા ટૂંક.''

પ્રભુ કહે છે, 'ભિખારી બારણામાં ઊભો છે. તો કશુંક દાન આપો.' ભક્ત પૂછે છે કે, 'માગણ આવે તેની પાસે માગવાનું પાત્ર હોય, પણ તમારી પાસે તો કાંઈ છે નહીં.' પ્રભુ કહે છે, 'મારી પાસે આંખો છે તે મારી ઝોળી છે.' ભક્તો કહે છે, 'તમારી આંખો રૂપી ઝોળીમાં કંઈ ધરીએ તો આપને ઈજા થાય.' તો પ્રભુ કહે છે, 'મારે બીજું કાંઈ નથી જોઇતું માત્ર ભિક્ષાના દાનમાં દર્શનની ટૂંક નાખો.' મતલબ કે, 'જરા દર્શન આપો.'

આ શું કહેવાય ? પ્રભુમાં જો આટલી દીનતા હોય તો જીવને કેટલી દીનતા રાખવી પડે ? નિઃસાધનતાની પ્રાપ્તિ વગર દીનતા નથી, દીનતા વગર વિરહ નથી, વિરહ વગર પ્રભુની પ્રાપ્તિ નથી. ભાવ રહસ્ય પ્રસંગો જે છે તેમાં શ્રી વલ્લભના સાત પ્રકારના સ્વરૂપનાં દર્શન થાય છે. તેમાં મુખ્ય :

(૧) પુરુષાકાર - સુધા સ્વરૂપ
(૨) આનંદ સ્વરૂપ - ભગવદ્ ભાવ રૂપે કૃષ્ણ સ્વરૂપ
(૩) પરમાનંદ સ્વરૂપ - ગૂઢ સ્ત્રી ભાવ સ્વરૂપ, સ્વામિનીજી સ્વરૂપ
(૪) કૃષ્ણાસ્ય : કૃષ્ણ મુખારવિંદ સ્વરૂપ.
(૫) વૈશ્વાનર સ્વરૂપ : તાપાત્મક સ્વરૂપ
(૬) વલ્લભ સ્વરૂપ : લીલા મધ્યપાતી સ્વરૂપ
(૭) આશ્રય સ્વરૂપ : સન્મનુષ્યાકૃતિ વાક્પતિ સ્વરૂપ

卐



॥ અગ્નિ લીલા ॥

શુદ્ધાદ્વૈત આત્મલીલા, અગ્નિલીલાના ધામરૂપ છે. આત્મલીલા તથા અગ્નિલીલા એ અગ્નિતત્વનો સહજ સ્વતંત્ર સ્વભાવ છે. આત્મલીલા / અગ્નિલીલા એટલે ભક્તનું આત્મસ્વરૂપના પ્રાદુર્ભાવો અને શ્રીવલ્લભાધીશનું પણ આત્મસ્વરૂપના અપરંપાર પ્રાદુર્ભાવો આપવા તથા લેવા. શ્રીવલ્લભાધીશનું અગ્નિતત્ત્વ સ્વરૂપ, આત્મ પ્રસન્નતા ''આત્માઓ'' આત્મલીલા તથા અગ્નિલીલાના પ્રાદુર્ભાવો આપ્યા જ કરે છે.

''દમલા તુ આયો'', આ આત્મ બંસીનાદ શુદ્ધાદ્વૈત પુષ્ટિ સુધાનું ગુંજન છે. ''દમલા - અમલા'', શબ્દ આત્માનો સંબોધન છે. અગ્નિ તત્ત્વ - આત્મતત્ત્વ સ્વતંત્ર તત્ત્વરૂપ શુદ્ધાદ્વૈત વિરહાનલનો મહા શબ્દ છે. જે અગ્નિતત્ત્વ, આત્મતત્ત્વ અને સ્વતંત્રતત્ત્વ આપણા ભૌતિક ભાવાત્મક જીવનના ઊંડાણમાં રહેલા આત્મસ્વરૂપને પણ ''દમલા તુ આયો,'' સંબોધન આપ્યા જ કરે છે.

સ્વતંત્ર તત્ત્વ, જે સ્વતંત્ર આત્મા હોય તેને સ્વતંત્ર વા આત્મરૂપ બનાવી અગ્નિલીલા રૂપમાં પણ ખેલે છે અને ખેલાવે છે. ભગવાન હૃદયમાં બિરાજે એટલે ભક્તિનો તાપ મળ્યા કરે છે. આ 'સ્વાદ', તે સહજ શ્રી ઠાકુરજીએ બંસી બજાવી અને ગોપી દોડી આવી તે સ્વાદ. સ્વાદરૂપ વા આત્મ પ્રસન્નતા, આત્મલીલા - અગ્નિલીલાનું સ્વરૂપ છે.

અગ્નિલીલાના ત્રણ રૂપ - (૧) અગ્નિ (૨) પર અગ્નિ (૩) પરાત્પર અગ્નિ, જેના દ્વારા ક્રમથી ત્રણ અગ્નિ રસ પ્રગટ થાય છે (૧) ભગવદ્‌ભોગ્યા (૨) લીલાભોગ્યા (૩) સર્વાભોગ્યા. 卐



॥ આરતી અને અગ્નિ ॥

આરતી એ અગ્નિનું સ્વરૂપ છે, એટલે અગ્નિરૂપ આરતી હૃદયમાં પ્રજ્વલિત થવાથી હૃદય નિર્મળ અને શુદ્ધ બને છે હૃદય કેવળ નિર્મળ હોય તો જ પ્રભુનાં દર્શન થઈ શકે છે. દર્શન ન થયાં, પરંતુ આરતી વધી, જેમ જેમ દિવસે દિવસે આરતી વધતી ગઈ, તેમ તેમ હૃદય નિર્મળ બનતુ ગયું. પોતાના દોષ સ્ફુરાયમાન થયા. તેનું ફળ એ આવ્યું કે લૌકિકાસક્તિ છૂટી. હૃદય જેમ જેમ નિર્મળ બનતું ગયું તેમ તેમ ભગવત્ તેજ વધતું ગયું, દીનતા આવતી ગઈ. પોતાના દોષો દેખાવા લાગ્યા અને બીજાના દોષો ગુણરૂપ દેખાવા લાગ્યા. ભક્તો આકર્ષાયા, તેના સંગ દ્વારા અનેક ભક્તો થયા અને તે પણ એવા થયા કે તેમણે તેમના પ્રભુનાં દર્શન કરાવ્યાં. 卐



|| ભાવાગ્નિ ||

ભાવાગ્નિ - ભાવાત્મક એટલે ભૌતિક સ્વરૂપની અંદર ભાવાત્મક સ્વરૂપ. શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ દૈન્યાગ્નિનું કેવળ ભાવાગ્નિ રૂપ જ છે.

ભૌતિક : શ્રી ઠાકુરજી તરફ જવું પડે. ભાવાત્મક : બન્નેવ એક બીજા સામે આવે. ભાવાગ્નિ : શ્રી ઠાકુરજી સામે ચાલીને આવે.

પ્રત્યક્ષ અને પરંપરા, આપણો પરંપરાનો માર્ગ છે, વૈષ્ણવ દ્વારાનો. એકસોમાંથી બે (૨)ની પ્રસન્નતા મળે તો બેડોપાર. તાન-માન અને બંધાન, 'તાન' એટલે હૃદય, 'માન' એટલે દૃષ્ટિ, બન્નેવ એક થાય એટલે 'બંધાન' બને. વૈષ્ણવોમાં જેટલું વધારે તેટલી ઝગમગટવાળી ભક્તિ બને. 'મારું-તારું' - એ ભૌતિક સ્વરૂપ, 'હું કરું છું - હું ઉચ્ચ છું', વગેરે એ ભાવાત્મક સ્વરૂપ, બધાથી પર (ઉપર) એ ભાવાગ્નિ સ્વરૂપ.

વૈષ્ણવના સંગથી સફલ છે, ફળનું પણ ફળ છે. જેને સ્વાદ કહેવાય છે. ફળનું ફળ એ જ સ્વાદ. ભક્તિ વરેલી છે, તેથી શ્રીઠાકુરજી વરેલા જ છે. ભાવાગ્નિ સ્વરૂપથી ભોગ, ભોક્તા અને ભોગ્ય એ બધું જ અહીં એક જ છે.

ભાવાગ્નિ - દોષોંકા પ્રવેશ નહીં ભૌતિક - દોષ હોતે નહીં હૈ, લેકીન દોષારોપણ કરતે હૈ. 卐



॥ અગ્નિજ્યોતિ ॥

અગ્નિજ્યોતિનું મૂળ સ્વરૂપ સળગતું - સળગાવતુ અગ્નિ જીવનરૂપ છે. વરેલા પાત્રોને પોતાના મૂળ સ્વરૂપમાંજ અંગીકાર કરવો તે તેનો સત્ય સ્વભાવ છે. ભાવભાવના તેનું બહિરંગ સ્વરૂપ છે, જે ભાવભાવનાએ તેનું કરુણાત્મક પ્રસન્નતારૂપ શ્રીયમુનાજીનું સ્વરૂપ છે. જે પ્રસન્નતામાં પ્રમાણ, પ્રમેય, શુદ્ધ પ્રમેયરૂપ વિહાર (સામ્રાજ્યો) છે. તે પ્રસન્નતા (શ્રીયમુનાજીની) આત્માને શુદ્ધાદ્વૈત એટલે આપણા પ્રાકૃત જીવનમાં જ ઓતપ્રોત બની, સ્વપ્રમેય બળથી જ અગ્નિજીવનમાં રમે છે, રમાડે છે. પ્રમાણાત્મક ભાવભાવના એ જ અગ્નિજ્યોતિ, સામું આપણી આત્મસૂરતા વા નજર રાખતાં બહારના સઘળા આનંદો તેમાં તેના જ આનંદનું સતત અનુસંધાન રાખ્યા કરવું. ''અગ્નિજ્યોતિ'' જ આ સર્વ જીવમાં સ્વતંત્ર રમે છે, રમાડે છે.

卐



॥ વિરહાગ્નિ ॥

‘વિરહાનલ’, = વિ + રહ + અનલ. ‘વિ’ એટલે વિશેષ, ‘રહ:’ એટલે એકાંત, ‘અનલ’ એટલે અગ્નિ.

વિશેષ એકાંત પ્રિય અગ્નિ = ‘વિરહાગ્નિ’

શ્રી દામોદરદાસ હરસાનીજીનો આત્મભાવ (અમલાભાવ) એ જ વિશેષ એકાંત પ્રિય સ્વરૂપ છે. એ પ્રિય અગ્નિ, તે જ અગ્નિ તત્ત્વ, આત્મતત્ત્વ અને સ્વતંત્ર તત્ત્વ છે. આત્મભાવી (અમલાભાવી) સૃષ્ટિ વિશેષ એકાંત પ્રિય બ્રહ્માંડરૂપ જ સર્જેલી છે.

પરબ્રહ્મ શ્રી કૃષ્ણ : સંયોગાનલ રૂપ

શુદ્ધ પરબ્રહ્મ શ્રીકૃષ્ણ : વિયોગાનલ રૂપ

વિશુદ્ધ પરબ્રહ્મ શ્રીકૃષ્ણ : વિરહાનલ (વિરહાગ્નિ) રૂપ

આ ત્રણે દ્વૈત, અદ્વૈત અને શુદ્ધાદ્વૈત - શ્રી વલ્લભનાં જ સ્વરૂપો છે. 卐



॥ હાસ્યાગ્નિ ॥

ભૌતિક ભાવાત્મક (હાય - હાય, હાઉ-હાઉ-રહિત) વાણી - કટાક્ષ - હાસ્ય, આત્માથી જલ્પન - જલન અને જાગૃતિ બને તે આત્મલીલા રૂપ છે. જે જીવન ભૌતિક ભાવાત્મક હાસ્યમય રહે છે. સર્જેલું બ્રહ્મસંબંધ રૂપ જન્મવા સ્વરૂપ ભૌતિક ભાવાત્મક હસતું જ છે, જે હાસ્યાગ્નિ સ્વરૂપ છે. અતઃ સાધન રૂપ હાસ્યથી આંતર-બાહ્ય હાસ્યાગ્નિ, મહા હાસ્યાગ્નિ, અતિ મહા હાસ્યાગ્નિ ના જ પ્રાદુર્ભાવો રહ્યા કરે છે.

આપણે સૂઈ જઇએ ત્યારે આપણું શરીર તથા જીવન પારકું પણ નથી, ને પોતાનું પણ નથી. કેવળ શ્રીવલ્લભાધીશનું જ છે. પારકા માટે 'હાઉ' ધર્મ રહે છે, પોતાનું હોય તો 'હાય' ધર્મ રહે છે. સર્વ અંતર-બાહ્ય, જાગ્રત તથા નિદ્રામાં શ્રીવલ્લભ વિરહાનલમય જ આપણું જીવન છે. એટલે 'હાઉ' - 'હાય'ની શાંતિ એ જ હા... છા... હા... એટલે હાસ્ય, હાસ્યાગ્નિ મય જ રહે છે.

* * *



॥ અગ્નિનામ ॥

દમલાની (પ. ભ. શ્રી દામોદરદાસ હરસાનીજીની) આત્મ પ્રસન્નતારૂપ અગ્નિનામ છે. 'અગ્નિનામ' એ સાકાર છે. 'અગ્નિનામ' સ્વરૂપાત્મક, ભાવાત્મક, રસાત્મક, ફલાત્મક સર્વપ્રકારના શુદ્ધાદ્વૈત મહાસાગરોના ધામરૂપ મૂળાગ્નિ (મેઇન-પાવર) જ છે.

'અગ્નિનામ'માં મૂળ લીલાત્મક સકલ અનંત યુગલોનાં સ્વરૂપો છે. 'અગ્નિનામ'ની પ્રમેયાત્મક ભાવભાવનામાં વલ્લભનું આત્મસ્વરૂપ, વલ્લભનું આત્મસ્વરૂપ, તેથી પણ વિશેષ વલ્લભ-વલ્લભા અને સર્વ લીલા પરિકરની આત્મપ્રસન્નતાઓના સ્વરૂપ અને પ્રસન્નતાઓના અરસ-પરસ અગ્નિરૂપ વિનોદ - વિહાર સહ ખેલાતો સંગ્રામ - તે તો શ્રમજલ રૂપ સકલ લીલાઓનો નિરોધરૂપ આપણા આત્મસૌભાગ્ય, આપણું સ્વતંત્ર ભક્તિરૂપ અગ્નિજીવન શ્રીવલ્લભને તત્સુખતા રૂપ જ છે.

'અગ્નિનામ'માં તાપ ભાવ એ જ દૃઢ વિશ્વાસનું સ્વરૂપ છે. તાપ ભાવ જ સ્વતંત્ર ભાવ છે.

◆



(સખી તુમ શ્યામ બનો મૈં રાધે)

॥ ભગવદ્ ભાવરૂપ અગ્નિ ॥

શ્રી હરિરાયજી આજ્ઞા કરે છે કે ભગવદ્ ધર્મનું બધું મૂળ જે છે તે સત્સંગ છે -

''સર્વસ્ય મૂલં સત્સંગસ્તદભાવે ન સિદ્ધ્રતિ।''

સત્સંગ વિના ધર્મોન્નતિ નથી થતી અથવા મનુષ્ય જીવન ધર્મ પરાયણ નથી બનતું.

ભગવદ્ ભાવરૂપ અગ્નિની રક્ષાને માટે સત્સંગનું કાષ્ઠરૂપે પણ વર્ણન છે. જેમ અગ્નિને પ્રજ્જવલિત રાખવાને માટે કાષ્ઠ નાખતાં રહેવા જરૂરી છે તેજ રીતે ભગવદ્ ભાવની રક્ષાના માટે સત્સંગ આવશ્યક છે. શ્રીમદ્ ભાગવતમાં, એકાદશ સ્કંધમાં, સત્સંગને જ પોતાની પ્રાપ્તિનું સાધન બતાવે છે. 卐



॥ વિરહ - તાપક્લેશ ॥

ફેરિ એક સમે શ્રીકાકાજી મહારાજને એસે આજ્ઞા કરી જો આજકાલ શ્રી મહાપ્રભુજીને જો વિરહતાપકી આજ્ઞા કરી હૈ, સો તા પ્રમાણ તો કહુભી દિખવેમેં નહિ આવે હે. માર્ગ કે મુખ્ય સિદ્ધાંત કે અર્થકું તો કોઈ સમજે ભી નહિ હે, ઓર ઉલટો અનર્થ કરે હે, ઓર પહેલે તો એ રીત હતી જો ભગવત્ ગુણગાન કરતે તા સમય ભગવત લીલાકી સ્મૃતિ કરકે મનમેં યહ દુ:ખ કરતે, જો હાય હમ અભાગીનકું એસી લીલા કે દર્શન કબ હોંગે. ઓર આજકાલ જો ગુણગાન કરેં હે સો રાગરીતસું ઓર આનંદ પૂર્વક કરે હે વામેં દુ:ખ તો લેશભી નહીં હોય હે, ઓર અતિ આનંદસું નાચે તથા તાલીઓ પાડે હે. ઓર ક્લેસ બિલકુલ નહિ કરે હે, એસો એસો બુદ્ધિ મેં ફેર પડ ગયો હે, તાસું વ્રજમેં રહકે વિરહકો અનુભવ અવશ્ય કરનો. 卐

(ઇતિ શ્રી ગોવર્ધનલાલજી મહારાજ કો તેત્રીસમો વચનામૃત સંપૂર્ણ.)







॥ આરત ॥

''पर काजही देहकु धारे फीरो, परजन्य यथा रत है विरह।
मो विश्वासी सुजान के आंगन, मो असुवान को ले बरसो ॥
(आनंदधन)''

હે કૃષ્ણ ! આપે તો બીજાની ભલાઈને માટે જ જન્મ લીધો છે. એટલા માટે આપે આ સ્વરૂપ ધારણ કર્યું છે. જેમ આકાશ મંડલમાં મેઘ વરસવાને માટે એક જગ્યાએથી બીજી જગ્યાએ આવે છે અને જાય છે, એટલા માટે દુઃખી જીવો ઉપર વાદળની જેમ (મેઘોની જેમ) એક સરખો વરસવાની લાલસામાં મેઘશ્યામ દેહ ધારણ કર્યો છે. આપ બધી ગોપીઓને ત્યાં વરસો છો, પણ મારે ત્યાં ક્યારે પણ વરસતા નથી, કદાચ મારે ત્યાં આવતા આવતા આપની પાસે વરસાવવા માટે જળ (સ્નેહ) રહેતું નહીં હોય.

તો હું પણ વિશ્વાસ પૂર્વક ચતુર સુજાન આપને કહું છું, ''મારા આંગણામાં આપ મુજ વિરહનીના આંસુઓને લઇને પણ વરસી જાઓ.'' ''પ્રેમાશ્રુ ન સહી, વિરહાશ્રુ હી સહી!'' 卐



॥ આર્તિ - પ્રેમના અઢી અક્ષર ॥

કવિઓએ કહ્યું છે કે, ''ઢાઈ અક્ષર પ્રેમ કા, પઢે સો પંડિત હોઈ.'' કવિઓએ જે અર્થમાં આ વાત કહી છે. તારણ કાઢનારાઓએ એનો આશય જ બદલી નાખ્યો. એનો મૂળ આશય, અર્થ કરનારાઓએ ''આર્તિ'' અને ''પ્રેમ'' કરી નાખ્યો, કારણ કે એમાં અઢી - અઢી અક્ષર છે એનો વાસ્તવિક નિર્ણય અથવા ઇશારો કૃષ્ણની તરફ છે. કારણ કે કૃષ્ણ શબ્દમાં પણ અઢી અક્ષર છે વાસ્તવમાં પ્રેમ કોઈ ભણવાની ચીજ - વસ્તુ નથી. પુસ્તકમાં કૃષ્ણ જ ભણવાની ચીજ છે. જ્યારે પ્રહલાદજી ભણવા ગયા, ગુરુના આશ્રમમાં, કદાચ જો તે પુસ્તકમાં પ્રેમ ભણતા તો પિતા હિરણ્યકશ્યપુથી સમાધાન કરી લેત. જે થયું તે થતે નહીં. એમણે પુસ્તકમાં અઢી અક્ષર પ્રેમની જગ્યાએ કૃષ્ણને વાંચ્યા - ભણ્યાં. અને પિતાથી પ્રેમ થયો નહીં. જે અસંભવ હતું તે જ સામે - પ્રત્યક્ષ થયું. આ કારણે અઢી અક્ષરનો અર્થ 'કૃષ્ણ' કરવો જોઇએ.

''કૃષ્ણ નામ જપતે, શ્રવણ સુન્યોરી આલી.''

卐

।। विरह ।।

या मार्ग में विरह, ही मुख्य है। विरह न होय तो याको फल सिद्ध न होय। जैसें काचे घड़ा में रस भरिये तो ठहराय, तैसें विरह अग्नि करि याको हृदय शुद्ध होय, तब यह भगवद् रस के योग्य होय। तातें भगवदीन को संग सर्वदा करनो । जब भगवदीय थाकों प्रभून की सुधि करावे, तब याकों याके स्वरूप को ज्ञान होय। जो हों कौन हुँ, और मेरो प्रभून ते कहा सम्बन्ध है ? महदन के मुख सों ब्रह्मसंबंध को भाव सुनि कें वाको अहरनिश मनन करे, तब विरह होय । जब अति विरह भयो, तब संसार के माया - मोह अहंकारादि विरह-अग्नि में भस्म होय जाय। शुद्ध अंत:करण होय। फेरि प्रभु सोंहू याके बिना रह्यो न जाय, और यासों हू प्रभु बिना रह्यो न जाय। 卐

।। अलौकिक अग्नि ।।

श्री जानकीजी कों, जब रावण को मार के लंका ते लाये, तब श्रीरघुनाथजी ने कही, जो तुम राक्षस के घर में रहीं, तासों प्रथम अग्नि में प्रवेश करो, तब हों अंगीकार करोंगो। अग्नि में तुम्हारी परीक्षा होयगी। तब श्रीजानकीजीने अग्नि में प्रवेश कियो । परंतु सांच को आँच कहा ? अग्नि शीतल भई। तैसे ही श्री महाप्रभुजी आप अलौकिक अग्नि हैं, सो इनके द्वारा शुद्ध करिकें (संसार रुपी राक्षस में रहि कें ये जीव भगवद् विमुख भये) तिनकों अंगीकार किये। 卐

।। आर्त ।।

आर्त : यहाँ तासों कहिये जो-प्राणवल्लभ में द्रड़व्रत तथा मिलिवे की आरत। जो काल मिले सो आज ही । अब ही। रात दिन यही प्रयत्न रहे। संतोष न रहे। विवेक विचार रहित होय प्रभून के मिलिवे में। तासों 'आर्त' कहिये। 卐



॥ અગ્નિનું પ્રાધાન્ય ઉત્સવમાં ॥

દશહરાને (દશેરા) દિવસે આકાશ દીવો થાય. જેને પ્રેમ લક્ષણા કહેવાય, જેથી જવારા - અંકુર રૂપે ધરાવાય. દીપાવલીને દિવસે દીપમાલિકા થાય, દીપની આવલીને દીપાવલી કહેવાય, જેથી બીજા દિવસે અન્નકૂટ આરોગે, જેને પ્રેમનું ભક્ષણ કહેવાય. હોળીને દિવસે જવાલાઓ થાય, દીપાવલી આવલીને હોળી કહેવાય જેને પ્રેમનું લક્ષણ કહેવાય, જેથી હૈયુ ડોલી ઊઠે અને તેથી ડોલ ઝુલે. છોળીની આવલીને દાવાનલ કહેવાય તેને પ્રેમનું લક્ષણ કહેવાય. જેથી ડોલને બીજે દિવસે ફૂલ મંડળી આવે અને તે આવલીનું હૃદયમાં ગમન થાય, અને તે અંદર અંદર વ્યાપે ત્યારે શ્રીમહાપ્રભુજીનું પ્રાગટ્ય થાય. 卐





॥ દશેરા - તપ્તોદક સ્નાન ॥

નવ વિલાસ આપે રસભર્યા કર્યા, કારણકે સગુણ અને નિર્ગુણ ભક્તજનો આળસભર્યા પ્રભુને એક ભક્તનો વિરહ છોડાવીને બીજા ભક્તો સાથે રસદાન કરવા માટે પ્રથમ નિકુંજભવન બાદ સંકેતવન ઇત્યાદિ નવે સ્થળોમાં પધરાવે છે. અને એ રીતે નવ વિલાસમાં નિજભક્તોના મનોરથ પૂર્ણ કરે છે. તેમાં મુખ્ય ચંદ્રાવલીના વિરહ પછીના મિલનનો રસાત્મક ભાવ અને નવ ભક્તો તેમજ દશમા નિર્ગુણ ભક્તની ભાવનાથી દશેરાએ પ્રભુને તિલક, અક્ષત કરીને જ્વારા (એટલે ''અંકુરાર્પણ'' કરાય) ધરાય. તેમાં મુખ્ય શ્રી સ્વામિનીજીએ દશમીએ પ્રભુ ઉપર વિજય કર્યો એ ભાવથી જ્વારા અંગીકાર કરાયા છે. પ્રભુ શ્રી સ્વામિનીજીના મનોરથ તો સદા સર્વદા પરિપૂર્ણ કરી રસદાન કરે છે જ. દશેરાએ પ્રભુ મસ્તકે જ્વારા ધરાવાની ભાવના એ છે કે શ્રી સ્વામિનીજીનાં ચરણમાં 'જવનું' ચિહ્ન છે, તે ચિહ્ન જ્યારે પ્રભુ શ્રી સ્વામિનીજીનાં ચરણ ચાંપે છે ત્યારે જોયું હતું, તે 'જવ' શ્રી સ્વામિનીજીના સ્નેહાંકુર તરીકે રોપાયા છે, અને તે જવના જ્વારા ઊગે, તે દશેરાએ પ્રભુ મસ્તકે રાધિકાજીની આડીથી ધરાવાય છે, અને ત્યારે નિત્યસિદ્ધાની સખી જ્યારે માર્ગમાં પ્રભુ પધારે છે ત્યારે તેમની સામે મંગળ કળશ લઇને જાય છે અને પુણ્યાહ વાંચન કરી આંબાના પાનથી જલ છાંટી મહેલમાં પધરાવી લાવે છે. પછી કંકુ - અક્ષતથી તિલક કરી, જ્વારા ધરાવી, ચૂનની આરતી ઉતરે (ચાંદીની થાળીમાં) પછી દશહરા પૂજે, બાદ દશ 'માટ'નો ભોગ પ્રભુને ધરાય છે. તેમાં મોટા 'માટ' (ઠોર) નિર્ગુણ ભક્તોના ભાવથી અને નાનાં ટૂંક જેવા 'માટ' સગુણ ભક્તોના ભાવથી ધરાય છે.

પ્રભુ સાન્નિધ્યમાં એક પાટલા ઉપર ખડીથી નવ ખાનાં વાળું ચિત્ર દોરીને તેના ઉપર ગોબર (છાણ)થી કરેલા દશ પૂર્વો (ગોબરના થાપલા - છાણા) મુકાય છે. તે દશ પૂર્વો ઉપર સિંદૂરનાં પાંચ ટપકાં ભાવાત્મક રીતે કરાય છે. એમાં નવ પૂર્વો નવધા ભક્તિના ભાવથી અને દશમા પૂર્વો નિર્ગુણ પ્રેમલક્ષણા ભક્તિના ભાવથી મુકાય છે. અને પ્રભુને કંકુ ને જ્વારા અંકિત કરાય તેનો ભાવ એવો છે કે ભક્તિ સ્વયં ભૂખી છે પણ શ્રી ચંદ્રાવલીજીને શ્રીસ્વામિનીજીના ભાવ અનુરાગપૂર્વક તેમાં આવે પછી જ ભગવત્ સંબંધ થાય, બાદ રસરૂપા બની શકે આ ભાવથી સિંદૂરનાં પાંચ ટપકાંને પ્રસાદી જ્વારા પૂર્વો ઉપર મુકાય છે. મુક્તિ તો ભક્તિના હિસાબમાં કંઈ નથી.

એ દશ પૂર્વો સુકાય તે પછી રૂપ ચૌદશે તેનાથી જળને ગરમ કરાયને તે જળથી પ્રભુને સ્નાન થાય છે. એનો ભાવ એ છે કે ભક્તિ તાપાત્મક બને પછી પ્રભુના રૂપનો પ્રકાશ થાય છે, એટલે કે નવધાને નિર્ગુણ ભક્તિને શરણે લઈ રૂપ ચૌદશે તેમના વિરહાગ્નિથી પ્રભુએ સ્નાન દ્વારા અંગીકાર કર્યો છે. 'તપ્તોદક સ્નાન'. (દશહરાની આ ભાવના ગ્રંથોમાં જણાવેલી છે.)

તે દિવસે ગામના સીમાડે સમી વૃક્ષનું પૂજન કરવાની પ્રથા પ્રચલિત છે, અને પ્રભુએ વ્રજ ભક્તોના સઘળા મનોરથ સિદ્ધ કર્યા ને શ્રી સ્વામિનીજીએ પ્રભુ ઉપર વિજય મેળવ્યો એટલે દશેરાને વિજ્યાદશમી કહેવાય છે. 卐

॥ દીપમાલિકા - દીપાવલી હટડી દીપોત્સવ ॥



દીપાવલી હટડી કહેવાય છે, કાન જગઇ ને ચોપાટ ખેલ. નંદાલયમાં 'હટડી' એટલે કાચના, સોનાના બંગલામાં બિરાજતા પ્રભુની ઝાંખી દીપકોની રોશનીમાં અતિ અલૌકિક થાય છે. તેના અનુસંધાનમાં ઇન્દ્રયાગ ભંગનો પ્રસંગ પ્રસિદ્ધ છે. એટલે નંદાલયમાં હટડી - હાટ (દુકાન), તેમાં સુંદર ભાવાત્મક સજાવટ કરી, સોનાનાં ત્રાજવાંને ચાંદીનાં કાટલાં મુકાય છે, કારણ કે વ્રજભક્તોને ચીજ વસ્તુઓ પ્રભુ જોખીને આપે છે. એ ભાવથી 'હટડી'નાં દર્શન કરાય છે, અને તે બધી જ વસ્તુઓનો અન્નકૂટ ઉત્સવમાં ઉપયોગ કરવા માટે લેવાય છે, એ ભાવ છે. એ જ રીતે કાન જગાઈ ગાયોને ગોવર્ધનોત્સવ અને અન્નકૂટોત્સવમાં ભાગ લેવા આમંત્રણ આપવામાં આવે છે, એટલે શણગારેલી ગાયોનાં જૂથોને લઈ ગોવાળિયાઓ મંદિરના ચોકમાં આવે છે, તેને કાન જગાઈ કહે છે. વ્રજમાં રાત્રે ગોવર્ધનની પરિક્રમા થાય છે અને અમાસની રાત્રે વ્રજમાં ને મેવાડમાં 'જુવા' એટલે ચોપાટ ખેલવાની રહસ્યમય પ્રથા છે. તે મુજબ રાત્રે મંદિરોમાં ભીતર ચોપાટ ખેલવાની અતિ આકર્ષક અને ભાવાત્મક સજાવટ થાય છે. ત્યાં રાત્રે શ્રી સ્વામિનીજી સખીજનો સહિત, પ્રભુ અને ગોપસાખાઓ સાથે જુવા ખેલે છે, ને ત્યારે 'અત્તર'ના (સુગંધીના) અખંડ દીવા ચાલુ રહે છે. ત્યાં ભેટ મૂકવાની પ્રથા પ્રમાણે બન્ને તરફ ભેટ મુકાય છે. રાત્રે હટડીની સજાવટ મંદિરમાં આખી રાત રહે છે, ને વહેલી સવારે મંગળા દર્શન પહેલાં તે સજાવટનાં દર્શન કરી શકાય છે.



સર્વ માન્યતા પ્રમાણે આસોના ત્રણ અને નવા વર્ષના બે દિવસો મળીને જે પાંચ દિવસો થાય, તેને એક શબ્દમાં દીવાળી દીપાવલી કહે છે. એ દીપોનો તહેવાર હોવાથી દીપોત્સવ કહેવાય છે. આસો વદ એકાદશીથી અને કારતક સુદ બીજ સુધી મંદિરના ચોકમાં, તુલસી ક્યારે, બગીચામાં દરવાજા ઉપર, હવાડાને ચૌટામાં અને ગૌશાળામાં છત ઉપર ને મંદિરમાં પ્રભુ સાન્નિધ્યમાં કલાત્મક રીતે મનોહર દીવાઓ પ્રગટાવાય છે.

નૂતન વર્ષમાં દીપમાલિકાઓ થાય છે. તેની ભાવના માનવજીવનનાં ભૌતિક અંધારાને દૂર કરી અલૌકિક રસાધનનાં દર્શનનો પ્રકાશ માનવજીવનના હૃદયમાં પ્રગટે તે હેતુથી મંદિરોમાં દીપમાલિકાઓના ઉત્સવ થાય છે. શ્રીવેણુધરની કૃપાથી અમારા અજ્ઞાનનો અંધકાર દૂર કરે. શ્રીવલ્લભાધીશ અગ્નિ સ્વરૂપ હોવાથી માર્ગના સિદ્ધાંતનો દીવો અમારા હૃદયમાં પ્રગટાવે તેવી શ્રીવલ્લભાધીશનાં ચરણોમાં અમારી સદાય આસક્તિ રહે. 卐



॥ મહાયજ્ઞ ॥

માગશર સુદ પૂનમે ભગવદ્ આજ્ઞાથી શ્રીગુસાંઇજીએ, શ્રીનાથજીને છપ્પન ભોગ અંગીકાર કરાવીને, જગત સમક્ષ ‘મહાયજ્ઞ’નું સ્વરૂપ પ્રગટ કર્યું. ત્યારે ચત્રભુજદાસે (અષ્ટસખા) ષડ્ઋતુનું પદ શીતકાળમાં ગાઈને સર્વે ઋતુઓનો અનુભવ કરાવ્યો. કેમ જાણે છયે ઋતુઓ એક સાથે બિરાજમાન હોય ! એ પ્રકારે છયે ઋતુઓને અંગીકાર કરાવ્યા બાદ શ્રી ગુસાંઇજીએ ખટ્રસ પરિપૂર્ણ છપ્પનભોગ માટે વિવિધ સામગ્રી અને સજાવટની તૈયારી કરી, એટલે શ્રી ગિરિધરજીએ છપ્પનભોગનું સ્વરૂપ અને ભાવના પૂછી, ત્યારે આપે સુંદર રીતે સમજાવ્યું કે, છપ્પનભોગ પુષ્ટિમાર્ગીય આધિદૈવિક યજ્ઞ છે. જેવી રીતે વસંત ઋતુમાં પ્રથમ દેવતાઓએ વિરાટ સ્વરૂપના અવયવ સ્વરૂપ હોમ દ્રવ્યથી, પ્રાણરૂપ યજ્ઞ નારાયણને પ્રસન્ન કરવા જે આધ્યાત્મિક યજ્ઞ કર્યો, તેનું જ છપ્પનભોગ દ્વિતીય વિલક્ષણ આધિદૈવિક સ્વરૂપ છે.

એ રીતે આઠ દિવસના પરિશ્રમ બાદ શ્રી ગુસાંઇજીએ માગશર સુદ પૂનમે છપ્પનભોગ યથાવિધિ પૂર્ણ કરી શ્રીનાથજીને ધરાવ્યો. તેની સ્મૃતિ રૂપે પ્રત્યેક વર્ષે માગશર સુદ પૂનમે એ ક્રમ ચાલુ રાખ્યો, જે આજ સુધી શ્રીનાથજીમાં વિદ્યમાન છે. એટલે માગશર સુદ પૂનમે શ્રીનાથજીમાં આજે પણ છપ્પનભોગ ધરાવાય છે. છપ્પનભોગની ભાવનામાં રાજભોગ એ નિકુંજ અને વૃષભાન સદનના નિમંત્રણ રૂપ છે. અષ્ટસખાના કીર્તનોમાં આ ભાવના પ્રસિદ્ધ છે.

છપ્પનભોગ રૂપી મહાયજ્ઞમાં પણ ક્રમશઃ સિંહાસન, સીડી, ભગવન્મુખાગ્નિ, ચંદરવાના ચાર સ્તંભ અને મોટો ચંદરવો, ન્યોછાવર, ષડ્રસ વ્યંજન, નંદાદિ સ્વરૂપોના આવાહન અને તદર્થ અગલબગલ વેદી સ્વરૂપ, બે સિંહાસન, રસાત્મક પુરુષોત્તમનું પૂજન, મૂર્તિમંત શ્રુતિ અને સેવક ભીતરિયા આદિને પ્રસાદ આપવો તે તે ભાવરૂપ હોઈ તેની આવશ્યકતા ગણી છે. વળી યજ્ઞના કારયિતાને યજમાન અને શ્રુતિ સ્થાનાપન્ન જાણી પરચારકને અધ્વર્યુ જાણવા. તેમજ મુખિયાજીને ઉદ્ગાતા, ભીતરિયાને ઋત્વિજ સ્થાપના પન્ન મનાયા. એ પ્રકારે આધિદૈવિક પુષ્ટિમાર્ગીય યજ્ઞની પૂર્તિ પણ ભાવરૂપ છે.

જેવી રીતે યજ્ઞમાં વેદી, મેખલા, અગ્નિ, ધૂપ, મંડપ, ગોદાન, બલિદાન, દેવતાઓને આવાહન, ઇષ્ટદેવનું પૂજન, શ્રુતિ, બ્રાહ્મણ ભોજન ઇત્યાદિની આવશ્યકતા છે. તેમ છપ્પનભોગરૂપી મહાયજ્ઞમાં કહેલા ક્રમ મુજબ શ્રી ગિરિધરજીને યજ્ઞના પરચારક કરી છપ્પનભોગની સામગ્રી અને સેવાના ક્રમનો શ્રી ગુસાંઇજીએ આરંભ કર્યો હતો. શ્રીનાથજીને માગશર સુદ પૂનમે છપ્પનભોગ આરોગાવાયો હતો અને સેવાશૃંગારનો ક્રમ પણ છપ્પન ભોગ ‘મહાયજ્ઞ’ સમયનો યોજ્યો હતો જે અદ્યાપિ ચાલુ છે. 卐

॥ હોળી ઉત્સવ ॥



પુષ્ટિ મંદિરોમાં એકાદશીથી ડોલ સુધી પાંચે રંગોથી રાજભોગ સમયે ભારે ખેલ ખેલાય છે, અને શયન દર્શનમાં રાળ ગુલાલ ઉડે, ને આરતી ઉતરી રહ્યા પછી પ્રભુ સાન્નિધ્યમાં (પલના તિબારીમાં) કીર્તનિયાઓ નાચે, ત્યારે સ્વાંગ ધરેલાઓ આવે તે નાચે, ને દેવતાઓનું આગમન પણ સ્વાંગ ધરીને આવ્યાનું મનાય છે. તેનું કારણ એ કે હોળીના દિવસોમાં મથુરામાં કંઈક ઉપદ્રવ હોવાથી પ્રભુએ મથુરાની હોળીના વિવિધ દૃશ્યોને મંદિરમાં એટલે કે (ઘરમાં જ) પોતાની સમક્ષ ઉપસ્થિત કરવાની ઇચ્છા શ્રી ગિરધરલાલજીને જણાવી, એટલે અનેક પ્રકારના સ્વાંગોનું નિર્માણ કુંજ એકાદશીએ (સંધ્યા આરતી બાદ, ઘેરી કુંજમાં શયન દર્શન સમયે) શરૂ થયું. જે આજદિન સુધી (શ્રીનાથજી અને કાંકરોલીમાં) ચાલુ છે.

હોળીના રંગભર્યા દિવસોમાં, ને કુંજ એકાદશીએ શ્રીનાથજીએ વહુજી બેટીજીઓ સાથે પણ પ્રત્યક્ષ હોળી ખેલ્યા હતા ને ફગુવામાં અનેક વસ્તુઓ માંગી હતી. અન્ય ઉત્સવોથી 'હોળી ઉત્સવ' ઉન્માદક ને રસભર્યો હોવાથી અત્યંત ભાવાત્મક છે. જેમ જેમ ડોલોત્સવ પાસે આવે, તેમ તેમ વ્રજ ભક્તોનો વિરહ વધે છે, એટલે કુંજ એકાદશીથી એ વિરહની ઝાળરૂપે 'રાળ'નું આયોજન છે. અને વ્રજભક્તો દીન થઈ પ્રભુને વિનંતી કરે છે, ''કછું દિન વ્રજ ઓર રહો હરિ હોરી હૈ.''

ફાગણ સુદ પૂનમે સૂર્યાસ્ત પછી હોળીનું પ્રદીપન રોપણીની જગ્યાએ કરવામાં આવે છે. તેના કારણમાં વ્રજમાં અસુરોનો ઉપદ્રવ એક પછી એક થતો હોવાથી, નંદાદિ, ગોપગ્વાલો, બાલગ્રહ પીડાની શાંતિ માટે હોળી પ્રદીપ અને પૂજનનો પ્રચાર કર્યો તેથી મંદિરોમાં હોળી પ્રદીપ કરવાની પ્રથા ચાલુ છે.

ટિપ્પણી : પુષ્ટિમાં આચાર્યજીએ સેવામાં શાસ્ત્રની મર્યાદા રાખી હોવાથી મંદિરોમાં થતા પ્રભુનાં ઉત્સવો નક્ષત્ર, ઘડી, યોગ જોઇને કરવામાં આવે છે અને (તેથી પંચાંગનો નહી, પરંતુ) પુષ્ટિમાર્ગીય ઉત્સવ વ્રતની 'ટિપ્પણી'નો અવશ્ય ઉપયોગ કરવો, તેમાં લખ્યા પ્રમાણે વ્રત ઉત્સવો સહિત પ્રભુની સેવા કરવી. 卐



॥ भोजन करत है गोपाल ॥

।। ભટ્ઠી પૂજા ।।

આચાર્ય શ્રીવલ્લભને પુષ્ટિમાર્ગ કો સુસંસ્કૃત બનાયે રખને કે લીયે વૈદિક સિદ્ધાંતો કા પાવન સંરક્ષણ દીયા હૈ. પ્રાચિન કાલ મેં ગૃહાધિપતિ ''આહિતાગ્નિ'' હોતે થે ઔર વે પ્રતિદિન યજ્ઞ કરતે થે. ઉસ યજ્ઞ કી અગ્નિ અપને ઘર કે ચૂલ્હે મેં પધરાઈ જાતી થી (યજ્ઞ હોને કે બાદ મેં). ઉસ અગ્નિ કો પ્રગટ કરકે - રસોઈ સિદ્ધ હોતી થી. વહ અગ્નિ તીન જગહ પધારતી થી, દૂધઘર અનસખડી ઔર સખડી જહાં સિદ્ધ હોતે થે. યહ મંત્રાગ્નિ માની જાતી હૈ. મંત્ર ગુપ્ત હોતે હૈ, ઉનકા રહસ્ય ભી ગુપ્ત હોતા હૈ, ઈસલીયે દૂધઘર, અનસખડી, સખડી જહાં સિદ્ધ હોતી હૈ વહાં પ્રત્યેક વ્યક્તિ કા પ્રવેશ નિષેધ હૈ. વહ ઈસ ગુપ્ત અગ્નિ કે હી કારણ હોતા હૈ. સામગ્રી સિદ્ધ કરના યજ્ઞકા પ્રકાર હૈ. શ્રીઠાકુરજી કો આરોગાના પ્રત્યક્ષ યજ્ઞ હૈ. યજ્ઞ મેં આહુતિ દી જાતી હૈ, વહ ઈન્દ્ર કો મિલતી હૈ, કાલાન્તર મેં ઈન્દ્ર કી આયુ પૂરી હોને પર વહ આહુતિ બ્રહ્મા કો મિલતી હૈ. બ્રહ્મા કે શતાયુ શાસ્ત્રાનુસાર પૂરી હોને પર બ્રહ્મા ભગવાન મેં મિલતા હૈ. ઉસ સમય યજ્ઞ કરતા કી આહુતિ ઈતને યુગોં બાદ શ્રીઠાકરુજી મેં મિલતી હૈ. ભગવદ્ ઈચ્છા સે પુષ્ટિ ઔર મર્યાદા કી રીતિ સે શ્રીઠાકુરજી અપને યહાં જો આરોગતે હૈ, તત્કાલ શ્રીઠાકુરજી કો સ્વીકાર હો જાતા હૈ. જીસે સ્વીકાર કરને કે લીયે યુગ વ્યતીત હો જાતે હૈ, વહ તતક્ષણ માત્ર ૪૨ મીનીટ મેં અંગીકાર કર લેતે હૈ. શ્રીઠાકુરજી કી ઔર શ્રીવલ્લભકી નિજી સ્વીકૃત પ્રણાલી હૈ, નિજી સ્વીકૃત પ્રણાલીકા નામ પુષ્ટિમાર્ગ હૈ. યહ સ્વતંત્ર ભક્તિ હૈ, ઈસ સ્વતંત્ર ભક્તિ મેં જબ કભી સેવા કરનેવાલે જીવોં કો વ્રજગોપીઓં કે વિરહ ભાવ સ્વરૂપ મનોરથકી યાદ આતી હૈ ઔર ઉસ મેં ગોપીજન ઔર અષ્ટ સખીઓં કે ભાવકી સામગ્રી આરોગાનેકા મનોરથ હોતા હૈ. તો વે સેવક સામગ્રી સિદ્ધ કરને કો જો ઉત્સુકતા સ્વીકાર કરતે હૈ, ઉસ મેં ભટ્ઠી પૂજા સર્વોપરી સંયમ સાધન હૈ. ઈસ લીયે જીન ભટ્ઠીયોં પર સામગ્રી સિદ્ધ હોતી હૈ ઉન ભટ્ઠીયોં કી પૂજા હોતી હૈ. ઉસ પૂજા મેં ભટ્ઠી પૂજા કર કે જો અગ્નિ પ્રગટ કી જાતી હૈ વહ અગ્નિ ઉસી સોમયજ્ઞ કી અગ્નિ હૈ જીસ અગ્નિ મેં આહુતિ દે કર ભક્તિ માર્ગ કે રસરૂપ શ્રીવલ્લભ પ્રગટ હુએ થે. (વંદે વિમલ હુતા શમ્)

ઈસી અગ્નિ પર રસરૂપ સામગ્રી સિદ્ધ હોતી હૈ, જો વૈદિક પ્રક્રિયાઓં સે સોમ્ય હોને કે કારણ શ્રીઠાકુરજી કો અતિ પ્રિય હૈ. ક્યોં કી ઈસ સામગ્રી મેં વિવિધ સ્વરૂપોં સે રસ નિધાન શ્રીવલ્લભ કે પ્રકાર મૌજૂદ હૈ. ભટ્ઠી પૂજા મેં ધોતી - ઉપરના પધરાનેકા નિયમ હૈ, ઈસકા અર્થ શ્રીમહાપ્રભુજી કી મર્યાદા હર સંભવ





કાયમ રખના હૈ. ભઠ્ઠી પૂજા કે બાદ અગ્નિ પ્રગટ હોને પર પ્રથમ શીરા (માનભોગ) સિદ્ધ કરને કી પ્રણાલી હૈ, જો અનસખડી કી પ્રમુખ સામગ્રી હૈ.

દક્ષ પ્રજાપતિ કે યજ્ઞ મેં ભગવાન જગન્નાથજી કી સાક્ષી મેં, ભગવાન રુદ્ર કે દ્વારા પૂશા નામ કે ઋષિકો દીયે હુએ વરદાન મેં પીસા હુઆ અન્ન આરોગાને કી આજ્ઞા મિલી થી, ઉસી આશય મેં માનભોગ સિદ્ધ કરને કા પ્રથમ નિયમ હૈ. વૈસે તો સામગ્રી યહ કુંડો મેંહી વૈદિકકાલમેં સિદ્ધ હોતી થી, લેકીન યજ્ઞનારાયણજીને જબ વૈદિક નિયમો કે આધારપર યજ્ઞ કુંડ કે અલાવા દૂસરે અગ્નિકુંડ પ્રગટ કર કે સામગ્રી સિદ્ધ કરને કા તરીકા વૈદિક સિદ્ધાંત સે સપ્રમાણ પ્રચલિત કીયા ગયા, તો ઉસે ભઠ્ઠી કહેને લગે. ક્યોં કી યજ્ઞ નારાયણજી, ''દાક્ષિણાત્ય'' શૈલી મેં ભટ્ટજી કહે જાતે હૈ, ઈસી લીયે ઉન કી નવિન ઔર પ્રામાણિક સોંધિત પ્રણાલી કો ભઠ્ઠી કહા ગયા, ભટ્ટજી કી પ્રણાલીકો ભઠ્ઠી કહતે હૈ.

કુલ મિલા કર કે યહ ઉસ પ્રણાલિકા પૂજન પ્રકાર હૈ. જીસ મેં ફલદાયક યહી નિષ્કર્ષ હૈ કી યજ્ઞ કે માધ્યમ સે આરોગને પર યહ આહુતિ પ્રભુ તક અતિશય કાલાંતર સે પહોંચતી હૈ. ઔર યહાં ભઠ્ઠી પૂજન પુષ્ટિ પ્રકાર ઔર અગ્નિકુમારી કા કે ભાવ સે યહી સામગ્રી શ્રીઠાકુરજી કો તત્કાલ અંગીકાર હો જાતી હૈ.

શ્રીકૃષ્ણ પ્રાપ્તિ કી ચાહના મેં બિતે યુગોં મે બહોત ઋષિઓને તપસ્યાંએ કરી, ઉન મેં અગ્નિકુમારી કા ભી રહી. સામગ્રી સિદ્ધ હોને કી જગહ અગ્નિકુમારી કા ઓં કા ભાવ સ્થલ હૈ. યહ અગ્નિકુમારીકાએં અપને પૂર્વ વિચારિત કૃષ્ણ મિલન કે ભાવ યુક્ત તાપ કો લેકર સૃષ્ટિ કે પ્રાણ રૂપ અન્નકો સિદ્ધ કરતી હૈ. ઈન અગ્નિકુમારીકાઓં કે દ્વારા દાન કિયા હુઆ તાપ ઔર ઉસ તાપસે સિદ્ધ પ્રાણરૂપ અણ્ન શ્રીઠાકુરજી કો અંગીકાર હોતા હૈ. કભી કભી શ્રીઠાકુરજી ઈસ સિદ્ધ અન્ન કો, જો સામગ્રી કહા જાતા હૈ, માંગ માંગ કર આરોગતે હૈ.

શ્રી ગોવર્ધન પૂજા મેં ભઠ્ઠી પૂજા કે બાદ અગ્નિકુમારીકાઓં કે તાપસે સિદ્ધ અન્ન, અન્નકૂટ કે માધ્યમ સે શ્રી ગોવર્ધનરૂપ ધારણ કર સહસ્ર ભૂજાઓં સે માંગ માંગ કર શ્રીઠાકુરજીને આરોગા થા. જીન શ્રી ગોવર્ધન પૂજા કે શ્રીઠાકુરજીને સહસ્રભૂજા સે માંગ કર આરોગા થા કે, ''લાઓ વ્રજવાસીઓ ભોગ,'' આજ યેહી શ્રીગોવર્ધનનાથજી પુષ્ટિમાર્ગ મેં સહેશ્તોપરી ભૂજાઓં સે માંગ માંગ કર આરોગ રહે હૈ. ઔર કહ રહે હૈ, ''લાઓ, વૈષ્ણવો ભોગ,'' તો જબ વહ ઐસા કહેતે હૈ, ''લાઓ, વૈષ્ણવો ભોગ'', તો નંદરાય સ્વરૂપ ગોસ્વામી બાલક વ્રજભાવ સ્વરૂપ વૈષ્ણવો સે સામગ્રી સિદ્ધ કરવા કર શ્રીઠાકુરજી કો આરોગાતે હૈ. શ્રીગોવર્ધન પૂજા મેં સામગ્રી આરોગનેવાલે

શ્રીઠાકુરજી કી ચાર ભૂજાએં હૈ. ઔર પુષ્ટિમાર્ગ કે સભી સ્વરૂપોં કી પ્રાગટય ભાવના, ઈસી ચાર ભૂજાવાલે સ્વરૂપ સે હૈ. શ્રી ગુસાંઈજી કે સેવકોં કી પ્રગટ-અપ્રગટ સેવ્ય ભાવ નિધિ ૨૫૨, શ્રી મહાપ્રભુજી કે સેવકોં કી પ્રગટ-અપ્રગટ સેવ્યભાવ નિધી ૮૪, મિલા કરકે ''૩૩૬'' ભાવ નિધિ હૈ. ઔર સબકી ચાર-ચાર ભૂજા ભાવ રૂપ હૈ. લીલા હેતુ દો-દો ભૂજા દિખાઈ દેતી હૈ. ''૩૩૬'' કો ચાર સે ગુણા કરને પર આજ કે દિન ઈતની ભૂજા ફેલાકર શ્રીઠાકુરજી કહેતે હૈ, ''લાઓ, વૈષ્ણવો ભોગ''. ઈસી આજ્ઞા કી પૂર્તિ કે લીયે સંપ્રદાયમેં ગોસ્વામિ વંશજો દ્વારા કુછ બડે મનોરથ પ્રગટ કીયે હૈ. ગંભીરતા સે દેખને પર એકદમ ઉચિત હૈ.

''લાઓ, વ્રજવાસીઓ ભોગ,'' ઉસકા તાત્પર્યાર્થ હુઆ ''લાઓ, વૈષ્ણવો ભોગ,'' યહ ગુણાનુવાદ કીસી સમાધીસ્થ જીવન કા રહસ્ય હૈ. જૈસે સમાધિ મેં સુનાઈ દેનેવાલી આવાજ જાગૃત પુરુષ કો સુનાઈ નહીં દેતી, ઐસી હી પુષ્ટિમાર્ગ મેં શ્રીગુસાંઈજી કે બડેલાલજી શ્રીગિરિધરજી કો બડે મનોરથ કરને કી પ્રેરણા કોઈ સમાધિ ભાષા હી થી. વહ ભાવ ઔર ભાષા જાગૃત પુરૂષ કે બસકી (સામર્થ્યકી) બાત નહીં કી ઉસે સમઝ શકે. આજ હમ ભી ''લાઓ, વ્રજવાસીઓ ભોગ'' ઈસ સમાધિ ભાષા કો જાગૃત પુરૂષ કી ભાંત નિર્ણય લે રહે હૈ. જબ કી ગીતા મેં જાગૃત પુરુષ એક નંબર કા અધિકારી વ્યક્તિ નહીં હૈ.

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयभी । यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ।।६१।। (ગીતા શ્લોક : અધ્યાય - ૨)

ઉપરોક્ત શ્લોક મેં સમાધિકાર ઔર જાગૃત, દો પ્રકાર કે મહાનુભાવોં કા વર્ણન હૈ. યે દોનો હી યોગ્ય હૈ, લેકીન દોનો હી એક દુસરેકે વિચારોંસે નિરીહ ઔર એકાંગી હે. (નિરીહ - એક દુસરે કી ઈચ્છા મેં ઈચ્છા કા સમન્વય ન હોના)



શ્રી ગોવર્ધન પૂજા અથવા ઈન્દ્રમાન ભંગ એક હી બાત હૈ. વૈદિક મહાનુભાવ જબ કહેતે હૈ, તો વો ઈન્દ્રમનભંગ કહેતે હૈ ઔર ભક્ત જબ કહેતે હૈ તો શ્રીગોવર્ધન પૂજા. બાત એક હી હૈ, આપ અપને દ્રવ્ય સે શ્રીઠાકુરજી કો અન્નકુટ આરોગાતે હૈ, તબ ભી ભગવાન હો કર કીસી દૂસરે કા (ઈન્દ્રકાહી) હી અધિકાર યા હક્ક આરોગતે હૈ. અગર આપ ઉસમેં થોડા ભી દ્રવ્ય દૂસરે કા લેકર શ્રીઠાકુરજી કો આરોગતે હૈ, તો વહ ભી શ્રીકૃષ્ણ કો દેવમાન કર અનધિકૃત ભોગ હૈ. યહ બાત તો હમારી સેવા મેં સિર્ફ હમારા હી દ્રવ્ય નહીં, ઈસી લીયે અનધિકૃત સાફ સાફ દિખાઈ દેતા હૈ, લેકીન આપ દૂસરે કા દ્રવ્ય પરિત્યાજ્ય માનકર આપનાહી દ્રવ્ય સ્વનામ ધન્ય ધન અપને શ્રીઠાકુરજી કો અન્નકૂટ બોલકર આરોગાતે હો તો વહ ભી ભગવાન દુસરે કા

અધિકાર છીનકર અપના અધિકાર ઔર વર્ચસ્વ કાયમ કરના મહત પુરુષોં કી કોનસી મહાનતા હૈ. ઈસકા ભાગવતકાર ઈન્દ્ર કે દ્વારા શ્રીકૃષ્ણ કો બડા સ્વીકાર કર લેના હી કોઈ કારણ બતાતે હૈ.

બડે કે આગે, છોટે કા વર્ચસ્વ સમાપ્ત હો જાના, ઐસા બડપ્પન સ્વીકાર કરના કમજોરીકા લક્ષણ હૈ. અપને દ્રવ્ય સે હી શ્રીકૃષ્ણ કી સેવા કરના ઉપરોક્ત આશય મેં કમજોર કે ઉપર અધિકાર દિખાના ઔર ઈશ્વર બનના ઈસકે અલાવા ઐસી દ્રવ્ય સેવા મેં ઔર ક્યા નિષ્કર્ષ નિકલતા હૈ.

ઐસે સિદ્ધાંતો કો માન લેના બલવાન વ્યક્તિ કે મૂખાગ્નિ સે પ્રગટ શબ્દ ભટ્ઠી પૂજા હી હૈ. 卐





।। અગ્નિ પૂજા ।।

અહીં પુષ્ટિમાર્ગમાં ત્રણ પૂજા કહેલી છે. તે ત્રિગુણાત્મિકા સત્ત્વ, રજ, તમ, પ્રથમ સત્ત્વગુણી ગોવર્ધન પૂજા, બીજી રજોગુણી, છઠ્ઠી પૂજા અને ત્રીજી તમોગુણી ભઠ્ઠી પૂજા. સત્ત્વગુણી છે એટલે ગોવર્ધનજી સાત્ત્વિક સ્વરૂપથી સાત્ત્વિક પૂજા. છઠ્ઠી દેવી રજરૂપા પુત્ર રક્ષણાદિ માટે રજોગુણી પૂજા અને અગ્નિ તમોગુણી યજ્ઞ અન્નકૂટમાં સૌથી પહેલાં અગ્નિ પૂજા જરૂરી છે. એટલે ભઠ્ઠી પૂજાનો પ્રકાર પુષ્ટિમાર્ગની સેવાની સાથે આ ત્રણ પૂજન હોય છે. દેવપ્રબોધિનીમાં તુલસી પૂજા પણ સાત્ત્વિક પૂજા છે. પરંતુ તે વિવાહ કાર્ય માટે હોવાથી પૂજા રૂપ નથી. એટલા માટે પૂજા ત્રણ જ કહેલી છે. 卐

॥ અંગાખરી ॥

દિનકરદાસ શેઠને કાચી અંગાખરી નડી નહીં, કારણ કે, 'અંદર જેને અગ્નિ ન હોય તેને બહારના અગ્નિની જરૂર પડે.' દિનકરદાસ શેઠને તો અંદર શ્રી મહાપ્રભુજી નિત્ય બિરાજતા અને તે ઉપરાંત કથા શ્રવણને માટે તો તાપ હતો જ.

('વચનામૃત' નિ.લી.પૂ.ગો. શ્રી ૧૦૮ શ્રી રણછોડલાલજી મહારાજશ્રી, રાજનગરવાળા)

॥ ''શેઠ દિનકરદાસ યથા નામ તથા ગુણ'' ॥

દિનકર કહેતે હૈ સૂર્યકો, સ્વયંકાભી ઈતના તાપ થા અપને નામકા, જીસકે હોને પર અપરિપક્વ ચીજ પરિપક્વ હો ગઈ. બહારકી દુનિયામેં ખેતીસે ઉત્પન્ન કોઈભી ધાન જો કચ્ચા હોતા હૈ, વો દિનકર (સૂર્ય - તેજ) સે પરિપક્વ હોતા હૈ. ભાવના ગ્રંથોમેં શ્રીમહાપ્રભુજી કો સૂર્ય રૂપ માના હૈ. સાક્ષાત શ્રીમહાપ્રભુજી જીસકે હૃદયમેં બિરાજતે હો વહાં લીટી (અંગાખરી) કે કચ્ચે હોનેકા વિચાર અનુપયુક્ત હૈ.

◆

॥ અંગીઠી ॥

राग : विहाग

हेम कर सरस सुखदरि आइ, अद्‌भुत शोभा देखोरी माई। प्यारी जू को फुलगर सोहत, प्रीतम ओढे सरस रजाई ॥ १ ॥
परे है परदा ललित तिवारी, धरी अंगीठी परम सुहाई। जगत अँगार धूप अंबर को, सरस सुगंध रहो तहाँ छाइ ॥ २ ॥
जवही सुखदर्शीत तन व्यापत, बैठत उर सो उर लाइ। रसिक प्रीतम पिय प्यारी की, छवी पे दास जाइ बलिहारी ॥ ३ ॥

જેમ જેમ પ્રિય શ્રી કૃષ્ણ મનમાં આશા-વરણ કરે તેના અનુસાર શ્રીસ્વામિનીજી પોતાના પ્રિયતમ શ્રીકૃષ્ણને માટે એવાજ સુંદર સુખ પ્રગટ કરે છે. કયારેક એવાજ સુંદર સુખ ઋતુને અનુસાર પ્રગટ કરે છે. આમ તો સુખ લૌકિકમાં પણ છે, પરંતુ નિત્યલીલામાં શ્રી ઠાકુરજીને માટે જે સુખ છે તે આલૌકિક છે. અલૌકિકનો અર્થ પરલોકથી આવતા સુખોનું નામ નથી. અહીં તો સ્વયં પોતાના સ્વરૂપમાંથી જે સુખ પ્રગટ થાય છે. નિત્ય નિકુંજમાં એ જ સુખ અલૌકિક માનવામાં આવે છે.

કયારેક ગ્રીષ્મ ઋતુ (ઉષ્ણકાલ)માં નિકુંજનાયકને પ્રિયાજી દ્વારા શીતલકર કમલોના સ્પર્શનો મનોરથ કર્યો હોય, તો શ્રી સ્વામિનીજીએ પોતાનાં સ્વરૂપમાં બિરાજમાન પુષ્પો શોભાની શીતલતાથી ધૈર્ય ભરેલા મનથી શીતલશ્વાસના વેગ રૂપી હેમંત ઋતુ પ્રગટ કરી.

આવા સુખનું વર્ણન શ્રીહરિરાયજી કરે છે. શ્રીસ્વામિનીજીએ હેમંત ઋતુમાં દરિયાઇ વસ્ત્ર અંગીકાર કર્યા, શ્રી હરિરાયજી કહે છે કે આ અદ્‌ભુત શોભા, હે ! ગોપીજનો આપ જુઓ. દરીયાઈ વસ્ત્રોની અંદર શ્રીઅંગમાં ફૂલોની શોભા, જેવા કે કાન - પીત કનેર, જેવા નેત્ર-નીલકમલ, જેવા કે નાસિકા - તલનું ફૂલ, જેવા કે ઓષ્ઠ - દાડમના ફૂલ, જેવા કે કંઠ - રંભાનુ ફૂલ, જેવા કે વક્ષ:સ્થલ - યુગલ સહસ્રદલ કમલ, જેવા કે નાભિ - સ્વર્ણ સરોવરનાં કમળ, જેવા કે કર કમળ - ભાવસરોવર, જેવા કે ચરણકમલ - રસ સરોવરના કમળ, આ પુષ્પોથી (ફૂલોથી) પ્રગટેલી જે શીતલતા છે, તે હેમંત ઋતુની શીતલતા છે. તાપ ભાવ યુક્ત શ્રીકૃષ્ણ આ શીતલતાથી પોતાના એક એક અંગના તાપનું નિવારણ કરે છે અને રજાઈ ઓઢીને સુખનો અનુભવ કરે છે.

અહીં ‘અંગીઠી’ રાખવાની જગ્યા તિબારી બતાવી છે. શ્રી યમુનાજી, શ્રી ચંદ્રાવલીજી અને શ્રી રાધા સહચરી, આજની સેવામાં આ ત્રણેની વારી (વારો), તિવારી છે. આ સુખને જોઇને જંગમ જગત બળતા કોલસાની માફક લાલ રંગના થઈ ગયા છે. આકાશ આ સળગતા - બળતા - જગતનો ધુમાડો (ધુંઆ) બની ગયો છે. એટલા માટે આકાશનો રંગ ધુમ્ર (રાખોડી રંગનો) છે. આ સમયની લીલાનાં દર્શન કરીને મનની પ્રસન્નતા જાણે સુગંધ પ્રસરાવી રહી છે. તો કયારેક કયારેક પ્રીયા - પ્રિતમ હૃદયથી હૃદય લગાડીને બિરાજે છે. તાપનો અનુભવ કરવાને માટે શ્રીકૃષ્ણનું હૃદય, તાપ નિવારણ કરવાને માટે શ્રીસ્વામિનીજીનું હૃદય, એમ બેઉનાં હૃદયોને જોઇને શ્રીસ્વામિનીજીના કુચ મંડલ પર શ્યામ રંગની શોભા જાણે શ્રીકૃષ્ણનાં મન રૂપી ભંવર (ભમરો) જ્યાં રસપાન કરી રહ્યો છે. એવા સ્વરૂપ ઉપર શ્રી હરિરાયજી બલિહારી થઈ રહ્યા છે. 卐



॥ આકાશી દીવો ॥

પુષ્ટિ હવેલીઓમાં દશેરાથી આકાશી દીવો કરાય છે, તે કારતક સુદ પૂનમ સુધી રોજ રાતના સંધ્યા પછી પ્રગટે છે. તેની ભાવનામાં પ્રભુ સંકેત અનુસાર રોજ શયન પછી ગોકુળથી બરસાના પધારે છે અને બરસાનાથી નંદાલય કેટલું દૂર છે તે જોવા માટે આકાશી દીવો નિશાની રૂપ પ્રગટાવે છે. પુષ્ટિ મંદિરોમાં આજે પણ દશેરાથી આકાશી દીવો અગાશીમાં અધ્ધર પ્રગટેલો જોવા મળે છે.

સંધ્યા આરતી સમયે આકાશદીપ પ્રજવલિત થાય છે, જે જોઈને વૈષ્ણવો અનુમાન લગાવે છે કે હવે શયનનાં દર્શન થશે.



॥ દીપ દાન ॥

વ્રજમાસ કારતક વદી અમાવસ કો દીપાવલી મનાઈ જાતી હૈ. અપને મારગ મેં ઈસે દીપાવલી ન કહેતે હુએ દીપદાન કહેતે હૈ. જીસ સમય પર સમુદ્ર મંથન સે લક્ષ્મીજી કે સ્વરૂપકા આવિર્ભાવ હુઆ થા ઔર ઉસે દેવતાઓને શ્રીઠાકુરજી કે વાંમાંગભૂતા શોભા કે રૂપમેં સ્વીકાર કીયા ઉસ યુગકાલીન ઘોરતિભર મેં દેવતાઓને દર્શન કરને કે લીયે વિવિધ પ્રકાર કે દીપક પ્રગટ કીયે થે, તાકી ઉસ આત્મ પ્રકાશ રૂપી સાધન મેં ઉસ શોભા કે દર્શન હો શકે. પૂજ્ય અવસર મેં દીપક કભી ભી પ્રગટ કીયે જા શકતે હૈ. લેકીન દીપાવલી રાત કો મનાઈ જાતી હૈ, ઈસ કા અર્થ હૈ કી યહ યુગકાલીન અંધેરા થા. લેકીન યહ વિષય દેવતાઓંકા હૈ, વહાં ઐસા કોઈ દેવતા અપને આપ મેં નિર્ધન નહીં થા, જહાં દીપ જૈસા પ્રકાશ દાન લેને કી જરૂરત પડે. વાસ્તવ મેં તો દીપક - દીપજ્યોતિ - દીપસમૂહ યહ અલગહી વિચાર હૈ, ઈસકા દાન સે કોઈ લેના દેના નહીં હૈ.

હુઆ યહકી ભારત વર્ષ કે ઐતિહાસિક ક્ષણો મેં ભારતીય સંસ્કૃતિ કો નષ્ટ કરને કે લીયે, આક્રમણ હુએ, ઉન આક્રમણો મેં યહાં કે કુછ સમાધિકાર ઋષિમુની, સંત મહાત્મા, મંત્રજ્ઞ, શાસ્ત્રજ્ઞ, વૈશેષિક પ્રજ્ઞાવાન વ્યક્તિયોં કો ભી વિદ્રોહી સેના દ્વારા લેજાકર, કહાં ઔર કૈસે નષ્ટ કીયા ગયા, યહ આજ તક કુછ પતા નહી હૈ. સિકંદર જબ ભારત આયા થા તો યહાં કે કથા કથિત વિદ્વાન વાસ્તવ મેં જ્ઞાન ગુલામ કહેતે હૈ, કી સિકંદર કે ગુરુને સિકંદર કે કીસી પ્રશ્નકા ઉત્તર મેં કહાથા, 'ભારત વિજય કે લીયે જા રહે હો તો વહાં સે ગંગાજલ ઔર એક મહાત્મા (પુરુષ) લે આના.' વર્તમાન યુગ કે ઐતિહાસિક જ્ઞાન ગુલામ ઈસે પ્રશંસા ઔર યોગ્યતા કી હી બાત માનતે હૈ. વાસ્તવ મેં યહ વ્યક્તિ અગર કીસી મહાત્મા કો દેખના ચાહતા તો અપને સેવક સિકંદર કે સાથ ખુદ આતા, સ્વયં ન આકર વહાં કીસી મહાત્મા કો બુલવાયા ઈસ મેં ક્યા રહસ્ય હૈ, યહ દૂરદર્શી કે વિવેકકી બાત હૈ. હમારે અભિપ્રાય મેં સંસ્કૃતિ ઔર સંસ્કૃતજ્ઞ ઈન દોનોં કે વિનાસ કે લીયે સિકંદર કે ગુરુ કી આજ્ઞા હૈ. ઈસ તરહ કે આક્રમણ ભારત મેં અનેક સ્થાનો પર અનેક બાર હુએ હૈ, ઉસ મેં ભારતીય ગ્રંથો કે, ભારતીય ઋષિઓં કી હોલી જલાઈ ગયી હૈ. અબ ભારતીય સંસ્કૃતિ કો બચાને કે લીયે કુછ વિદ્વાન લોગ છીપ કરકે રહેને લગે, ઉન છીપે હુએ મહાનુભાવોં કો ક્રાંત દષ્ટા કહા ગયા. ઔર વે અપને ધર્મ બોધ મેં રાત-દિન એક કરકે ડૂબ ગયે. ધર્મ કે જિજ્ઞાસુ ઔર આહંત હૃદયવાલોને વનો મેં ખોજ ખોજ કર ઉનસે કામનાકી, ખોયા હુઆ ધર્મ જો આપકે

માનસ ઔર હૃદય પટન મેં હૈ ઉસે પુન: પ્રગટ કરે. ઉન દિન-દયાલ મહાનુભાવોને જો ભારતીય સંસ્કૃતિ કે અવશિષ્ટ જ્ઞાન કે માલિક થે, ઉસે લિપિબદ્ધ કરને કે લીયે રાત્રીકાલીન સમયકા સદુપયોગ સમઝા, ક્યોં કી દિન મેં શત્રુઓ કે ગુપ્તચરો કા ભી ડર થા. ઉસ સમય કુછ વિવેકધીર પુરુષોં ને અમુક અમુક કામનાઓં કી પુરતી કે લીયે, એકાંત સ્થલો મેં તીર્થ ઔર અદશ્ય શક્તિઓં કા વિશ્વસનીય દાવા બતાતે હુએ દીપદાન કી પરંપરા કોઈ ભી પ્રકાર કી સ્ત્રીઓં સે ચાલુ કરવાઈ. અમુક જગહ સાયંકાલ મેં દીપદાન કરને સે અમુક મનોરથ પુરા હોગા, યહ દીપક રાત્રી કાલીન પ્રકાશકે લીયે પર્યાપ્ત થા. તો ઈસી દીપક કે પ્રકાશ મેં ગુપ્ત સમય જાન કર ઉન મહાનુભાવોને જો જ્ઞાન ભોજ પત્રો કે ઉપર કંટકોં સે (કાંટેસે) લિખકર સુરક્ષિત રખ્ખા. ઉસ અવસર કી સહયોગ મથી સેવા કો દીપદાન કહા ગયા.

પુષ્ટિમાર્ગ મેં દીપાવલી શબ્દ સે દીપદાન કા મહત્ત્વ જયાદા હૈ. ઈસ બાત કો સમઝને કે લીયે એક ઔર ભી ગણિત હૈ. જબ જગદ્ગુરુ શંકરાચાર્યજીને અનીશ્વર ઔર અનાત્મવાદી યોં કો શાસ્ત્રાર્થ મેં પરાજીત કર ઉન કો વહીં સે વહી ભારતવર્ષ સે બહાર નીકાલા થા. ઈસી લીયે શ્રીશંકરાચાર્યજી કે ચાર પ્રમુખ પીઠ ભારત કે ચાર પ્રમુખ દિશાઓ મેં હૈ. ઉન ઉન દિશાઓં સે જો જો વિદેશ કી સીમાએં શરૂ હોતી હૈ વહ દેશ આજ ભી અનાત્મ ઔર અનીશ્વરવાદી (બૌદ્ધ) હૈ. યહ અનીશ્વરવાદી શ્રીશંકરાચાર્યજી સે હારકર જબ ભારત છોડકર ગયે થે તો યહાં કે ગ્રંથો કો અપને સાથ લે ગયે થે. વહાં રહ કર કે યહાં કે ગ્રંથો સે પ્રગટ જો રીત-રિવાજ, ઉસ મેં પરિવર્તન કીયા, ઔર ભી પ્રકાર કે હેરફેર કીયે ઉસે પ્રમાણિત કરને કો પ્રાચીન ગ્રંથો મેં તત્સમ ભાવ ઔર ભાષાકા પ્રયોગ કીયા ઈસી લીયે શ્રીવલ્લભાચાર્યજીને શ્રીમદ્ ભાગવત્ મેં કીતને વિષય મૂલ અધ્યાય ઔર પ્રસંગ અપ્રમાણિક સ્વીકાર કીયે હૈ. યે અનીશ્વરવાદીઓને ભારતીય વેષધારી વ્યક્તિઓં કો જીન્હોં ને સુસંસ્કૃતિ કી પ્રત્યેક કૃતિ મેં વિકૃતિ પેદા કી થી, ઉસ વિકૃતિ કો પ્રમાણિત કરનેવાલે, કર્મકાંડ કે મર્મજ્ઞ હોને કા દાવા રખતે હુએ ભારત મેં પુન: પ્રવેશ કીયા ઔર વિકૃતવાદ કો કર્મકાંડ મેં, પૂજા પાઠ મેં, ધર્માનુષ્ઠાન મેં, અમૃત કે બહાને આચરણ કે રાસ્તે સે વિષપાન કો આશ્રય દીયા. શબ્દોં કે અર્થ બદલે, વેદમંત્રો મેં ઝહર ઘોલા, મંત્ર સાધના કી સહજ પરિપાટી કો ગલત ઘોષિત કીયા, ગલત પરિપાટી કો દુરૂહ (કઠીન) જ્ઞાન ઘોષિત કીયા, તીર્થોં કી મર્યાદાઓમેં ધર્મ કે બહાને અપાવનતા કા પ્રવેશ કીયા, પ્રેમ કે બહાને અનંત ગુરુ પેદા કરને કે રાસ્તે ખોલે, વિજ્ઞાન કો સુહાવના ધર્મ ઘોષિત કીયા, ચમત્કારી, વ્યક્તિઓં કા મહાપુરુષ ઔર ઈશ્વરકા સ્થાન દીલવા દીયા, પાખંડ કો પરલોક કે સુખોં કે સપનોં સે બાંધ દીયા, યહ સબ પહેલે દુસરો કે દ્વારા હમારે સાથ હોતા થા, અબ યહ સબ અનાચાર હમારો કે દ્વારા હી હમારે સાથ હોતા હૈ. જીન પરંપરાઓ કો હમ ઔર હમારે પૂર્વજ સનાતનકાલ સે નિભાતે ચલે આ રહે હૈ, વેહી પરંપરાએ આજ ત્રુટી પૂર્ણ હૈ. ઔર ઉસ કે પ્રમાણ ગ્રંથ પહેલે થે, વે આજ જ્યાદા સામને ઉભર કર આયે હૈ. કહીં ઐસા તો નહીં હૈ, કે પ્રાચીનકાલ કે આક્રમણ કાર્યો કે દ્વારા રચિત વે ગ્રંથ આજ ફીર પ્રમાણ સિદ્ધ હો ગયે હો. યહ ગંભીરતા કે સાથ વિચાર કરને યોગ્ય મૂળ વિષય હૈ.

દીપાવલીકા અર્થ હૈ વિકસિત જ્ઞાન જ્યોતિ. દીપદાન કા અર્થ હૈ ખોયે હુએ જ્ઞાન કો પુન: પાને કે લીયે સિદ્ધ મહાત્માઓં કો સહારા દેને કા રાસ્તા. આજ જો ગ્રંથો મેં પ્રાપ્ત કુછ સુલભ સાહિત્ય દીપદાન કે રાસ્તે સે હી આયા હૈ. ભારત કે જ્ઞાની પુરુષ જો છીપકર કે રહેતે થે, યહાં પર સાયંકાલ અંધેરે મેં ભારતીય સ્ત્રીયાં માત્ર દીપક પ્રગટ કર કે આતી થી, વહ દીપક રાત ભર પ્રગટ રહેતા થા. ઉસી ગુપ્ત સ્થાન કી દીપદાન શૈલી મેં વહાં કે સ્થિત જો મહાપુરુષ થે વહ ગ્રંથ રચના કરતે થે, જો ગ્રંથ રચના કરતે થે, જો ગ્રંથ ઉસી સ્મૃતિ મેં થે ઔર ગુરુઓં સે સુના થા. ઉન્હી કે લિખે હુએ ગ્રંથ શ્રુતિ પ્રમાણ કહે જાતે હૈ. 卐



બંગાલી ઘાટ, શ્રી બડેમદનમોહનજી મંદિર સામે, મથુરા

|| દીપ - અંજન - અપનેપન કા ભાવ ||

વ્રજકી પરંપરામેં શ્રીકૃષ્ણ સેવા જબ પ્રાતઃ કાલ કે ક્રમસે પ્રારંભ હોતી, તો હવેલીઓમાં દીપક પ્રગટ કરકે મંદિર વસ્ત્ર આદિ પ્રારંભ કરને કા સંયમ હૈ. ઉસી ક્રમ કે ભીતર જબ જન્માષ્ટમી કા ક્રમ પ્રારંભ હોતા હૈ તો છઠ્ઠી પૂજનમેં પ્રાયઃ અખંડ દીપક રખતે હૈ. ઉસમેં પ્રસૂતિ ગૃહ કી માન્યતા વિશદ્ રૂપસે માની જાતી હૈ. કારણ કે જબ કીસી ભી સનાતન ધર્માવલંબી ગૃહમેં પ્રસુતિ કી સંભાવના હોતી હૈ તો, ઉસ ઘરમેં પૂર્વજ આકર કે બિરાજતે હૈ. ઈન પૂર્વજો કે સંભાવિત ગૃહમેં બિરાજને કા એક ખાસ પ્રધાન વિચાર હૈ. જબ કપિલ દેવજીને ભાગવત કે તીસરે સ્કંધ કે અનુસાર સાંખ્ય શાસ્ત્ર કા જો વર્ણન કીયા હૈ ઉસમેં ગર્ભાવસ્થાઓં કે ક્રમસઃ માસાનુગત જીવકી ગર્ભાવસ્થાઓં કા વર્ણન કરતે હુએ જન્મ સમય કા વર્ણન કીયા હૈ. વહ વર્ણન મેં જીવ કો પીછલે દશ જન્મ દિખાયે, ક્યોં કરકે સુખ ઔર દુઃખ ભોગે. યહ સબ સમઝને કે બાદ જીવકો આગામી વર્તમાન જન્મ દિખાયા, ઔર કિતને સુખ ઔર દુઃખ ભોગને હૈ ઉસકા ભી આભાસ કરાયા. પ્રભુને પૂછા ઈસ જન્મ મેં તુમ ઈન દુઃખોં સે બચનેકા ક્યા ઉપાય વિચાર કરતે હો, જીવને ગર્ભમેં દશમે મહીને કે પ્રારંભ મેં પ્રભુ કો વચન દીયા કી મેં આપકા ભજન કરુંગા. ઈસ બાત કો કીસી ભી આસન્ન પ્રસૂતાકે પૂર્વજ જાનકર કે હમારે ઘરમેં ભગવદ્ ભજન કરનેવાલા જીવ જન્મ લેગા. જો અગ્નિ દિવંગત પેઢીયોં કા ઉદ્ધાર કરેગા જીસ મેં હમારા ભી નામ હૈ. વે પૂર્વજ ઉસ જીવકે જન્મ કે સમય પ્રસુતિ ગૃહ મેં પધારતે હૈ, ઔર દીપ જ્યોતિ બનકર અખંડ બિરાજતે હૈ.

ઈસી શ્રીકૃષ્ણ જન્મકી રાત્રી મેં છઠ્ઠી પૂજન કે ઉપલક્ષ્ય મેં જો દીપક અખંડ બિરાજતા હૈ ઉસ દીપક કી શ્યામલતા એક જગહ સંગ્રહ કી જાતી હૈ. મનકા રંગ શ્યામ હૈ, ઔર પૂર્વજો કા જો મન હૈ ઉસકી શ્યામલતા હી ''અંજન'' (કાજલ) સિદ્ધ હોતા હૈ. જન્માષ્ટમી કે ઉત્સવ કે ઉપરાંત ઈસ અંજન મેં બરાસ - ઘૃત (ઘી) આદિ અન્ય ઔર કુછ મિલાકર અંજન સિદ્ધ હોતા હૈ. ઈસ અંજન કો ઘરકી વૃદ્ધા અથવા આગંતુક બુઆ ઔર બહેન સિદ્ધ કરતી હૈ. પુષ્ટિ માર્ગ મેં શ્રીનંદરાયજી કી બહેન સુનંદાને યહ અંજન સિદ્ધ કિયા હૈ. યહ અંજન શ્યામલતા કે કારણ શ્રીકૃષ્ણ કે આદિ પૂર્વજો સે લેકર શ્રીનંદરાયજી કે પૂજ્ય પિતા શ્રી પરજન્યઘોષ કે મનકા સ્વરૂપ હૈ.

ઈસ અંજન કો બાલરૂપ શ્રીકૃષ્ણ (શ્રીબાલકૃષ્ણલાલજી) અથવા શ્રીનવનીતપ્રિયજી કો નિત્ય હી ધરાનેકા નિમય હૈ. ઈસ અંજન કો ધરાને સે શ્રીઠાકુરજી જબ કીસી કો દેખતે હૈ, ઉન કો સન્મુખ દીખાઈ દેનેવાલા કોઈ ભી જીવ અપના હી દીખાઈ દેતા હૈ. ઈસી કારણ સે શ્રીઠાકુરજી બ્રહ્મ હોતે હુએ ભી જીવકે પ્રતિ સંબંધ બનાને કે ઈચ્છુક હૈ. ઈસકા મૂલ કારણ મન રૂપી અંજન લગાકર અપનોંકો શ્રીઠાકુરજી દેખતે હૈ. યહી કારણ હૈ કી જીવમેં પ્રભુકો દોષ દિખાઈ નહીં દેતા ઔર અપનાપન દીખાઈ દેતા હૈ.

અગર યહ ''અંજન'' શ્રીકૃષ્ણ કે નેત્રોમેં નહીં હોતા તો સ્તનોં મેં વિષ લેકર આઈ હુઈ પૂતના કો શ્રીઠાકુરજી માતૃત્વ સ્નેહ નહીં દેતે, ઉસકો માતાકી ગતિ દી. ઈસ મેં જીતને ભી ગણત લગાએ જાતે હૈ, વાસ્તવ મેં વે સભી ગણત સોચને વાલે કી બુદ્ધિમાની માત્ર હૈ. યથાર્થતા તો ઈસી બાત મેં હૈ કી અંજન લગાયા હુઆ થા ઔર ઉસમેં અપનાપન દીખાઈ દેને લગ ગયા. તો સકુશલ સેવાભાવી અનુરાગ પરાયણ જીવ યહ અંજન સ્વીકાર કરને વાલે શ્રીઠાકુરજીકો અતિશય નજદીક અપનેપન મેં દીખાઈ દેતે હૈ. ક્યા હૈ દીપક ઔર ક્યા હૈ અંજન ઔર કીતની હૈ હમારી નજદીકી ઈસ બાત કુ સોચે.

ભગવાન શંકરને અપને માર્ગમેં નિરંજન શબ્દ જોડા હૈ. જીસકા અર્થ કુછ ભી હો, ઉન્હોને અપની ઔર ભગવાનકે બીચ મેં કુછ દૂરી સ્વીકાર કી હૈ. ક્યોંકી ઈનકા ભગવાન નિરંજન હૈ, બીના અંજનવાલા હૈ. ઇસ મેં ભગવાન શ્રી શંકરજી કો શ્રી કૃષ્ણ સે સબકુછ મિલા મગર અપનાપન નહીં મિલા. કીસીને ભગવાન શ્રી શંકરજીસે પૂછા શ્રીકૃષ્ણ મેં નિત્ય સામીપ્ય, નિત્ય સંબંધ હોને કે બાદ ભી અપનાપન ક્યોં નહીં મિલા. ક્યોં કી શ્રી શંકરજીને જીસ દશા મેં શ્રીકૃષ્ણ કો દેખા હૈ, ઉસ મેં અંજન રહિત દેખા હૈ. અતઃ ઈનકા ભગવાન નિરંજન હૈ. ઈસી અપને પન કે કારણ ભગવાનને શ્રી શંકરજી કો મોહિની સ્વરૂપ કે દર્શન વિશેષ આગ્રહ પર કરાયે હૈ. સહજ અપનાપન હોતા તો જીસ મોહિની કે દર્શન દેવતાઓં કો કરાયે, દેવાધિદેવ કોભી કરા દેતે. ઉસ મેં ભક્તિ માર્ગીય વિચાર યહી હૈ, અંજન રહિત નિરંજન કા હોના.

શ્રી બાલકૃષ્ણલાલજી - શ્રીનવનીતપ્રિયજી કો ઔર છોટે સ્વરૂપોં કો આજ ભી શૃંગાર મેં નિત્ય અંજન ધરાને કા સેવા મેં પ્રકાર હૈ. 卐

॥ આરતી - ટોના - ટોટકા ॥

મંત્ર રહસ્ય ઋષિઓએ પ્રગટ કરેલો છે. મંત્ર જાલ શંકરજીનો પ્રગટ કરેલો છે. મંત્રજાલમાં સિદ્ધિ દ્વારા પ્રગટ અનેક પ્રકારના મંત્ર છે. તેને સાવરમંત્ર કહે છે. એનો પરિચય ટોના - ટોટકા - જાદુટોના - નજર - ઉતારા વગેરેના રૂપમાં હોય છે. આ સાવરમંત્ર જાલમાં શબ્દો તો હોય છે, પરંતુ તેનો અર્થ પકડમાં (સમજવામાં) આવતો નથી. નિષ્કર્ષ આપણી સામે નીકળીને સાચો આવે છે, એનો અર્થ છે કે અદૃશ્ય જગતના સુખ અને દુઃખોનો ઉપાય.

જેમાં આરતીનો પ્રયોગ થાય છે, જેવી રીતે ઉત્સવની આરતીની બાતીને (દિવેટને) કાંસાની થાળીમાં મૂકીને તેની ઉપર પાણીના છાંટા નાખીને તે આરતીનો ધુમાડો અને પાણીના છાંટાનો અવાજને હાથથી હલાવીને, જે માતાના ખોળામાં સુવડાવેલા બાળકની આંખોની તરફ છુત... છુત... છુત... ત્રણવાર કહીને તે ધુમાડો તે બાળકની આંખો સુધી પહોંચશે, જેની આંખો કોઈ અજાણી બિમારીથી (રોગથી) બંધ છે તે બાળકની આંખો ખુલી જસે. એટલા માટે મર્યાદામાં આરતીના ધુમાડાને આરતી કર્યા પછી ઇષ્ટદેવની તરફ હાથ હલાવીને મોકલે છે. આ સાવરમંત્રનો સિદ્ધાંત છે.

પુષ્ટિમાર્ગમાં આ વાત વ્રજગોપીઓ પણ માનતી હતી. ‘રજ આરજ લાગો મેરી અખિયન રોગ દોષ જંજાલ!’

એટલા માટે આરતી ટોના - ટોટકાના ઉપયોગમાં પણ છે. 卐



॥ મશાલ - લૂક્કા ॥

સાધારણ રીતે કેટલીક સેવાઓ વિલંબથી (મોડી) પૂરી થાય છે અને અંધારુ થઈ જાય છે. સેવા છોડીને શ્રીવલ્લભાચાર્યના વંશજ કશે પણ જતા નથી, સેવા પૂરી થયા પછી જ પધારે છે ત્યાં સુધી અંધારુ થઈ જાય છે. પ્રાચીન સમયમાં શ્રીઠાકુરજીની સામે, આવા જ કાંઈ કારણોને ધ્યાનમાં લઇને મશાલ દ્વારા પ્રકાશ (અજવાળું) કરવામાં આવતો હતો. એક તો આ મશાલ સેવાની વ્યવસ્થામાં કામ આવે છે, બીજી આ મશાલનો પ્રકાશ સેવામાં શ્રી ઠાકુરજી બાલ સ્વરૂપ છે. એટલા માટે અસુર અને વનના ભયાનક જંતુઓને (પ્રાણીઓને) ડરાવવાના કામમાં આવે છે.

એક વખત નંદરાયજી દેવ યાત્રાએ પધાર્યા હતા, શ્રીકૃષ્ણ - બલરામ બંને ભાઈ નામરજીએ પણ એ યાત્રામાં જોડાયા. યાત્રાથી પાછા ફરવાના સમયે અંબિકા વનમાં રાત્રીએ સૂતા હતા તે સમયે સુદર્શન નામના અજગરે નંદરાયજીને પકડી લીધા, ત્યારે તે સમયે વ્રજગોપોએ નંદરાયજીને બચાવવાને માટે આવી મશાલોથી તે અજગર પર આક્રમણ કર્યું હતું. ભલે તેનો પ્રભાવ કાંઈ ન પડ્યો, છતાં પણ આ મશાલનો ઉપયોગ રક્ષાને માટે જ કરવામાં આવ્યો હતો.

હાલ વર્તમાન સમયમાં હાથ ખાસા કરવા માટે જે તાંબા-પિત્તલનો કડુઓ અથવા ગંગાસાગર હોય છે, તેની પાણી માટેની જે નળી હોય છે તેમાં કપડાની વળ ચઢાવેલી બત્તી (વાટ) તેલમાં બોળીને તેમાં ઉતારવામાં આવે છે અને કડુઆમાં તેલ ભરવામાં આવે છે. તે નળીની બહાર રાખેલી બત્તી (વાટ)ને અગ્નિથી સળગાવીને પ્રકાશ કરવામાં આવતો હતો તેને 'લૂક્કા' કહેવામાં આવે છે. તેનો પ્રકાશ પણ કેટલીક અંદરની પીડાઓને (બાધાઓને) દૂર કરવાના કામમાં આવે છે. અંદરની અને ગુપ્ત અથવા

અદૃશ્ય પીડાઓ આ પ્રયોગથી ઘરમાં પ્રવેશ કરતી નથી. એટલા માટે શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ અનુસાર શ્રી ઠાકુરજીની ઉપર રાત્રીમાં કોઈ બાધાનો અસર (પ્રભાવ) થયો નથી. આવી બાધાઓનો પ્રભાવ ફક્ત દિવસ દરમ્યાન જ થયો છે, જ્યારે આ મશાલ - લૂક્કાની પ્રભાવશાળી અગ્નિ હોતી નથી. આ મશાલ અથવા લૂક્કા એક પ્રકારે ટોના અથવા ટોટકા પણ હોય છે. જ્યારે આ મશાલ સળગાવવામાં આવે છે ત્યારે તેની ઉપર તેલ નાખવાથી અગ્નિ પ્રગટ થાય છે. અને એ અગ્નિ ઉપર દળેલી ‘રાળ’ મુઠ્ઠી ભરીને છુટ્ટી મારવામાં આવે છે. ત્યારે અગ્નિમાંથી અચાનક વિશાળ ભડકાવાળી જ્વાળાઓ નીકળે છે અને એનામાં ભયાનકતા આવે છે. આ ભયાનકતાના કારણે આસુરી શક્તિઓ દૂર ભાગી જાય છે. આ સિદ્ધાંતને માનીને કેટલાક વિદ્વાન આરતીને ટોના - ટોટકા કહેવામાં હિચકાતા નથી, વાસ્તવમાં એવું નથી. જેને આપણે અત્યાર સુધી મશાલ અથવા અગ્નિ કહેતા આવ્યા છે અને જેના પ્રકાશમાં સેવા થવી એ સ્વીકાર્યુ છે - વાસ્તવમાં તે ભગવાન સંકર્ષણના મુખમાંથી નીકળવા વાળી અગ્નિ છે. જે અગ્નિથી પ્રલયકાળમાં દોષોનું દહન થાય છે, એ શેષમુખ નિર્ગત ભાવરૂપ મશાલની અગ્નિથી અનવસર રૂપ પ્રલયકાળના દોષોનું દહન થાય છે. યોગ્ય મહાનુભાવોને પ્રાર્થના છે કે તેઓ આરતીને ટોના અને ટોટકાના ભાવ સાથે ન સરખાવે, તેના માટે, તેના અનુરૂપ તો મશાલ અને લૂક્કા છે.

આ મશાલ અને લૂક્કાને કામ પુરું થઈ ગયા પછી એક જગ્યાએ સુરક્ષિત પ્રગટેલી (બળતી) રાખીને મૂકવામાં આવે છે. અને તે સ્થાન પર કાળા રંગનો ધુમાડો જામી જાય છે. પછી તે ધુમાડાથી જામેલ કાળા રંગને કાજળરૂપે એકઠી કરીને વૃક્ષોનો ગુંદર મેળવી અને તેને ઘસીને એક રસ કરીને સરકંડા (જેની મૂળમાંથી ખસના પડદા અને ખસની સુગંધી બને છે.)ની ઉપર સુકવી દેવામાં આવે છે. તેની શાહી (ઇંક) અને સરકંડાની કલમ (લેખની) દીવાળીના દિવસે પૂજા કરીને હિસાબના ચોપડા લખવામાં આવે છે, તેનાથી પુષ્ટિમાર્ગીય હવેલીઓમાં લક્ષ્મી અખંડ બિરાજતી હતી. હવે એ ટોટકા જ રહ્યા નથી. શાહી નિર્માણની શૈલી પણ રહી નથી. તો અખંડ લક્ષ્મી ઘરમાં કેવી રીતે નિવાસ કરે?

મશાલ ઉર્દુ શબ્દ છે, મશ કહેવાય છે કાળાને અને અલ કહેવાય છે અલવીદા (દૂર થાય છે તેને)ને, જેનાથી અંધારું દૂર થાય છે. એને મશાલ કહીએ છીએ. જેના પ્રકાશમાં આપણે જોઈ શકીએ તે લૂક્કા.

શ્રીગોકુલનાથજીના વિવાહખેલના ધોળમાં દીપદંડ શબ્દનો પ્રયોગ થયો છે. (મશાલ માટે) 卐



॥ દીવો અને સાવધાની – પ્રભુ સેવામાં ॥

- **તારા દેખે પહેલી દીવા કરેં :** પહેલાના સમયમાં જ્યારે વીજળી - કેરોસીન વગેરેના દીવા નહોતા, તે વખતે પ્રભુનાં દર્શન સુપેરે થાય તે માટે દીવેલ (એરંડીયા તેલ) માં રૂ ની વાટ મુકી દીવા કરાતા. ભગવદ્મંદિરમાં જ્યાં વિશેષ વૈભવથી સેવા થતી હોય (મર્યાદામાર્ગીય મંદિરોમાં તથા શ્રીનાથજી આદિ પુષ્ટિમાર્ગીય સ્થાનોમાં) ત્યાં ઘી ના દીવાનો પ્રકાર રહેતો. તેમજ સામાન્યજનો પણ પોતપોતાના ઈષ્ટ દેવો આગળ સાંજના ઘીનો દીવો પ્રકટાવતાં. આ દીવા કરવાનો સમય અહીં દર્શાવ્યો છે. સાંજના સૂર્યાસ્ત પછી તુરત, આકાશમાં તારમંડલ દેખાવા શરૂ થાય તે પહેલાં પ્રભુના આગળ પ્રથમ દીપ પ્રગટાવી પછીથી ઘરના બધા સ્થાનોમાં દીવા થાય.
- **વાસી દીવટીમેં દીવા કરે નહીં :** દીવો કરવાનું સ્થાન દીવડી (તે પીતળની હોય અથવા સાધારણ સ્થિતિનાને ત્યાં માટીનું કોડિયું હોય) સાફ કરી તેમાં નવી વાટ મૂકી સુઘડતા પૂર્વક દીવો કરવો.
- **દીવા મંદિરમે હોય, ન કરેં તો દોષ ઉપજે :** નિત્ય સંધ્યા સમયે પ્રભુ જ્યાં બિરાજતા હોય ત્યાં પ્રથમ દીપ પ્રકટાવવો જોઈએ. તેમ ન કરતાં દોષ ઉપજે.
- **દીવા મેં અંગુરી ના ડારેં :** દીવડી કે કોડીઆમાં દીવો પ્રકટાવ્યો હોય તેમાં આંગળી નાંખવાનો નિષેધ છે. વાટ આગળ પાછળ કરવા માટે પણ ચમચીનો છેડો કે અન્ય સળી કે તેવી વસ્તુનો ઉપયોગ કરવો.
- **અપની છાયા પ્રભુજી પેં ડારે નહીં :** દીવો એવી જગ્યાએ ગોઠવવો કે આપણે તેના આડેથી પસાર ન થવું પડે કેમકે આપણો પડછાયો પ્રભુ પર પડે તો અપરાધ લાગે.
- **ખાટ કી છાયા પ્રભુ પેં ડારે નહીં :** ખાટલો, એટલે ચાર પાયાવાળો કાથી કે ભીંડીની જાળી ભરેલ સૈયા. તેની છાયા પ્રભુ પર પડવા દેવી નહીં. એટલે કે દીવો કરેલ હોય તેવે સમયે, કે અન્ય કોઈ પ્રકાશ, તડકો, વગેરે આવતો હોય ત્યાંથી જ્યાં પ્રભુ બિરાજતા હોય તેની વચ્ચે ખાટલો લઈ પસાર ન કરવો કે, ખાટલો એવી રીતે ન રાખવો કે જેનો પડછાયો પ્રભુ ઉપર પડે. જૂના આચાર મુજબ ખાટલાનો પડછાયો અશુભ મનાય છે - તેથી સાવધાની રાખવી. નહીંતર અપરાધ લાગે.
- **જૂઠે તેલસોં તથા જૂઠે ઘી સોં દીવા ન કરેં :** જૂઠા એટલે એંઠા, ઘી તેલથી પ્રભુ પાસે દીવો ન કરાય. આ એંઠાનો અર્થ એ કે, કોઈ ભરેલ વાસણમાંથી થોડુંક ઘી કે તેલ આપણા કોઈ કામમાં લેવાયું હોય ચાહે રસોઈ માટે - કે હાથ પગ ચોપડવા, કે અન્ય કોઈ પણ ઉપયોગમાં (પ્રભુની સામગ્રી સિવાયના કોઈ ઉપયોગમાં) લેવાયું હોય તેવા ઘી કે તેલનો દીવો પ્રભુ સન્મુખ ન કરાય. આ ઉપરાંત જૂઠા ઘી, તેલનો, બીજી રીતે એ કે, જૂઠું એટલે ખોટું - બનાવટી. તેથી વેજીટેબલ ઘી કે ખોટું તેલ - બનાવટી મીણ વગેરે (જે પેટ્રોલીયમ પદાર્થ છે)નો દીવો પણ પ્રભુ સન્મુખ ન કરાય.
- **ઉષ્ણકાલમેં પ્રભુ કે પાસ દીવા ન રાખે :** ગરમીના દિવસોમાં દીવો શ્રીપ્રભુથી દૂર રાખવો જેથી દીવાની ગરમી પ્રભુને ન લાગે, આ રીતની ઝીણી ઝીણી વાતનો પ્રભુસુખનો વિચાર રાખી સેવામાં ચિત્તને ચોટેંલું રાખવું. 卐

(સાભાર : પુષ્ટિમાર્ગીય પત્રાચાર, શ્રી વાક્પતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ, વડોદરા.)


૧. શતશ્રૃંગ


૨. પ્રથમખંડ


૩. દ્વિતીય ખંડ


૪. તૃતીય ખંડ

॥ શ્રીકૃષ્ણ સેવાના ઉપયોગમાં આવતી આરતીનો રચના પ્રકાર ॥

૧. **શતશ્રૃંગ :** શ્રી હરિદાસ વર્યની વાર્તાઓમાંથી ઉત્પન્ન દિવ્યપ્રેમની જ્યોત.

૨. **પ્રથમખંડ :** સારસ્વત કલ્પના ભક્તોની કથાથી ઉત્પન્ન દિવ્ય પ્રેમ જ્યોતિ સસ્નેહ (ઘી સહિત), બાતી નવ (૯)

૩. **દ્વિતીય ખંડ :** દ્વાપરયુગ પ્રાગટ્ય શ્રીકૃષ્ણના ભક્તોના સસ્નેહ કથાથી ઉત્પન્ન દિવ્ય પ્રેમ જ્યોતિ, બાતી સાત (૭).

૪. **તૃતીય ખંડ :** વર્તમાનમાં શ્રી ગોવર્ધન શિખરથી પ્રગટ શ્રી નાથજી અને એમનાં ચાર પ્રકારના સેવક, તામસ, રજસ, સાત્ત્વિક, નિર્ગુણ. પાંચમો શ્રી મહાપ્રભુજીનો વંશ. એમનાં હૃદયથી ઉત્પન્ન વાતો રસની દિવ્ય પ્રેમ જ્યોતિ, બાતી પાંચ (૫)

૫. **શેષજીના મસ્તકનો પાછલો ભાગ**.

૬. **શેષજીનું શ્રી અંગ**.

૭. **રેખા** બનાવી છે. તે **પ્રેમનો માર્ગ** છે. આ માર્ગથી કથા રસ આવ્યો છે.

૮. **દીપાકૃતિ :** વેણુપત્રથી આવી છે

શતશ્રૃંગ અને ત્રણ ખંડ : પ્રથમ તો આરતી નિત્ય સેવામાં ત્રણ ખંડ અને ચોકોટ દીપકના સંમિલિત આકારની હોય છે. આ આરતીની નિર્માણશૈલી ગોલોક ભાવનાની છે. ગોલોકમાં નિત્ય સેવાનાં જે મંડલ છે. તે ચાર જ છે. પ્રમુખ મંડળમાં તો ગોપીજન છે, એમના પ્રેમની અથાક સીમા છે. એટલા માટે ઉપરની કટોરીમાં આકાર જેમાં ચાર દિવેટ આવે છે. એમનું હૃદય કાંઇક ઊંડુ છે (શતશૃંગ). આના પછી જે આરતીની નીચેના પહેલો ખંડ, જેમાં નવ (૯) બાતી આવે છે. એનો સંબંધ આરતીનાં ''આ''થી સંબંધિત છે એની ઉપરનો બીજો (મધ્ય) ખંડ જેમાં ૭ (સાત) બાતી આવે છે. એનો સંબંધ આરતીનાં 'ર' થી છે. ત્રીજો ઉપરનો ખંડ જેમાં એક અધિકી અને રીતની ચાર મેળવી તે કુલ પાંચ (૫) બાતી આવે છે. એનો સંબંધ આરતી શબ્દનાં 'તી' અક્ષરથી છે. ઉપરનું પાત્ર (કટોરી) શતશ્રૃંગ જેમાં ચાર દિવેટની ભાવના છે તે બધાનું પોષક છે. નીચેના ત્રણ ખંડોમાં બિરાજમાન ભક્તોનું પોષક છે.

દીપાકૃતિ : વેણુપત્રથી આવી છે. વેણુપત્ર વાંસનાં પાંદડાના આકારની શૈલીમાં, આરતીનાં દીપકોની આકૃતિ હોય છે. આ આકૃતિ એટલા માટે છે. આ વ્રજભક્તોનું અથવા ગોપીજનોના લીલા સંબંધી, સેવા સંબંધી, ભાવ સંબંધી, કીર્તન સંબંધી જે પ્રેમ છે, એનો કેટલોક પ્રેમ અને વિપ્રયોગ શ્રી કૃષ્ણથી મળે છે, કેટલોક પ્રેમ વેણુજીથી મળે છે. એ પ્રેમને સમજાવવા માટે દીવાકૃતિની રચના વાંસનાં પાંદડા જેવી છે. એ એટલા માટે છે, જેમ કે વર્તમાન સમયમાં આપણે ન્યાયાધીશને પોતાની વાત સમજાવી શકીએ છીએ, પરંતુ કાનૂન (ન્યાય)ના વર્તુળમાં નથી સમજાવી શકતી. એ વાતને કાનૂની દાયરામાં સમજવા માટે એક વકીલની જરૂર હોય છે. ઠીક એ જ પ્રમાણે જે વાંસમાંથી વાંસળી બની છે. જે બંસીના કારણે ઘરબાર છૂટ્યા છે, એ પ્રેમકહાનીને ભક્તિમાર્ગના દાયરામાં એ જ વાંસનાં પાનની આકૃતિ આરતીના દીપકોની હોય છે. ત્યારે તે બધા યુગોની ભક્તિની પ્રેમ વ્યથા આરતીના બહાને શ્રીકૃષ્ણને સમજાવે છે. આ કારણે વૈષ્ણવો આરતીના સમયે દોડી

દોડીને જાય છે અને ઉત્સાહપૂર્વક સન્મુખ થવાની ચેષ્ટા કરે છે. કદાચ આપણી પ્રેમ વ્યથા સાંભળવાનો અથવા સંભળાવવાનો સમય આવી ગયો છે. અવસર હાથથી નીકળી ના જાય.

શેષજીનું શ્રી અંગ (આરતીનો બાકી ભાગ) :

પ્રલયકાળમાં જે સૃષ્ટિનો નાશ થઈ જાય છે, તેના સિવાય ગોલોકની ભાવનાવાળા ભગવદીયોનો સૃષ્ટિ અંશ શેષજીનાં મસ્તક ઉપર શ્રીકૃષ્ણ કથા બનીને બિરાજે છે. આ એ જ કથા છે જેને વ્રજગોપીઓ એકબીજાને કહે છે. વ્રજગોપીઓની આ કથાને સાંભળીને શ્રીયશોદાજી પોતાના ઘરમાં શ્રીકૃષ્ણ સેવા સુખનો વિચાર કરે છે. શ્રી મહાપ્રભુજી, શ્રી ગુસાંઈજી ધર્મશાસ્ત્રોને નંદાલયમાં લઈ જઈને દૂરથી એ સુખનું દર્શન કરાવે છે. જે શાસ્ત્ર પોતાનામાં કાંઇક તથ્ય સમાવીને બેઠા છે, એ જ તથ્ય એ શાસ્ત્રોને શ્રી યશોદાજીના ઘરની સેવામાં સુખરૂપે નજરે ચઢે છે. શ્રી આચાર્ય ચરણ એ શાસ્ત્રોને માન્યતા પ્રદાન કરે છે.

|| આ આરતીનું રહસ્ય પાતાળ લોકથી લઇને ગોલોક ધામ પર્યંત છે. ગાગરમાં સાગર છે. ||

卐



૫.શેષજીનાં મસ્તકનો પાછલો ભાગ



૬. શેષજીનું શ્રી અંગ

૭.રેખા... પ્રેમનો માર્ગ

૮. દીપાકૃતિ



૧. શતશ્રૃંગ
૪. તૃતીય ખંડ
૮. દીપાકૃતિ
૩. દ્વિતીય ખંડ
૬. શેષજીનું શ્રી અંગ
૫.શેષજીનાં મસ્તકનો પાછલો ભાગ
૨. પ્રથમખંડ
૭.રેખા... પ્રેમનો માર્ગ

॥ આરતીની બાતી (વાટ) સિદ્ધ કરવાની રીત ॥

૧. કપાસના રૂને સારી રીતે છુટું પાડીને હાથથી પીંજી લેવું, કપાસિયો અને કસ્તર રહી ના જાય તેનું ધ્યાન રાખવું.

૨. પીંજેલા રૂને બાતી બનાવવા જેટલા મોટા પુમડા તૈયાર કરવા.



૩. સાધન : લાકડાની પાટલી, હાથાવાળું પાટિયું, તારની સળી.



૪. રૂના પુમડાને લાકડાની પાટલી ઉપર મૂકવો.



૫. વાંસની પાતળી લાકડી અથવા તારની સળી પુમડા ઉપર મૂકીને, હાથાવાળા લાકડાના પાટિયાથી ગોળ-ગોળ વણી લેવું.



૬. બાતી (વાટ) એક સરખી જોડાઈની અને કડક થાય ત્યાં સુધી વણવું.



૭. સળીમાંથી વાટને સરકાવી લેવી.



૮. બાતી (વાટ)માં સળીની જગ્યાએ પોલાણ રહેશે.

૯. બાતીને દબાવવી નહીં.

૧૦. ગરમ ઘી (ઘૃત)માં બારીક વાટેલા કપૂર અને કસ્તૂરીના મિશ્રણને પધરાવી એક રસ કરી, તેમાં બાતીને ઊભી ધરીને પલાળવી. જેથી બાતીના વચ્ચેના પોલાણમાં ઘી ભરાઈ જશે. બાતીને બહાર કાઢી થોડો સમય રહેવા દેવાથી બાતી (વાટ) કડક થઈ જશે.



૧૧. આરતીમાં અથવા દીવડામાં બાતી (વાટ) સીધી ઊભી ધરવી. વાંકી વાળવી નહીં.

૧૨. બાતી સિદ્ધ કરતા
પ.ભ. સેવક.

નોંધ : દીવાસળીથી એક અલગ બાતી પ્રજ્વલિત કરીને, તેનાથી આરતી અથવા દીવડાની બાતી પ્રગટાવવી. દીવાસળીથી સીધી આરતી પ્રગટાવવી નહીં. 卐

॥ આરતીનું સ્વરૂપ ॥

પાતાળલોકને પાદતલ કહેવાય છે. આ પાદતલના ચરણરજનો મહિમા ત્રણે લોકને પવિત્ર કરે છે. આરતીના નીચેના ગોળ ભાગની આકૃતિની ભાવના શેષજીનાં મસ્તકથી છે. કોઈ પણ પ્રભુનું મસ્તક આશ્રયલીલાનું મહાન સ્થળ છે. આ ગોળાકારની ઉપર ગોળાર્ધમાં નવ દીપાકૃતિ ખંડ છે. આરતીના 'આ' શબ્દનો નિવાસ સ્થાન પણ અહીં છે. આ ''આ'' શબ્દ આનંદનું સૂચક છે. આનંદની વ્યાખ્યાઓનું જોડાણ લક્ષ્યાવધિથી પણ ઉપર મળી શકે છે. પણ આપણે શ્રી નંદરાયજીનાં ઘરમાં શ્રીકૃષ્ણ જન્મના ઉત્સવને જ આનંદ માનીએ છીએ. નંદ - ઉપનંદ મળીને કુલ નવ ઘર છે. આ નવ ઘરોમાં પ્રેમલક્ષણા સહિત સદેહ ગોકુળમાં નવધા ભક્તિ બિરાજે છે એ પ્રેમથી સંબંધિત સ્નેહ - દીપ શિખાને સુરક્ષિત રાખવા માટે આ નવ દીપાકૃતિ છે. નંદરાયજીનાં નવ નામ = ગયે, વિમલ, શ્રીષ, શ્રીધર, મંગલાયન, મંગળ, રંગબલ્લીશ, રંગોજી અને દેવનાયક. આ નવ ઘરોમાં નવધા ભક્તિ સદૈવ બિરાજે છે. નવધા ભક્તિનાં નામ = શ્રવણં, કીર્તનં, સ્મરણં, પાદસેવનં, અર્ચનં, વંદનં, હાસ્યં, સખ્યં, આત્મ નિવેદન. પ્રથમ ખંડમાં સારસ્વત કલ્પના ભક્તોનો ભાવ છે.







આ આરતીની રચના આકૃતિમાં બીજા (મધ્ય) ખંડમાં સાત દીપાકૃતિ છે. આ સાત દીપાકૃતિ ચતુર્ભિશ્ચ, ચતુર્ભિશ્ચ, ચતુર્ભિશ્ચના અર્થે કરવાથી શ્રીમદ્ ભાગવતનાં દશમા સ્કંધનાં પ્રકરણમાં સાત - સાત અધ્યાયોથી શ્રીમહાપ્રભુજીએ જે સમીકરણ બતાવ્યું છે. એ સાત - સાત અધ્યાયોમાં વર્ણિત ભક્ત અથવા વ્રજગોપીઓના હૃદયથી પ્રગટ સ્નેહનાં માટે સ્થાન રૂપી દીપાકૃતિ છે. પ્રકરણનાં હિસાબથી સાત-સાત અધ્યાયોનાં ક્રમ પાછલા બે, 'ચર્તુભિશ્ચ'માં મનાયું છે. આ સાત દીપાકૃતિઓને ઋતુભેદથી સંયોગાત્મક, વિપ્રયોગાત્મક, સ્વકીયા - પરકીયા ભાવનાં સ્નેહ જ્યોતિ માટે સ્થાન છે બીજા ભાવથી આ સાત દીપાકૃતિ, પ્રમેય, ભક્તિ, આસક્તિ, આવેશ, વ્યસન, ફળ, પ્રણય છે. આરતીના બીજા ખંડમાં દ્વાપરલીલાના ભક્તોનો ભાવ છે.

આ આરતીનાં રચના ક્રમમાં જે ઉપરનું ત્રીજું ખંડ છે એના પાંચ દીપાકૃતિ છે. આ પુષ્ટિમાર્ગનાં પાંચ તત્ત્વો છે. અને શ્રી ગોવર્ધન પર્વત ઉપર દ્વાપરયુગનાં અંતમાં જે શ્રી ગોવર્ધનધરજી પ્રગટ થયા છે, એ સમયની લીલાના ભક્ત છે. એમાં બે પ્રકારના વિચાર છે કેટલાકનું તો







એમ કહેવું છે કે જ્યારે શ્રીનાથજીને પ્રગટ કરવા માટે શ્રી મહાપ્રભુજી સદ્દુપાંડેને ત્યાં બિરાજતા હતા, તો એ સમયે શ્રી મહાપ્રભુજીની સાથે પાંચ સેવકો સાથે હતા. આ પાંચેય દીપાકૃતિ એમના જ ભાવ સ્વરૂપમાં છે. અથવા કોઇકનાં વિચારમાં શ્રી રાધાજીની (શ્રી સ્વામિનીજી) સખી પાંચ પ્રકારની છે. એનાં ભાવ સ્વરૂપ છે.

૧. સખી વર્ગની સખી : કુસુમિકા, વિન્ધ્યા, ઘનિષ્ઠા વગેરે...
૨. નિત્ય સખી : કસ્તૂરી, મનોજ્ઞા, મણિમંજરી, સિંદારા વગેરે...
૩. પ્રાણ સખી : શશિમુખી, ચંદ્રરેખા, પ્રિયંવદા, મદોન્મદ વગેરે...
૪. પ્રિય સખી : કુરંગાક્ષી, મંડલી, મણિકુંડલા વગેરે...
૫. પરમ પ્રેષ્ઠ સખી : લલિતા, વિશાખા, વગેરે અષ્ટ સખી.

આ શ્રી વલ્લભ, શ્રી વિઠ્ઠલનાં ઘરની ભાવના છે.

આ આરતીની સ્વરૂપાકૃતિ રચનામાં કટોરીમા ચાર બાટીની રચના છે. આ શ્રી હરિદાસ વર્ય - ગિરિરાજ - ગોવર્ધનના ભાવથી છે. અથવા શ્રી યશોદાજી, રોહિણીજી, નંદરાયજી અને શ્રી યમુનાજીનાં ભાવથી છે. મુખ્યતઃ એને શ્રી ગિરિરાજજીનું હૃદય માનવું. આ હૃદયમાં શ્રીનાથજીએ નિવાસ કર્યો, અને આ હૃદયમાં શ્રીનાથજી પ્રગટ થયા હતા. કદાચ કોઈ રીતમાં આરતીના આ ઉપરી ભાગને કદાચ ખુલ્લો ન માનીને આપણે ત્યાંની પદ્ધતિમાં કટોરીની જગ્યાએ - સ્થાને બંધ કમળ કળી જેવી આકૃતિ માનવામાં આવે છે તો તે અવિકસિત ભક્તોનું જ સ્વરૂપ છે. (અપ્રગટ પ્રેમવાળા) તે જેમની તેમ કરબદ્ધ ઉપસ્થિત છે.

આ આરતીની રચનામાં જે આપણે શેષજીનાં મસ્તકનો ભાગ દર્શાવ્યો છે. આરતી કરવાના સમયે આરતી પકડવાની જે આકૃતિ છે તે ધર્મરૂપ શેષજીનું શ્રી અંગનું સ્વરૂપ છે એનો અર્થ એ થાય છે કે, શેષ ધર્મ હાથમાં લઇને જ ભગવદ આરતીનું સામર્થ્ય આરતી કરનારામાં ઉતરે છે.

આરતી શબ્દમાં આ...ર...તી ત્રણ અક્ષર છે 'આ' શબ્દની સ્પષ્ટતા કરી ચૂક્યા છે. બીજા અર્થમાં 'ર' અક્ષરની પ્રધાનતા છે. ચંસ્કૃત વ્યાકરણમાં અને એકાક્ષરી કોષમાં 'ર' અક્ષર 'દાતા' ધાતુમાં આવે છે. 'ર' શબ્દનો અર્થ છે દાન આપવું. તો આ દ્વાપરયુગનાં દાન પ્રધાન ભક્તોનું સ્થળ છે. જેને વેણુજીથી બ્રહ્મસંબંધ મળ્યો છે.

ત્રીજા ખંડમાં 'તી' અક્ષરનો વિનિયોગ છે. એનો અર્થ થાય છે. 'ત્રિયાભાવ', સ્ત્રીભાવ, ગોપીભાવ, સ્વામિનીભાવ, માતૃભાવ. આ પાંચેય ભાવવાળા ભક્તોની ભાવના અહીંયાં જ છે. અથવા 'તી'નો અર્થ છે 'ત્રણ' શ્રી કૃષ્ણની સેવામાં રાજસ, તામસ્ અને સાત્ત્વિક. આ ત્રણેય ભક્તોનાં ભાવ અહીંયાં છે. અથવા 'તી'નો અર્થ છે શ્રી કૃષ્ણજીનાં દેવકી, યશોદા અને રોહિણી આ ત્રણેય માતાઓનો ભાવ અહીંયા છે.

આ આરતીની આકૃતિ રચનામાં ચાંદીની ધાતુનો ઉપયોગ છે. એનું સારભૂત રહસ્ય એમ છે કે, આરતી કોઈ ને કોઈ પ્રકારના આત્મવિરહથી જોડાયેલી લીલા છે. કામિન અને કાંતાઓને ચંદ્રમાને જોઇને, નિહાળીને વિરહની વૃદ્ધિ થાય છે. અને ચાંદીનો જે વર્ણ છે, તે ચંદ્રમા સમાન છે. આ અર્થમાં આંતરિક આરતી ચંદ્રવંશમાં ઉત્પન્ન શ્રીકૃષ્ણ ચંદ્રને મળી આવે છે. એ ચંદ્રની આભાથી જોડાઇને પ્રેમ સ્નેહરૂપી દીપશિખારૂપી આરતીનાં બહાને પોતાની વિરહ વેદના દર્શાવી છે.



સારસ્વત કલ્પથી પ્રારંભ કરીને શ્રી મહાપ્રભુજીના પૂર્વજ યજ્ઞ નારાયણ શ્રુતિ અવતાર સુધી જે અર્ચના, આરાધના અને યજ્ઞ કરવામાં આવતા હતા. એમાં સેવોપયોગી તમામ પાત્ર સોનાનાં હતાં અને દક્ષિણા પણ સોનાની આપવામાં આવતી હતી. શ્રી લક્ષ્મણ ભટ્ટજીએ સોમયજ્ઞ કર્યા છે. શ્રી મહાપ્રભુજી સહિત શ્રી ગુસાંઇજીએ પણ સોમયજ્ઞ કર્યા છે. ત્યાં સુધી આ યજ્ઞોની દક્ષિણામાં સુવર્ણમુદ્રા આપવામાં આવી હતી. વર્તમાનયુગમાં પ્રથમ પીઠાધીશ્વર શ્રી રણછોડાચાર્યજી મહારાજશ્રીએ પ્રયાગરાજ કુંભ મેળામાં સોમયજ્ઞ કરવાથી યાજ્ઞિક આચાર્ય દક્ષિણ ભારતીય શ્રી તાતાચાર્યજીએ એમના હોતા અને ઉદ્‌ગાતા સહિત યજ્ઞમાં દીક્ષિત આચાર્યોને ક્રમ સહ ૨૧-૧૧-૭ની સંખ્યામાં સુવર્ણમુદ્રા દક્ષિણામાં આપી હતી. જ્યારથી આ વાત સ્પષ્ટ થઈ છે કે મહારાજ પરીક્ષિતે કલિયુગને સોનામાં અધિકાર આપ્યો તો એમના પછી એ કેવું સુવર્ણ છે. જેમાં કળિયુગ છે. જેમાં કળિયુગ નથી. તો સમજુ વિવેચકોએ ભગવત્ સેવામાંથી સુવર્ણનો મોહ હટાવીને, રજત - ચાંદીને સ્થાન અપાવ્યું.

卐



॥ આરતી ખણ્ડવાળી (નિત્યના પ્રકારમાં) ॥

આરતીમાં ખણ્ડ ઉપર, મધ્ય અને નીચેનો એમ ત્રણ હોય છે. જેમાં ઉપરના પહેલા ખણ્ડમાં ચાર બાતી (વાટ) + ૧ (એક) અધિકી મળી કુલ પાંચ હોય છે, વચ્ચેના બીજા ખણ્ડમાં સાત બાતી અને છેલ્લા નીચેના ત્રીજા ખણ્ડમાં નવ બાતી. આરતીની રચના મુજબ પધરાવવામાં આવે છે. જેમાં બાતી પધરાવવાના ગોળ નાકા હોય છે, તેમાં બાતી પરોવીને ધરાય છે.

૧. એક ખણ્ડની આરતી (પ્રથમ ખણ્ડ ઉપરનો) :
અક્ષય તૃતીયાથી અષાઢ સુદ ૧૫ હિંડોળા સુધી ચાર બાતી + ૧ બાતી અધિકી સાથેની આરતી પ્રગટાવવી. જો ગરમી અધિક હોય તો રાજભોગ અને સંધ્યાર્તિ સમયે આરતી મણિકોઠામાંથી ઉતારવામાં આવે છે.

૨. બે ખણ્ડની આરતી (પ્રથમ ખણાડ ઉપરનો અને બીજો ખણ્ડ મધ્યનો) :
હિંડોળા પૂરા થયે અષાઢ વદ-૧ થી વિજયા દશમી સુધી બે ખણ્ડની આરતી પ્રગટાવવી. પ્રથમ ઉપરના ખણ્ડની ચાર બાતી + ૧ બાતી અધિકી અને બીજા ખણ્ડની સાત બાતીની આરતી ઉતારવામાં આવે છે.

૩. ત્રણ ખણ્ડની આરતી (પ્રથમ ખણ્ડ ઉપરનો, બીજો ખણ્ડ મધ્યનો અને ત્રીજો નીચેનો ખણ્ડ)
વિજયા દશ્મીથી રામનવમી સુધી ત્રણ ખણ્ડની આરતી પ્રગટાવવી. પ્રથમ ખણ્ડની ચાર બાતી + ૧ અધિકી, બીજા ખણ્ડની સાત બાતી અને ત્રીજા ખણ્ડની ૯ બાતીની આરતી ઉતારવામાં આવે છે.

નોંધ : પ્રથમ ખંડમાં ચાર બાતીનો સેવા પ્રકાર છે. પરંતુ એક (૧) બાતી આરતી સમયે શીતલ થઈ જાય (ઓલવાઈ જાય) ત્યારે દોષ નિવારણ ઉપાયે એક (૧) બાતી વધુ એટલે અધિકી પાંચમી બાતી કરવાની આજ્ઞા શ્રીપ્રભુ ચરણે કરી છે. 卐

॥ આરતી - થાળીનું સ્વરૂપ ॥

ઋષિમુનિ જેને કાળ ઉપનિષદ કહે છે, એમાં મૂર્તિ પૂજા માનસી જ હતી. એટલા માટે માનસીના કારણ એને નિઃ સાધન કહેતા હતા. નિઃ સાધન ઋષિઓના સમયમાં બધાની ભલાઈ માટે (પરમાર્થ) યજ્ઞ કરવામાં આવતા હતાં. યથા ગીતા નાયક કૃષ્ણ વાક્ય, "यज्ञाद् भवति परजन्यः । परजन्याद् अन्नसंभवः ।" એટલા માટે યજ્ઞ પરોપકારાર્થે જ કરવો જોઇએ. પરંતુ અયાચક વૃત્તિથી નહીં કે ફંડ, રસીદ, કમિટીનાં પ્રબંધથી.

જે ઋષિ મુનિ પોતાના નિત્ય જીવનમાં સપત્ની યજ્ઞ કરતા હતા. અને અમુક યજ્ઞ કરવા માટે જ તે સપત્નીક થતા હતા. અને નિઃ સાધન જીવન જીવતા હતા. એ યજ્ઞમાં કલાકારોની દુર્લભતા હતી. તો એ થાળીમાં લોટને હળદરથી મિશ્રિત કરીને ચોમુખી દીપકથી વૈદિક આરતી કરતા હતા. આપણે ત્યાં ઉત્સવના દિવસોમાં રચના સહિત (ક્લા - કારીગરી) થાળીમાં લોટના દીપકથી આરતી કરવી, એ યુગની વૈદિક માન્યતાઓને સુરક્ષિત કરવા માટે પુષ્ટિ પ્રયાસ છે.

એ પ્રકારની આરતીમાં લોટનો દીપક બનાવે છે. ઉપનિષદ્માં અન્ન એ પ્રાણોનું સ્વરૂપ છે અને પ્રાણ જીવિત શક્તિ છે. અન્નનો જન્મ મેઘથી થાય છે અન્નથી નિર્મિત લોટ પણ જીવિત શક્તિ છે અને મેઘનો જન્મ યજ્ઞથી થાય છે. યજ્ઞ વૈદિક મંત્રથી થાય છે. ઉપરોક્ત કથનમાં બધાં ઇશ્વરનું સ્વરૂપ છે. યજ્ઞમાં અગ્નિ ઇશ્વરનું સ્વરૂપ છે. આ તરફ અગ્નિ પણ ઇશ્વરનું જ સ્વરૂપ

છે. યજ્ઞની વેદી ઇત્યાદિ બધું જ ઇશ્વરનું સ્વરૂપ છે. ત્યાં સૂક્ષ્મ સાધનોનો પ્રયોગ છે. એટલા માટે થાળીમાં લોટના દીપકની આરતી સૂક્ષ્મતામાં મહાનતાને સમેટી લીધી છે. આ જ તો થયો વૈદિક વિચાર.

પુષ્ટિમાર્ગમાં કાંસાની થાળીમાં આરતી થાય છે. આ એ જ આરતીની થાળી છે, જ્યારે શ્રીકૃષ્ણ જન્મ થયો. અને એનો મહોત્સવ થયો, તો વ્રજમાં એની સૂચનાની જેટલી પદ્ધતિ હતી. એમાં એક પદ્ધતિ આ થાળીની પણ હતી. માટીની નાની હાંડી એની ઉપર ઊંધી થાળી મૂકીને લાકડાની દાંડીથી નંદમહોત્સવની સૂચના હર્ષધ્વનિથી કરવામાં આવી. આ વિધિને વાદ્ય યંત્રની સંજ્ઞા આપવામાં આવી, એને મંદિરલા કહેવાય છે. કીર્તનોમાં આવે છે, ''मंदिलरा बाजे'' આરતીમાં મંદિલરાવાળી ભાવનાની થાળી છે, હળદર મિશ્રિત લોટનો દીપક છે. નંદાલયમાં જવા માટે જે ગોપીઓએ, કે જે જન્મજાત સુંદર હતી. એમણે સુંદરતામાં સારવૃદ્ધિનાં માટે ઉબટનમાં લોટ અને હળદરનું મિશ્રણ હોય છે. ભલા બધી ગોપીજનો નંદાલય પહોંચી, અને તેઓ હળદર લોટનો સંયોગનો ભલા કેમ પાછળ રહી જાય! જેનાથી વ્રજગોપીઓની સુંદરતામાં વૃદ્ધિ થઈ છે? માની લો આ હળદર લોટથી મિશ્રિત દીપક આજે પ્રભુને ઉત્સવમાં આજ નિવેદન કરી રહ્યા છે, કે આ ચાર પ્રકારની ગોપીઓને ચાર ગણી સુંદર મેં જ બનાવી છે. એટલા માટે આ ગોપીઓનો સુયશ પોતાના ચાર મુખોથી ચાર વ્યૂહવાળા શ્રી કૃષ્ણને નિવેદન કરવા આવ્યો છું. ચાર પ્રકારનાં ગોપી અને એક એકની ચારગણી શોભા, તો એના સોળ ગુણ એક જ છે. કૃષ્ણ આપ સોળે કળાવાળા થયા, આપનો એમનો યોગ નિર્વિઘ્ન રહે. માનો કે આ વિનંતી આ થાળીવાળી આરતીએ કરી, કદાચ આ કારણથી જ અવગુણ નિવૃત્તિ માટે લોટના ચાર મૂઠીઆઓ ઓવારવામાં આવે છે. આપનાં અને એમનાં મધ્યમાં કોઈ સૂક્ષ્મ દોષ દૃષ્ટિ ન આવી જાય. એટલા માટે રાઈ ઓવારવામાં આવે છે. કોઈ લૌકિક દોષ ન આવે એટલા માટે મીઠું ઓવારવામાં આવે છે. આ રાય-મીઠાથી ઓવારવાથી ગોપીઓ ને શ્રીકૃષ્ણની વચ્ચે લૌકિક, અલૌકિક અને સૂક્ષ્મ દોષોનો પ્રવેશ નથી થયો. આ જ કારણ છે કે માખણ ચોરી, દાણ લીલા, ચીરહરણ, અને રાસ પંચાધ્યાયીમાં આ ગોપી અને કૃષ્ણના મધ્ય દોષનો પ્રવેશ નથી થયો. જે લોકો થાળીની આરતી લોટ-હળદરનો ચો-મુખો દીપક અને રાયલોણ નથી સમજતા. તેઓ શ્રીકૃષ્ણ લીલામાં દોષ સમજે છે.

વ્રજ ગોપીઓની બોલચાલ અને ભાષાના માધ્યમથી સ્વયં આ આરતીએ પ્રભુની સન્મુખ નિવેદન કર્યું છે 'રજ આરજ લાગો મેરી અખિયન રોગ દોષ જંજાળ'. આ આરતી બધા રોગ અને દોષ એની ભીખ માંગીને નંદરાયજીનાં ઘરથી માંગીને વિદાય થઈ ગઈ. આ આરતીનું ગુણગાન ભલા કોણ કરી શકે? અત: પુષ્ટિમાર્ગમાં આરતી ગાવામાં નથી આવતી.

卐

॥ આરતીની થાળી સિદ્ધ કરવાની રીત ॥



૧. મણકા બનાવવા માટે : ચોખાના લોટમાં જળ પધરાવી કઠણ મણક-લુવો તૈયાર કરવો.



૨. લુવામાંથી એક સરખા મણકા સિદ્ધ કરવા. જેને આપણે મોતી કહીશું.



૩. મણકા ગોળ અને એક સરખા તૈયાર કરવા.



૪. આ સિદ્ધ કરેલા મણકાને થાળીમાં ખુલ્લા રાખવા.



૫. ખડી બનાવવા માટે ઘઉંના લોટમાં જળ પધરાવી નરમ ખીરૂ તૈયાર કરવું અને તેમાં સૂતરની દોરી પલાળવી.



૬. જે થાળીમાં આરતી સિદ્ધ કરવાની હોય તે થાળીમાં ડીઝાઈન (ભાત) પ્રમાણે માપસર, એક સરખી ખીરામાં પલાળેલી દોરીથી આડી-ઊભી બંને સરખા માપે લાઈન પાડવી. દોરીને જોઈતા પ્રમાણમાં ખીરામાં પલાળવી.



૭. ઘઉંના લોટનું જાડુ ખીરું (ખડી) તૈયાર કરવું. લાઈ લેવા વાંસની સળીને ઉપયોગ કરવો.



૮. દોરા પાળેલી થાળીમાં ડીઝાઈન પ્રમાણે વાંસની સળીથી જાડુ ખીરૂ (ખડી) દોરા પાડેલ લાઈન (રેખા) ઉપર મૂકવું.



૯. ખડી (ખીરુ) મુકેલી જગ્યા ઉપર મોતી (મણકા) ડીઝાઈન પ્રમાણે મુકવા. જાડી ખડીની ઉપર મણકાના મોતી તુરંત ચોંટી જશે.



૧૦. થાળીમાં ડીઝાઈન મુજબ લાઈન ઉપર મોતી ગોઠવીને આરતીની થાળીની ડીઝાઈન પૂરી કરવી. (ચોખાના લોટમાંથી મોતી સિવાય બીજી આકૃતિ પણ બનાવી શકાય.)



૧૧. મોતીથી તૈયાર કરેલ આરતીમાં ચળકતા અને સૂકા રંગબેરંગી રંગોથી થાળીની સજાવટ કરવી અને શ્રીજી સન્મુખ પધરાવવી. 卐



ચોમુખી



અષ્ટમુખી



સોળમુખી

॥ આરતીનો દીવડો તૈયાર કરવાની રીત ॥

દીવડો તૈયાર કરવા માટે ઘઉંના ચૂનમાં (લોટમાં) હળદર, દૂધ અથવા જળ પધરાવી નક્કર કણક બાંધવી. જેમાંથી ચિત્રમાં બતાવેલ આકૃતિ પ્રમાણે દીવડો તૈયાર કરવો. જેની ચારે બાજુ સુંદર ડીઝાઈન પણ બનાવી શકાય.

ઉપર મુજબ તૈયાર કરેલી કણક (લુવા)માંથી શ્રીજીને ઓવારવા માટે ના ૪ (ચાર) મુઠીયા પણ તૈયાર કરવા.

ચુનના દીવડા ચોમુખી ચાર બાતીના, અષ્ટમુખી આઠ બાતીના અને સોળમુખી સોળબાતીના ઉત્સવ પ્રમાણે આવે. 卐

નોંધ : (૧) હળદર પધરાવવાથી દીવડો છોવાતો નથી. (૨) હળદરની હાજરીને સોનાની બરાબરીએ (જગ્યાએ) ગણાય છે.



॥ हरि जू की आरती बनी ॥

हरि जू की आरती बनी ।
अति बिचित्र रचना रचि, राखी, परति न गिरा गनी ।।
कच्छप अघ आसन अनूप अति, डाँड़ी सहस-फनी ।
मही सराव, सप्त सागर घृत, बाती सैल घनी ।।
रबि-ससि-ज्योति जगत परिपूरन, हरति तिमिर रजनी ।
उड़त फूल उड़गन नभ अंतर, अंजन घटा घनी ।।
नारदादि, सनकादि, प्रजापति, सुर-नर-असुर-अनी ।
काल-कर्म-गुन-ओर-अंत नहिं प्रभु इच्छा रचनी ।।
यह प्रताप दीपक सुनिरंतर, लोक सकल भजनी ।
सूरदास सब प्रगट ध्यान मैं अति बिचित्र सजनी ।।

卐



॥ બાતીમાં ૩ - કપાસ ॥

શ્રી પુષ્ટિમાર્ગની અંદર જેટલાં પણ ધાર્મિક અનુષ્ઠાન છે અને એનો જેટલો પણ વિસ્તાર છે અને યથા સમય જે ઉપયોગ છે. એમાં સેવા કરનારા સેવકની કોઈ જ ચાહના નથી, પરંતુ સત્ય - ધર્મ - દેવતા - અગ્નિ - પૃથ્વી - નક્ષત્ર (તારાગણ) ચંદ્ર અને સૂર્ય - વન - ઔષધિ આદિ કાંઈ કેટલાય, એ બધાંને પોતાની સેવાની ક્રિયા યોગદ્વારા, આ બધાને ભગવત્ સન્મુખ કરવાનો સફળ - સ્તુત્ય પ્રયાસ વૈષ્ણવ ધર્મ છે. એ વૈષ્ણવોના સેવા ધર્મ દ્વારા અને વૈષ્ણવતાના સહારે ઉપરોક્ત બધાંને લીલા દર્શન કરાવાય છે. આ જ કારણ છે કે સેવામાં ઘણી બધી અલૌકિકતાનો ઉપયોગ થાય છે. આ બધા મનોરથ અને નિત્ય સેવામાં થાય છે.

આપણે ત્યાં કપાસ અને એના દોરાનો જે પ્રયોગ કરવામાં આવે છે, તે વસ્ત્રોમાં અધિકત્તમ નજરે ચઢે છે. વસ્ત્રોને વ્રજભાષામાં ‘કપડા’ કહેવાય છે અને કપડું કપટથી બનેલું હોય છે. બહારની દુનિયામાં કપટ નિષેધ છે. એટલા માટે જ ભારત વર્ષની કેટલીક એક ધર્મ સાધનાઓમાં સાધક કપડું સ્વીકાર નથી કરતા. એનો અર્થ એ થાય છે કે તેઓ નિષ્કપટ છે. વસ્ત્રહીન નહીં. જેમ છે, જેવા છે, પરંતુ રસ શાસ્ત્રોના હિસાબથી કપટનો પ્રયોગ રસવૃદ્ધિ માટે છે. એટલા માટે આપણે ત્યાં શ્રી ઠાકોરજી સૂતરનાં અને અન્ય પ્રકારનાં વસ્ત્રો ધારણ કરે છે એનો ભાવ છે કે રસવૃદ્ધિનાં હેતુ માટે કપડું (કપટ) ધારણ કરું છું.

આ કપાસની (૩) આરતીમાં બાતી બનાવવામાં આવે છે. આ કપાસનો જોડીયો શબ્દ સૂત છે. સૂતને જ લૌકિકની જન્મજાત પ્રણાલી છે. જેવી રીતે સૂતર વારંવાર જન્મ લે છે એ જ પ્રમાણે જીવ પણ ભક્તિની સાથે સાથે શ્રી કૃષ્ણલીલારસ આરતીની ચાહનામાં દેહ સ્વરૂપ ધારણ કરે છે અને એનો ત્યાગ કરે છે. આ અલૌકિક જન્મ-મરણની ગતિ વિષયક આધાર છે.

|| કીર્તનનું સ્વરૂપ ||

કીર્તન એ જ છે જેને શ્રી ઠાકોરજી પ્રત્યક્ષ સાંભળે છે. અષ્ટ છાપ કીર્તન સ્વયં શ્રી ઠાકોરજીની અનેક નિકુંજોમાંથી આવ્યાં છે. કેટલાંક કીર્તન કંદરાઓમાંથી ભગવદ્ આજ્ઞાથી જે ગોપીએ જે સખાને આપ્યાં છે એ સખાએ એ પદ પર પોતાની છાપ બોલીને ગાયાં છે. ગોપીઓની તરફથી લીલા ગાન અષ્ટછાપને આપવામાં આવ્યું હતું. જે જે સખા (કવિ)ને આપવામાં આવ્યું હતું એ સખા પર એ લીલાની છાપ પડી એ અર્થમાં છાપનો અર્થ છે. પરંતુ છાપનો અર્થ કવિતાની છાપ નથી.

કવિતાની રચના કરતી વખતે કવિ પોતાની છાપ છોડે છે. એ અર્થમાં અહીંયાં છાપનો આશય નથી. કદાચ એવું જ માનશો તો ગાયકમાં કર્તાપણાનું ભાન (આભાસ) પેદા થશે. જે કયારે પણ અહંકારમાં બદલાઈ શકે છે. શ્રી ઠાકોરજી એવા કર્તાભિમાનીના બોલ સાંભળવા માટે અસમર્થ છે. વધુ સમજવા માટે, શ્રી ગુસાંઈજી અને તાનસેનની ગાયકી તથા એમને આપવામાં આવેલો પુરસ્કાર (૧૦૦૦ મુદ્રા અને ૧ ફૂટી કોડી) પછી ગોવિંદ સ્વામીની ગાયકી સંભળાવવી તો શ્રી ગુસાંઇજીનાં આ રહસ્યથી બધું સ્પષ્ટ થઈ જાય છે. 卐

|| આરતીના સમયે કીર્તનની ચાલ ||

આરતીના સમયે શ્રુતિઓમાં નવી પ્રેરણા આવે છે. ત્યારે એમની ચાલ બે ગણી - ત્રણ ગણી થઈ જાય છે. નુતિ, કીર્તનનું સ્વરૂપ છે. સામવેદની શ્રુતિઓનું સ્વરૂપ છે. શ્રી ઠાકોરજીની સામે લીલા ગુણગાન, તાલ, સ્વરનાં માધ્યમથી નિશ્ચિત સમયમાં પૂર્ણ થવું જોઇએ. જો આવો જ નિયમ રાખશો તો ગુણગાનનો લાભ એક જ શ્રુતિને મળશે. એટલા માટે શ્રુતિઓનાં આપસી તાલ-મેલ અને સામંજસ્યથી આ નિર્ણીત છે. આ ગુણગાન, આ સમયથી લાભથી કોઈ પણ શ્રુતિ બાકી રહી ન જાય. એટલા માટે એટલા જ સમયમાં જ (આરતીનાં સમયે) દુગુણા અને ચારગણા માધ્યમથી બધી શ્રુતિઓને લાભ મળી જાય છે.

એટલા માટે આરતીનાં સમયે કીર્તનની ચાલ વધીને બે ગણી - ચાર ગણી થઈ જાય છે. 卐

॥ બાતીમાં કપૂર ॥

કપૂર એક સુગંધિત પદાર્થ હોવાથી તેનો મહિમા શીતલતા અને સૌરભ પ્રસરાવવાનો છે.

કપૂરમાં ભક્તની વિરહદશાનું વર્ણન છે. ''પ્રિયતમના (પ્રભુના) વિયોગમાં ભક્તો નિત્ય - પ્રતિ, ક્ષીણથી અતિક્ષીણ થતા જાય છે, અને હવે તો સ્થિતિ એવી થઈ ગઈ છે કે, ભક્તોની અત્યંત ક્ષીણ કાયાને જોઇને એવું પ્રતીત થાય છે કે, કાંઈ તેઓ (ભક્તો) કપૂરની જેમ હંમેશની માટે સમાપ્ત ના થઈ જાય.'' કહેવાનો આશય એ છે કે, ''પ્રિયતમના (પ્રભુના) વિયોગમાં ભક્તો અત્યંત ક્ષીણ - કાય થઈ ગયા છે અને જેવી રીતે કપૂર ક્ષણ-પ્રતિક્ષણ ઉડતું રહે છે અને આખરે તેનો અવશેષ પણ નથી રહતો.''

''વિરહની ક્ષણોમાં પ્રિયતમ (પ્રભુ) દ્વારા હસીને પોતાના ગળામાંથી ઉતારીને જે ગુંજાફળોની માલા જે ભક્તોને આપી છે, તે ગુંજાફળોની માલા ભક્તોના પ્રાણોનો આધાર બની ગઈ છે. હવે ભક્તો પોતાના કપૂરની જેમ ઊડી જવાવાળા પ્રાણોને, તે ગુંજાફળોની માલાએ રોકી રાખ્યા છે.''

કહેવાનો અભિપ્રાય એ છે કે, ''જો આ ભક્તોની પાસે આપની સ્મૃતિ - સ્વરૂપ, આપનું દર્શન ના હોત તો એ નિશ્ચિત છે,

* * *

॥ અખંડ જ્યોત રૂપ ॥

જે વલ્લભી વૈષ્ણવોના ઘરમાં પુષ્ટિ પુરુષોત્તમ પ્રભુ સેવ્ય સ્વરૂપે સદા સર્વદા બિરાજે છે. એ સ્વરૂપ અખંડ જ્યોતરૂપ હોવાથી અધિકમાસમાં અખંડદીવા ઘરમાં મૂકવાનું પ્રયોજન રહેતું નથી. ખાસ કરીને નંદાલયમાં તથા વૈષ્ણવોના ઘરમાં બાળભાવથી સેવા થાય છે, એટલે બાળક દીવો પકડતાં દાઝી જાય તેથી મંદિરોમાં પણ કદી પ્રભુની નજીક દીવો મુકાતો નથી.

* * *



॥ બાતીમાં કસ્તૂરી ॥

અગ્નિ અનેકાનેક રૂપમાં સનાતન છે. સામવેદમાં યજ્ઞના જેટલા પણ પ્રકાર છે, એમાં અગ્નિ વડે જ સામર્થ્ય માંગવાનું રહસ્ય છે. આ અગ્નિમાં ભિન્ન-ભિન્ન પ્રકારનાં વૈવિધ્ય ધરાવતાં રહસ્ય બિરાજમાન છે. મર્યાદામાં વનવાસના દિવસોમાં જ્યારે શ્રી રામચંદ્રજી સ્વર્ણમૃગની પાછળ દોડ્યા અને ધનુષસંધાન કર્યું ત્યારે સ્વર્ણમૃગે સ્વરૂપ ત્યાગ કર્યો. તો સૌ પ્રથમ એણે લક્ષ્મણના નામનું ઉચ્ચારણ કર્યું હતું, પાછળથી શ્રીરામચંદ્રજીના નામ ઉચ્ચારણ કર્યું હતું. આ સ્વર્ણમૃગનો જે વિચાર છે, તે શ્રી રામનો યોગ પ્રાપ્ત કરવાને માટે છે. સાધનાના માર્ગમાં યોગનો પ્રારંભ નાભિથી થાય છે. આ સ્વર્ણમૃગની (અલૌકિક દેહધારી, નહીં કે કપટ વેશ) નાભિમાં પણ અલૌકિક યોગ પ્રત્યક્ષ બિરાજમાન છે. જેનાં મૃગને દર્શન નથી થતાં. અનુભવ થાય છે. યોગનું આ પણ એક લક્ષણ છે. અનુભવ પ્રધાન, એ જ અનુભવનો આધારભૂત ધર્મ છે, એજ કસ્તૂરી છે. પુષ્ટિમાર્ગીય સેવા ભાવનાઓની ક્રિયાઓ સ્વધર્મક છે. ધર્મ વગર જે પણ કાંઈ થાય છે, એમાં અપવાદની શંકા સામેલ છે. ધર્મ સહિત જે કાંઈ પણ થાય છે, એમાં અપવાદ નથી આવતા.

આરતીની બાતીમાં જે ઘૃત (ઘી) સંયોગ થાય છે. એમાં કસ્તૂરીનો સંબંધ સ્વધર્મક ક્રિયાની જ પ્રધાનતા છે. કુલ મળીને એમાં યોગ ધર્મ છે. યોગ કેટલાય પ્રકારના છે, આ શ્યામ યોગ છે. કસ્તૂરી મૃગની જે શોભા છે, એમાં અન્ય રંગોની સાથે શ્યામ રંગ પ્રધાન (મુખ્ય) છે.

કસ્તૂરી મૃગનાં શૃંગ ઘણાં હોય છે. પુષ્ટિમાર્ગીય યોગ ઘણી બધી શિખરતાઓને ધારણ કરીને રહેલા છે. આ વાતનો આંતરિક ધ્વનિ પ્રસારણ કસ્તૂરીની સુગંધ છે. 卐

॥ આરતીની સજાવટની પ્રેરણા આપણને ક્યાંથી મળે છે? ॥

૧. વ્રજમાં ગોપીઓની વિચારશૈલી - પદ્ધતિ.

૨. મનોરથનો ભાવ.

૩. ઉત્સવનો ભાવ.

૪. ગોપીજનોંનો ગૃહભાવ (ભાગ).

૫. વ્રજનાં કોઇ પણ વન - ઉપવન - વૃક્ષ - ફૂલ - પર્વત - ગામ - તીર્થ - કુંડ - સરોવર - નદીની ધારણા ઉત્સવ પ્રમાણ.

૬. દેવલોકનાં ભક્તોની શરણાગતી અને એમની પદ્ધતિ - શૈલીનું સમર્પણ.

૭. સ્વયં નંદાલયની રીત.

૮. શ્રી વલ્લભગૃહના કેટલાક સદ્‌વિચાર.

૯. ત્રિભુવનનું સૌંદર્ય લક્ષણ.

૧૦. વેદોક્ત પારિજાત સ્વરૂપ.

૧૧. શ્રીમદ્ ભાગવત કલ્પતરુનો મહિમા. - ગાથા.

૧૨. શ્રી કૃષ્ણની કૃપા કરવાની સ્વતંત્રતા.

આ આધારો ઉપર આરતીનાં આલેખનમાં રચના શૈલી છે. દેહરી અને ચોક નિર્માણમાં પણ ઉપરોક્ત પ્રધાનતા છે. 卐







સૌજન્ય : ગોસ્વામી હવેલી, અમદાવાદ

॥ શ્રી પુષ્ટિપ્રભુની મોતી મૂકેલી સુંદર આરતીની થાળી ॥

કાંકરોલીવાળા ગો. સ્વામિની શ્રી સૌંદર્યવતી ભાભીજી મહારાજ

તૃતીય પીઠના વિદ્વાન આચાર્ય ગો. શ્રી બાલકૃષ્ણ લાલજી મહારાજનાં આપ વહુજી થાય. શ્રી સૌંદર્યવતી વહુજી આપનું શુભ નામ હતું. તેઓ શ્રી તેમની પાછળ બે પુત્રો ગો. શ્રી વ્રજભૂષણલાલજી અને ગો. શ્રી વિઠ્ઠલનાથજી તથા વિશાળ કુટુંબને પધરાવી ગયા. (મુક્તાં ગયા.)

શ્રી દ્વારકાધીશ પ્રભુની સેવામાં આપ અહર્નિશ પહોંચતાં. પ્રભુને ઘણા લાડકોડ લડાવતા. આમ છતાંયે ''શ્રીની સેવામાં મારાથી કંઈ બનતું નથી.'' એ એઓશ્રીની પવિત્ર નમ્ર વાણી હતી.

લલીતકળાનો આપને ઘણો સારો શોખ હતો. ભીંત પર શ્રીની છઠ્ઠી પોતે જ ચિતરતા. સુંદર વેલ, પાંદડા, મોર, પોપટ, ચિતરી તૈયાર કરતા હતાં. શ્રીની આરતી માટે રંગ પૂરી, મોતી મૂકેલી સુંદર થાળીઓ આપ કલાત્મક રીતે તૈયાર કરતાં હતાં.

એઓશ્રીનો સાહિત્ય પ્રેમ, શાસ્ત્રોનું વાંચન હૃદયસ્પર્શી હતું. આપે ઘણી વખત (વ્રજપરિક્રમાઓ) વ્રજયાત્રા કરી હતી. 'ચિત્ર દર્શન' પુસ્તક પ્રગટ થયું છે. તે જોતાં આપનો ચિત્રકલા અને વ્રજભૂમિ પ્રત્યેનો શુદ્ધ ભાવ સમજાય તેમ છે. આપનાં દર્શન કરનાર અને પરિચયમાં આવનારને અનન્ય ભાવ ઉપજે તેવું સરળ અને કાર્યદક્ષ આપનું જીવન હતું. ***(દ્રેણૂધર - જાન્યુ. ૧૯૫૯)*** 卐



।। આરતી આલેખન ।।

આલેખન : ભીતર રહેલી પોતાના પ્રિયતમ પ્રભુ પ્રત્યેની દિવ્ય પ્રેમની મનોકામનાનો સંદેશો પોતાના પ્રીતમને કહેવાનો એક અનોખો બેજોડ વહેવાર આરતી આલેખનમાં રહેલો છે. એક પ્રિયતમા દ્વારા પોતાના પ્રીતમને સાંકેતિક ભાષામાં લખાયેલો પ્રેમપત્ર, જેને આપણે આરતીની થાળીની ઓળખ આપીએ છીએ. જે અત્યંત ગુપ્ત અને ગૂઢ રહસ્ય ભાવનાઓથી કલાત્મક રીતે આરતીની થાળીમાં રચાયેલો - લખાયેલો છે. જેની રચનામાં રચાયેલી રચનાત્મક, કલાત્મક આત્માની મનોભાવનાઓ ક્યાં તો તેની રચના કરનાર ગોપીજન, અને ક્યાં તો તેના આત્મ સંબંધ સાથે જોડાયેલ એકમાત્ર તેના પ્રિયતમ પ્રભુ જ વાંચી શકે, ઉકેલી શકે, ઓળખી શકે. આ અદ્દભુત આરતી આલેખનનો કલા વારસો આપણને શ્રીવલ્લભકુળના વહુજી અને બેટીજીઓના શ્રીહસ્તથી આલેખાયેલી આરતીઓ દ્વારા આજે પણ આપણી પાસે અણમોલ વારસાગત સચવાયેલો છે. પોતાના પ્રિયતમ સેવ્ય સ્વરૂપને લાડ લડાવવા, પોતાના ચિત્તમાં પરોવાયેલ અપ્રગટ વિવિધ મનોરથોની વાતોને સંદેશાને કહેવાની રીત-પ્રીત અથવા હ્રદયમાં પ્રગટ થયેલા મનોરથોમાં પ્રભુને પધરાવવાની વિનંતી આરતીની થાળીમાં આલેખવા - લખવાની સેવારીતિ પુષ્ટિમાર્ગની અલૌકિક સેવા-સામગ્રી છે.

અનંતકાળથી પોતાના પ્રીતમ સાથેના લીલાસંબંધોની યાદ તાજી કરાવવાનો અનોખો પ્રકાર છે, કે ''હે, પ્રભુ, સ્વામી આપ અમારી સાથેનો સંબંધ ભૂલીતો નથી ગયા ને ?'' આ આરતીની દિવ્યપ્રેમની જ્યોતિ સસ્નેહ અમારા હ્રદયમાં સદા માટે અખંડ પ્રગટેલી રહે છે. અગ્નિની જ્વાળા જે બાળવાનું કામ કરે છે, પરંતુ હ્રદયમાં પ્રગટેલી તે જ્વાળા આપના દિવ્યપ્રેમની જ્યોતિ બનીને, આજે અમારો સહારો બની અમને આપની સાથે જોડીને રાખે છે. જેના દ્વારા આપ અમારા હ્રદયમાં વિરહ-તાપથી આલેખાયેલા છો. જેની સ્મૃતિ-યાદને તાજી કરવા-કરાવવા અમે આપની સન્મુખ લીલા સંબંધી વાતો લખીને કે આલેખન કરીને આરતીની થાળીમાં આપની સાથે વીતાવેલી અલૌકિક પ્રણય લીલાને મૂકીને સમર્પિત કરીએ છીએ.

આરતી લેખન-આલેખનની એકમાત્ર અદ્દભુત કલા આપણા શ્રી વલ્લભાચાર્યજીના પુષ્ટિમાર્ગમાં શ્રીવલ્લભકુળના વહુજી-બેટીજીઓ દ્વારા પ્રગટ છે. વિવિધ ઉત્સવોમાં વિશેષ ભાવના સંબંધી વાતો પોતાના પ્રિયતમ-સેવ્ય સ્વરૂપને કહેવાનો અલૌકિક પ્રકાર ''આરતી આલેખન'' શ્રીવલ્લભગૃહમાંથી પ્રગટ થઈને, આપના સેવકોની ઉપર કૃપા કરવા માટે પુષ્ટિ માર્ગની સેવા-રીત-પ્રીત સાથે જોડીને પ્રિયતમ પ્રભુ સાથેનો સંબંધ કરાવવા માટે તત્પર છે. 卐

॥ આરતીની ભાવના ॥

સ્વસ્તિક ''શ્રી'' રૂપ છે અને ''શ્રી''ને આપણે સ્વામિનીજીના સ્વરૂપથી માનીએ છીએ. શ્રીકૃષ્ણ એટલે ''શ્રી'' સ્વરૂપ સ્વામિનીજી સહિત કૃષ્ણ - યુગલ સરકાર. આરતી આળેખાયેલ એક સ્વસ્તિક જે મધ્યમાં બિરાજે છે. જેને આપણે શ્રી અથવા સ્વામિનીજી સ્વરૂપ, જેના આપણે સૌ આજ્ઞાકારી સેવકો છીએ, આપણું સર્વસ્વ છે. વધુમાં કહીએ તો દૈવીજીવોના ઉદ્ધાર માટે પૃથ્વી ઉપર પ્રગટ શ્રીવલ્લભનું સ્વરૂપ છે.

આરતીમાં આળેખાયેલ મધ્ય કોઠામાં બિરાજમાન સ્વસ્તિક શ્રીસ્વામિનીજી એટલે પોતાનામાંથી પ્રગટ થયેલા - પુષ્ટિ શ્રૃષ્ટિ સ્વરૂપોને માનવાવાળા - ઓળખવાવાળા - પોતાના અલૌકિક રસાનુસ્વાદનું દાન કરવાવાળા - રક્ષણ, પોષણ કરવાવાળા આપણા શ્રીવલ્લભ પ્રભુનું તાપાત્મક - ભાવાત્મક સ્વરૂપ છે.

મધ્ય કોઠાની ચારે બાજુએ ચાર કોઠામાં બિરાજમાન ચાર સ્વસ્તિક - ચાર યુથાધિપતિ (૧) શ્રીયમુનાજી (૨) શ્રીચંદ્રાવલીજી (૩) શ્રીલલિતાજી (૪) શ્રીકુમારિકાજીની ભાવના સ્વરૂપ છે. જે કોઠાની ચારે બાજુએ અંકિત થયેલ રેખાઓ અને તેની ઉપર પધરાવેલા મોતી-મણકા, શ્રીસ્વરૂપ પોતાના શ્રીઅંગમાંથી વ્રજરત્ના-સખીઓ પ્રગટ કરી શ્રીઠાકોરજી યુગલ સ્વરૂપે ઊભા હોય ત્યાં તે સેવા મંડપમાં રહેવાની આજ્ઞા આપે છે. એવી લીલા ભાવના આરતીમાં આલેખાયેલી છે.

એવી જ રીતે મધ્યના કોઠામાં આલેખાયેલ સ્વસ્તિકની આઠ બાજુ રચાયેલા, આઠ કોઠામાં અંકિત કરેલા આઠ સ્વસ્તિક, આઠ સખીઓની ભાવના સ્વરૂપ છે. જ્યાં પધરાવેલા મોતી-મણકા શ્રીસ્વરૂપમાંથી પ્રગટ વ્રજરત્ના-સખીઓ, પોત પોતાના યૂથોની રચના - મંડળની રચના કરી યુગલ સ્વરૂપની સેવા મંડપમાં રહેવાની આજ્ઞા કરે છે.

આરતીમાં આલેખાયેલી રચનાઓ ‘‘વ્યૂહપ્રતિકવ્યૂહ’’ની ભાવના છે.

આરતીની રચના-આલેખના શ્રીવલ્લભકુળના વહુજી-બેટીજીઓ દ્વારા કરવામાં આવેલી છે. આપ (વહુજી-બેટીજીઓ) શ્રી અગ્નિકુમારિકાજીનું પ્રાગટ્ય છે. તેઓની અંગીકાર નિત્ય સિદ્ધા શ્રીસ્વામિનીજીના યૂથ સાથે છે. એઓને લૌકિક ભાવ છે તેમ પતિભાવ છે. એઓએ સહેરો ધર્યો છે. અન્તર્ધાનલીલા પણ એઓની સાથે છે. એઓની નિત્ય પરીક્ષા લેવાયા કરે છે. એઓને શ્રીઠાકોરજીનો વિયોગ અને સંયોગ થયા કરે છે. એઓ પોતાના મનની વાતો શ્રીઠાકુરજી સન્મુખ વિવિધ સેવા-કલા દ્વારા ગુપ્ત રીતે પ્રગટ કરે છે. જેમાં આરતી આલેખનની સેવા મુખ્ય છે.

આરતી આલેખવામાં વહુજી-બેટીજીઓ શ્રીઅગ્નિકુમારિકાઓ શ્રીસ્વામિનીજીઓ પોતાના હૃદયમાં માન કરે છે. ત્યારે સર્વને થયેલી આર્તી શ્રીઠાકોરજી પોતાના મનમાં જાણીને શ્રીસ્વામિનીજીને પોતે મનાવે છે. કોઈવાર આ વ્રજની સર્વ શ્રીસ્વામિનીજીઓ મળીને શ્રીસ્વામિનીજીની આગળ દીનતા કરે છે અને કહે છે કે, ‘‘હે શ્રી સ્વામિનીજી, અમે સર્વ તમારાં દાસ છીએ, અમે સર્વે તમારા સમાન નથી પણ તમારાં દાસી છીએ. તેથી તમારા આગળ (તમે ઊભા હોય તે સમયે-તમારા જોતાં) તમારી આજ્ઞા સિવાય શ્રી ઠાકોરજીને અમે કેવી રીતે મળી શકીએ. અમે સર્વે તમારાં છીએ તેથી શ્રીઠાકોરજી અમારી સાથે વિહાર કરે એવી કૃપા કરો.’’

વ્રજની સર્વ સ્વામિનીજીની દીનતા જોઈને શ્રીસ્વામિનીજી પ્રસન્ન થઈને બોલે છે કે, ‘‘જુઓ તમારું નામ વ્રજરત્ના છે, કારણ કે તમે વ્રજના રત્ન છો અને શ્રીઠાકોરજીમાં તમોએ પોતાનો પતિભાવ કર્યો છે. તમોએ શ્રીઠાકોરજીમાં કરેલા પતિભાવ સમાન બીજો ઉત્તમ ભાવ જગતમાં નથી. તેથી તમે ઉત્તમમાં ઉત્તમ છો. એક તો હંમેશાં પવિત્ર રહો છો, તેથી તમે વ્રજરત્ના સુખેથી રહો અને શ્રી ઠાકોરજી સાથે સુખેથી વિહાર કરો.’’

આ પ્રકારનાં શ્રીસ્વામિનીજીનાં વચન સાંભળીને સર્વ વ્રજની શ્રીસ્વામિનીજી પ્રસન્ન થયા, ત્યાં શ્રી ઠાકોરજી પોતે શ્રી સ્વામિનીજીના ભાવથી ગૌર સ્વરૂપે તપેલા (પ્રકાશિત) રંગ સરખા ઝગઝગાટ થઈ રહ્યા. શ્રી સ્વામિનીજીના વચન સાંભળીને શ્રી ઠાકોરજી કહેવા લાગ્યા કે, ‘‘વ્રજની સર્વ સ્વામિનીજી મારી પ્યારી (મને પ્રિય) છે, પણ તે વ્રજની સર્વ સ્વામિનીજી તમારા અંગથી પ્રગટ થયાં છે, તેથી તમારા સંબંધને લીધે અમને બહુજ પ્રિય છે.’’ અહીં સર્વ વ્રજની શ્રીસ્વામિનીજીના તાપ દૂર થયા અને શ્રી ઠાકોરજીના મેળાપનું સુખ થયું. 卐

॥ આરતીની રચનામાં બદલાતી ભાવના ॥

આરતીની આલેખન રચના એકજ પ્રકારની હોય અને સામાન્ય દ્રષ્ટિએ જોતા નજીવો ફેરફાર આકૃતિમાં લાગે છે પરંતુ ભાવનામાં ઘણો મોટો બદલાવ આવે છે. આકૃતિની સાથે રંગોનો બદલાવ પણ દરેક ઋતુ - દિવસ - સમય અને ઉત્સવને અનુસાર ''ભાવના''નું સ્વરૂપ પણ બદલાતું હોય, તેવું પણ જોવા મળે છે. આકૃતિના બદલાવની જાણકારી અત્રે નીચે મુજબ પ્રાપ્ત થઈ છે.





(પત્તા)

અહીં દર્શાવેલ આરતીના મધ્ય ખંડમાં શ્રીઠાકુરજી બિરાજમાન છે. મધ્ય ખંડની આજુબાજુએ જોડાયેલા ચાર ખંડમાં સ્વકીયા ભાવની ચાર સ્વામિનીજીઓ બિરાજે છે. આ ચાર ખંડની ચારે બાજુએ જોડાયેલા ૧૬ (સોળ) ખંડ - ૧૬ પરકીયા ભાવની સખીઓ બિરાજે છે. અહીં શ્રીજીના મહેલ ઉપર આવેલા બુરજ ઉપર આઠ પત્તા (પાંદડા) અંકિત કરવામાં આવ્યા છે, જે કુમારીકાઓના ભાવથી અંકિત છે. આ કુમારીકાઓનો વિરહભાવ હોવા છતાં શ્રીઠાકુરજી પાસે પહોંચી શકી નહીં, જેના કારણે પત્તા બની વિરહ સ્વરૂપે બુરજ ઉપર બિરાજે છે. જે કુમારીકાઓ (પત્તા) બુરજ ઉપર બિરાજે છે તેમની ભાવનાને પણ શ્રેષ્ઠ ગણી છે.





(પતાકા)

અહીં આરતીની રચના ઉપર મુજબની છે. પરંતુ ચારેબાજુ એ બુરજ ઉપર પતાકા (ધજા)ના આલેખનથી ભાવના બદલાય છે. આરતીમાં નવ (૯) ખંડની ભાવના છે. (ચોકોર ખંડ) બુરજ મહેલની ભાવના છે. પતાકા-વિજયની ભાવના છે. દરેક ખંડમાં (મહેલમાં) પોતાની પ્રિયતમ સખી સાથે જેઓના જે મનોરથો છે, તે શ્રીઠાકરુજી પૂર્ણ કરે છે. ત્યારે પ્રભુના મહેલના બુરજ ઉપર ભક્તોના પ્રેમની વિજયપતાકા (ધજા) લહેરાય છે.





(કમળ)

આરતીની રચના ઉપર મુજબની છે. પરંતુ ચારે બાજુએ બુરજ ઉપર કમળના આલેખનથી ભાવના બદલાય છે. આરતીમાં નવકુંડની ભાવના છે. (ચોકોર ખંડ) જે શ્રીયમુનાજીની ભાવનાથી નવધા ભક્તિ છે. શ્રીગોપીજનો સાથે જળવિહાર કરી તેઓના તાપનું નિવારણ કર્યું. શ્રીયમુનાજીના હરખથી ખીલેલાં કમળની ભાવના છે. બુરજ ઉપર ખીલેલાં કમળ અંકિત કરવામાં આવ્યાં હોય ત્યારે તેને નવધાભક્તિની આરતી કહેવામાં આવે છે. જે નવરાત્રીમાં પ્રભુ સન્મુખ આવે છે. 卐

અખૂટ ભંડાર છે ''પુષ્ટિકલા'', અહીં ફક્ત એક આરતીની ભાવના લખી છે. આરતીનો પ્રકાર વિશાળ સમુદ્ર જેવો છે. જેને શ્રુતિ પાર ન પામે, તેને જાણવાની આપણી શી ગતિ અને મતિ? વિશાળ હૃદયવાળા આપણા મહાનુભાવીઓ હાલ પણ ભૂતલ ઉપર બિરાજમાન છે. જેઓની કૃપાથી સર્વ સરળ બની રહે. અહીં પણ ઉત્સુકતાની આરતી અનિવાર્ય છે?

॥ આરતીમાં સંજ્ઞા-સંકેતની પરિભાષા ॥

પુષ્ટિ સંપ્રદાયમાં સેવા પ્રકારનું એક મહત્ત્વનું અંગ આરતી છે. આરતી આલેખનની શરૂઆત આશરે ૫૦૦ વર્ષ પૂર્વે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના લાલન શ્રીગોપીનાથજી અને શ્રી વિઠ્ઠલનાથજી અને આપના સાતે બાળકોના વહુજી-બેટીજી દ્વારા થઈ. કલાત્મકતાની દષ્ટિએ સુંદર અને કલાકારની નજરમાં તેની રચનાના વ્યૂહ પ્રતિવ્યૂહ આંખે ઊડીને વળગે છે. આરતી આલેખન એક અદ્દભુત કલા છે, જેનું ધ્યાન પૂર્વક નિરીક્ષણ કરતાં તેમાં અનેક ચિહ્નો દશ્યમાન થાય છે. જે ચિહ્નોને આપણે પ્રતીક, આકાર, આકૃતિ અથવા ગુપ્ત સંજ્ઞા કે સંકેત કહી શકીએ. અહીં આરતીની ભાવનાને ધ્યાનમાં રાખીએ તો ચિહ્નોને આપણે સંજ્ઞા અથવા સંકેત કહેવાનું વધુ ઉચિત લાગશે. સંજ્ઞા ને સંકેત કહેતા, કોઈ ચોક્કસ સાંકેતિક ભાષા હોય એમ માનવું યોગ્ય લાગે છે અથવા વિચારશીલ છે.

આશરે ૫૦૦ વર્ષ પહેલાં વહુજી-બેટીજીઓ દ્વારા થયેલી આરતી આલેખનની રચનામાં રહેલાં અથવા કહેલાં રહસ્યોને ઉકેલવાનું સામર્થ્ય જીવ બુદ્ધિમાં નથી. પ.પૂ. ગૃ. પી. શ્રી શ્રી ૧૦૮ ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજ (કાંકરોલી), આપ શ્રીમાનોનાં વચનામૃતમાંથી અમોને સંકેત મળ્યો કે, ''આરતીમાં સ્વસ્તિક, શ્રીસ્વામિનીજીનું સ્વરૂપ છે.'' આરતી આલેખનની રચનામાં રાસપંચાધ્યાયી અને ભ્રમરગીતમાં વર્ણિત વિવિધલીલાસ્થલીઓનું રચનાત્મક - સૂચક સંજ્ઞા દર્શાવી પોતાના પ્રિયતમ પાસે પુન: મિલનની આરતી છે. આપશ્રીની કૃપા-આજ્ઞા-આદેશ-અનુમતિથી સૂચક સંજ્ઞાઓનો અભ્યાસ કરતાં વિવિધ સંજ્ઞા (આકૃતિ) અમોને દષ્ટિગોચર થઈ.

પુષ્ટિ સંપ્રદાયમાં વિદ્યમાન આરતીઓમાં આશરે ૨૪ (ચોવીસ) સંજ્ઞાઓ પહેલીનજરે આંખને ઊડીને વળગે છે. આ સંજ્ઞાઓ એક બીજા સાથે જોડીને આરતી સિદ્ધ કરવામાં આવી છે. એક બીજા સાથે ચોક્કસ સંબંધને ધ્યાનમાં રાખીને, એટલે એક સંજ્ઞા, બીજી સંજ્ઞા સાથે જોડવામાં અથવા મૂકવામાં આવી છે. આરતી આલેખનમાં કોઈખાસ ગુપ્ત પ્રકારની લીલાસ્થળીનું વર્ણન થયું હોય એવું લાગે છે. જે સ્થળે લીલાની રચના કરવામાં આવી છે, તે સ્થાન ચોકસાઈ પૂર્વક આરતીમાં દર્શાવી - દિશા સૂચક સંજ્ઞા - સંકેત બતાવ્યા છે, બનાવ્યા છે. આરતી રચઈતા - આરતીની રચના સમયે પોતાના હૃદય સૂચક ભાવનાને સંજ્ઞા - સંકેતમાં પરિવર્તિત કરી પોતાના પ્રિયતમના હૃદયમાં ઉદ્દીપન ભાવ પ્રગટાવવાનો સુકોમળ પ્રયાસ છે. વિવિધ સંજ્ઞાઓની રચના રચીને પોતાના પ્રિયતમને સંકેત આપે છે કે જે સ્થળે મિલન છે, મળવાનું છે તે સ્થળ કેવું છે ? ક્યાં છે ? ત્યાં પહોંચવાનો રસ્તો - માર્ગ કેવો છે ? ત્યાં આસપાસ શું છે ? આજનો અમારો મનોરથ શો છે ? મનોરથની સજાવટ કેવી છે ? ત્યાં કઈ કઈ સખીઓ છે ?

આરતીમાં આલેખાયેલી - ચિત્રિત - સંજ્ઞાઓ પ્રિયાજીના હૃદયની ભાવનાઓથી લખાયેલી છે અને તેની ભાષા હૃદયમાં બિરાજમાન પોતાના પ્રીતમજી ઉકેલી શકે - વાંચી શકે - સમજી શકે અને પ્રિયાજીના મનોરથો પૂર્ણ કરે.

પુષ્ટિસંપ્રદાયના પ.પૂ.શ્રી ગોસ્વામી બાળકો, વહુજી અને બેટીજીઓને વિનંતી કરતા જે સંજ્ઞાઓનું નામ રહસ્ય જાણવા મળ્યું, એ વલ્લભી સૃષ્ટિ ઉપર સૌથી મોટી કૃપા કરી છે. આરતીમાં આલેખાયેલ જુદી જુદી સંજ્ઞા (આકૃતિ)ઓ અને તેના નામ અહીં નીચે દર્શાવેલ છે. 卐



चोकरखंड (चोखंडी)



चोखाना (कोठा)



अठखाना (कोठा)



चोपाट चोकी (चोखंडी)



पंचखंडी



श्वस्तिकचोकी



स्वस्तिक



स्वस्तिक खडी जोडना



स्वस्तिक आडी जोड



चोकी



चोपाट



अठफूलचोकी



चोपाट चोकी



चोफूली



सक्करपारा की जाली


छोटा खंड (चोपड चोकी की जोड)


मझलाखंड (चोपड चोकी की जोड)


बडा खंड (चोपड चोकी की जोड)




चोपट फूल चोखंडी


षष्टकोण चोकी


अष्टकोण चोकी


अष्टकोण फूल


गोल अष्टदल


कलीकी तोरण


कंगुरा





(સાભાર : ગો. શ્રી જ્યોતીરાજાજી, ભુલેશ્વર, મુંબઈ)

॥ આરતી સુલતાન પાટની ॥

શ્રીગુસાંઈજી - આપને કોઈ કારણસર અકબર બાદશાહના મહેલમાં પધારવાનું થયું. જ્યાં અકબર બેઠા હતા તેમની આગળ કાલીન (રેશમની મોટી સેતરંજી - પડદો) બિછાવેલો હતો. તેમાં કલાત્મક રંગોની ભાત (ડિઝાઈન)ની ગુંથણી કરી હતી. શ્રીગુસાંઈજીએ વિચાર્યું કે શ્રીગોકુલનાથજીના વહુજી (પાર્વતી વહુજી) સુંદર ચિત્ર નિર્માણ કરશે. એ ભાવનાથી શ્રીગુસાંઈજી એ અકબર બાદશાહને વાત કહી. અકબર બાદશાહે નત મસ્તકે એ કાલીન છોડી આપી અને ગાડામાં ગોકુલ રવાના કરી. શ્રીગોકુલનાથજીના વહુજીએ તેનું ચિત્રાંકન કરીને થાળીમાં મોતીની આરતી સિદ્ધ કરીને શ્રીજીને સેવામાં સમર્પિત કરી. શ્રીગુસાંઈજી અને ઘરના બધા બાળકો, વહુજી, બેટીજીઓ શ્રીજીની પ્રસન્નતા જોઈને ઘણા આનંદિત થયા અને આરતીની કલાત્મક સજાવટની પ્રશંસા કરી.

શ્રીગુસાંઈજીને ફરી બાદશાહના મહેલમાં પધારવાનું થયું ત્યારે તે કાલીન પોતાની સાથે ગાડામાં પધરાવીને બાદશાહને પાછી આપી ત્યારે કુતુહલ વશ થઈને અકબર બાદશાહે શ્રીગુસાંઈજીને વિનંતી કરી કે, ''હજુર કાલીન તો આપ પધરાવીને લઈ ગયા અને પાછી પણ આપી તો એમાં અમોને શું મળ્યું ?'' બાદશાહનો નમ્ર ભાવ જોઈ આપે વચન આપ્યું કે, ''બાદશાહ, આપની કાલીનની અદ્‌ભુત કલા અમારા જે કામમાં આવી છે તેની સાથે આપનું નામ અમે જરૂરથી જોડશું''. બાદશાહ નત મસ્તકે સલામ કરીને શ્રીગુસાંઈજીની સામે ઝૂકી ગયો.

ત્યારથી પાર્વતી વહુજી દ્વારા આલેખાયેલી એ આરતીનું નામ શ્રીગુસાંઈજીએ ''સુલતાન પાટની આરતી'' આપ્યું. જે આજે પણ એ જ નામથી શ્રીજીને જન્માષ્ટમી, નવમી, દીવાળી, અન્નકૂટના રાજભોગમાં આવે છે. 卐

॥ આરતી શા માટે ? ॥

આરતીઓની ડીઝાઈનમાં મુખ્યત્વે સ્વસ્તિક અથવા કમલની વિવિધ કલાકૃતિ દોરાય છે. તદુપરાંત ભગવત્સેવામાં સમર્પિત થતી વિવિધ લીલાની સામગ્રીઓ દા.ત. વિવિધ પ્રકારના ખિલોના (રમકડાં), નાવ, રથ, ફૂલમંડલી, પુષ્પવિતાન, હિંડોળા, વિવિધ પ્રકારની સાંઝીઓ, આ બધાનું આલેખન પણ થાય છે. જે તે ઋતુઓમાં વિનિયોગ થતી લીલા સામગ્રીઓ તે તે ઋતુમાં થતી આરતીઓમાં આલેખાય. કલાનો પ્રભુમાં વિનિયોગ. મુખ્યત્વે આરતીઓ દ્વારા આરતીઓ આલેખનાર અને આરતીઓ પ્રભુને કરનાર મહાનુભાવના હૃદયની ઊર્મિઓ પ્રભુને અભિવ્યક્ત કરવાનો ભાવ પણ છે.

આરતીમાં પૂજ્યભાવ તથા ભક્તની પ્રભુદર્શનની આર્તિ-તત્પરતા-હૃદયની ઉત્કટ અભિલાષા રહેલી છે. યશોદાજી શ્રીબાલકૃષ્ણલાલની આરતી કરે તેમાં માતૃવાત્સલ્ય ભાવ અને ગોપીજનો આરતી કરે ત્યારે સખ્યભાવ કે જાર ભાવ હોય છે. ભક્તજનો આરતી કરે ત્યારે દાસભાવ હૃદયમાં હોય - પ્રભુદર્શનની પિપાસા હોય - હૃદયમાં પ્રભુની ભક્તિનો પ્રકાશ થાય અથવા સર્વતો મંગલની અભિલાષા હોય - પ્રભુની પ્રસન્નતા થાય એવી કામના હોય.

આરતી આલેખનાર ભગવત્કાર્યમાં તન્મય થાય. સેવા-પૂજામાં કોઈ પણ કાર્યમાં પ્રભુના સ્વરૂપમાં કે લીલામાં તન્મય થઈ જવાય એનાથી ઉત્તમ સૌભાગ્ય કયું હોઈ શકે ? 卐

॥ આરતીમાં સ્વસ્તિક શા માટે ? ॥

આરતીઓ મુખ્યત્વે સ્વસ્તિકના સાથીયા અથવા અષ્ટદલકમલની કલાત્મક શૈલિમાં આલેખાય છે. આ બંને મંગલ સૂચક છે. મંગલકામનાની અભિવ્યક્તિનાં પ્રતિકરૂપ સ્વસ્તિક છે. દેવોની શક્તિ અને માનવીની શુભકામનાના સામર્થ્યનું પ્રતિક છે.

સ્વસ્તિકની ચાર ભૂજા ભગવાન વિષ્ણુના ચાર હસ્ત અને મધ્યબિંદુ વિષ્ણુંનું નાભિકમલ અર્થાત્ બ્રહ્માનું જન્મ સ્થાન મનાય છે. કેટલાક વિદ્વાનો સ્વસ્તિકમાં દેશ-કાલનો સમન્વય જુએ છે. ભક્તિમાં દેશકાલ બંધન બાધક ન થાય એવી કામના સ્વસ્તિક સૂચવે છે. હિન્દુ ધર્મના પ્રત્યેક મંગલ કાર્ય - વિવાહ નવજાતશિશુની છઠ્ઠી, બિછુરેલા પ્રિયજનોની મિલન કામના, દિવાલીમાં ચોપડા પૂજન, વગેરે પ્રસંગોમાં સ્વસ્તિકનું આલેખન-પૂજન મંગલકામના માટે થાય છે. ઘરના પ્રવેશદ્વાર પાસે સ્વસ્તિક સાથિયો કરાય છે. ઘરની સર્વમંગલ કામના માટે અનિષ્ટનો પ્રવેશ ન થાય - ઘરમાં પવિત્રતા છવાઈ રહે તેવું પદ્મપુરાણમાં વર્ણન છે. સેવા-પૂજામાં સ્વસ્તિક અથવા અષ્ટદલકમલના સાથિયા પર ભગવાનનું સિંહાસન પધરાવાય છે. 卐

॥ તિલકની આરતી (બાવન સાથિયાની, એક સો સાથિયાની વિગેરે) ॥

જન્માષ્ટમી, શ્રીગોપીનાથજીનો ઉત્સવ, શ્રીમહાપ્રભુજીનો ઉત્સવ, નિધિ સ્વરૂપો તથા ગૃહમાં બિરજાત પ્રભુનો પાટોત્સવ, રક્ષાબંધન, ભાઈબીજ, શ્રીગુસાંઈજીનો ઉત્સવ, શ્રીનાથજીનો પાટોત્સવ, આ ઉત્સવોએ તિલકમાં આ આરતી ઉતરે.

કીર્તન આ મંગલ ઉત્સવોએ ગવાય છે. ''આજ બધાઈ કો દિન નીકો'' સારંગમાં ગવાય. આરતી બાદ ''રાની તેરો ચિરજીઓ ગોપાલ'' તથા ''જસુમતિ તિહારો ઘર સુબસ બસો'' ધનાશ્રીમાં ગવાય. ઉત્સવની ભાવના પ્રમાણે કીર્તન ગવાય. શ્રીનાથજીના પાટોસ્તવે ''ધન ધન નંદ જ સુમતિ હો ધન્ય શ્રીગોકુલ ગામ'' આસાવરીમાં ગવાય.

મંગલ દિવસોએ ઉત્સવ નાયકનું પૂજન/અભિવાદન તિલકથી કરાય અને આરતી ઉતરે. પૂજ્યભાવ-આદરભાવ-સ્નેહવાત્સલ્ય ભાવની અભિવ્યક્તિ થાય છે. દિર્ઘાયુની આશીષ ''સહજ ભાવે'' અપાય છે. અન્યથા જીવનું શું સામર્થ્ય કે પ્રભુને કે આચાર્ય સ્વરૂપોને ''આશીષ'' આપી શકે ? પણ પુષ્ટિમાર્ગની વિશિષ્ટતા છે કે સ્નેહના અતિરેકમાં આવી આશીષ ''ગોપીજનો'' આપે છે. આચાર્યો - તદશી ભક્તો દ્વારા સહજ ભાવે આશીષ આપી દેવાય છે. પાટોત્સવના દિવસે ભાવ છે - ''કુમકુમ'' પગલે પધાર્યા છો, તેથી ભગવદ્ ''રસ''ના ઢગલા થયા છે, અમારો ''તાપ'' દૂર કરી મહત કૃપા કરી છે, અમારું મંદિર છોડી ક્યાંય પણ હે પ્રભુ ! નહિં પધારજો. પુષ્ટિવિશિષ્ટ ''વિરહાનંદ''ના સમન્વયનો અદ્ભૂત ભાવ, અનુભૂતિ હૃદયમાં પ્રકટે છે. 卐

- પ્રેરક : પ.ભ. શ્રી ગોવિંદભાઈ લીમડી, સુરત



॥ સ્વસ્તિક ॥

(૧) **આત્માનું જે મુખ્ય કેન્દ્ર**, એનાથી સંબંધ મેળવીને રાખવો. અન્યત્ર ચિંતન ત્યાગવું જો એવું છે, તો એનાથી અમરત્વની દશા પ્રાપ્ત થાય છે. જેમ કે બલિરાજા, પ્રહલાદ, હનુમાનજી, વ્યાસજી, અશ્વત્થામા, માર્કંડમુનિ (સપ્ત ચિરંજીવી)

આત્માની ઉપર કેન્દ્રિત થવાથી સ્વધર્મની જાણકારી મળે છે. એની જાણકારી બ્રહ્મા, નારદ, શંકર, સનકાદીક, કપિલ દેવ, મનુમહારાજ, પ્રહલાદજી, જનક, ભીષ્મ, બલિ, વ્યાસ અને હું સ્વયં યમરાજ. (શ્રી ભાગવત - ૬ - ૩ - ૨૦)

ધર્મ : ભાષ્યકાર, તમામ ધર્માચાર્યો (આચાર્યં મામ્‌વિજાનિયાત્) ગીતા

અર્થ : રંતિદેવ - કર્ણ આદિ દાનવીર

કામ : મોહિની પાછળ દોડનાર શંકર, વિશ્વ મોહિનીવાળા નારદ

મોક્ષ : મનુ મહારાજનાં પુત્ર અને એમની આગળની વંશાવલી (પ્રિયવ્રત, ઉત્તાનપાદ્, આગ્નીધ્ર, નામી, ઋષભદેવ, સુધી)

શ્રાષ્ઠી : એ લોક જેવો વૈભવ : જેવી રીતે રાવણ વૈકુંઠથી પતન થઈને આવ્યો હતો, પરંતુ લંકાનો વૈભવ વૈકુંઠ સમાન જ હતો.

સારૂપ્ય : એ લોક જેવું સ્વરૂપ : જેવી રીતે બ્રહ્માને બાળક હરણ કર્યા બાદ, જે બાળકો ભગવાને ઉત્પન્ન કર્યા. એમને પોતાના જેવું જ સ્વરૂપ આપ્યું હતું. એ જ સ્વરૂપનાં દર્શન કર્યાં હતાં. (શ્રીમદ્ ભાગવત - ૧૦/૧૩/૪૬ થી ૫૦)

સાયુજ્ય : જેવી રીતે અર્જુન અને ઉદ્ધવજી : શ્રી ઠાકોરજીથી ક્યારેય અલગ નથી થતા.

સાલોક્ય : જેવી રીતે દ્વારકાવાસી અને સમસ્ત યાદવકુળ : પોતાનું લોક દ્વારિકાનાં રૂપમાં આપ્યું.

વ્યાપિ વૈકુંઠ : રમા વૈકુંઠમાં સ્વસ્તિક ભક્તિ સંબંધની ભાવના છે. વૈકુંઠમાં સ્વસ્તિક સેવાપયોગી લક્ષ્મીની ભાવના છે. ચનકાદિ ઋષિ

ગૌ લોક : ગોલોકમાં સ્વસ્તિક ચરણચિહ્નની ભાવના છે. ‘સેવા પરાયણ વ્રજગોપીયોં’

સ્વર્ગ : સ્વર્ગમાં સ્વસ્તિક શુભ કર્મની ભાવના છે ‘‘નહોશ’’

પાતાળલોક : પાતાળલોકમાં સ્વસ્તિક હોતો જ નથી. કદાચ માનવામાં આવે પણ છે તો એ ધર્મનાં પુણ્યોદયની ભાવના છે. ‘બલિરાજા’

‘સ્વ’ શબ્દનો અર્થ થાય છે ‘આત્મા.’ ‘આસ્તિક’ શબ્દનો અર્થ થાય છે, ‘માનવાવાળો’. ‘સ્વસ્તિક’નો અર્થ થાય છે આત્માને માનવાવાળો.

૧. ‘આત્માને માનવાવાળાનો ક્રમિક વિકાસ થાય છે.

૨. એ સ્થળોમાં દેહ ધારણ કરીને ભ્રમણ કરવું એ આનંદ અથવા બ્રહ્માનંદ છે.

૩. ગોલોકમાં માત્ર આનંદ છે. શેષ સર્વત્ર બ્રહ્માનંદ છે. આ બ્રહ્માનંદ વ્રજગોપો એ પણ નિહાળ્યો છે. વ્રજગોપોની પહેલાં બ્રહ્માનંદ, જનક, યાજ્ઞવલ્ક્ય, ભારદ્વાજ, વશિષ્ઠ, ગૌતમ, મેધાતિ આદિઅનેક ઋષિઓએ નિહાળ્યો છે. આ સાધન સાધ્ય હતું. અને આ જ બ્રહ્માનંદ વ્રજગોપોએ પણ નિહાળ્યો છે. તે કૃપા સાધ્ય હતું.

‘ભૂતળની ઉપર સ્વસ્તિક સત્કર્મની ભાવના છે.’ 卐

॥ સ્વસ્તિકનું પ્રાગટય, રંગ અને પ્રકાર ॥

સમુદ્ર મંથનના સમયે જે રત્ન પ્રગટ થયા તે ક્ષીર સાગરમાંથી પ્રગટયા (નીકળ્યા) છે. અમૃતકુંભ જે પ્રગટ થયો છે તે શ્રીયમુનાજીની કૃપાથી પ્રગટ થયો છે. કારણ કે ક્ષીરસાગરમાં લક્ષ્મીજી ચરણ સેવા કરે છે, લક્ષ્મીજીને ચરણારવિંદની સેવાનો આશ્રય અને વિવેક ક્ષીરસાગરના હૃદયમાં બિરાજમાન શ્રીયમુનાજીની એક જલકણની આરાધનાથી સેવા ભાવ પ્રાપ્ત થયો છે. મૂલ રૂપથી આ અમૃતકુંભ (કળશ) શ્રી યમુનાજીના હૃદયથી પ્રગટયા છે. આ કુંભ ઉપર ચાર દિશાઓમાં જે સ્વસ્તિક બિરાજમાન છે એમની પાસે શ્રીસઃ અંકિત થાય છે. શ્રી યમુનાજીની તરફથી અષ્ટસખીઓના દ્રષ્ટિકોણ, અષ્ટકોણવાળો જે સ્વસ્તિક છે એના અધિપતી દેવ શ્રીસ્ છે. આ અમૃત કલશમાં ઈન્દ્રિયોથી ઉત્પન્ન જે રસ છે તે ગોરસ અમૃત છે. આ અમૃતથી ભક્તિનો પ્રાદુર્ભાવ છે. પુષ્ટિમાર્ગમાં આ અમૃત કુંભ (કલશ) વ્રજ ગોપીઓનું હૃદય છે. આ હૃદય એ ગોપનીય (ગુપ્ત) સ્થળ છે. જ્યાંથી પુષ્ટિ ભક્તિ જન્મે છે, પ્રગટે છે. ગોપીઓના હૃદયની તરફ સંકેત કરીને શ્રીઠાકુરજીએ દાનલીલામાં ગોરસ માગ્યું છે. ‘‘લીયે જાત કંચન કલશ-કમલ વસનસોં ઢાંક.’’

શ્રીયમુનાજીના હૃદયથી ઉત્પન્ન જે પૂર્ણ અનુરાગ છે તે લાલ રંગનો છે. સ્વસ્તિક (સાથિયો)નો જન્મ અમૃત કુંભ ઉપર જોવા મળે છે. અમૃતકુંભ શ્રીયમુનાજીનો છે. કોઈ માને કે ન માને, આમાં અમારો આગ્રહ-દુરાગ્રહ નથી. આ શ્રીયમુનાજીના હૃદયનો પૂર્ણાનુરાગનો જ રંગ છે. એટલા માટે સ્વસ્તિક સર્વદા સર્વકાલમાં બધા સંપ્રદાયોમાં જુદી જુદી આકૃતિઓમાં લાલ રંગનો જ હોય છે. કોઈપણ આધ્યાત્મિક સ્તરમાં આ લાલ રંગના વગર મંગલ અને કલ્યાણ થઈ શકે જ નહીં. મંગલનો રંગ પણ લાલ છે અને કલ્યાણનો રંગ પણ લાલ છે. આ બધા પ્રકારાંતરથી ક્ષીરસાગરના હૃદયમાં બિરાજમાન શ્રીયમુનાજીની જ દેન છે. શ્રીમદ્ ભાગવતના પાંચમાં સ્કંધમાં ‘‘ક્ષીરોદધિ’’ પણ કહ્યો છે.

ભગવત્ સેવામાં આરતીના સમયે ઘંટનાદ અને ટકોરાનું ધ્વનિ પ્રસારણની માટે સાવધાની રાખવી ઘણી જ આવશ્યક છે. શબ્દ પોતાની જગ્યાએ છે, પરંતુ એના ધ્વનિનો ચોક્કસ પ્રકાર ખાસ રીતથી નિર્ણાયક બને છે. એને સમજવા માટે એકબીજાના વ્યવહારના શબ્દોને સમજી જુઓ. કયા અવસરે કયા ભાવથી શબ્દો બોલવામાં આવે કે જેથી વિપરીત પરિણામનાં ભાગીદાર ન બનવું પડે. બોલવાની પોતાની એક આગવી પદ્ધતિ હોય છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણ અને અર્જુનનાં ચર્ચા પ્રસંગમાં ક્યાંય પણ અર્જુને શ્રીકૃષ્ણને આપ અથવા તમે નથી કહ્યા. સમસ્ત ગીતાજીમાં શ્રીકૃષ્ણના માટે અર્જુનનાં તરફનો વ્યવહારની બોલી ‘તુ’ શબ્દ પ્રયોગ છે. ચિંતનનો વિષય છે, કે અર્જુનની પાસે શ્રીકૃષ્ણને ‘તુ’ કહેવાના સમય પર કઈ લઢણ (મીઠાશની પદ્ધતિ) (સ્વાદ-રસ) (અભિપ્રાય) હતો? જે વારંવાર આ શબ્દનો પ્રયોગ કરવાને કારણે અર્જુનનાં મુખ ઉપર પશ્ચાત્તાપની રેખાઓ નથી. અને નથી આ શબ્દને વારંવાર સાંભળવાથી પણ તે ઉપસ્થિત શ્રેષ્ઠતમ સમાજની સામે સાંભળવા છતાં પણ શ્રીકૃષ્ણનાં હોઠની, કપાળની, નેત્રોની, અલકાવલીની, હડપચીની શોભાનાં માધુર્ય મુસ્કાનમાં ક્યાંય ફીકાશ નથી.

એનો નિષ્કર્ષ (ફેંસલો) આ જ વિચારીશું કે શબ્દો એ અલગ વસ્તુ છે, એવા ધ્વનિને પ્રગટ કરવો એ એક અધ્યયન છે. આ ઉદાહરણને સમજીને મંગળા આરતીના ટકોરા અને ઘંટનાદની ધ્વનિનો પ્રકાર સહજ અને સરળ હોવો જોઇએ. તીવ્ર અવાજ અને ઉત્તેજિત પ્રસારણ ન હોવું જોઇએ. મંગળાનાં કીર્તનોમાં રાગ ભૈરવની જે સુકુમારતા છે. એનાં અનુસરણમાં શોભાદાયક ટકોરાની સૌમ્ય ધ્વનિ જો હોય તો તે મંગળકારી છે. યદ્યપિ શ્રી મહાપ્રભુજીએ પરોક્ષવાદને માન્યતા નથી આપી. (શબ્દ કાંઈ જુદા અને અર્થ કાંઈ જુદા, પરોક્ષવાદ કહેવાય છે) પરંતુ અન્યોની ઉપેક્ષા પણ નથી કરી.

સંગીતમાં શબ્દોનો ઉદય નાભિ, હૃદય અને કંઠથી થાય છે. એટલા માટે સંગીતમાં મંદ, મધ્ય અને તાર નામના ત્રણ ગ્રામ હોય છે. આ ત્રણ ગ્રામ શબ્દોમાં વજન વધારવા - ઘટાડવાનું ત્રાજવું છે. શ્રીમદ્ ભાગવત્માં લીલા નાયકે જ્યારે લીલા પ્રારંભ કરી તો, એનો ઉદ્ગમ નાભિ અથવા નાભિ કમળ હતું. આપણા નંદાલયમાં જ્યારે લીલા નાયક દિવસની લીલા પ્રારંભ કરવા જયારે જાગે છે, તો એમનું મૂળ કેન્દ્ર નાભિકમળ છે. અહીંયાની સ્વર લહેરી સૌમ્ય અને કોમળ છે. એટલા માટે ટકોરો અને ઘંટનાદની સ્વર લહેરી સૌમ્ય અને કોમળ હોવી જોઇએ.

રાજભોગનાં સમયમાં શ્રી ઠાકોરજીને માલાજી આવે છે, આ માલાજીનો વિચાર અનેક ભાવનાઓથી જોડાયેલ છે. એનો એક ભાવ એવો પણ છે કે, રાજભોગમાં શ્રી ઠાકોરજી પોતાનાં હૃદય કમળને વ્રજભક્તોની સમક્ષ પ્રગટ કરે છે. આ માલાજી જેવાં પણ ફૂલોની છે. એમાં થાકનાં દર્શન કરીને કેટલાક ઉતાર-ચઢાવનો આભાસ અથવા દર્શન થાય છે. અને ખુલ્લા મનથી નિજ ભક્તોની મધ્યમાં જે ખેલ ખેલી રહ્યાં છે (રાજભોગ પછી), એમાં ઉતાર-ચઢાવનો ધ્વનિ સ્વયંનો પણ છે. અને ભક્તોની પણ સાંભળે છે. એટલા માટે રાજભોગના ટકોરા અને ઘંટનાદના ધ્વનિમાં કાંઇક મધ્યમતાનો આશરો - સહારો લઈને ઊંચો-નીચો ધ્વનિ પ્રકાર હોય, તો તે વધારે યોગ્ય છે. એટલા માટે રાગ: સારંગનાં સ્વર સમજી લઇએ તો સારું છે.

સંધ્યા આરતીમાં શ્રી ઠાકોરજી વનમાં ખેલતા ખેલતા ઉન્મુક્ત સ્વભાવના થઈ ગયા. (પ્રતિબંધ રહિત) અને હવે ગોકુળ તરફ આવી રહ્યાં છે. આ તરફ ગોપીજન દિવસના તાપથી વધુ દુ:ખી છે. મળવાની ઉત્કંઠામાં હૃદયમાં હિલોળા ઊઠી રહ્યા છે. પ્રાણોમાં હેડકી - ડુસકું (રડવાનો અવાજ) ઊઠી રહી છે. પ્રભુનાં આગમનની સૂચનાર્થ સંધ્યા આરતીનાં ઘંટા અને ટકોરા ઉન્મુક્ત ધ્વનિમાં તાલ, સ્વર, લય અને માત્રાથી ઉપર ઊઠીને વાગે છે. કારણ કે તે ઉન્મુક્ત ધ્વનિ ગોપીજનના દિવસનાં તાપથી ઉત્પન્ન હિલોળ અને હેડકીને આશામાં બદલીને શાંત કરે.

જ્યારે આ જ આપણા શ્રી ગોકુલેશ પ્રભુ ગલી, ખીરક અને ગાયોમાંથી ગૌદોહન પછી જ્યારે પોતાની મૈયાનાં (માતા) ખોળામાં બિરાજે છે. તો વનની લીલાઓથી શ્રમિત શ્રી ગોકુલેશજી પ્રભુ માના પૂછવાથી વનની કેટલીક લીલાઓ સંભળાવે છે, અને આરોગ્યા પછી શ્રી યશોદાજીનો સ્વયંનો હૃદયરસ પય:પાન ડબરા આરોગે છે. તો એમને વનનાં શ્રમથી મુક્તિ મળે છે. ત્યારે તેમનાં નયન (ચક્ષુ-લોચન) નિદ્રાથી પરવશ બની જાય છે. ત્યારે નંદાલયના ગોપીજન શયન આરતીની તૈયારી કરીને યશોદાજીને વિનંતી કરે છે. સાથોસાથ દર્શનની ચાહનાવાળી જે ગોપીઓ વ્રજમાં પધારી છે, એમને પણ દર્શન કરવાની ચાહના છે. એમની પણ વિનંતી કરે છે. યશોદાજી એ દર્શનાર્થ પધારેલી ગોપીઓને કહી દે છે, રમતાં રમતાં થાકી ગયા છે અને નિદ્રા આવી ગઈ, એટલા માટે કાલે મંગળામાં પધારજો. આજ તાત્પર્ય છે કે સંપ્રદાયમાં નિધિઓનાં ઘરોમાં શયનનાં દર્શન નથી થતાં. આ સમયે (શયનમાં) જે આરતી ઘંટનાદ અને ટકોરાની ધ્વનિ પ્રસારિત થાય છે. તે તો શ્રીની નિંદ્રામાં સહાયક બને એટલું સૌમ્ય, કર્ણપ્રિય, મધુર, ઉતાવણાપણાથી રહિત અત્યંત ધીમા સ્વરમાં થાય. આ સ્વર લહેરીથી મૃદંગની ધ્વનિનો મેળ નથી બેસતો. એટલા માટે શયન પછી શ્રી ગુસાંઇજીએ મૃદંગની આજ્ઞા નથી કરી. અને બીન નામનાં સંગીત વાદ્યને પ્રશ્રય (આશ્રયનું બીજું રૂપ) આપ્યો.

બીન અથવા વીણા, આ સરસ્વતીનું વાદ્ય યંત્ર છે. આનાથી દિશાઓનું અમંગળ દૂર થાય છે. અને આ વીણાની ઝંકારથી મનોનિગ્રહ (મનની એકાગ્રતા) થાય છે. આ વાદ્યના ધ્વનિ પ્રકરણમાં સજાતીય તેમજ વિજાતીય પ્રકાર જ નથી. આ તંતુ વાદ્ય છે અને આંગળીમાં વીંટી પહેરીને રણકાર ઉત્પન્ન થાય છે. તારથી તાર મેળવીને વગાડવામાં આવે છે. બે સજાતીય તારોને પરસ્પર શબ્દ સંયોગ અનુપમ પ્રેમનું સૂચક છે. એટલા માટે વીણા સાંભળીને પ્રભુ શૈયામંદિરના અનુપમ સ્નેહનું પોષણ મેળવવા માટે શૈયા મંદિરમાં પધારે છે. એટલા માટે શયન સમયે કે ઘંટનાદ વખતે સતત જાગરૂકતા અને સાવધાની વર્તવાની આવશ્યકતા છે. ક્યારેક ક્યારેક લીલા પ્રકરણોમાં આપણા આ યશોદાનંદન, જ્યારે વધુ પડતા સ્વચ્છંદી બની જાય છે ત્યારે લીલામાં મુખથી શબ્દ બોલીને બરજવાની પદ્ધતિ નથી. તો એની સ્વચ્છંદતા પર થોડી લગામ રાખવા માટે જ્યારે ગોપીજન શ્રી સ્વામિનીજીને વિનંતી કરે છે, ત્યારે શ્રી સ્વામિનીજી, લલિતા સખીને બોલાવીને વીણા પોતાના કરકમળોમાં ધારણ કરી લે છે અને એને વગાડે છે. ''પ્યારી જબ ગહ્યો બીન, સકલકલા ગુણ પ્રવીણ'', શ્રી ઠાકોરજી વીણાના માધુર્યમાં પોતાની સ્વચ્છંદતાનો સ્વ-રસ ભૂલી જાય છે.



卐



॥ આરતીના સમયે માથે પાઘડી ॥

શ્રુતિઓના અનુચર થઈને, કીર્તનિયા શ્રીજી સન્મુખ ગાન કરી રહ્યા છે. અને જે અનુચર હોય છે. એમને સ્વામિની સન્મુખ ખુલા (ઉઘાડા) માથે જવાની પદ્ધતિ નથી. વ્રજમાં રહેનારા, તમામ ગોપ, નંદબાવા અને અન્ય પણ હંમેશા. ઘરની બહાર નીકળતા સમયે માથે પાઘડી ધારણ કરે છે. ના જાણે ક્યારે, કઈ ગોપીનો સામનો થઈ જાય! ભલે પછી તે ઉંમર અને સગાઈમાં સગપણમાં નાની હોય. મૂળ સ્વરૂપે તો ગોપીઓ શ્રુતિ, ઋષિ અને દેવરૂપા છે. ભાવની દૃષ્ટિએ તેઓ આપણાથી મોટા છે. અને મોટાની સામે ઉઘાડા માથે જવું એ યોગ્ય નથી. અત: નંદાલયનાં નંદાદિક ગોપો પણ પાઘડી ધારણ કરે છે. 卐



શ્રીદામોદરજી

શ્રીનાથદ્વારામાં શ્રીનવનીતલાલજીના મુખ્ય (મોટા) કીર્તનીયાજી શ્રીદામોદરદાસ છન્નુજી કીર્તનકાર - છેલ્લી ત્રણ પેઢીથી વંશપરંપરાગત આપનું કુળ શ્રીજીની કીર્તનની સેવા આપી રહ્યા છે. આપ છેલ્લા ૩૫ વર્ષથી કીર્તનની સેવા કરો છો.

આપ નિત્ય કીર્તન સમયે પાઘડી ધારણ કરો છો.

卐

॥ કીર્તનનું સ્વરૂપ ॥

કીર્તન એ જ છે જેને શ્રી ઠાકોરજી પ્રત્યક્ષ સાંભળે છે. અષ્ટ છાપ કીર્તન સ્વયં શ્રી ઠાકોરજીની અનેક નિકુંજોમાંથી આવ્યાં છે. કેટલાંક કીર્તન કંદરાઓમાંથી ભગવદ્ આજ્ઞાથી જે ગોપીએ જે સખાને આપ્યાં છે એ સખાએ એ પદ પર પોતાની છાપ બોલીને ગાયાં છે. ગોપીઓની તરફથી લીલા ગાન અષ્ટછાપને આપવામાં આવ્યું હતું. જે જે સખા (કવિ)ને આપવામાં આવ્યું હતું એ સખા પર એ લીલાની છાપ પડી એ અર્થમાં છાપનો અર્થ છે. પરંતુ છાપનો અર્થ કવિતાની છાપ નથી.

કવિતાની રચના કરતી વખતે કવિ પોતાની છાપ છોડે છે. એ અર્થમાં અહીંયાં છાપનો આશય નથી. કદાચ એવું જ માનશો તો ગાયકમાં કર્તાપણાનું ભાન (આભાસ) પેદા થશે. જે ક્યારે પણ અહંકારમાં બદલાઈ શકે છે. શ્રી ઠાકોરજી એવા કર્તાભિમાનીના બોલ સાંભળવા માટે અસમર્થ છે. વધુ સમજવા માટે, શ્રી ગુસાંઈજી અને તાનસેનની ગાયકી તથા એમને આપવામાં આવેલો પુરસ્કાર (૧૦૦૦ મુદ્રા અને ૧ ફૂટી કોડી) પછી ગોવિંદ સ્વામીની ગાયકી સંભળાવવી તો શ્રી ગુસાંઇજીનાં આ રહસ્યથી બધું સ્પષ્ટ થઈ જાય છે. 卐

॥ આરતીના સમયે કીર્તનની ચાલ ॥

આરતીના સમયે શ્રુતિઓમાં નવી પ્રેરણા આવે છે. ત્યારે એમની ચાલ બે ગણી - ત્રણ ગણી થઈ જાય છે. નુતિ, કીર્તનનું સ્વરૂપ છે. સામવેદની શ્રુતિઓનું સ્વરૂપ છે. શ્રી ઠાકોરજીની સામે લીલા ગુણગાન, તાલ, સ્વરનાં માધ્યમથી નિશ્ચિત સમયમાં પૂર્ણ થવું જોઇએ. જો આવો જ નિયમ રાખશો તો ગુણગાનનો લાભ એક જ શ્રુતિને મળશે. એટલા માટે શ્રુતિઓનાં આપસી તાલ-મેલ અને સામંજસ્યથી આ નિર્ણીત છે. આ ગુણગાન, આ સમયથી લાભથી કોઈ પણ શ્રુતિ બાકી રહી ન જાય. એટલા માટે એટલા જ સમયમાં જ (આરતીનાં સમયે) દુગુણા અને ચારગણા માધ્યમથી બધી શ્રુતિઓને લાભ મળી જાય છે.

એટલા માટે આરતીનાં સમયે કીર્તનની ચાલ વધીને બે ગણી - ચાર ગણી થઈ જાય છે. 卐



॥ નાદ ॥

શ્રીમદ્ ભાગવત એકાદશ સ્કંધ - ૨૭મા અધ્યાયમાં ઉદ્ધવના કોઈ પ્રશ્નના સમાધાનમાં સેવા પ્રણાલીને સમજાવવા માટે ક્રિયા યોગ કહીને, થોડા વિસ્તારથી સમજાવ્યો છે. આ ક્રિયાયોગ સેવા અથવા પૂજા ત્રણ પ્રકારની બતાવી છે. એક વૈદિક અને એક તાંત્રિક, વૈદિકમાં પુષ્ટિ અને મર્યાદાનાં પ્રકાર છે, પરંતુ પુષ્ટિમાર્ગની પદ્ધતિઓમાં, વૈદિક અભિન્ન અંગ છે. નીકૃષ્ણ એ સમજાવતી વખતે ઉદ્ધવને એમાં યોગ શબ્દ જોડીને ક્રિયાયોગ કહ્યો છે. અહીંયાં યોગ કહેવાનો અર્થ છે સેવાપદ્ધતિ છોડીને કોઈ ખાસ પ્રકારની યોગ પ્રણાલીથી નથી. કેટલીક ક્રિયાઓ એવી છે જેમાં આવતી ફલની જાણકારીના જવાબદાર આપણે અને આપણે જ સ્વયં છીએ. આ અર્થમાં સ્વયંની જાણકારી કેટલીક ક્રિયાનાં રસ્તેથી કદાચ કોઈ સંયોગ છે તો એ ક્રિયા યોગ છે. શબ્દને પ્રગટ અને શાસ્ત્રોમાં શબ્દ જ કહેવાય છે. ઉપનિષદમાં વાક્ય અથવા મહાવાક્ય અને બ્રહ્મસ્વરૂપથી ઓળખાય છે. વેદમાં શબ્દોને ઘોષ કહેવાય છે. ચમાધિમાં એને નાદ કહેવાય છે. જે પ્રકારે ધ્યાન - ધારણા - પ્રાણાયામ આદિક્રિયાઓનું અંતિમ સ્તર સમાધિ હોય છે. એ જ પ્રકારે સીડી - તિવારી - ચોક - નંદચોક - ગોપુર - ડોલતીબારી અને નિજ મંદિર, સેવાનું અંતિમ સ્તર સ્થળ હોય છે જેમ સમાધિમાં પહોંચવાથી જે શબ્દ સંભળાય છે એને બ્રહ્મનાદ કહેવાય છે. નાદ એ શબ્દને કહેવાય છે, જે સ્વયં પ્રગટ છે. એ આશયની ઉચ્ચ સ્તરીય પ્રેમ સમાધિસ્થળ રૂપ સેવોપયોગી ક્રિયા યોગનું અંતિમ સ્તર પર જે ઘંટનાદ અને ટકોરા હોય છે, એને ઉચ્ચસ્તરની ભાવનાથી નાદ કહેવામાં આવે છે. ''**घण्टाँ विषोर्णवत्**''

સમાધિમાં નિર્ગુણ અને જ્યોતિમાં રૂપનો જ આભાસ હોય છે એના પછી સમાધિકારના ઘણાં માર્ગ ખુલતાં નજરે ચઢે છે. શ્રીમદ્ ભાગવતનાં બીજા સ્કંધથી આ બધું સ્પષ્ટ થાય છે, પરંતુ સમાધિથી સમાધિની રીત પ્રમાણે જ હૃદયમાં પ્રવેશ કરવો, એક બીજી સમાધિ છે. એ હૃદયમાં પ્રવેશ કરીને શ્રી કૃષ્ણની વાઙ્મય શ્રીમદ્ ભાગવત આદિ વ્રજગોપીઓની સ્વરૂપાત્મક ભાવનાનું સ્પષ્ટ દર્શન થાય છે. તે જ આરતીનાં શબ્દોને નાદ રૂપે સાંભળે છે.

હૃદયરૂપી દેશમાં નજરે ચઢતી લીલાઓ માટે કહેવામાં આવ્યું છે કે, આ લીલા નિત્ય છે. આ સેવા પણ નિત્ય છે. તે આ આધારે જ આપણા પૂર્વજો કહી ગયા છે. જે સમાધિમાંથી ઉતરીને હૃદયમાં ઉતરે છે, ભીતરી (અંદરનાં) ગુપ્તમાર્ગના રસ્તેથી એમને ત્યાં આ સમસ્ત ગુણધર્મ નિત્ય મળ્યો છે. અતઃ સેવામાં નિત્ય લીલા, નિત્યકીર્તન આદિ શબ્દોનો પ્રયોગ છે.

''**वैष्णवानां यथा शंभुः**'' જે પોતાની સમાધિમાં રહેતા હોય છે, તેઓ આ સમાધિનો ધ્વનિ સાંભળતા રહે છે. અતઃ એમનાં મંદિરમાં આ ધ્વનિ વાદ્ય, યંત્ર, ઘંટ એમના માથાની ઉપર રહે છે. જ્ઞાન માર્ગમાં કસોટીની એરણ પર ઘંટ એ શંકર - શિવથી મોટી વસ્તુ નથી. જે એમના માથાની ઉપર રહે, પરંતુ શંકર ક્યારેક પોતાની સમાધિમાં બ્રહ્માંડનાં રહસ્યોથી નીચે ઉતરીને ક્યારેક હૃદય પ્રવેશની સીમામાં પધારે તો ત્યાં અવતારવાદના માલિક પૂર્વબ્રહ્મની લીલાઓમાં એમનાં દર્શનમાં આ ઘંટનાદ સમજાય તો એ ઘંટનાદની છાયામાં આજે પણ શિવપત્ની પાર્વતી સહિત બિરાજે છે. જેમ કે શયન આરતી બાદ વૈષ્ણવો નો ભગવત્ વાર્તા કહેવાનો નિયમ છે, એ જ પ્રમાણે હૃદયસ્થ સમાધિમાં પ્રવેશ કર્યા પછી, લીલા દર્શનમાં શયનના ઘંટાનાદ સાંભળ્યા પછી, ભગવાન શંકર પોતાની પ્રિયા પાર્વતીને અવતાર - ચરિત્ર, શ્રીમદ્ ભાગવત, અન્ય મર્યાદાલીલાઓ પાર્વતીને સંભળાવે છે. આ એ જ નાદની પ્રેરણા છે. 卐

॥ આરતીમાં ઘંટનાદ ॥



આરતીના સમયે જે ઘંટનાદ કરવામાં આવે છે અને પ્રભુને જગાવવા માટે પણ ઘંટનાટનો પ્રયોગ કરવામાં આવે છે. અહીંયાં ઘંટ ઉપરની આકૃતિ ગરુડ અથવા શેષજીના સ્વરૂપમાં હોય છે, જેમાં ખાસ ગરુડના સ્વરૂપની હોય છે. ગરૂડજીનાં સ્વરૂપમાં સામવેદ બિરાજિત છે. શ્રી ઠાકોરજી પોતાના ભક્તોની તરફ જુએ, આ સામવેદની વિનંતી છે. એને ગરુડની છાપવાળો ઘંટનાદ કહેવામાં આવે છે. શેષજીવાળી આકૃતિ શ્રી ભાગવત ધર્મનું સ્વરૂપ છે. પુષ્ટિમાર્ગમાં વ્રજગોપીઓની સેવામય ભગવદ્ વાર્તા અને વ્રજલીલાઓ સર્વપ્રથમ શેષજી એ જ શ્રી સનકાદિક મુનિઓને સંભળાવી હતી. શેષજીવાળા ઘંટનાદની આ જ ભાવના છે. ભગવદ્ ધર્મની ધજા રૂપ વ્રજગોપીઓની ચરણરજ ચાહનાર આ વ્રજભક્તોને જુઓ, જે મંગળામાં દર્શનાર્થે પધાર્યા છે. 卐

॥ આરતીમાં ટકોરો ॥



સામાન્ય ધ્વનિમાં મધ્યમ સ્વરથી નીચેના અવાજમાં વગાડવાનો નિયમ છે. ટકોરાની આકૃતિ ગોળ હોય છે. ઉપર એક છિદ્ર હોય છે. એમાં દોરી બાંધેલી હોય છે. શ્રી ભગવત ગીતાનુસાર અંત સમયે જેનું ધ્યાન જ્યાં સ્થિર થાય છે. એની ભાવના આગલા જન્મમાં એવી જ હોય છે. આ ટકોરો રાસમંડલનું સ્વરૂપ છે, અતઃ આ ગોળ છે. વ્રજગોપીઓ કૃષ્ણ વાક્યને સમજી શકી નહીં. આ જ એમનાં જીવનનું છિદ્ર છે. આ છિદ્રમાં જે દોરી બાંધવામાં આવી છે, એ શ્રી યમુનાજીની કૃપાનું સ્વરૂપ છે. શ્રી યમુનાજીએ કૃપા કરીને ગોળ રાસમંડળની મધ્યમાં બિરાજમાન શ્રીકૃષ્ણવાક્ય ન સમજનાર હૃદયનાં છિદ્રને સ્વયં પ્રવેશ કરીને બંધ કરી દીધા. આ ટકોરાના ધ્વનિનો આશય છે, રાસમંડળની પુનઃ પુનઃ ચાહનાવાળી આ ગોપીઓને આપ, ''હે ગોવર્ધન ધર! આપ નિહાળો.'' 卐

॥ ટકોરો - ઘંટ કેવી રીતે બને છે? ॥

આ ટકોરો અથવા ઘંટ કાંસાનો બનેલો હોય છે. એનો અર્થ એ છે કે, ''સમસ્ત ધાતુઓને થોડી થોડી ભેળવીને જ્યાં એકત્રિત કરવામાં આવે છે, એને કાંસું કહેવામાં આવે છે. શાસ્ત્રમાં શબ્દો પણ ધાતુથી બને છે. ભક્તિમાર્ગમાં જીવ સેવા કરનારા, વિવિધ લોકાલૌકોકી ધાતુઓથી બને છે. અતઃ એમાં સમસ્ત લોક તમામ પ્રકારના ભક્તો અને સમસ્ત પ્રકારનાં વેદોના શબ્દ, ઠીક એવી જ રીતે એકત્રિત છે. જેવી રીતે કાંસામાં તમામ ધાતુઓ એકત્રિત છે.

ઘણી ખરી ધાતુઓને તપાવવાથી શુદ્ધ થાય છે કાંસાને તપાવવાની આજ્ઞા નથી. એમાં જેટલી પણ ધાતુ સમાવિષ્ટ છે તે તપીને જ આવી છે. એનાં તપમાં પુર્નિર્માણ પણ નથી. તૂટ્યા પછી બીજીવાર જોડાવાનું સામર્થ્ય નથી. પુષ્ટિભક્ત આવો હોય તો સારું છે. યા તો તૂટે નહીં અને કદાચ તૂટી પણ જાય તો, દુનિયામાં એને જોડનારું કોઈ પણ સાધન જ નથી. 卐





॥ આરતી સમયે દીનતા ॥

પુષ્ટિમાર્ગમાં ગરુડજી ઘંટા ઉપર બિરાજે છે. ગરુડનું સ્વરૂપ દીનતા છે. ઘંટાનાદનું સ્વરૂપ દીનતા છે. પ્રભુ દીનતા ઉપર બિરાજમાન છે. દીનતાના સ્વરૂપ ઉપર બિરાજીને ભક્ત પાસે પધારે છે.

પુષ્ટિમાર્ગમાં બધા રાગોની ઉપર મહિના - ઋતુ અને સમયનો પ્રભાવ દેખાઈ આવે છે. પરંતુ આ અસર - પ્રભાવ રાગ ભૈરવ ઉપર આવતી નથી. જેનામાં કોમળતા અને દીનતા છે. એના પર કાળની અસર-પ્રભાવ પડતો નથી. એટલા માટે રાગ-ભૈરવને નિત્ય સાનિધ્ય છે. એટલા માટે સામવેદના સ્વરૂપ કીર્તન પ્રાત:કાલ રાગ-ભૈરવમાં ગવાય છે. કારણ કે રાગ ભૈરવના બધા સ્વર કોમલ હોય છે. કોમળતાની અને દીનતાની એક સરખી ઉદારતા છે. ગરુડજીની પાંખોમાંથી સામવેદનો ધ્વનિ દીનતા પૂર્વકની છે. ગરુ - અભિમાન, ડ - નષ્ટ, અભિમાન જેનામાંથી નષ્ટ થઈ ગયું છે એવા ગરુડજી દીનતાનું સ્વરૂપ છે. 卐

નોંધ : મર્યાદામાં ઘંટનાદ વિઘ્ન દૂર કરવા માટે અને ઘંટનાદના તરંગ દ્વારા ભય-ચિંતા વગેરે દૂર લઈ જવાનું કાર્ય કરવા ગરુડજી ઘંટા ઉપર બિરાજે છે.

॥ ઉત્સવની આરતી ॥



ક્યારેક ઉત્સવ વિશેષ અને મનોરથ વિશેષમાં આરતી બે વાર થવાનો પ્રકાર છે. એમાં પહેલી આરતી વ્રજભક્તોના ભાવથી અને બીજી આરતી શ્રી મહાપ્રભુજીનાં ભાવથી છે.

પુષ્ટિમાર્ગમાં સારસ્વત કલ્પની લીલા બે વાર પ્રગટી છે. બીજી લીલા દ્વાપરયુગના અંતમાં નંદાલયના માધ્યમથી થઈ છે. ત્રીજી લીલા શ્રીનાથજીનાં પ્રગટ થવાથી શ્રી વલ્લભગૃહમાં થઈ છે. લીલા એક જ છે. કોઈ પણ અંતરાય વિના છે. એટલા માટે પહેલી આરતી દ્વાપરનો અંત શ્રી નંદરાયજીના દ્વાર અને પરિકરવાળાની છે. જેમકે ભગવાન શ્રીકૃષ્ણ પોતાની ઇચ્છાથી શ્રી વસુદેવજીને આજ્ઞા કરીને નંદરાયજીનાં ઘરે બિરાજ્યાં. ઠીક એ જ પ્રકારે ત્રીજીવાર શ્રી ગિરિરાજજી ગોવર્ધન પર પ્રગટ થઇને તે શ્રી ઠાકોરજી પોતાની ઇચ્છાથી શ્રી વલ્લભગૃહમાં બિરાજ્યા. નંદરાયજીનાં ઘરે બિરાજવાથી અને શ્રી વલ્લભગૃહમાં બિરાજવાથી ભાવાત્મક સમાનતા હોય છે. અને બંનેનો સમાન અધિકાર છે. એટલા માટે એક જ ઉત્સવ અને એક જ મનોરથમાં બંને આરતી કરવાનાં વર્ચસ્વનાં માલિક છે. આ જ કારણે આરતી પછી એક એક આરતીની બે - બે મુઠિયા માનીને ચાર મુઠિયા ઓવારવામાં આવે છે. આ કારણે ઉત્સવ અને મનોરથમાં શ્રી યમુનાજીની બેગણી ન્યોચ્છાવર થાય છે. એક ન્યોચ્છાવર નંદરાયજીનાં ઘરની અને એક ન્યોચ્છાવર શ્રી વલ્લભગૃહના સેવકને બેગણું અથવા વધારે નેગ બોલીને મળે છે. એક નંદરાયજીના ઘરનું અને, એક શ્રી વલ્લભનાં ઘરનું, જે સેવાની પહોંચ જ્યાં સમય પર થાય છે. ઉત્સવમાં એ દિવસના નિત્ય નિયમથી વિલંબ થાય છે. નિત્ય નિયમ સુધીની ઘડી નંદરાયજીનાં ઘરની છે. વિલંબવાળી સેવામાં શ્રી વલ્લભઘરની છે આ કારણે દ્વાપર યુગવાળી નંદાલયની સેવા અને શ્રી વલ્લભઘરની સેવા બંને બરાબર સાથે ચાલે છે. એટલા માટે આરોગાવવા માટે બંનેની આડીથી ગણતરી થાય છે.

નિત્યની સેવામાં શ્રી મહાપ્રભુજીનો પરિકર અને શ્રી નંદરાયજીનો પરિકર, અષ્ટ યામના ક્રમમાં એક સાથે રહે છે. એટલા માટે શયન પશ્ચાત્ સેવાક્રમ પૂર્ણ થયા બાદ નંદરાયજીનાં પરિકરથી મંદિરની ચાવી શ્રી મહાપ્રભુજીનાં પરિકરને સોંપવામાં આવે છે કારણ આ જ છે કે શ્રી શયન પશ્ચાત્ આશ્રયનાં પદ શ્રી મહાપ્રભુજીનાં જ બોલવામાં આવે છે. આગલા દિવસે જ્યારે મંગળા થાય છે, અને જગાડવાનો - ઉઠાડવાનો પ્રારંભ થાય છે. ત્યારે શ્રી યમુનાજીનાં પદ બોલવામાં આવે છે. આ ક્રમનાં રહસ્યમાં મંદિરની સેવાની ચાવી નંદાલય પરિકર દ્વારા શ્રી મહાપ્રભુજીના પરિકરને સોંપી છે. એનું આ રહસ્ય છે. 卐



॥ આરતી ઉપર ફૂલોંની વર્ષા ॥

ભગવાન શ્રી કૃષ્ણએ કહ્યું છે ''ઋતુનાં કુસુમાકરઃ'' કુસુમાકર વસંતને જ કહેવાય છે. આ ભગવાનનું વિભૂતિ સ્વરૂપ છે. આ ઋતુમાં અલભ્ય સૌંદર્યનો પ્રભાવ વ્રજસ્ત્રીઓ ઉપર કામક્રીડાના પ્રભાવનું દાન કરે છે. જ્યારે કામ પીડા પ્રગટ થાય છે ત્યારે પીડિતનું મન ત્યાં જ જાય છે. જ્યાં તેનો પ્રિયતમ છે. આ વાત અલગ છે કે, પ્રિયતમ વિવાહિત છે અથવા અકારણ સમર્પિત જીવન સ્વીકાર કરનાર છે. આ તો આપણે બધા જ જાણીએ છીએ કે પીડિત ગોપીજન પોતાના મનને ક્યાંય પણ જવાની છૂટ આપે છે. કામશાસ્ત્રમાં કેટલીક તિથિઓ એવી હોય છે કે, અમુક તિથિમાં કામનાનો પ્રબળ પ્રભાવ કોઇક કાન્તાના અમુક અંગમાં પ્રબળ પીડા બળવત્તર બનાવે છે. પાંચમ નામની તિથિમાં આ પીડા કામ હૃદયમાં અસહ્ય પીડા આપે છે. એ જ પ્રમાણે અમુક તિથિમાં અમુક અંગમાં નિવાસિત કામનો કયો રંગ હોવો જોઇએ, આ આધારે હૃદયમાં પીડા પહોંચાડનાર કામનો રંગ વાસંતી માનવામાં આવ્યો છે. વ્રજગોપીઓ પહેલેથી જ આ બાબતમાં પૂર્વાભાષ કેળવે છે. અતઃ આગમનાં કીર્તન ગાવામાં આવે



છે. આગમ કામશાસ્ત્રનું સૂચક છે. (આગમ-શાસ્ત્ર) એટલા માટે વ્રજગોપીઓ દરવાજા ઉપર સૂકો (કોરો) કળશ, એમાં સરસવનાં વાસંતી ફૂલ, ખજૂરનાં પાના, આંબાનું ફૂલ (આંબાનું મોર) અને આંબાની મંજરી, જે કાંઈ પણ છે સંપ્રદાયની પદ્ધતિ પ્રમાણે પધરાવે છે.

એનો આશય છે કે ગોપીઓએ કામશાસ્ત્ર આગમને નિમંત્રિત કર્યો છે શ્રી કૃષ્ણ આપણે ત્યાં પધારશે અને રસલીલાઓના હાવભાવથી નિમગ્ન રસ લીલાઓમાં દિવસ રાત નિમગ્ન થશે. આ કારણે આ આગમ આપણા રસોપયોગી જીવનને પ્રમાણિત કરવા માટે અમે આપને વ્રજમાં બિરાજવાનું નિમંત્રણ પાઠવીએ છીએ. આ રસથી વ્યથિત વ્રજગોપીઓ શ્રીકૃષ્ણની સાથે કોઈ પણ રીતે વિપરીત રતિ (રતિ-પ્રેમ) અપનાવે છે. જે અત્યાર સુધી પ્રેમમાર્ગ નિભાવ્યો, એનાથી વિપરીત પ્રેમ, વિપરીત રતિ, યદ્યપિ એનો અર્થ કોઈ પણ હોઈ શકે છે. આ વિચાર અહીંયાં અનાવશ્યક છે. જેમ કે શિવ-ચતુતદશીમાં વાઘાંબર ઓઢીને પોતાના સ્વરૂપમાંથી શ્રી ઠાકોરજી શિવ સ્વરૂપનાં દર્શન કરાવે છે. ત્યાં ઉત્તરોત્તર હોળીમાં, શ્રી ઠાકોરજી, કામરસ વૃદ્ધિની લીલાઓ કરે છે. જે શિવે કામદેવને ભસ્મ કર્યો હતો અને એ જ શિવને શ્રીકૃષ્ણ અને વ્રજ ગોપીઓની ફાગલીલામાં મગ્ન કરી દીધાં. આ જ તો વિપરીત રતિ છે.

વ્રજગોપીઓ શ્રી ઠાકોરજીની સન્મુખ બિરાજીને મનચાહી ગાળ દે છે. જ્યારે આરતી થાય છે ત્યારે, કેટલીક ગોપીઓ આરતીના સમયે ફૂલોની વર્ષા કરે છે. આ સમજાવવાની સૂચના છે કદાચ, ''હે કૃષ્ણ! આ વસંતમાં આપ જેવા એકમાત્ર પુરુષને નિહાળીને આ ગોપીઓ! કદાચ આપની (પોતાની) ચાહનામાં જો વ્યથિત હોય છે, તો આપની તરફથી યથા સિદ્ધ અવસર ન મળવો અને બદલામાં મનોરથ પૂર્તિમાં વિલંબ થવો. તો એમને ત્યાં હૃદયથી ફૂલ વિદાય લઈ ગયાં અને વ્યથાનું શૂળ ગાળ બનીને પ્રગટ થયું. સો ગાળ તો આપ સાંભળી ચૂક્યાં છો. પરંતુ એમના હૃદયમાં જે વાસ્તવિક ફૂલ હતાં, તે તો મારી ઝોળીમાં છે, લો દર્શન કરો. અને તે ગોપી આ તમામનું સ્પષ્ટીકરણ કરવા માટે આ ફૂલોની આરતી ઉપર વર્ષા કરે છે.

જે મનરૂપી ફૂલોને કામપીડાથી વ્યથિત થવાથી, અને શ્રી કૃષ્ણનાં નિત્ય સંયોગ રહેવાથી વ્યથા શાંત નથી થતી. તો એવાં મનરૂપી ફૂલ કોઈ અગ્નિનો જ આશરો લે છે. અતઃ આ ફૂલની વર્ષા આરતીની ઉપર છે. 卐

॥ આરતીના સમયે જય ઘોષ ॥

જ્યારે આરતી થાય છે ત્યારે ઘંટા અને ટકોરાનો ધ્વનિ થાય છે. ઘંટાનાદ ગરુડજીના ચિહ્નથી સુશોભિત હોવાના કારણે વેદ અથવા શ્રુતિઓનું સ્વરૂપ છે. શ્રીયશોદાના ઘરમાં આનંદ અને મંગલરૂપ જોઈને વેદોના મુખથી જે શબ્દ કે ધ્વનિ પ્રગટ થાય છે તે ઘંટાનાદ છે. વેદોની પાસે બધા જ શાસ્ત્ર બિરાજમાન છે, તે શાસ્ત્ર કુમારિકાઓનું સ્વરૂપ છે. અહીં શાસ્ત્ર બે પ્રકારના છે. એક શાસ્ત્ર એવા છે જે શ્રીકૃષ્ણને ઓળખે છે. એક શાસ્ત્ર એવા છે જે શ્રીકૃષ્ણને ઓળખતા નથી, પરંતુ જે ઓળખે છે તેઓની દ્વારા શ્રીકૃષ્ણની માટે સાંભળ્યું છે. ટકોરામાં બંને ભાવ હોય છે, આ ટકોરા કુમારીકાઓની હર્ષ ધ્વનિ છે. દર્શન કરવાવાળા વૈષ્ણવ ભાવરૂપથી વ્રજભક્તોની ભક્તિથી આદ્રરૂપ - પોષિત છે. તેઓ જે જય... જય... બોલે છે તે આરતીની ક્રિયા કે શ્રીઠાકુરજીની જય નથી બોલતા. તેઓ શ્રી યશોદાજીના અથવા શ્રીમહાપ્રભુજીના ભાગ્યની જય... જય... છે. ઊંડાણપૂર્વક વિચાર કરવાથી આપણને જે શ્રીઠાકુરજી કે એમની ટહેલ-સેવા મળી છે, તે શ્રીયશોદાજી અને શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજીના ભાગ્યનાં કાંઈક અંશ મળ્યા છે, આ ભાગ્ય અંશનું સુખ આપણા ઘરમાં બિરાજમાન ભગવત્ સેવા છે.

વૈષ્ણવોને ત્યાં ઘણી જગ્યાએ સેવામાં શ્રીઠાકુરજીની સમાનાંતર થોડા પાસે અને અલગથી શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીનાં ચિત્રજી બિરાજે છે. આ ચિત્રજીનો અભિપ્રાય વૈષ્ણવો એ એટલો માનવો જરૂરી છે, ''આપશ્રી એ કૃપા કરીને આપના ભાગ્યના અંશ ભગવદીયોને ન આપ્યા હોત તો આ સ્વરૂપ અમારા ઘરમાં કેમ બિરાજમાન હોત ? કેવો પણ સેવક હોય, એના કોઈપણ શ્રેષ્ઠ ઉત્તમ કર્મનું ફલ ''શ્રી ઠાકોરજી'' નહીં હોઈ શકે. એમનો સૌભાગ્ય અંશ જે ભગવદીયોને મળશે ત્યાં શ્રીઠાકુરજી સેવા અંગીકાર કરશે. એટલા માટે સર્વોત્તમસ્રોત્રનો પાઠ વૈષ્ણવો માટે આવશ્યક છે. આ સૌભાગ્ય અંશને જોઈને શ્રીઠાકુરજી વચન આપે છે કે ''શ્રીવલ્લભ, આપના સોંપેલા જીવનો હાથ પકડયા પછી હું નહીં છોડું.'' એનું કારણ શું છે ? કે આ જીવમાં શ્રીવલ્લભનો સૌભાગ્ય અંશ છે.

* * *



(સાભાર : વેણુધર)

॥ ઉત્સવના દિવસે માનનાં પદ નથી હોતાં ॥

શ્રી ઠાકોરજીની સેવા, નિત્ય સેવા, વર્ષોત્સવની સેવા અને મનોરથ ઇત્યાદિ ભાગોમાં બિરાજમાન છે. જે દિવસે સેવાની રીતમાં શ્રી નંદાલય અથવા શ્રી વલ્લભગૃહનો કોઈ પણ ઉત્સવ હોય, એ દિવસે માનનાં પદ ગાવામાં નથી આવતા. કારણ કે એ દિવસે શ્રી સ્વામિનીજીની સખી નાન્દીમુખી અને બિન્દુમુખી કે જે માન મનાવવામાં નિપુણ છે. એ ઉત્સવમાં સામેલ છે. તો માન કોણ મનાવશે? એના માટે માનનાં પદ ગાવામાં નથી આવતા. 卐

(''માનલીલામાં સંધિ કરાવનારી સખીઓ : નાન્દીમુખી - બિન્દુમુખી'')

॥ આરતી - મસ્તક ઉપરથી નહીં ॥

આરતી કરવાના સમયે પુષ્ટિમાર્ગમાં આરતી કરનારા માટે રીત એવી છે કે, આરતી મસ્તક ઉપર ન જાય. ધ્યાનમાં રાખવું જરૂરી છે કે, પોતાની દાઢીથી નીચે રહે. આરતીની દીપશિખા કદાચિત શ્રી ઠાકોરજીના મસ્તકનો આંટો દીપશિખા ન લઈ શકે તો ત્યાં પોતાની દૃષ્ટિ ફેરવી દે તો પણ કાફી છે. આરતી જ્યાં સુધી રહે ત્યાં સુધી ઉચિત છે, કારણ કે જે વસ્તુ સેવા કરનારાના મસ્તકની સમાનતામાં આવી જાય છે તે વસ્તુ પ્રસાદી બની જાય છે. અને તે આરતી આ લક્ષણોમાં આવી ગઈ તો એ, શ્રી ઠાકોરજીના કામની નહીં રહે.

* * *

॥ આરતી લેવામાં નથી આવતી ॥

પુષ્ટિમાર્ગમાં ''આ'' શબ્દનો અર્થ છે, બધા પ્રકારે. ''રતી'' શબ્દનો અર્થ છે, સ્થિર પ્રીતિ. પોતાની નવધા ભક્તિને નિભાવીને, જે પ્રેમ સંચિત થાય છે. એ પ્રેમ ક્રમશઃ તમામ અંગોનાં દર્શન કરીને, એ ''રતી''યા ''પ્રીતિ''ને શ્રીકૃષ્ણ ચરણોમાં સમર્પિત કરી દે છે. જે રતિ ચરણોમાં સમર્પિત કરી દીધી એ ફરીથી શિરોધાર્ય નથી કરવામાં આવતી. એટલા માટે આરતી લેવાનો નિયમ નથી. અન્ય નિયમોમાં આ આરતી પ્રસાદી સ્વરૂપ બની ગઈ અને એ આરતીને હાથથી લઇને મસ્તકનો સ્પર્શ કરાવવો, ચક્ષુથી સ્પર્શ કરાવવો અને હૃદયને સ્પર્શ કરવો, આચાર દોષ કહેવામાં આવે છે. ''आचारः प्रथमो धर्मः।'' વિચાર કરીએ તો આરતી લેવાથી સમસ્ત અંગ પ્રસાદી બની જાય છે. તો ભીતર અપરસમાં કોઈક વસ્તુને સ્પર્શ કરવાનો અધિકાર નથી. ત્યાં પણ અંદર ઘણું બધું પ્રસાદી થઇ જવાની ભીતિ રહે છે. આ સેવામાં પ્રતિબંધક ભાવના છે.

* * *

॥ આરતી કર્યા પછી હાથ ધોવા જરૂરી છે ॥

વૈદિક નિયમોમાં દીપકને સ્પર્શ કરવો, એ પણ એક પ્રકારનો અસ્પર્શ દોષ માનવામાં આવે છે. આ દોષના કારણે આરતી પછી હાથ ધોવાની સાવધાની પણ જરૂરી છે. અન્યથા અન્યત્ર પણ પ્રસાદી થવાનો દોષ લાગશે. ખાસામાં રહીને સ્પર્શા-સ્પર્શ ગુણદોષની સાવધાની જરૂરી છે. (એક વસ્તુને સ્પર્શ કરીને, બીજી વસ્તુને સ્પર્શ કરવાનું ધ્યાન રાખવું જરૂરી છે.)

* * *

॥ આરતી - શીતલ નથી કરાતી ॥

વૈદિકમાર્ગમાં જ્યારે જયાં પણ આરતી જે દેવની થાય છે, એ આરતી થઈ ગયા પછી પાણીથી શીતલ (ઠંડી-ઓલવવાની) કરવાનું કર્મકાંડીય વિધાન છે. કારણ કે ત્યાં આરતીનું સ્વરૂપ અગ્નિદેવ છે અને એ અગ્નિને પ્રજ્વલિત કરીને, એ અગ્નિને વિદાય કરવા માટેનું કોઈ વિધાન નથી. કેવળ હાથની અંજલીમાં અથવા પાનના પાંદડાઓ દ્વારા અથવા દુર્વાદલ દ્વારા પાણીના છાંટા ચારે બાજુએ ફેરવવામાં આવે છે. પાણીના છાંટાચારે બાજુ ફેરવવાનો અર્થ વરુણદેવના દ્વારા અગ્નિની પરિક્રમા છે. દેવ આરાધન સમગ્ર ઉપચાર પૂજનમાં વરુણદેવ અગ્નિની પરિક્રમા કરીને વિદાય થવાની વિનંતી કરે છે અને તે આરતીનો અગ્નિ વિદાય થઈ ગયો એવું માનવામાં આવે છે. ત્યાં ઉપસ્થિત શ્રદ્ધાળુ તે આરતીની ઉપર પોતાનો હાથ ફેરવી આરતી લે છે. તાત્પર્ય છે કે અગ્નિદેવના ચરણસ્પર્શની પદ્ધતિ આ જ હોય. અને એ હાથને હ્રદય, નેત્ર અને માથાને અડાવે છે.

પરંતુ પુષ્ટિમાર્ગમાં આરતી અગ્નિનું સ્વરૂપ ના હોવાથી, સેવ્ય સ્વરૂપના પ્રતિ સેવકની તરફથી પોતાના પ્રિયતમના પ્રતિ વિરહાગ્નિનો સાક્ષાત્ સંબંધ છે. ત્રણે લોકોમાં કોઈ એવું જલ (પાણી) પ્રગટ થયું નથી, જે આ વિરહજન્ય આરતીને શાંત કરી દે અને આ આરતીની વિરહભાવ દશા આપણામાં પાછી લીન થઈ જાય. અને આ સમય દશા, મન-વાણીથી પરે (ઘણેદૂર) હોય છે. એટલા માટે કોઈ પ્રકારની આરતી ગાવામાં આરતી નથી. મન-વાણીથી દૂર અગમ - દશામાં આ બધુ ક્રિયા ચામર્થ્યથી પરે (દૂર) થઈ જાય છે અને આ આરતી કર્મકાંડની જેમ હાથ ફેરવીને લેવાની આજ્ઞા નથી, કારણ કે એવું કરવાથી હાથ પ્રસાદી થઈ જાય છે. તે પ્રસાદી હાથ નેત્ર, હ્રદય અને માથા ઉપર લગાવવાથી આખું શરીર પ્રસાદી થઈ જાય છે. એવું પ્રસાદી શરીર સ્નાન કર્યા વગર કોઈપણ પ્રકારની દૂધઘર, સખડી, અનસખડી, જલઘડા, ખાસાભંડારમાં જવાથી ત્યાંની સેવા પ્રસાદી થઈ જશે. આ રીતે સ્પર્શ (છૂઈ) કરેલી વસ્તુ પ્રભુ સેવોપયોગી રહેતી નથી, અને આ ભાવદોષ માનવામાં આવ્યો છે. આવું કરતાં પહેલાં ફરીથી (પુનઃ) સ્નાન કરવાની આજ્ઞા છે.

મૂળ સાર એટલો જ છે કે આ વિરહભાવાગ્નિ સ્વતઃ પ્રગટ થાય છે, અને સ્વતઃ અંતધની થાય છે. કર્મકાંડની જેમ પુષ્ટિમાં કોઈ પ્રકારની આરતીમાં ભેટ કરવાનો નિયમ નથી. કારણ કે દ્રવ્ય - રૂપિયા આદિ લક્ષ્મીનું સ્વરૂપ હોય છે. લક્ષ્મીની પહોંચ ભાવાગ્નિ સુધીની હોતી નથી. ચુવિજ્ઞજન આ મર્મને ભલી ભાંતિ જાણે છે. 卐





।। આરતીની થાળીને વડી કરવાની રીત ।।

શ્રીજીને આરતી ઓવાર્યા પછી આરતીની થાળીના મણકા, નદી, તળાવ અથવા જળાશયમાં પધરાવવામાં આવે છે. જે માછલી, કાચબા વગેરે જળચર પ્રાણીઓને જાય છે. આરતીમાં પધરાવેલો ચૂનનો દીવડો ગાયને જાય છે. વિશેષતઃ દ્વાર ઉપર (આંગણામાં) દોરવામાં આવતો સાથીઓ હલદી અને ચૂન (લોટ) ભેગાં કરીને તૈયાર કરવાની પ્રથા છે. જે ભૂમિની અંદરનો જીવ કીડા-મકોડા વગેરેને જાય છે.

પુષ્ટિ સંપ્રદાયમાં અનાયાસે (જાણવગર) થતા દોષોનું નિવારણ પણ અનાયાસે નિવૃત્ત થાય છે. શ્રીમહાપ્રભુજી દ્વારા દર્શાવેલ સેવાના ક્રમમાં અનાયાસે થતા પંચદોષ (પાંચદોષ) આપો આપ નિવૃત્ત થઈ જાય છે. પ્રથમ દોષ (૧) અનાજ દળવા, વગેરેમાં રહી ગયેલી જીવાત (૨) રાત્રે ઊડતા જીવોને દીવાથી નુકસાન થવું (૩) પાણીમાં રહી ગયેલા જંતુઓ (૪) બળતણના લાકડામાં રહેલા જીવો (૪) શાકભાજી, મેવો વગેરે સિદ્ધ કરતાં અંદર રહેલા જીવોનો અણદેખ્યો અપરાધ, પાંચ પ્રકારના દોષોમાં આવે છે. દોષ નિવૃત્તિનો પ્રકાર સેવામાં સહજરીતે વણી લઈને આપણા શ્રીવલ્લભાચાર્યજીએ દૈવીજીવોના બધાજ દોષોની નિવૃત્તિનું પ્રમાણ આપ્યું છે. 卐



॥ દેવતાઓનો હર્ષ - ધ્વનિ - આર્તિ ॥

વૈદિક માર્ગમાં જે અગ્નિ શિખાથી આર્તિની ભાવના કરવામાં આવે છે. અને અગ્નિ તથા સૂર્ય સમાન ભાવથી આદરણીય માનવામાં આવ્યા છે.

દીપમ્ : ૐ અગ્નિ જ્યોતિર્જ્યોતિરગ્નિઃ સ્વાહા ।

સૂર્યો જ્યોતિર્જ્યોતિ સૂર્યઃ સ્વાહા ।

અગ્નિર્વ્વર્ચ્ચોજ્યોતિર્વ્વર્ચઃ સ્વાહા ।

સૂર્ય્યોંવ્વર્ચ્ચોંજ્યોતિર્વ્વર્ચ્ચ : સ્વાહા ।

જ્યોતિ : સૂર્ય્યઃ સૂર્ય્યો જ્યોતિ : સ્વાહા ।

ઉપરોક્ત મંત્રમાં સૂર્ય અને અગ્નિ બંનેની સમાનતા છે. તે તેજોરૂપનાં કારણે છે. અતઃ મર્યાદામાં એની વિશિષ્ટ પ્રતિષ્ઠા છે. તદુપરાંત દેવતાઓની આરાધનામાં જે પ્રમાણે આર્તિ નિર્મિત કરવામાં આવે છે. (જ્યોતિ પ્રગટ કરવામાં આવે છે) પુરાણાચાર્યોએ એનું વિધાન આ પ્રમાણે બતાવ્યું છે.

''साज्यच्च वर्तिसंयुक्तं वह्निना योजितं महा । दीपं गृहाण देवेश त्रैलोक्यतिमिरापह ॥''

તાત્પર્ય એમ છે કે, ઘી અને કપાસની બાટીનાં માધ્યમથી પ્રગટેલ અગ્નિદેવતાઓનો સાક્ષીભાવ, ત્રણે લોકોનો અંધકાર દૂર કરવા માટે સક્ષમ છે. અહીંયા તો સૃષ્ટિનાં નિર્માતા દેવતા જેઓ સ્વર્ગ, અંતરિક્ષ અને દિશાઓમાં ભિન્ન ભિન્ન રહે છે. એ સમસ્ત દેવતાઓ ભૂતળ ઉપર ગાયના સ્વરૂપે રહે છે અને સ્નેહરૂપે ગોરસ (ઇન્દ્રિય ધર્મ)નાં મંથન દ્વારા ઘૃત (ઘી) બનીને



પોતાનો ભાવ પ્રગટ કરે છે. અથવા એનું આંતરિક તેજ જ્યોતિ બનીને પ્રગટ થાય છે. એને આપણે આપણી ભાષામાં જ્યોતિ કહીએ છીએ.

આ દીપજ્યોતિ આર્તીના નામથી પોતાના ઇષ્ટ વિશેષ દેવની સન્મુખ ચારે તરફ ફેરવવામાં આવે છે. એની સંખ્યા પણ ૭ થી ૯ વાર ફેરવવામાં આવે છે. પછી શંખોદકથી એ આર્તીને શીતળ કરવામાં આવે છે. પુષ્ટિમાર્ગમાં શીતલીકરણનો નિયમ નથી. શ્રી હરિરાયજીએ આજ્ઞા કરી છે કે, ''अस्मिनमार्गे शितलभावौ नैवोपयुज्यते.'' આ કારણે શિતળ કરવામાં આવતી નથી. મર્યાદામાં શીતલીકરણનું વિધાન છે. બધા ભેગા મળીને સૃષ્ટિનાં નિર્માતા 33 દેવતા ગાયના સ્વરૂપમાં બિરાજીને ગોઘૃત રૂપે પ્રગટીને પૃથ્વીના અંશ કપાસ (સૂતર કે જે કાંત્યા વિનાનું છે.)માં જાગૃત થઇને ત્રિલોકનો અંધકાર દૂર કરે છે. આ કોઇ મહાશક્તિમાં ચેતનાની જાગૃતિ છે. આ આર્તી પૂજનમાં અતિ આવશ્યક છે. આ જયોતિ જ્યારે યજ્ઞાદિકનું સ્વરૂપ ધારણ કરે છે. વિવિધ દેવતાઓનાં સામર્થ્યથી માંડીને જીવ સમુદાય જે ભૂમંડલ ઉપર રહે છે. એનાં સુખોની વૃદ્ધિ કરે છે, અને દુ:ખોનું નિવારણ કરે છે. આર્તી મર્યાદામાં અભૂતપૂર્વ સામર્થ્ય છે, અથવા મર્યાદામાં કેટલાક લોકો સ્વતંત્ર રૂપે, આર્તીની સમક્ષ સંગીતમય, પ્રાર્થનાઓનો ઉપયોગ કરે છે. મર્યાદામાં આરતીનાં સમયે ઝાલર, ઘંટ, શંખનાદ શોભનીય હોય છે, કયાંય ચમર પણ ઢોળે છે. ઉપરાંત વસ્ત્રાંજન અને નિરાંજન પણ કરે છે. આ બધું ઝાલર, શંખનાદ, ઘંટનાદ દેવતાઓનાં હર્ષધ્વનિનાં પ્રતીક છે. વસ્ત્રાંજન અને નિરાંજન દેવતાઓ દ્વારા ભક્તોનાં સ્પર્શનું પ્રતીક છે. જે દેવતાઓની આર્તી કરવામાં આવે છે. એને આધીન દેવતા અથવા મહાશક્તિ ભક્તોની ઉપર જળ છાંટવા - નિરાંજનના માધ્યમથી આર્શીવાદ વરસાવે છે. વસ્ત્રાંજનનાં માધ્યમથી માનો કે પોતાના કોમળ સ્પર્શથી આર્શીવાદ પ્રદાન કરી રહ્યાં છે. આ ગુપ્ત ધર્મ એ સાંસારિક આંખોથી એ કઠણાઈથી દેખાઈ રહી છે.

સમાધિ બે પ્રકારની હોય છે. એક સમાધિ ઊર્ધ્વગામી, જે મસ્તકમાં પ્રાણોને લઈ જઈને સ્થિર થાય છે. ત્યાં સાધકને એક ધ્વનિ અટકી અટકીને (વારાફરતી) સંભળાય છે. એ ધ્વનિનું નામ ઘંટનાદ છે. એ સમાધિની ચેતના જ્યારે નીચે ઉતરીને હૃદય અને પ્રાણોની વચ્ચે આવે છે. તો એ ચેતનામાં પ્રાણ અને હૃદયથી ટકરાય છે. એ ટકરાવથી જે ધ્વનિ ઉત્પન્ન થાય છે. એ ઝાલર અથવા ટકોરાનો અવાજ છે. આ સમાધિની સાથે પ્રાણોનું જ્યારે ઊર્ધ્વગમન થાય છે, અથવા અધોગમન થાય છે. ત્યારે એ સમયની સ્થિતિમાં શંખનાદ જેવો ઉતાર-ચઢાવ જેવો અવાજ પ્રગટ થાય છે.

આ આર્તીના વિષયથી સાધન અને સાધ્ય દશાઓ ઉપર વિચાર કરવાથી કાંઇક અસાધ્ય પરિસ્થિતિઓથી દૂર રહેવું આવશ્યક છે. જેમ કે આર્તીના સમયે એક ઘંટા અને એક ટકોરો, એથી વધુ વગાડવું એ અસાધ્ય લક્ષણ છે. એનાથી બચવું જોઇએ. જેવી રીતે ચાર આંગળીઓની વચ્ચે (મધ્યમાં) પકડવામાં આવે એવો જ ઘંટા (ઘંટડી) એટલો મોટો ઘંટ જોઇએ. જેવી

રીતે શિવમંદિરમાં ઉપર લટકાવવામાં આવેલો ઘંટ એટલો જ મોટો અને વજનદાર હોવો જરૂરી છે. જેનાં છિદ્રમાં અનામિકા (વીટી) આંગળીનો પ્રવેશ થઈ શકે અને એનું વજન સંભાળી શકાય. એનાથી અધિક છે તો, એ પોતાનો અંગત વિવેક અથવા સંતોષ છે, બાકી એનું વજન અનાવશ્યક છે.

મર્યાદામાં જે આરતી કરવામાં આવે છે. એમાં સુગંધિત દ્રવ્યની લાલચમાં અગરબત્તીઓનો ઉપયોગ કરવામાં આવે છે. સનાતન ધર્મની પદ્ધતિ પ્રમાણે તે અનાવશ્યક છે, કારણ કે જ્યોતિહીન ધૂમ્ર (ધુમાડો) આપણે ત્યાં નિષેધ છે. અને એની નિર્માણ શૈલીમાં વાંસની લાકડી બળે છે. હિન્દુ સંસ્કૃતિમાં વાંસ એ બંસ પ્રતીક છે. એ વાંસ બંસમાં કોઇના સમાપ્ત થવાથી સળગાવવામાં આવે છે એનાથી પહેલું સર્વધા નિષેધ છે. કે, એનો ધુમાડો જ્યોતિહીન અને કટુ (કડવો) છે. એની જગ્યા પર (સ્થાને) ચંદન કાષ્ઠને જલાવવાની માન્યતા છે. એને પ્રગટાવવામાં પણ જયોતિ નથી. પરંતુ એમાં ધુમાડામાં જન્મજાત સુવાસ છે.

સાભાર : ગો. શ્રી લલ્લુજી મહારાજની હવેલી

મર્યાદાનાં હિસાબથી ઘરમાં જે નિત્ય યજ્ઞ કરવામાં આવે છે. એ યજ્ઞના માટે દીપક પ્રગટ કરવાનું વિધાન છે. પહેલાં ક્યારેક આ ભારત વર્ષમાં એ દીપકને અખંડ રાખવાનું વિધાન હતું અને ગુરૂ અથવા પિતા જ્યારે સંયાસ લેતા હતા. ત્યારે પોતાના યજ્ઞની અગ્નિને દીપક સહિત પોતાના પુત્ર અથવા શિષ્યોને સોંપી દેતા હતા. સ્વયં વનમાં ચાલ્યા જતા હતા અને પછી પુત્ર અથવા શિષ્ય એ દીપકને અખંડ પ્રજ્વલિત રાખતા હતા. ભારતનાં ઘણાં સ્થળોએ ઇતિહાસમાં અખંડ જ્યોતિઓ પોતાના જીવનમાં હજારો વર્ષની ઉમર લઇને બેઠી છે. જે આપણી તપશ્ચર્યા અને ધૈર્યનું સિંહાવલોકન છે.

જેમ કે શાસ્ત્રોમાં વર્ણન છે. વસુદેવજીનો જ્યારે જન્મ થયો ત્યારે દેવતાઓએ આકાશમાં દંદુભિ વગાડી હતી. એટલા માટે વસુદેવજીનું નામ આનંકદંદુભિ છે. બધુ મળીને ભારતીય પૂજા પદ્ધતિમાં દેવલોકવાસીઓનો સીધો સંબંધ છે. કાંઇ પણ પરોક્ષ નથી. આ પૂજા પ્રકાર પોતાની અંદર ઘણું બધું અદૃશ્ય રહસ્ય સમાવીને બેઠી છે અને તે આપણા સનાતન ગ્રંથોમાં સુરક્ષિત છે. પ્રશ્ન એ વાતનો છે, કે આ ખોવાયેલ રહસ્યથી આપણે ફરી પાછા વિશ્વસનીયતાથી કયારે જોડાઇશું?

પુષ્ટિમાર્ગનાં અતિ પ્રાચીન સંરક્ષક શ્રીમદ્ વિષ્ણુસ્વામીએ જ્યારે આ પુષ્ટિમાર્ગીય આચાર્યશ્રીને સોંપ્યા હતાં, ત્યારે એમણે શ્રી ગોવર્ધનધરનો અવાજ સાંભળ્યો. ''આઓ, મને પ્રગટ કરો.'' આ અવાજમાં અંદરની વાત એટલી જ છે. શ્રી નાથજી પોતાની સેવા વિધિથી પુષ્ટિ પ્રકારને પ્રગટ કરવા ઇચ્છે છે. એ પુષ્ટિ પ્રકારથી તમે પણ કેટલાય દિવસથી લાલાયિત છો! પ્રભુની આ લાલસા તૃપ્તિનો હેતુ પુષ્ટિમાર્ગ છે.

આપણા આ લેખની વિચારધારામાં મૂળ વિષય આરતી જ છે. જે પ્રકાંતરોથી થનારી પૂજા અથવા સેવામાં જે ષોડશોપચાર પૂજન છે એનું અભિન્ન અંગ આરતી છે. અન્યત્ર તો આર્તી ક્રિયા માત્ર છે. પુષ્ટિમાર્ગમાં આર્તી ક્રિયા માત્ર ન થઇને કાંઇક ભાવપ્રધાન પણ છે. પુષ્ટિમાર્ગમાં નિત્ય સેવા, વર્ષોત્સવ, કેટલાક વિશિષ્ટ દિવસો આ આરતી પોતાનાં મનમોહક સ્વરૂપોથી જીવનની આંતરિક બાજુઓ સ્પર્શવામાં ઘણી જ સક્ષમ છે. 卐

500
जयदेव और गीतगोविन्द
JAYADEVA AND GEETAGOVINDA
प्रलयपयोधिजले धृतवानसि वेदम्
विहितवहित्रचरित्रमखेदम्।
केशव धृतमीनशरीर
जय जगदीश हरे
।।धुवम्।।१।।
भारत
INDIA
2008

500
जयदेव और गीतगोविन्द
JAYADEVA AND GEETAGOVINDA
क्षितिरतिविपुलतरे तव तिष्ठति पृष्ठे धरणिधरणकिणचक्रगरिष्ठे।
केशव धृतकच्छपरूप जय जगदीश हरे।।२।।
भारत
INDIA
2008

500
जयदेव और गीतगोविन्द
JAYADEVA AND GEETAGOVINDA
वसति दशनशिखरे धरणी तव लग्ना
शशिनि कलङ्ककलेव निमग्ना।
केशव धृतशूकररूप
जय जगदीश हरे।।३।।
भारत
INDIA
2008

500
जयदेव और गीतगोविन्द
JAYADEVA AND GEETAGOVINDA
तव करकमलवरे नखमद्भुतशृङ्गम्। दलितहिरण्यकशिपुतनुभृङ्गम्।
केशव धृतनरहरिरूप जय जगदीश हरे।।४।।
भारत
INDIA
2008

॥ આરતી - અને - સનાતન ધર્મ ॥

જે સનાતન ધર્મના પ્રતિકૂલ સિદ્ધાંતવાદી છે, તેઓને ત્યાં પણ દેવમંદિરમાં અખંડ જ્યોતિ અથવા સુવાસિત દ્રવ્યયુક્ત અગ્નિ બિરાજે છે. આ સુવાસિત અગ્નિનો ધુમાડો સંસારના વિષયોથી રહિત યોગમય મનની સુગંધીનું સ્વરૂપ છે. જે લોક અનીશ્વર અને અનાત્મવાદી છે તે મન અને મનના સંબંધને ઓળખે છે. સંસારમાં મન કેવું હોવું જોઇએ, જેવું કે અગ્નિમાં સુવાસિત પદાર્થ નાખવાથી ધુમાડાની સુગંધ, વિષયોથી દૂર મનની સુગંધ એવી જ હોય છે. જે પ્રકારે ચંદ્રમાનાં કિરણને જોઇને સમુદ્રમાં એક સમય માટે, એક મહિનામાં ભરતી આવે છે અને લહેરો ઊંચી ચઢે છે. એવું પ્રતિદિન (રોજ) થતું નથી. આત્માનુભૂતિની તરંગ એકવાર જ ઊઠે છે, અને તે જીવનમાં કેટલાય લાંબા સમય સુધી ટકી રહે, તેનો જન્મો જન્મનો પણ સંબંધ થઈ શકે છે. એટલા માટે કબીરપંથમાં આરતીનાં દર્શન વર્ષમાં એક જ વાર થાય છે. જેવી રીતે મહિનામાં એક જ વાર સમુદ્રમાં ભરતી આવે છે અને તે પ્રતિદિન એક મોટી લહેર ઉત્પન્ન કરે છે. એવી જ રીતે કબીરપંથી સંતના હૃદયનો તેજોમય અભ્યોદય વર્ષમાં એક જ વાર થાય છે અને પ્રતિદીન બધા તરંગની જેમ મનરૂપી ચંદ્રમાને જોઇને હીલોરા લયા કરે છે.

બૌદ્ધ ધર્મમાં પણ અખંડ જ્યોતિ અથવા મશાલનો પ્રકાર છે. ભારતવર્ષમાં બૌદ્ધની પ્રમુખતા તિબેટથી છે. જે તિબેટ શંકરની ભૂમિ છે. શંકરની પાસે ત્રિશૂળ છે. આ સંસારના દૈહિક, દૈવિક અને ભૌતિક આ ત્રણ શૂળોને સહન કરવાનો ત્રિવ્રત જ તિબેટ કહેવાય છે. આજ ત્રિશૂળને સહન કરવા તપસ્યાનો અગ્નિ મશાલ અથવા અખંડ જ્યોતિ કહેવાય છે. અગરબત્તીનો પ્રયોગ પ્રકારાંતર છે, સૈદ્ધાંતિક નથી.

લૌકિક ધારણા પૂર્તિમાં અભીષ્ટ ફલ આપનારા દેવી દેવતાઓની જે આરતીઓનો પ્રકાર છે, તે શૈવ સૈદ્ધાંતિક છે. એટલા માટે તેમના પ્રકારોમાં પ્રકારાંતર છે. ભલે કોઈપણ પ્રકારનાં લક્ષણોથી, ભલે કોઈપણ ભાવ મુદ્રાથી તે દેવી - દેવતાઓની આરતી થાય છે, જેમાં વિક્ષોભ અને ઉન્માદ પ્રમુખ હોય છે. આ શિવ સંગતિનું લક્ષણ છે. શિવને ત્યાં વિક્ષોભ અને ઉન્માદ જેવા લક્ષણ સિદ્ધિમાં આવે છે. આ ત્યાંનો ગુણ છે.

જ્યારે દેવીની આરાધના કરવામાં આવે છે, ત્યાં જ્યોતિની જગ્યાએ અગ્નિની જ્યોત (જ્વાલા) પ્રગટાવવામાં આવે છે. તે જ્યોત જોગનું સ્વરૂપ છે. એટલા માટે તે દેવીની પ્રતિમાની સન્મુખ (સામે) પ્રગટ

અગ્નિની ઉપર દળેલી ખાંડ અથવા પતાસા વારંવાર નાખીને અગ્નિ પ્રકાશને પ્રજ્વલિત રાખવામાં આવે છે. આ અગ્નિનો તાંત્રિક પ્રકાશ છે. એનાથી ભૌતિકવાદીઓની અભિલાષાઓ પૂરી થાય છે. એવું તંત્ર ગ્રંથોનું માનવું છે. કેટલીકવાર માંત્રિક આરાધના કરવાવાળા વ્યક્તિને, યોગ્ય સમયે અગ્નિ પ્રગટ કરીને દશાંશ હવન કરવાનો અને અગ્નિમાં આહુતિ આપવાનું વિધાન બતાવ્યું છે. જેમ કે તમો શ્રી વિષ્ણુ સહસ્રનામના દશ (૧૦) પાઠ કરો છો, તો એક પાઠની નામાવલીથી અથવા શ્લોકાવલીથી હવન કરવો તે દશાંશ હવન છે. ખરી રીતે અંશ શબ્દ સૂક્ષ્મતાનો સૂચક છે એટલા માટે અંશનો પ્રયોગ છે. કેટલાક તાંત્રિક વિચારકોના આધારે દશાંશ શબ્દ મનનું સૂચક છે. અગર સેવોપયોગી જીવનવાળા સેવકની શ્રીકૃષ્ણ મિલનના વિરહાગ્નિમાં મનરૂપી દશાંશની આહુતિ આપવામાં આવે તો તે કૃષ્ણ મિલનનો પ્રેમ જ ધુમાડો (ધુઆં) બનીને પ્રગટ થશે. આ ધુમાડાથી રંગાયેલા અમારા સેવ્ય પ્રભુ શ્યામ રંગના છે. આ કારણ છે કે પુષ્ટિ માર્ગમાં શ્યામ રંગની આરાધના છે. જો આવી આહુતિ અપાય તો આપણે ત્યાં પહોંચીશું જેમ કે ...(૧) ''મેરો મન અટક્યો ગિરધર છબી પર'' (૨) ''નૈન માઈ અટકે શ્યામલ ગાત.'' (૩) ''જીત દેખો તીત શ્યામમયીરી'' ...આ એ જ માનસી હવનનું લક્ષણ છે. 卐


5.00
जयदेव और गीतगोविन्द
JAYADEVA AND GEETAGOVINDA
भारत
INDIA
2008


5.00
जयदेव और गीतगोविन्द
JAYADEVA AND GEETAGOVINDA
भारत
INDIA
2008


5.00
जयदेव और गीतगोविन्द
JAYADEVA AND GEETAGOVINDA
भारत
INDIA
2008


5.00
जयदेव और गीतगोविन्द
JAYADEVA AND GEETAGOVINDA
भारत
INDIA
2008


5.00
जयदेव और गीतगोविन्द
JAYADEVA AND GEETAGOVINDA
भारत
INDIA
2008


5.00
जयदेव और गीतगोविन्द
JAYADEVA AND GEETAGOVINDA
भारत
INDIA
2008



॥ અનુગ્રહમાં હેતુ ॥

પ. ભ. નંદદાસજીને પૂછવામાં આવ્યું કે, ‘‘આવી રસાત્મક વાતો શા માટે પ્રગટ કરો છો ?’’ ‘‘પ્રગટ ભયે રસ જાય’’. નંદદાસજી એ કહ્યું, ‘‘એ વાત બરાબર છે, પણ આપણી આવનાર પેઢી (માર્ગનાં આગંતુક વૈષ્ણવો) ક્યારેક પૂછશે કે અમારા વડવાઓ અમારા માટે શું મૂકીને ગયા ?

નંદદાસજી જેવા પરમ કૃપાપાત્ર ભગવદીયો આપણા માટે જે કાંઈ મૂકીને ગયા છે એ મૂડીને આપણે સાચવીએ - ઓળખીએ - દર્શન કરીએ - વર્તનમાં મૂકીએ - સેવોપયોગી બનાવીએ અને આવનાર પેઢીને માટે નવ પલ્લવીત બનાવીએ.

તે રસનો રસાસ્વાદ માણવા - ચાખવા - ચખાવવા માટે આપણી પુષ્ટિકલા સંસ્કૃતિનું રક્ષણ - પોષણ કરીએ. જેથી આપણા શ્રી મહાપ્રભુજી અને શ્રી ગુસાંઈજી પણ પ્રસન્ન રહેશે.

‘‘શ્રી વલ્લભ જુગ જુગ રાજ કરો’’

卐

॥ श्री आचार्यजी महाप्रभुन की सेवकनी अम्मा क्षत्राणी ॥



ये अम्मा क्षत्राणी लीला में रोहिनी हती ।

बहुरि एक दिन दूध को कटोरा श्री ठाकुरजी के आगे भरि राखो हुतो ता समय श्री गुसांईजी अम्मा के घर पधारे मंदिर को टेरा सरकाय के दर्शन करन लागे । तब श्री गुसांईजी देखे तो श्री ठाकुर जी दूध पीवत है तब श्री गुसांईजी देखि कें पाछें फिर आये । तब अम्मा ने कही जो बाबा पाछे क्यों फिर आये? तब श्री गुसांईजी ने कह्यौ जो श्री ठाकुरजी दूध पीवत है । तब अम्मा ने कही जो श्री ठाकुरजी तो लरिका हैं तुम कहा जानत नांहीं ? तब श्री गुसांईजी दर्शन करिकें पाछें फिरे और अम्मा सों श्री गुसांईजी ने कह्यौ जो यह दूध हमारे घर पठाय दीजियो तब अम्माने कह्यौ जो राज आप ही जो आरोगन वारे हो भावै तौ इहां आरोगौ । ॥ वार्ता-११ ॥

आवनार युग कला सौंदर्यनो छे. आपणो संप्रदाय ए युगने वधारे सत्कारी शकशे, कारणके कलाकारीगीरी तेमज अनेक विविधता श्रीवल्लभना कृपा मार्गमां भरेली छे.

॥ श्री आचार्यजी महाप्रभुन के सेवक गोविंद दुबे सांचोरा ॥



ये गोविंद दुबे द्वारिका लीला संबंधी है । सत्यभामा की सखी है । इनको नाम लीला में तनमध्या है ।

एक समय श्री आचार्यजी महाप्रभु आप द्वारिका पधारे तब गोविंद दुबे और जगन्नाथ जोसी और पांच सात वैष्णव हुते सो आपके साथ हे । तब श्री आचार्यजी महाप्रभुन सौं द्वारिका में विनती कीनी जो महाराज कछू कथा कहिये । तब श्री आचार्यजी महाप्रभुन ने गोविंद दुबे सो कह्यौ जो अब ही तौ मोकों अवकाश नाहीं । तब गोविंद दुबे ने वीनती कीनी जो महाराज थोरी सी कहिये । तब श्री आचार्यजी महाप्रभुन नें कथा कहिवे कों पोथी खोली । तब इतने में गोविंद दुबे सों श्री रणछोड़जी बातें करन लागे । तब आपनें गोविंद दुबे सों कह्यौ जो पोथी खुलाय कें बातें कौन करत है तब श्री आचार्यजी महाप्रभुन नें फिर देख्यौ जो श्री रणछोड़जी सों बातें करत है । तब आपने पोथी बांधी और फिर आप पोढ़े । ॥ वार्ता-३४ ॥

પુષ્ટિપથના આગંતુક દૈવિજીવોનું ભાવવિભોર બની સન્માન અને સત્કાર કરીએ.

॥ श्री आचार्यजी महाप्रभुन के सेवक वासुदेवदास छकडा ॥



ये नन्दरायजी के मुख्य खवास है । नन्दरायजी जहां जाते तहां नन्दारयजी के वस्त्र-पात्र सब संग ले चलते । लीला में इनको नाम मनसुखा है ।

श्री गुसांईजीने आगरे रूपचंदनंदा को पत्र लिखौ ता में वसंत की सामग्री मंगाई तब वासदेव सो कह्यौ जो तु इतनो सामग्री लेके सांध्या को आईयो । सो वासदेव दास पत्र लेकें आये तब रूप चंदनंदा नें हाथ धोय पोंछिके वह पत्र मांथे चढाय के लीनों और भाई सों कह्यौ जो वासदेव दास आये है सो घर में कही ये भूखे होंयगे तब वासदेवदास ने कह्यौ जो मोको तौ मथुरा जानों है तासों मोकों सखडी महाप्रसाद लेवे को अवकाश नाहीं ताते सामग्री लेदेउ तौ में जाऊं इहांतौ प्रसाद लेउंगा नाही। तब आगरे रूपचंद नंदा बाजा में आय के सब सामग्री लीनी तब वासदेवदासने कह्यौ जो मेरी अगारी धरो तो प्रसादी है, तब सब सामग्री पिछली और कटि सों दृढकर बांधी और सो सब प्रसाद वासदेव की झोरी भरी और विदा किए । ॥ वार्ता-३८ ॥

આપણા ગૃહમાં બિરાજમાન આપણી પ્રાચીન સંસ્કૃતિ ગ્રંથ-હસ્તપ્રદ-ચિત્રજી-પીછવઈ-લીલાસામગ્રી વિગેરેનું સંરક્ષણ કરી આપણી આવનારી પેઢીના પથદર્શક બનીએ.

પુષ્ટિ પ્રભુને પ્રસન્ન કરે તે જ પરમ પુરુષાર્થ, આપ સૌ મહાનુભાવોના અનુગ્રહે પુષ્ટિ પુરુષોત્તમ તેનું પ્રદાન કરે તેમાં જ આ સેવાની સાર્થકતા

આપણો વારસો - આપણી પુષ્ટિકલાસંસ્કૃતિ તે દ્વારા નવપલ્લવિત બનીએ - બનાવીએ

॥ श्री आचार्यजी महाप्रभुन की सेवकनी, सास-बहु, गोरजा - समराई ॥



ये दोऊ लीला में श्री स्वामिनीजी की सखी चन्द्रभागा तिनकी सखी है । इन को नाम लीला में नन्दा सखी सो सास भई गोरजा और वृन्दा सखी बहू याको नाम समराई

सिंहासन ते नीचे उतरि कें श्री ठाकुरजी नें वासों कह्यौ जो तू काहे कों खेद करत है हौ तीन्यों वेर आरोग्यो हूं तू कछू सन्देह मत करे । तब यानें कह्यौ जो मैं कैसे जानूं तब श्री ठाकुरजीने कह्यौ जो सवारे तू देखेगी तौ मै आरोगूंगौ । तब पाछें प्रातकाल उठि कें नित्य कर्म तथा स्नान करि तथा रसोई करि तब पाक सिद्ध भयौ तब श्री ठाकुरजी को भोग समर्प्यो तब टेरा सरकावन लागी । तब श्री दामोदर जी बोले जो अब तू टेरा काहे कौं सरकावत है अब तू देखि मैं आरोगत हों और सब सामग्री यथा स्थित रहेगी तब समराई तहां ठाड़ी भई और श्री ठाकुरजी भोजन करत देखे । ॥ वार्ता-४४ ॥

ભગવદ્ કૃપાએ આશરે ૨૫૦ વર્ષ પૂર્વેની પ્રાપ્ત થયેલ હસ્ત પ્રતોને આધારે શ્રી આચાર્યજી મહાપ્રભુના ૮૪ વૈષ્ણવ મહાભક્તોના ચિત્રો-વાર્તા પ્રસંગ સહિતનો ગ્રંથ હવે પછી પ્રગટ થવા માટે તૈયાર છે. વૈષ્ણવજનોએ આ અમુલ્ય ગ્રંથ સુરક્ષિત રાખવા માટે સંપર્ક કરવો.

॥આરતી॥ ॥ આરતી રાધિકારમણકી ॥

卐 પ્રાચીન વહુજી-બેટીજીઓએ આલેખેલ આરતીઓનું સંકલન કરીને તેઓએ બેનમુન પુસ્તક સચિત્ર તૈયાર કર્યું છે, જે પુષ્ટિ માર્ગની આવતી પેઢીને ઉપયોગી અને માર્ગદર્શક બની રહેશે

ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજ (શુ.તૃ. ગુહાધિપતિ) કાંકરોલી

卐 પુસ્તકમાં આપના દ્વારા ભક્તિમાર્ગના વિરહાત્મક સ્વરૂપનું વર્ણન કરેલ છે તે અદ્વિતીય છે તેથી પુષ્ટિજીવોની જ્ઞાન પિપાસાને પોષણ પ્રાપ્ત થશે. આપના જેવી સંસ્થા દ્વારા પુષ્ટિ સાહિત્યનું પ્રકાશન થતું રહે.

ષષ્ઠપીઠાધીશ્વર, ગો. શ્રી દ્વારકેશલાલજી મહારાજ (વડોદરા)

卐 આજના આ પ્રદર્શન યુગમાં અનેક પ્રાચીન પરંપરાઓ પોષણના અભાવે લુપ્ત થતી જોવામાં આવી છે. આ પરંપરાનું રક્ષણ આપણું પરમ કર્તવ્ય છે.

જ્યોતિપીઠાધિશ્વર, ગો. ૧૦૮ શ્રી વ્રજનાથજી મહારાજશ્રી (અમદાવાદ)

卐 પુષ્ટિમાર્ગમાં આરતીઓના આલેખનમાં માહાત્મ્ય તેમજ ભગવલ્લીલાનું અનુસંધાન રહેલું છે. હસ્ત કલાનું પ્રભુને નિવેદન તો છે જ, અપિતુ ભાવાત્મક દષ્ટિએ, આરતી કરવાની પ્રક્રિયામાં ભક્ત હૃદયના પ્રભુ પ્રતિ હૃદયસ્થ ભાવોની પરોક્ષાભિવ્યક્તિ નિવેદન થાય છે. વળી, ભગવદ્ સ્વરૂપ દર્શનની તીવ્રાભિલાષા પ્રભુ પૂર્ણ કરે છે એ નિગૂઢ ભાવ છે.

ગો. શ્રી કલ્યારાયજી શ્રી ગોવિન્દરાયજી મહારાજ (સુરત)

卐 આ ગ્રંથમાં પ્રકાશિત સર્વે સાહિત્ય સામગ્રી પ્રમાણિત અને પ્રેરક છે અને મોટાઓ દ્વારા પુષ્ટ છે માટે આ ''આરતી'' સંબંધી ગ્રંથ માર્ગના સર્વેને એક અલગ અને સ્વતંત્ર આરતીનો ઈનસાક્લો પીડાયા સમો બની રહે છે.

ગો. શ્રી રાજેશકુમારજી મહારાજશ્રી (કડી, અમદવાદ)

卐 આપના દ્વારા પુષ્ટિ સંપ્રદાયના આલૌકિક અને સમાજોપયોગી કાર્યો અનેક વખત થતાં આવ્યા છે એમાં સાંઝી, ગાયનું મહત્ત્વ, જેવા અનેક વિષયોને આવરી લઈ સંપ્રદાયને એક નવી પરંતુ પ્રાચીન પરંપરાના દર્શન કરાવ્યા છે.

ગો. શ્રી ડૉ. વાગીશકુમારજી મહોદયશ્રી (કાંકરોલી, વડોદરા)

卐 ''આરતી'' ખરેખર એક અદ્વિતિય, સ્તુત્ય ફળ છે કારણ કે હવે એ પ્રયાસ, પરિશ્રમની હદ વટાવીને ફલરૂપ ધારણ કરી ગયું છે.

ગો. શ્રી રવિકુમાર મહારાજશ્રી (કાંકરોલી, વડોદરા)

卐 સેવા રસપ્રચુર છે અને સેવા રસ સાગર જેવો છે. સેવા પ્રણાલિમાં રહેલા રહસ્યોની જાણકારી, સેવાની ફલરૂપતા માટે અર્થાત્ પ્રભુની પ્રસન્નતા માટે, મેળવવી આવશ્યક છે.

ગો. શ્રી ગોપેશ્વરજી મહારાજ (સુરત)

卐 ऐसे सुन्दर ग्रंथ द्वारा पुष्टि सृष्टि प्रेरित होकर भगवद् सेवा में तत्पर हो ऐसी शुभकामना सह शुभाशीर्वाद है ।

गो. श्री श्री १०८ श्री हरिरायजी बावाश्री (नाथद्वारा-ईन्दोर)

આપણો વારસો - આપણી પુષ્ટિકલાસંસ્કૃતિ
તે દ્વારા નવપલ્લવિત બનીએ - બનાવીએ